Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રાંતિ



સાને ગુરુજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

rya Samaj Foundation Chennai a

સાને ગુરુ

ચાર

ભારતી
સાહિ
સંઘ
લિમિ

c Domain. Gurukul Kangri Collect

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીતાહૃદય

સાને ગુરુજી કૃત

ગીતા પરના વિનોબાજીના પ્રવચનો

સવા રૂપિયો

निशानियां
१५ दिन से
स नहीं रख
के लिये पुनः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तक सं० 63अ/55
आगत सं० 219696
तिथि० 26 मार्च 2003
गुरुकुल ग्रन्थालय काँगड़ी.

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રાન્તિ

: લેખક :

સાને ગુરુજી

: અનુવાદક :

ગોવિંદરાવ ભાગવત

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
મીમરાજ બીલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબઈ ૨
ફરનાન્ડીઝ પુલ નીચે, ગાંધી માર્ગ, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવૃત્તિ પહેલી : ૧૯૪૬

કિંમત
ચાર રૂપિયા

પ્રકાશક :
ભારતી સાહિત્ય સંઘ લિ. વતી
તારાચંદ માણેકચંદ રવાણી
ફરનાન્ડીઝ પુલ નીચે, અમદાવાદ

મુદ્રક :
મણીલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CHECKED 1973
Initial

જેમનો શિક્ષક હોવામાં મેં ગૌરવ અનુભવ્યું
છે તેમને પ્રેમપૂર્વક અર્પણ—

ગો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાને ગુરુજી

[એક રેખાદર્શન]

[૧]

મહારાષ્ટ્રમાં એવો તરુણ વિદ્યાર્થી ભાગ્યે જ મળી આવશે, જેણે સાને ગુરુજીનું નામ સાંભળ્યું ન હોય. ખાનદેશને ગામડે ગામડે રાષ્ટ્ર-ભક્તિનો મંત્ર લઈ જનાર સાને ગુરુજીને ખાનદેશનો એકેએક વતની ઓળખે એમાં નવાઈ જ નથી. પણ હવે તો તેમના લેખો અને પુસ્તકોને લીધે તેમનું નામ મહારાષ્ટ્રમાં પણ ગાજવા લાગ્યું છે. મહારાષ્ટ્રમાં નાનામોટા ગ્રંથકારો અનેક છે પણ સાનેના જેટલી લોકપ્રિયતા આજના કોઈ પણ લેખકને મહારાષ્ટ્રમાં લાધી નથી. પ્રકાશકો કહે છે કે આજે મહારાષ્ટ્રમાં શ્રી સાનેનાં પુસ્તકોનો ઉપાડ સૌથી વધારે છે.

આનું કારણ શું? આટલી બધી લોકપ્રિયતા સાનેજીને એકાએક કેવી રીતે પ્રાપ્ત થઈ? તેમનામાં અને તેમનાં લખાણોમાં એવું તે શું છે કે જેથી લોકો તેમનો પરિચય કરવા આટલા બધા ઉત્સુક હોય છે.

સાને ગુરુજી એ કંઈ પર્યંકપંડિત નથી. સુખેથી આરામખુરશીમાં પડયાં પડયાં સારા ગ્રંથો વાંચવા, પોતાની શક્તિ પ્રમાણે તેમનું મનન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવું અને પછી તેમાંના વિચારો પુસ્તકોમાં ગૂંથીને લોકોની આગળ રજૂ કરવા એવો સાહિત્યકારોનો જે એક વર્ગ છે તે વર્ગના તે નથી. તેઓ જીવતાજાગતા કર્મવીર છે. તેઓ વિદ્યાર્થીઓ સાથે ભળે છે, મજૂરોમાં ફરે છે, ગામડે ગામડે રખડે છે, ખેડૂતો સાથે રહે છે અને એ બધાંના જીવનને સુખી અને ઉન્નત કરતાં કરતાં જે કંઈ સંવેદના અનુભવે છે તેમાંથી એ બધાને ઉપયોગી થઈ પડે એવું બોલનાર અને લખનાર એ જીવંત સાહિત્યકાર છે. આ જાતનું જીવન ગુજારતાં તેમને અનેક આફતોનો સામનો કરવો પડે છે. અનેક માણસો સાથે ઝગડવું પડે છે. પણ તેનાથી ન હારતાં તે સદા યે વીરતાથી જીવનનો જંગ ખેલતા જ હોય છે. આવા કર્મવીર સાહિત્યકારની લોકપ્રિયતા દહાડે-દિવસે વધતી જ જાય એમાં નવાઈ નથી.

[૨]

સાને ગુરુજી એ મૂળ કોંકણના વતની. ચિપળૂણકર, ટિળક, ભાંડારકર, પરાંજપે, કર્વે એ બધા મૂળ કોંકણના જ. આવા નરરત્નોની ખાણમાં જ સાનેનો જન્મ થયો.

તેમના પિતા મૂળ ખાધેપીધે સુખી હતા. પણ પાછળથી કેટલાંક કારણોને લીધે તેમની આર્થિક સ્થિતિ બગડી અને તેથી સાનેને પોતાના માતાપિતા સાથે એક ઝૂંપડીમાં રહેવાનો વારો આવેલો. ઘરની અત્યંત ગરીબાઈ છતાં સાનેના પિતાએ તેમને નાનપણમાં અનેક સંસ્કૃત સુભાષિતો, સ્તોત્રો, કાવ્યો મોઢે કરાવેલાં. અને તેમની માતાએ તેમને જે શીલનો વારસો આપેલો તે સાનેના જીવન ઉપર બરાબર અંકિત થયેલો છે. 'શ્યામચી આઈ' એ પુસ્તકમાં તેમણે પોતાની માતાનું જ ચરિત્ર આલેખ્યું છે એ વાત તો સુવિદિત છે. એમની મા જો કે આજની પદ્ધતિએ ભણેલીગણેલી નહોતી; તેમ છતાં તેણે પોતાનો ગૃહસંસાર સ્વચ્છ અને સુઘડ બનાવ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકોને ઉછેરવામાં તે કુશળ હતી. તેણે છોકરાંઓને સુંદર ટેવો પાડી હતી. છોકરો રિસાય તો તે તેને ધીરે રહીને સમજાવતી. છોકરાને તરતાં આવડે, સગાંવહાલાં ઉપર પ્રેમ કરતાં આવડે, ગાય-ભેંસને પાળતાં આવડે, ફૂલપાંદડાંને પણ સંભાળતાં આવડે એ બધી તાલીમ તે પોતાના આચરણ દ્વારા જ આપતી. તેમની મા નોકરચાકરોને ઘરનાં માણસોની જેમ જ રાખતી, છોકરાની ખોટી હઠને ખોટા લાડથી તે પોષતી નહિ.

પણ સાને નાનપણમાં ખૂબ હઠીલા હતા. મા પણ તેમના આ સ્વભાવને સારે રસ્તે લઈ જવા મથતી. આ હઠીલા સ્વભાવને લીધે જ સાનેએ નાનપણમાં રામરક્ષાના બધા શ્લોક ઉતારીને મોઢે કરેલા.

ઘરની ગરીબાઈને લીધે સાનેનું પ્રાથમિક તેમ જ માધ્યમિક ભણતર જુદી જુદી જગાએ થયેલું. મામા તીખા સ્વભાવના હોવાથી ત્યાંથી તે ગુપચુપ નાસી ગયેલા. કોઈ શિક્ષક તેમને ન ફાવે તો ત્યાંથી પણ તે નાસી જતા.

ભણતરના કાળ દરમિયાન એમનું ખાવાપીવાનું પણ ઠેકાણું નહોતું. કોઈ વાર કોઈ મિત્રને ત્યાં ખાય, તો કેટલીક વખત માધુકરી ઉપર નિર્વાહ ચલાવે. કેટલા યે મહિના તેમણે એક ટંક જમીને જ કાઢેલા. અઠવાડિયામાં ત્રણ જ દિવસ જમવા મળે એવા તો કેટલા યે દિવસ ગયેલા. અન્નની જેમ વસ્ત્રની બાબતમાં પણ એમની દશા સારી નહોતી. કોમળ હૃદયના અને લાગણીપ્રધાન સ્વભાવના હોવાથી માનાપમાનના પ્રસંગો તેમને અનેક વાર અકળાવી મૂકતા અને જીવનને દુઃખી કરી મૂકતા. પણ આ બધાં સંકટોને લીધે તેમનું શિક્ષણ અટકી પડતું એવું નથી. આવા બધા કડવા મીઠા પ્રસંગોને લીધે સાનેનું મન કેળવાતું જ ગયું. દુઃખને પ્રસંગે એક બાજુ જઈને તે પ્રસંગનું તે મનન કરતા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે ઇષ્ટમિત્રોનો સહવાસ તેમને સુખપ્રદ થતો ત્યારે તેઓ પોતે શીખેલી વાતો તેમને શીખવવામાં તલ્લીન થઈ જતા. સાને ગુરુજીને નાનપણથી જ મિત્રોની મિજલસ જમાવી તેમને વાતો કહેવાનો બહુ શોખ હતો. અને આને જ લીધે કથા–લેખનની વિદ્યા તેમને સહજ સિદ્ધ થઈ.

આમ બીજાને શીખવતાં શીખવતાં તેમણે પોતાનો અભ્યાસ પણ ખૂબ ચીવટપૂર્વક વધાર્યો. અભ્યાસનાં પુસ્તકો ઉપરાંત બીજાં પુસ્તકો ખરીદીને સાને વાંચતા. વાંચતા જ નહિ પણ તેમનું પાન કરતા. વાંચતાં વાંચતાં અટકીને તેમાંની વિગતોનો પોતાના જીવન સાથે તાળો મેળવતા અને પછી આગળ ચાલતા. કોઈ કોઈ પુસ્તક તો તે ફરી ફરી વાંચતા. ખાવાનું છોડીને જે પૈસા બચતા તેમાંથી તેમણે શ્રીરામકૃષ્ણ, સ્વામી શ્રી રામતીર્થ ઇત્યાદિનાં પુસ્તકો ખરીદેલાં અને તે વાંચેલાં! બહારનાં પુસ્તકો વાંચતા એટલે વિદ્યાભ્યાસનાં પુસ્તકોનો ભોગ અપાતો એવું નથી. તેમણે યુનિવર્સિટીની એમ. એ. ની પરીક્ષા ઉચ્ચ નંબરે પસાર કરી હતી.

[3]

એમ. એ. થયા પછી સાને અમલનેરની પ્રતાપ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. તેમનો અત્યંત સાદો પહેરવેશ, બોલવા-ચાલવામાં ખૂબ જ શરમાળપણું અને ચીડ ચડે એટલી નમ્રતા જોઈને શરૂઆતના દિવસોમાં તે પ્રતાપ હાઈસ્કૂલની વિદ્યાર્થીઆલમમાં ચર્ચાનો વિષય થઈ પડ્યા હતા. કેટલાક શિક્ષકો તેમની આ રીતભાતને બાઘી ગણી હસતા. પણ થોડા જ વખત પછી બધાને ખબર પડી કે આ બાઘા દેખાતા માણસનું જ્ઞાન ઊંડું છે અને તેને વિદ્યાર્થીઓ આગળ સહેલું કરીને મૂકવાની હથોટી છે. તેમની વાણીની મોહિનીએ વિદ્યાર્થીઓ ઉપર જાદુ કર્યું અને પછી વિદ્યાર્થીઓમાં તેમના વિશેનો આદર વધી ગયો. છોકરાઓ તેમની પાછળ ગાંડા થયા અને તેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં વીસ વીસ છોકરાઓનું મંડળ પડયુંપાથર્યું રહેવા લાગ્યું. સાનેને ઘેર ગમે ત્યારે જઈને જોઈએ તો ત્યાં કોઈ ને કોઈ ઉદાત્ત વિષય ઉપર અખંડ વાર્તાલાપ, ચર્ચા, વાચન ચાલતાં જ હોય.

સાનેના વર્ગો ઉત્સાહભરપૂર રહેતા. તેમના વિષયોનો અભ્યાસ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક કરતા. સાને માસ્તર તેમને વિવિધ વિષયોનો સ્વાદ પણ ચખાડતા. નવાં નવાં પુસ્તકો સૂચવતા અને વર્તમાનપત્રોમાંનાં મહત્ત્વનાં લખાણો ઉપર લાલ પેન્સિલથી નિશાનીઓ કરી મૂકી વિદ્યાર્થીઓને ચાલુ રાજકારણથી વાકેફ પણ રાખતા.

તેમણે શાળાઓમાં એક હસ્તલિખિત દૈનિક શરૂ કરાવ્યું હતું. તેના લેખો, નોંધો, સમાચારો સુંદર અક્ષરે તેઓ પોતે લખતા અને વિદ્યાર્થીઓને દોરવણી આપતા. આ સિવાય ઉત્સવોની ઊજવણી આવે એટલે વિદ્યાર્થીઓમાં નવું જ ચેતન આવતું. ગણપતિઉત્સવ, રાષ્ટ્રીય ઉત્સવ, ગાંધીજયંતિ એવા ઉત્સવો વખતે તો સાનેની શિક્ષણકલા પૂર બહારમાં ખીલતી. શણગારો સજવા, કાંતણયજ્ઞ ચલાવવો, ખાદીફેરી કરવી એ બધું તેઓ વિદ્યાર્થીઓને, પોતે મોખરે રહી કરાવતા. તેમનો પગાર સિત્તેર રૂપિયા હતો. અને તે જમાનામાં એકલા માણસને માટે એ ઘણો હતો. પરંતુ વિદ્યાર્થીઓ માટે ખર્ચ કરનાર સાનેને મહિનો પૂરો થતાં પહેલાં જ તે ખૂટી પડતો. અનેક વિદ્યાર્થીઓ તેમના પગારમાં ભાગ પડાવતા.

તેમની જ પ્રેરણાથી પ્રતાપ હાઈસ્કૂલ તરફથી 'વિદ્યાર્થી' નામનું છાપેલું માસિક પ્રસિદ્ધ થયું. તે સમયે દેશમાં સ્વાતંત્ર્યસંગ્રામનો નાદ ગાજતો હતો. તેના પડઘા પણ આ માસિકમાં પડવા લાગ્યા. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ જાગે, વીરવૃત્તિ જાગે, ત્યાગવૃત્તિ અને હિંમત કેળવાય એ 'વિદ્યાર્થી' માસિકનું મુખ્ય લક્ષ્ય હતું. અધિકારીઓ તેનું તેજ સહન કરી શક્યા નહિ અને તેને બંધ કરવામાં આવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવામાં ૧૯૩૦ની સાલ આવી. ૧૯૨૯ની ડિસેમ્બરની ૩૧મી તારીખે મધરાતે કોંગ્રેસે પૂર્ણ સ્વરાજનો ઠરાવ પસાર કર્યો. તેને ખાતર સંગ્રામ ખેલવાનું નેતૃત્વ ગાંધીજીને સોંપવામાં આવ્યું. ગાંધીજીએ વ્યુહ-રચના કરવા માંડી. જુવાન વિદ્યાર્થીઓમાં જ સદા યે વસતા સાને માસ્તરને લાગ્યું કે ચાર દીવાલોની શાળામાં ભણાવવાનો સમય હવે પૂરો થયો છે. પુસ્તકોમાંનો ઇતિહાસ શીખવવા કરતાં સ્વાતંત્ર્ય-સંગ્રામમાં કૂદી પડી જીવતોજાગતો ઇતિહાસ ઘડવાની તાલીમ જ સાચા શિક્ષકે હવે આપવી રહી, તે જ શિક્ષણ તેજસ્વી શિક્ષણ નીવડશે. આમ વિચાર કરી સાને માસ્તર પ્રતાપ હાઇસ્કૂલ છોડીને બહાર નીકળ્યા. તેમની સાથે તેમનું મંડળ પણ રણસંગ્રામમાં કૂદી પડયું.

ગાંધીજી ઉપર સાનેને અપૂર્વ શ્રદ્ધા હતી. ગાંધીજીએ દાંડીકૂચ શરૂ કરી અને પ્રજામાં જાગૃતિનો પારો ચડતો ગયો. ગાંધીજીની સાથે આખું રાષ્ટ્ર જાણે કૂચ કરતું હોય તેમ થનગની ઊઠયું. સર્વત્ર ચેતન ઉત્પન્ન થયું. આબાલ-વૃદ્ધ સ્ત્રીપુરુષો સ્વરાજને માટે સર્વસ્વ અર્પણ કરવા ઘરબાર મૂકીને નીકળી પડયાં. ગાંધીજીનો સંદેશો સાનેએ પ્રથમ વિદ્યાર્થીઓને સંભળાવ્યો. તેઓ તેમની સાથે જોડાયા એટલે સાનેએ કૂચ આરંભી. ખાનદેશની તેમની ટુકડી ખાનદેશને ગામેગામ પહોંચી ગઈ. આખો ખાનદેશ સળગી ઊઠયો. બધે જાણે દાવાનળ સળગ્યો.

સરકારે સાને ઉપર છાપો માર્યો. તેમને ગિરફતાર કરીને ધૂળિયા જેલમાં પૂરી દીધા. પણ આ જીવનભરનો શિક્ષક જેલમાં થોડો જ કંઈ મૂંગો બેસી રહેવાનો હતો. ત્યાં તેમનું નવું વિદ્યાર્થીમંડળ જામ્યું અને તેજસ્વી અધ્યાપનનું કાર્ય ત્યાં પણ અવિરતપણે શરૂ થયું. જેલના અમલદારોને લાગ્યું કે આ માણસને અહીં રાખવા જેવો નથી. તેમણે તેમને ત્રિચિનાપલ્લી ખસેડયા.

ગાંધી–અર્વીન કરાર વખતે તે છૂટ્યા, પણ તેમનો છુટકારો બીજાઓની જેમ અલ્પજીવી હતો. સરકારનો હૃદયપલટો થયો નહોતો. સંધિની શરતોનું પાલન સચ્ચાઈથી તે કરતી નહોતી. ગાંધીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિલાયત ગોળમેજીમાં ગયા ત્યાંએ તેમણે સરકારની દાનત સાફ ન જોઈ. તે હિંદમાં પાછા ફરે ત્યાર પહેલાં તો સરકારે હિંદી રાષ્ટ્રીય લડતને ઊગતી જ દાબી દેવા માટે તેના નાનામાં નાના ગામના એકેએક કાર્યકર્તાને એક જ દિવસે પકડયો. સાને પણ પકડાયા.

આ વખતે ધૂળિયા જેલ પ્રયાગતીર્થ જેવી થઈ પડી હતી. ગૂજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રાંતના સુવિખ્યાત પુરુષો—વિનોબાજી, જમનાલાલજી, મણિલાલ કોઠારી, દાસ્તાને જેવાને ત્યાં પૂરવામાં આવ્યા હતા. તપસ્વી વિનોબાજીનાં ગીતાનાં સુવિખ્યાત પ્રવચનો ત્યાં જ થયેલાં. સાનેને આ જેલમાં ચક્કીનું કામ મળેલું. મૂઠી હાડકાંનો દેખાતો આ માણસ ૨૫-૩૦ શેર અનાજ ઝપાટામાં દળી નાખી તરત જ પોતાના અધ્યયન-અધ્યાપનકાર્યમાં પડી જતો. વિનોબાજીનું પ્રવચન ચાલતું હોય ત્યાં શ્રવણભક્તિ કરી એ પ્રવચન તે લખી લેતા. તેમણે ઘણું લેખન આ જેલમાં જ કર્યું. લેખનમાંથી પરવારી તેઓ વિદ્યાર્થીઓના ટોળામાં બેસતા અને ત્યાં પ્રશ્નોતરી ચાલતી. વચમાં વચમાં સાનેની વાર્તાઓ ચાલતી અને ટૂચકાઓ ઊડતા. વિદ્યાર્થીઓમાં એ સાંભળીને જ્ઞાનલાભ સાથે હાસ્યની છોળો ઊડતી. આ જ વખતે યેવલેની રાષ્ટ્રીય શાળાના જે વિદ્યાર્થીઓ ત્યાં હતા તેમણે સાને માસ્તરને સાને ગુરુજી કહેવાનું શરૂ કર્યું. સાનેને એ સંબોધન ગમ્યું અને ધીમેધીમે એ સંબોધન બધે ફેલાયું. હવે આખું મહારાષ્ટ્ર તેમને સાને ગુરુજી તરીકે જ ઓળખે છે.

ધૂળિયામાંથી તેમની નાસિકની જેલમાં બદલી થઈ. નાસિક એ સર્વોત્તમ જેલ ગણાતી અને છે પણ તેવી. પરંતુ ૧૯૩૨ના અરસામાં ત્યાં જે જેલર વગેરે અમલદારો હતા તેમણે તેને નરકસ્થાનના જેવી હીન બનાવી મૂકી હતી. કેદીઓ ઉપર જેલનો કાયદો સખ્તાઈથી લાદવામાં આવ્યો. હુકમ થાય એટલે ઊઠવું, હુકમ થાય એટલે બેસવું, હુકમ સિવાય ખવાય નહિ કે હુકમ સિવાય પડોશી સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતચીત કરાય નહિ. રાજકીય કેદીઓને ચક્કીકામ એવું સખ્તાઈથી કરાવવામાં આવતું કે વિનોબાજીના ખડતલ આશ્રમવાસીઓને પણ એ સખ્તાઈ અસહ્ય થવા લાગી. આ બધો જુલમ કેદીઓએ સહન કર્યો, પણ સહનશીલતાની પણ હદ આવી. ગિનતીને વખતે રોજ સાંજે કેદીઓની ગણતરી કરવામાં આવે ત્યારે કેદીઓએ પગ ઉપર હાથ મૂકીને ડોક બે ઘૂંટણની વચ્ચે રાખીને નીચી મૂંડીએ બેસવું જોઈએ એવી સખ્તાઈ જ્યારે શરૂ થઈ ત્યારે સ્વાતંત્ર્ય લઈને દુનિયામાં ઉન્નત મસ્તકે ફરવા માગતા રાજકેદીઓએ તેનો ઇન્કાર કર્યો. વોર્ડરોએ કેદીઓના માથા ઉપર ડંડા મારવા માંડયા ત્યારે કેદીઓ વિશેષ જ અક્કડ થયા. તેમના આગેવાન સાને ગુરુજી હતા. તેમને જુદા કાઢી જેલની એકેએક શિક્ષા કરવા માંડી. ચક્કી પીસવા આપી, કંતાન પહેરાવ્યું, દંડાબેડી પહેરાવી, કોમળ શરીરવાળા સાને ગુરુજીમાં આ બધું સહન કરવાની વજ્ર જેવી શક્તિ ક્યાંથી આવી તેનું સહુને આશ્ચર્ય થયું. પણ અંતે જેલના મુખ્ય અમલદારને જ સજા થઈ અને જેલનું વાતાવરણ બદલાઈ ગયું. સાને ગુરુજી અગ્નિપરીક્ષામાં ઉત્તીર્ણ થયા અને વિશેષ સન્માન પ્રાપ્ત કરી બહાર આવ્યા.

[૪]

૧૯૩૪ની સાલમાં કોંગ્રેસે પાર્લામેન્ટરી કાર્યક્રમ સ્વીકાર્યો. ધારાસભાઓની ચૂંટણીઓ શરૂ થઈ અને ધારાસભામાં પ્રવેશ કરી રાષ્ટ્રને મજબૂત કરવાનો કાર્યક્રમ શરૂ થયો. રાષ્ટ્ર આઝાદીના જંગમાં ત્યાગ અને બલિદાનનો પાઠ સારી પેઠે શીખ્યું હતું એટલે ધારાસભાઓમાં જઈને કોંગ્રેસ મવાળવૃત્તિ ધારણ કરે એવો સંભવ નહોતો. આવા કાર્યક્રમમાં શિક્ષકને રસ ન હોય એ સ્વાભાવિક છે. દેશમાં પાર્લામેન્ટરી માનસ ફેલાવા લાગ્યું એટલે સાને ગુરુજી આ નવી જાતના રણમેદાનમાં દેખાતા બંધ થયા. વસંતઋતુ પૂરી થતાં કોયલ જેમ અદૃશ્ય થાય છે તેમ સાને ગુરુજી ખાનદેશમાંથી ક્યાંક ચાલ્યા ગયા. તેમની શોધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરૂ થઈ. કોઈકે કહ્યું કે પૂનામાં છે. પૂનાની કોંગ્રેસ–કમિટીના કાર્યાલયમાં તપાસ કરી તો ત્યાં તેઓ હોય જ શેના ? કોંગ્રેસની સમિતિઓ એ કંઈ તેમનું ક્ષેત્ર નથી. સાહિત્યકારોની મિજલસોમાં તપાસ કરી તો ત્યાં પણ તે નહોતા. આ લેખક લેખકોના મંડળમાં પણ મળ્યો નહિ એટલે તેમની વિશેષ શોધ શરૂ થઈ. છેવટે પૂનાના પેરુગેટ પાસેના એક મકાનમાં તે છે એવી ખબર મળી. તે મકાનમાં તેમના મિત્રો ગયા પણ ત્યાં યે કોઈને માહિતી ન મળે. છેવટે એક ડોશીએ કહ્યું કે વાડામાં એક ઓરડી છે ત્યાં તપાસ કરો. ઓરડીએ જઈને મિત્રો જુએ છે તો સાને પોતડી પહેરીને રસોઈનાં વાસણ ચૂલા ઉપરથી ઉતારે છે.

'ગુરુજી, અહીં તમે શું કરો છો ? તમારી શહેરમાં કેટલી બધી તપાસ કરી.'

'છોકરાઓની મા થઈને અહીં રહું છું.' ગુરુજી બોલ્યા.

'છોકરાઓની મા !'

'હા. અમારા અમળનેરના કેટલાક ગરીબ વિદ્યાર્થીઓ અહીંની કૉલેજમાં અભ્યાસ કરે છે. તેઓ સાયન્સના વર્ગમાં ગયા છે. હું તેમની રસોઈ કરી મૂકું છું. તેમની આટલી ચિંતા ઓછી થાય તો તેમને અભ્યાસ માટે વખત મળી રહે છે. રસોઈમાંથી પરવારી વખત મળે છે ત્યારે હું લેખનકાર્ય કરું છું.'

સાને ગુરુજીનો સ્વભાવ આવો છે. સેવા, લેખન અને અન્યાયની સામે લડવું એ સાને ગુરુજીનું જીવન છે. લડત ન હોય ત્યારે નાનાં નાનાં સેવાનાં કામ કરવાં. કામમાંથી નવરાશ મળે એટલે લખવું. કામ કરવું અને લખવું. લખવું અને કામ કરવું એ એમનો નિત્યનો વ્યવસાય.

એવામાં ફૈજપુર કોંગ્રેસ આવી. ગામડાંમાં આ પહેલી જ કોંગ્રેસ હતી. પણ ગાંધીજીની કોંગ્રેસની આ સાચી કલ્પના હતી અને તેને મૂર્તિમંત કરવી એ ગાંધીભક્ત મહારાષ્ટ્રનો નિશ્ચય હતો. સાને ગુરુજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી શાના બેસી રહે? ખાનદેશનાં ગામડાંઓમાં કૉંગ્રેસ–માતાનો સંદેશો લઈને એમણે ભ્રમણ શરૂ કર્યું. સેંકડો સ્ત્રીપુરુષો અને બાળકો કૉંગ્રેસમાં કંઈને કંઈ કામ કરવા માટે ખાનદેશમાંથી ફૈજપુરમાં ઊતરી પડયાં. કૉંગ્રેસનું અધિવેશન શરૂ થયું ત્યારે સાને ગુરુજી ભંગીનું કામ કરતા હતા. સ્વચ્છતા–વિભાગના મુખી હતા. અઠવાડિયા સુધી હજારો માણસોનો મેળો ભરાયો હતો. તેમાં જો સ્વચ્છતા બરાબર ન જળવાય તો રોગ ફાટી નીકળવાનો પૂરો સંભવ હતો. આમ હોવાથી સફાઈનું કામ સાને ગુરુજીએ ઉપાડયું. વિદ્યાર્થીઓની મા આવું જ કામ ઉપાડે.

ત્યાર પછી તો કૉંગ્રેસે પ્રાંતિક સરકારનાં પ્રધાનપદ સ્વીકાર્યાં. તેમની પાસે જો કે સત્તા મર્યાદિત હતી, પણ તેટલી સત્તાથી યે પ્રજાને મજબૂત કરી શકાતી હોય તો તેમ કરવાનો કૉંગ્રેસે નિશ્ચય કર્યો હતો. આવી પ્રવૃત્તિ વખતે સાને ગુરુજી તો પ્રજા સાથે જ હતા. આ કાળ દરમિયાન સાનેએ નાના નાના અન્યાયો સામે સત્યાગ્રહ કરીને પ્રજાનો પક્ષ લીધો હતો.

અમળનેરના ટોલટેક્સ વખતે એમણે ઉપવાસ આદર્યા એટલે ટોલટેક્સમાંથી ગાડાવાળા ખેડૂતોને થોડી રાહત મળી.

પ્રતાપ મિલના કામદારોનો પક્ષ લઈ ને તેમણે મિલના માલિકો સામે લડત આદરી. મિલને તાળાં વસાવ્યાં. તેમણે જાહેર કર્યું કે અમુક દિવસ સુધીમાં જો તાળાં નહિ ઊઘડે તો પોતે તાપીમાં જળ-સમાધિ લેશે. બધાને જ પ્રિય થઈ પડેલા સાને ગુરુજીનો પ્રાણ આમ જવા દેવા મિલના માલિક પણ ખુશી નહોતા. છેવટે સમાધાન થયું અને મજૂરો તેમ જ માલિક વચ્ચેનો ઝગડો મટયો.

સાને જેટલા લાગણીપ્રધાન છે. તેટલા જ ભોળા છે આ સમય દરમિયાન તેઓ કૉમ્યુનિસ્ટોની જાળમાં ફસાયા. કૉમ્યુનિસ્ટોની પ્રવૃત્તિ મંડનાત્મક નહિ પણ ખંડનાત્મક હોય છે. મજૂરોની મુશ્કેલીઓ ઓછી થાય, તેમનો પગાર વધે એ તેમનું લક્ષ્ય નથી હોતું પણ પગાર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારાનું બહાનું બતાવી ઉપરાછાપરી હડતાળો પાડી અંધાધૂંધી ફેલાવવી એ તેમનું લક્ષ્ય હોય છે. ગરીબોનો પક્ષ લેનાર સાને ગુરુજીના ખ્યાલમાં કૉમ્યુનિસ્ટોની આ વૃત્તિ આવી નહિ અને તેઓ તેમની સાથે ભળ્યા, અને સેક્રેટરિયેટ ઉપર કિસાનોની તેમ જ મજૂરોની કૂચ લઈને ગયા.

એકવાર મહાસભાના બે લાખ સભાસદ નોંધવામાં બળ આવે તેથી તેમણે ૨૧ દિવસના ઉપવાસ આદરેલા. મહાસભા સંગઠિત થાય તે માટે જ તેમનો આ પ્રયાસ હતો, પણ આ પ્રયાસની પાછળ જેટલી મહાસભાનિષ્ઠા હતી તેટલી જ ઉતાવળ પણ હતી. મહાસભાનો સંદેશો ઘેરઘેર લઈ જવા માટે તેમણે 'કૉંગ્રેસ' નામનું પત્ર શરૂ કર્યું. આ પત્ર ખૂબ લોકપ્રિય થયું. સરનામાં કરવાથી માંડીને લેખો, નોંધો, સમાચારો બધું જ લખવાનું સાને કરતા. પણ એકલી મહેનતથી જ કોઈ કાર્ય સફળ થતું નથી. કાર્યની પાછળ વ્યવસ્થા પણ જોઈએ. તેનો સાને ગુરુજીમાં થોડો અભાવ હોવાથી સો એક અંક નીકળ્યા પછી તે બંધ પડયું.

બેંતાળીસની સાલ નજીક આવતી હતી. કૉંગ્રેસ પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યાં હતાં. વ્યક્તિગત સત્યાગ્રહ ચાલુ થયો હતો. તે પહેલાં સાનેએ કૉંગ્રેસપ્રેમી યુવકોની એક પરિષદ ચાંદવડમાં ભરી અને યુવકોને કૉંગ્રેસનો પેગામ આપ્યો. આ પરિષદમાંના કોઈ એક ભાષણને લીધે સરકારે તેમને પકડયા અને ધૂળિયાના વિશ્રામસ્થાનમાં તેમને પહોંચાડયા.

બેંતાળીસની ઊથલપાથલ વખતે તેમની સજા પૂરી થઈ અને તે છૂટયા. હજારો નેતાઓ જેલમાં જતા હતા ત્યારે ગુરુજી જેલમાંથી છૂટયા હતા. ૮મી ઑગસ્ટે મહાસમિતિએ ઠરાવ કરીને અંગ્રેજોને 'ચાલ્યા જાઓ'નો આદેશ સંભળાવ્યો હતો. એવાઓની જેલમાં સપડાવાનું સાનેને કેમ પસંદ પડે? તેમણે અંગ્રેજી રાજ્યને ઉખેડવાને વાસ્તે સંગઠન અને કાર્ય શરૂ કર્યું. જેલમાંથી છૂટતાંની સાથે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ ભૂગર્ભવાસી થયા. પછી તેમણે શું શું કર્યું તે હજી અજ્ઞાત જ રહેવાનું છે. પણ સરકાર એમને શોધતી હતી, અને અકસ્માત તે ઝડપાયા અને યરવડા જેલમાં પુરાયા. સાને ગુરુજી જેવા જીવતા બૉંબને બહાર રહેવા દેવો એ સામ્રાજ્ય–સરકારને ફાવે એવું નહોતું.

હમણાં હવે એ છૂટયા છે અને એમના સ્વભાવ પ્રમાણે સેવા, લેખન અને અન્યાય સામે લડતનું કાર્ય કર્યા કરે છે.

[૫]

સાને ગુરુજી એ જેમ ઉત્તમ શિક્ષક, ઉત્કૃષ્ટ વક્તા અને સ્વાતંત્ર્ય–યુદ્ધના એક ઊંચી કોટિના વીર છે તેમ તે એક લોકપ્રિય લેખક પણ છે. તેમનો સાહિત્યસંસાર મોટો છે. અત્યાર સુધી તેમનાં પાંત્રીસ ઉપર પુસ્તકો મરાઠીમાં પ્રસિદ્ધ થયાં હશે. આ ઉપરાંત અપ્રસિદ્ધ એવું કેટલું યે લખાણ તેમની પાસે તૈયાર છે. આ સાહિત્ય વિવિધ પ્રકારનું છે. તેમાં નિબંધ છે, નવલકથાઓ છે, નાટકો છે, ટૂંકી વાર્તાઓ પણ છે અને જીવનચરિત્રો પણ છે. લગભગ છાપેલાં ચારસો પૃષ્ઠ ભરાય એટલી કવિતાઓ છે. તેમની છપાયેલી મરાઠી ચોપડીઓની કુલ પૃષ્ઠ સંખ્યા ચાર હજાર ઉપર છે. આ ઉપરાંત કૉંગ્રેસપત્રમાંનાં તેમનાં લખાણો જુદાં જ. કેવળ લેખનનો વ્યવસાય કરનારાને પણ આટલો વિસ્તાર ભૂષણરૂપ થાય તો પછી જે રાત-દહાડો કૉંગ્રેસનો પરિવ્રાજક છે, સાતેક વર્ષ જેનાં કારાવાસમાં ગયાં છે તેને માટે આટલો વિસ્તાર ઘણો કહેવાય. કારાવાસમાં 'અ' કે 'બ' વર્ગવાળાને લખવાનો સમય મળે છે પણ સાને ગુરુજી 'બ' વર્ગ મળ્યો હોય તો યે 'ક' વર્ગમાં જતા અને આખો દિવસ સખ્ત મજૂરી કરતા. તેમને લખવાનો સમય કયાંથી મળે ? જેલમાં જુવાનો તેમની પાસે વાર્તાઓ કહેવડાવે. એટલે બધાનો જ્યારે સૂવાનો સમય હોય ત્યારે સાને ગુરુજી લેખનકાર્ય કરતા.

સાને ગુરુજીની લખવાની ઝડપ બહુ છે. મસ્તકમાં વિચાર ખડા થાય અને હૃદયમાં ભાવનાનું પૂર ચડે એટલે તેમની કલમ કલ્પનાતીત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેગે દોડવા માંડે છે. બસો પાનાંની ચોપડી તેમણે પાંચ રાત્રિઓમાં લખી કાઢેલી. છાપેલાં આઠ પાનાંનું લખાણ તે એક કલાકમાં લખી શકે છે. આ ઉપરથી તેમની લખાણુની ઝડપનો ખ્યાલ આવી શકે.

નાનપણમાં તેમને પુસ્તકો વાંચવાનો ભારે છંદ હતો. કથા-કીર્તનોમાં તેઓ હમેશાં જતા. નાની વયમાં ઘરમાંની છોકરીઓ સાથે તેમને રમવાનું મળેલું અને માતાને કામ કરવા લાગવામાં તેમનો ઘણો સમય જતો એટલે સ્ત્રીઓમાં પ્રચલિત સાહિત્ય—હાલરડાં, વ્રતકથાઓ, કહાણીઓ, દળતી વખતે ગવાતાં ગીતો ઇત્યાદિનો તેમને અનાયાસે પરિચય થયેલો. અને તેની જ છાપ તેમના લખાણુ ઉપર અંકિત થયેલી દેખાય છે. ટૂંકાંટૂંકાં લલિત વાક્યો અને તેમાં પ્રાસાનુપ્રાસ તેમના લખાણુની શૈલિ છે. ગૂજરાતીમાં શ્રી૦બોટાદકરની 'રાસતરંગિણી'માં ગૂજરાતણોને જેમ પોતાના હૃદયના ભાવોનું પ્રતિબિંબ જોવા મળે છે તેમ શ્રી૦ સાનેની ઓવીઓમાં મહારાષ્ટ્રી સ્ત્રીઓ પોતાના હૃદયના ભાવ જુએ છે. તેમનાં ટૂંકાંટૂંકાં વાક્યોવાળાં લખાણોમાં અલંકારો ખૂબ ખૂબ વેરાયેલાં હોય છે. સૂત્રોનાં મૌક્તિકો પણ વચમાં વચમાં ચમકારા મારે છે.

લેખકોના બે વર્ગ હોય છે. કેટલાક લેખકોને દુનિયાને કંઈક કહેવાનું હોય છે. માનવધર્મનો લોપ થઈને દુનિયામાં જ્યારે અધર્મ ફેલાય છે ત્યારે લોકોને તેમના કર્તવ્યનું ભાન કરાવી આપવા માટે કેટલાક કર્મવીરો હાથમાં કલમ લે છે.

લેખકોનો જે બીજો વર્ગ હોય છે તેમાંના લેખકો સંસારના બનાવો–આચાર, વિચાર, ભાવના ઇત્યાદિ–ની સંવેદના અનુભવીને તેમનું ચિત્રણ કરીને લોકો આગળ સાહિત્યરૂપે મૂકે છે. શ્રી૦ સાને ગુરુજી એ પહેલા પ્રકારના લેખક છે. તેઓ સાહિત્યની સેવા અર્થે લખતા નથી પણ લોકોની સેવા અર્થે લખે છે. તેથી જ તે લેખનની કલા ખીલવવાની પંચાતમાં ન પડતાં લોકોના જીવનની કલા સોળે કલાએ ખીલે તેની પંચાતમાં પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને પોતાની વિદ્યાર્થી અવસ્થા દરમિયાન જણાઈ આવ્યું કે આપણી ગુલામીનું કારણ આપણે જ છીએ. સ્વપરભાવ, પવિત્ર વિચારોનો અભાવ, સ્વાર્થની પરમાવધિ, ત્યાગવૃત્તિનો લોપ અને ધૈર્યની ઊણપ એ બધી બાબતોને લીધે જ આપણું જીવન દુઃખી થયું છે. તેથી ધૈર્ય, ત્યાગ, બંધુભાવ એ ગુણો લોકો ખીલવતા થાય એ દષ્ટિ સામે રાખીને તેમણે લખાણ લખવા માંડયું. તેમનાં બધાં જ લખાણોમાં કોમવાદને બદલે રાષ્ટ્રીયત્વ, ધર્મના નાના નાના વાડાઓને બદલે સર્વધર્મસમભાવ અને જીવનની પામરતાને બદલે મહત્તા ઠેર ઠેર જોવા મળે છે. તેમનાં લખાણો વાચકોને રડાવી શકે છે તેમ સ્ફૂર્તિ પણ આપી શકે છે. આપણું દૈન્ય દેખાડીને આપણને તે કરુણરસમાં તરબોળ કરી નાખે છે અને તે દૈન્યના કીચડમાંથી બહાર નીકળી અસ્મિતાના શિખર ઉપર ચડવાનું ઉદ્‌બોધન કરી તે આપણને બળ પણ આપે છે. આજે આપણા દેશને જે સાહિત્યની જરૂર છે તે તે આપે છે.

× × ×

સ્વામી ગુરુજીને જોઈએ તો તેમનો પોશાક એટલે નાનકડું ધોતિયું, પહેરણ અને ટોપી એ જ છે. તેમની પાસે એક નાનકડી થેલી હોય જેમાં એક જોડ કપડાં, લોટો અને કોઈ પુસ્તક હોય.

તેમનું શરીર ભરાવદાર નથી પણ કસાયેલું છે. શરીર ઘઉં-વર્ણું છે અને આંખો સૌમ્ય પરંતુ તેજસ્વી અને ભેદક દૃષ્ટિવાળી છે. તેમનો સ્વભાવ એક શિક્ષકનો છે. તેમનું વાચન હમેશાં ચાલતું હોય છે અને રસગ્રહણની તેમની શક્તિ અનુપમ છે. વાંચેલું પી જઈને તેને વિદ્યાર્થીઓની આગળ રજૂ કરવાની તેમની હથોટી એક નમૂનેદાર શિક્ષકની છે. તેઓ જ્યારે વર્ગમાં ભણાવતા હોય ત્યારે તેમ જ તેમનાં વ્યાખ્યાનો લોકો આગળ ચાલતાં હોય ત્યારે વિદ્યાર્થીઓ તેમ જ લોકસમૂહ ચિત્રની જેમ સ્થિર થઈ જાય છે. તેમનો વિદ્યાર્થીઓ સાથેનો તેમ જ લોકો સાથેનો સંબંધ આત્મીય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તેમના પરિચિતોને એમ જ લાગે છે કે સાને ગુરુજી એક કુટુંબીજન જ છે.

તેમને નેતૃત્વનો શોખ નથી. અધિકારની જગા આવે એટલે તે પાછળ ખસી જાય છે. પરંતુ જ્યારે કાર્યક્ષેત્રમાં કૂદી પડવાનું હોય ત્યારે તેઓ મોખરે હોય છે. તેમનું હૃદય અત્યંત મૃદુ છે. કોઈનું દુઃખ જોઈને તેમને તરત આંખમાં ઝળઝળિયાં આવે છે. પણ કોઈની ઉપર જુલમ થયેલો જોતાં જ તેમની આંખમાં તણખા ખડાં થાય છે. તે પ્રેમના અત્યંત ભૂખ્યા છે. દેશપ્રેમને ખાતર તેમણે પોતાનું શરીર ઘસી નાખ્યું છે. તેમણે નથી આપ્યું શરીરને સુખ કે નથી આપ્યો આરામ. ખાઈપીને રાજ કરવાનું તેમને કદી સૂઝ્યું જ નથી. કુટુંબસ્નેહનું માધુર્ય તેમણે બાળપણમાં ચાખેલું છે. તે સુખના આસ્વાદને ખાતર તેઓ વિદ્યાર્થીઅવસ્થામાં દર શનિવારે છ ગાઉ ચાલીને ઘેર જતા. આમ હોવા છતાં પણ લગનના ખ્યાલને તેમણે પોતાના મનમાં જામવા જ દીધો નથી. કૌટુમ્બિક સ્નેહના નાજુક પાશ તેમને ઘરમાં બાંધી રાખે એ તેમને પસંદ નથી. દેશને ખાતર કૌટુંબિક સંસાર ઉપર પૂળો મૂકનારા લોકો કૌટુમ્બિક સુખના ભૂખ્યા હોતા નથી એવું નથી. પણ તેમની રાષ્ટ્રભક્તિ વૈયક્તિક સુખલાલસાના કરતાં તીવ્ર હોય છે. અને તેથી જ સાને ગુરુજી જેવા લોકો આપણને વેરાગી જેવા જણાય છે. જીવનનું ધ્યેય ઉચ્ચ હોય તો તે સિદ્ધ કરવા માટે ધૈર્ય પણ વિપુલ જોઈએ. માર્ગમાં આવતી આફતોથી ડરી જઈ રૂઢ માર્ગે જનાર માણસ સામાન્ય જનસમાજમાં લુપ્ત થઈ જાય છે. પણ સાને એ જુદી જ કોટિના માણસ હોવાથી તેમણે ધ્યેય પ્રત્યેની પોતાની દૃષ્ટિ અવિચળ રાખી છે અને તેને માટે જોઈતું ધૈર્ય તેમણે જીવનમાં વધાર્યા જ કર્યું છે. આફતો જોઈને તેમણે પોતાના મનને ચલિત થવા દીધું નથી અને તેથી તેમના મનની શાંતિ તેમ જ સ્વસ્થતા અજબ રીતે વધતાં જ ગયાં છે. આપણો દેશ જે સ્વાતંત્ર્યને આરે આવીને ઊભો છે તેને તે સીમાએ લાવનારાઓમાં સાને ગુરુજીનો ફાળો જેવોતેવો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

क्रान्ति

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

૧ ક્યાં ગયા એ, બાપુજી?...૧
૨ દત્તવિધાન ૨૨
૩ મુકુંદરાવ ૩૨
૪ દિવાળી ૪૨
૫ પ્રયાણ ૬૨
૬ વિશ્વભારતી ૭૨
૭ મુકુંદરાવની તીર્થયાત્રા ૮૬
૮ શાન્તા, તું ભણ ...૧૦૨
૯ પ્રદ્યોત ૧૧૦
૧૦ આવશે, એક દિવસ તે આવશે ૧૨૧
૧૧ મોહનાથન મોહન ...૧૩૦
૧૨ રડો નહિ, ઊઠો ...૧૪૬
૧૩ સ્વાતંત્ર્ય-દિન ...૧૫૬
૧૪ મહાપૂર ૧૭૪
૧૫ ઘરનો તાર ૧૯૫
૧૬ પિતાની ઇચ્છા પૂર્ણ કરી૨૦૫
૧૭ દીનબંધુ ૨૧૫
૧૮ શાંતાનો સંસાર ...૨૨૬
૧૯ માયા ૨૪૨
૨૦ વિદ્યાર્થી-સંઘ ...૨૫૭
૨૧ અમર દિવસ ...૨૬૮
૨૨ રામદાસ ગિરફતાર ...૨૮૪
૨૩ અમર રાત્રિ ...૨૯૫
૨૪ તું મારો ભાઈ થા ...૩૦૮
૨૫ કામદારોની હડતાળ ...૩૨૬
૨૬ છુટકારો ...૩૩૮
૨૭ હિંસા-અહિંસા ...૩૪૯
૨૮ ચિર-મિલન ...૩૬૨
૨૯ ભવિષ્ય-વાણી ...૩૬૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ ક્યાં ગયા એ, બાપુજી ?

તેને કોઈ મીના કહેતા, કોઈ મીની કહેતા.

શ્રીમંત પિતાની તે એકની એક છોકરી હતી. તેમાં મા નાનપણમાં જ ગુજરી ગયેલી. શ્રીનિવાસરાવે ફરીથી લગ્ન કર્યું નહિ. ઢગલો સંપત્તિ હતી. આજુબાજુના નવરા લોકો કહેતા, "તમે ફરીથી લગ્ન કરો. આવડી મોટી એસ્ટેટનો માલિક કોણ? કે ચોરલૂંટારાને હાથે તેનો નિકાલ લાવવાનું ધાર્યું છે? લગ્ન કરવાની હજી વય છે. અને આપણા દેશમાં પૈસો હોય એટલે ગમે તે વયમાં નવી કન્યા મળી શકે છે." પરંતુ શ્રીનિવાસરાવ ગંભીર જ રહેતા.

"લગ્ન એક જ વાર થતું હોય છે. ફરી ફરીને લગ્ન કરનારાઓ લગ્નની ગંભીરતા અને પવિત્રતા સમજતા નથી હોતા એમ મને લાગે છે." તે કહેતા.

"જે છોકરા છોકરીઓનાં નાનપણમાં જ લગ્નો થયાં છે, જેમણે સંસાર એટલે શું એનો અનુભવ નથી કર્યો, લગ્ન એટલે શું એ જેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજાયું નથી, તેમનામાંથી જો કોઈ નાનપણમાં જ મરી જાય તો તેમણે શું કરવું?" આવો પ્રશ્ન એક વાર એક જણે શ્રીનિવાસરાવને પૂછ્યો હતો. તે વખતે તેમણે કહ્યું હતું, "હવે એવાં લગ્નો બહુ થતાં નથી. પણ માનો કે વર નાનો હોય ત્યારે તેની વહુ મરી ગઈ અથવા વહુ નાની હોય ત્યારે તેનો પતિ મરી ગયો, તો તેમને બેશક ફરી પરણાવવાં. ખરું જોતાં તેમનાં લગ્ન જ થયાં નહોતાં. લગ્નમાંની પ્રતિજ્ઞાઓના અર્થ તેમને ક્યાં સમજાતા હતા? તે લગ્ન નહોતાં, ખાલી ગમ્મત હતી. તે ગાંડાં માબાપનો લહાવો હતો. પરંતુ જેમનાં લગ્નો મોટપણમાં થયાં, અથવા નાનપણમાં થઈ નેય જે વરવહુ મોટાં થતાં સાથે રહ્યાં કર્યાં, તેમને માટે મારી દૃષ્ટિએ ફરીથી લગ્ન નથી. પતિ-પત્નીની પરસ્પરને પિછાન થઈ હોય, બાળબચ્ચાં થયાં હોય, એક-મેકના જીવનમાં એકમેકે પ્રવેશ કર્યો હોય, આવાંને ફરીથી લગ્ન કેવું?"

"પરંતુ હજી તેઓ શાંત-કામ થયાં ન હોય તો? વાંકું પગલું પડે તેના કરતાં આત્મરક્ષણ તરીકે ફરીથી લગ્ન કરીને સંયમી જીવનનો માર્ગ ગ્રહણ કરવો એ શ્રેયસ્કર નથી? અતિ ઉચ્ચ ધ્યેય નજર સામે રાખીને પતિત થવા કરતાં — ખીણમાં પડવા કરતાં — મર્યાદિત ધ્યેય નજર સામે રાખીને થોડીયે ઊંચાઈએ મક્કમ પગલાં રોપતાં જઈને ઊભા રહેવું એ યોગ્ય નથી?"

આવા પ્રશ્નનો શ્રીનિવાસરાવ ઉત્તર આપતા, "તમારું કહેવું મને માન્ય છે. જેમને તેમ રહેવું અશક્ય લાગતું હોય તેમણે ફરીથી લગ્ન કરવું. પરંતુ પ્રથમ પત્નીના પ્રેમની આ જન્મે જ નહિ પણ જન્મો-જન્મ પહોંચે એટલી સુવાસ જેના જીવનમાં ભરેલી છે, તે તો તે સુવાસના બળે તરી જશે. પતિના જીવનમાંની અમર માધુરી જેણે ચાખી હશે, તેને બીજા સંરક્ષણની જરૂર નથી. પતિની પવિત્ર સ્મૃતિ — તેનું નામ તેને તારશે. તે તેને સંતોષ અને આનંદ આપતાં રહેશે. મીનીની મા મારા જીવનમાં ઓતપ્રોત થએલી છે. તે મરી ગઈ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું જાણે મને લાગતું જ નથી. જીવતાં તે મારી હતી, તેના કરતાંયે અનંત ગણી વધારે આજે તે મારી થઈ છે. જીવતાં અમારા પ્રેમૈક્યમાં થોડોયે પાર્થિવતાનો અંશ હતો. પરંતુ આજે કેવળ ચિન્મય અભંગ નિર્મળ સંબંધ રહ્યો છે. મારું હૃદય ચીરીને બતાવી શકાય એમ હોત, તો ત્યાં મીનીની મા પ્રેમવીણા બજાવતી બેઠેલી તમને દેખાત."

શ્રીનિવાસરાવ આવું કહેતા અને છેવટે તેમનું ગળું ભરાઈ આવતું. આંખો ભરાઈ આવતી. તે ચર્ચા તેમને અસહ્ય થઈ પડતી, તે ઝટ ઊઠી જતા અને શયનમંદિરમાંની મીનીની માની છબિની સામે ધ્રૂજતા ઊભા રહેતા, ઘડીભર ત્યાં બેસતા, રોતલ મોઢું ફરીથી પ્રફુલ્લિત થતું. જાણે કે તેમને અમૃતરસ મળતો.

લગ્ન કરો એવું શ્રીનિવાસરાવને ફરીથી કદી કોઈએ કહ્યું નહિ. પણ શ્રીનિવાસરાવની એસ્ટેટનું શું? મીનીને પરણાવીને કોઈને ઘર-જમાઈ કરવાના અને તેને આખી એસ્ટેટ બક્ષિસ આપવાના હશે? કે કોઈને દત્તક લેવાના હશે? દત્તક લેવા વિશેની સૂચનાઓ તેમને કાને પડતી. પરંતુ તે ધ્યાન આપતા નહિ. એક વાર તો તેમણે કહ્યું, "કોઈ છોકરાને દત્તક લેવા કરતાં કોઈ સંસ્થાને આખી એસ્ટેટ શું કામ ન આપવી? એક વાર એક મિશનરીએ કહ્યું હતું, "અમારામાં દત્તક પદ્ધતિ નથી, તેથી કરોડોનો ફાળો અમારી સંસ્થાઓને મળી શકે છે." પણ આપણી તરફ આ દત્તકનું ફેલું છે. પરંપરા ચલાવવી એ પવિત્ર કાર્ય છે; પણ જમાનો પણ જોવો જોઈએ. આજે દેશના કલ્યાણને માટે મથનારી સેંકડો સંસ્થાઓ ઊભી થાય છે. આ દેશનો ચીંથરેહાલ સંસાર સુધારવા માટે તે મહેનત કરે છે. તે સંસ્થાઓને મરવા દેવી એટલે પૂજ્ય પૂર્વજોનો દ્રોહ કરવો. પૂર્વજોની પરંપરા ચલાવવા માટે પહેલો દેશ જીવવો જોઈએ, અને તેથી તે દેશને જિવાડવા મથતી સંસ્થાઓને નભાવવી જોઈએ. ખાદીસંઘ, હરિજન સેવકસંઘ, હિંદી પ્રચાર સમિતિ, ગોરક્ષણ, વ્યાયામપ્રચાર, પ્રૌઢશિક્ષણ વગેરે સેંકડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થાઓ છે; કોણ કદી તેમને સંભારે છે? મારી એસ્ટેટ મારે ત્યાં શું કામ ન આપવી? અને આ એસ્ટેટ મારીયે કેવી રીતે કહેવાય? મારો શો અધિકાર? આ વાડીવજીફા કોના? ખેડૂતોના; તે તેમને મારે કેમ ન આપી દેવાં? જેમને જમીન નથી એવા હરિજનોને તે કેમ ન આપવાં? મારું, શું છે મારું? સંપત્તિ એ કંઈ ગાદી ઉપર આળોટતાં આળોટતાં મેળવી શકાતી નથી."

"વેપારી હજારના દસ હજાર, લાખના દસ લાખ ગાદી ઉપર બેસીને કરે છે તે અમને દેખાય છે." કોઈ કહેતું.

પણ શ્રીનિવાસરાવ કહેતા, "તે લાખના દસ લાખ કરતા હશે પણ તેનો અર્થ શો? બીજાના ગજવામાંના દસ લાખ તેમણે ઓછા કર્યા. દુનિયાની સંપત્તિમાં તેમણે ઉમેરો કર્યો? સંપત્તિ પેલાના ચોપડામાં હતી તે આના ચોપડામાં આવી. કોઈ એક શેઠ એક મિલ ઊભી કરીને બેસે. ભલેને ધૂમાડિયું શરૂ કરી દે! મિલમાં નવ નવ કલાક કામ કરીને મરનારા કામદારો ત્યાં નહિ હોય તો સંપત્તિ પેદા કેવી રીતે થશે? ખેતરમાં મહેનત કરીને, લોહીનું પાણી કરીને ખેડૂત કપાસ, મગફળી, અનાજ પેદા ન કરે તો વેપારીઓ ગાદી ઉપર બેસીને ભાવતાલ કર્યા કરે તેથી સંપત્તિ તિજોરીમાં કેવી રીતે આવશે? સંપત્તિ મહેનતમાંથી પેદા થાય છે. તે મહેનત કરનારાની પાસે રહેતી નથી. તે ઝૂંટવી લેવાય છે, બીજે લઈ જવાય છે, પેલા મહેનતુ લોકો ભૂખે મરે છે. ખરેખર, આ એસ્ટેટ મારી છે એમ કહેતાં મને શરમ આવે છે. કોઈકિ વાર આ મોટી સુંદર ઇમારત લાખો જીવોના સંસારની હોળી કરીને બાંધી છે એવું મને લાગે છે. આ બધો વૈભવ ફગાવી દઈએ એવું થઈ આવે છે. પણ મોહ છે ને? એ મોહ છોડવો ભારે કઠણ કામ છે."

કોઈ મૃત્યુંજય શિવશંકર જ, વૈરાગ્યની ભસ્મ જેણે શરીરે ચોળેલી છે, જેના મસ્તકમાંથી જ્ઞાનગંગા સ્રવે છે, શીલનો ચંદ્રમા જેના ભાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર વિરાજે છે, પવિત્ર નિશ્ચયની ત્રીજી આંખ જેની ખૂલી ગઈ છે, એવો તે યોગીઓનો રાજા શ્રીનિવાસરાવને રૂપે બોલે છે એવું તે વખતે લાગતું. તેમની આંખોમાં તે વખતે એક એવી જાતનું તેજ ચમકારા મારતું, કે બીજાઓના જીવનને થોડું ઘણું યે સળગાવ્યા વિના તે રહેતું નહિ.

શ્રીનિવાસરાવના હૃદયનો તાગ લાગવો કઠણ હતો. તેમને મીનીનું બંધન ન હોત તો તે ક્યારનાયે હિમાલયમાં ચાલ્યા ગયા હોત. લાકડાને ખોતરનાર ભ્રમરને એક કોમળ કમળ બાંધી રાખે છે, પકડી રાખે છે, પૂરી રાખે છે. મીનીની તે જીવનકળી, તે કલિકાને ખાતર શ્રીનિવાસ-રાવ જીવતા હતા. તે મીનીનું બધું કરતા, મીનીની સેવા કરવામાં તેમને ધન્યતા લાગતી. માતૃપ્રેમ અને પિતૃપ્રેમ એ બંનેનો આનંદ તે મીનીને આપતા. "મીનુ, હું તારા વાળ ઓળું. તેમાં ફૂલ નાખું," તે કહેતા. મીની મીઠું હસતી. "મીના, તને ખવડાવું? મોટી થઈ તેથી શું થયું? તારો ભાત ચોળી આપું?" એમ કહેતા. મીની મીઠું હસતી.

મીની માટે રમકડાંનો અને બીજી ચીજોનો પાર નહોતો. આખી દુનિયા પોતાની મીની માટે છે એવું શ્રીનિવાસરાવને લાગતું. મીની ઘોડા ઉપર બેસતાં શીખી હતી. તેને માટે એક સુંદર ઘોડો લાવવામાં આવ્યો હતો. તેની પાસે સાયકલ હતી. મોટર ચલાવતાં પણ તે શીખી હતી. શ્રીનિવાસરાવ મીનીની સાથે કૅરમ રમતા, ફૂકા રમતા, બૅડમિંટન રમતા. મીની સાથે ફરવા જતા, સિનેમામાં જતા. તે ત્યાં ઊંઘી જતા અને મીની છેવટે, "ઊઠોને બાપુજી, સિનેમા પૂરો થયો," એમ કહીને જગાડતી.

મીની કહે તે ઘરેણું, કહે તે કપડું, કહે તે ચીજ, કહે તે ચિત્ર તે લાવી આપતા. મીનીનો બોલ એટલે જાણે વેદવચન. તેમાં તે વિચાર પણ કરતા નહિ. તે બીજા સાથે વાદવિવાદ કરતા; પણ મીનીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ બુદ્ધિ ગુમ થઈ જતી. વિચાર આથમી જતા. મીની આગળ તે કેવળ મીનીના જ થઈ રહેતા.

મીની ઘરમાં જ ભણતી. તેને ભણાવવા માટે એક વૃદ્ધ પેન્શનર આવતા. ઘરમાં વિધવિધ મતોનાં વિધવિધ વર્તમાનપત્રો આવતાં. અનેક વિચારનાં માસિકો આવતાં. ઘરમાં સુંદર ગ્રંથસંગ્રહ હતો. નવાં નવાં પુસ્તકો ઘરમાં આવતાં. મીની આ બધાનો આસ્વાદ લેતી, બધાંનું પ્રાશન કરતી. તે પોતાના શિક્ષક સાથે ચર્ચા કરતી, પિતા સાથે ચર્ચા કરતી. પણ શ્રીનિવાસરાવ ખાલી હસતા. પછી મીની ચિડાતી અને કહેતી, "હું આટલું બધું બોલ બોલ કરું છું, પણ તમે તો કંઈ જ બોલતા નથી, બાપુજી." તે જવાબ આપતા, "મેનાને બોલવા જ દેવી જોઈએ. કોયલને કૂજિત કરવા જ દેવી જોઈએ." મીની ગુસ્સાથી કહેતી, "હું મેના નથી, કોયલ નથી, હું માણસ છું. વિચારોની હું ભૂખી છું. ખરું શું ને ખોટું શું તે સમજવાની મને ઉત્કંઠા છે. આ સેંકડો વર્તમાનપત્રો ને આ સેંકડો મતમતાંતરો છે. આમાં સાચું શું, બાપુજી?"

"તને આપમેળે જ સમજાશે. સત્ય દરેકના હૃદયને સમજાતું જ હોય છે. વાદવિવાદ કરનારી બુદ્ધિ, અંતરનો સત્યનો અવાજ ન ગમવાથી બહાર ભટકવા મથતી હોય છે." પિતા કહેતા.

પિતાના એ બોલ સાંભળી મીની મૂંગી બની જતી.

એક દિવસ શ્રીનિવાસરાવ અને મીની મોટરમાં દૂર ફરવા ગયાં હતાં. કોઈ કોઈ વાર મીનીને આવી તલપ થઈ આવતી. તે કહેતી, "બાપુજી, મોટરમાં બેસીને બસ ફર્યા જ કરવાનું મને ગમે છે. આખી દુનિયા નિહાળવી, ત્રીભુવન ખૂંદી વળવું." શ્રીનિવાસરાવ હસીને પૂછતા, "ત્રિભુવનમાં શું ખૂંદી વળવાનું છે?" મીની કહેતી, "મને તેની શી ખબર? બસ ફર્યાં જ કરીએ એવું થાય છે. નિર્હેતુક પરિભ્રમણ."

તે દિવસે તે એકાએક પરોઢિયે ઊઠી. પિતાને ઉઠાડ્યા. બહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠંડો પવન વાતો હતો. આકાશમાં તારા કંપતા હતા. પણ મીનીને ટાઢ નહિ ને કંઈ નહિ.

"બાપુજી, તમે આ ઓઢવાનું લેજો હાં. તમને ટાઢ લાગશે."

"અને તને ?" તે બોલ્યા.

"મને આજે ઠંડી લાગતી નથી. આજે મારા શરીરમાં હૂંફ છે. જાણે કે ઉકળાટ થાય છે," તે બોલી.

"તાવ તો નથી આવ્યો ને ?" તેના હાથને હાથ અડકાડી શ્રીનિવાસરાવે પૂછ્યું.

"ના રે. તાવ બાવ કંઈ નથી. બાગમાંનાં ફૂલોની કેવી મીઠી સુગંધ આવે છે ! આજે જ આવી આવે છે કે રોજ આવે છે બાપુજી ?" તેણે પૂછ્યું.

"રોજે આવે છે. પણ આપણે બારીઓ વાસીને ઊંઘીએ છીએ. સુગંધી ફૂલોની સુવાસનો મીઠો ભારથી લદાએલો પવન આપણે બારણે રાહ જોતો ઊભો હોય છે." તે બોલ્યા.

મોટર ચાલતી હતી. અને સામે ઘાડું ધુમ્મસ હતું. રસ્તો દેખાતો નહોતો. કેટલું ઘાડું ધુમ્મસ ! આવું કોઈએ કદી જોયું નહિ હોય.

"મીના, ગાડી ઊભી રાખ. ધુમ્મસનો જાણે વરસાદ વરસે છે." પિતાએ કહ્યું.

"ધુમ્મસમાંથી મને દેખાય છે. ખરેખર દેખાય છે." તે બોલી.

"મીના, મજાક ન કર. ગાડી ખાડામાં પડશે, ઝાડ સાથે અથડાશે." તેમણે કહ્યું.

"ભગવાનની ઇચ્છા હશે તેવું થશે. પેલો જુઓ આકાશમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જ તારો દેખાય છે. બીજું કંઈ દેખાતું નથી. પેલો જુઓ, બાપુજી. દેખાયો ? આ શું ? દેખાતો બંધ થયો. અરે, ફરીથી દેખાયો. પેલો, પેલો જુઓ. હવે સ્પષ્ટ દેખાવા લાગ્યો, ખરું ને ?" મીના આસ્તે ગાડી ચલાવતી બોલી.

મીનાએ છેવટે ગાડી થોભાવી. તે નીચે ઊતરી. ધુમ્મસથી તેનું મોં ભીનું થયું. વાળ ભીના થયા. પોતાના પાલવ વડે તે લૂછતી હતી. પણ બહાર જ ઊભી હતી. તે એકદમ દોડવા લાગી, નાસવા લાગી.

"મીના, મીના, મને મૂકીને ક્યાં નાસે છે ?" પિતાએ હાક મારી.

"હું ક્યાંયે જતી નથી બાપુજી," તેણે દૂરથી જવાબ આપ્યો.

"પાછી ફર. ધુમ્મસ બહુ ખરાબ. તે નડે." પિતા કહેતો હતો.

"પેલો જુઓ તારો, ફરીથી સ્પષ્ટ દેખાવા લાગ્યો. કૂદી પડું આકાશમાં, પકડી લાવું તે તારાને ?" એમ કહેતી મીની દોડતી જ હતી. કૂદકા મારતી જ હતી. ધુમ્મસના સાગરમાં તે માછલીની જેમ નાચતી હતી.

પરંતુ નાસતી દોડતી જતી મીનીના પગને કંઈક અથડાયું. મીની એકદમ ઠોકરાઈને પડી. રસ્તામાં એ શું હતું ? રસ્તો તો એ સારો હતો. રસ્તાની વચ્ચોવચ તે શું હોય ? મોટો પથરો હોય એ શક્ય જ નથી. કે કોઈ લાકડાનું ઢીમચું પડ્યું હતું ? કે ઝાડ તૂટી પડ્યું હતું ? કે કોઈ અજગર ઠંડોહિમ થઈને લાકડું થઈને પડ્યો હતો ? શું હતું ? તારાને પકડવા માગતી મીનીના માર્ગમાં કયો પથરો આવ્યો, કઈ અડચણ આવી ?

મીની પડી. તેના હાથને કંઈક અડ્યું. કે હાથ સોરાયા ? કે કાંકરી ખૂંચી ? તેના હાથને કોઈ જુદી જ વસ્તુ અડી. જુદો જ સ્પર્શ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયો. તે પગ હતા. તે માણસના પગ હતા. તે પગ ઉપર તે પડી. પણ તે પગ ટાઢા હિમ જેવા હતા. મીનીના ગરમ હાથ અડવા છતાં પણ તે પગ ગરમ થયા નહિ. મીની બાવરી થઈને ઊભી થઈ. પહેલાં તો તે ગભરાઈ. પણ તેણે હિંમત રાખી. ધુમ્મસમાં તેને દેખાતું હતું. એક માણસ રસ્તા ઉપર પડ્યો હતો. ઠંડો થઈને પડ્યો હતો. તે ધુમ્મસમાં પણ તેના શરીર ઉપરનાં સંન્યાસીનાં વસ્ત્રો દીપતાં હતાં. ભોગમય દુનિયામાં વૈરાગ્યની જ્વાલા ભડભડતી હતી.

સંન્યાસી ! પણ મીનીએ તેને હાથ અડકાડ્યો. નિઃશંકપણે અડકાડ્યો. તેનું મોઢું તેણે પોતાના પાલવ વડે લૂછ્યું. તે નિર્મળ પ્રશાંત મોં બિડાયેલા કમળના જેવું દેખાતું હતું. તેણે પગ ચોળ્યા. તેના હાથ પોતાના હાથમાં લઈને ચોળ્યા. તે શરીરમાં તે ગરમી લાવવા માગતી હતી. પણ તેના પ્રયત્નો સફળ થતા નહોતા. પાસે બેસીને તે જોતી રહી, પિતાને ભૂલી, મોટરને ભૂલી, આકાશમાંના તારાને પકડવા કૂદકો મારવાનું ભૂલી, તેની ગતિ શિથિલ થઈ, ઉચ્છ્રૃં-ખલતા ઊડી ગઈ. તે એકદમ બદલાઈ ગઈ. મીની મૂંગી થઈને ત્યાં બેઠી.

મીની પેલા સંન્યાસીની આંખો પાસે પોતાની આંખો લઈ જતી અને તેની આંખો ઊઘડે છે કે કેમ તે ફરી ફરીને જોતી. તેણે પોતાના કોમળ કર વડે તેની આંખો લૂછી. તેણે પોતાની આંગળીઓ હળવે રહીને તે આંખો ઉપર ફેરવી. તે સુંદર નાસિકામાંથી શ્વાસોચ્છ્વાસ આવે છે કે કેમ તે જોવા તે નીચે વાંકી વળી. પણ ઊલટો તેનો પોતાનો જ શ્વાસોચ્છ્વાસ વધારે ગરમ થયો, વધારે ઝડપી થવા લાગ્યો. તે, તે ગરમ પવન — પોતાના જીવનમાંનો હૂંફાળો પવન — તેના જીવનમાં રેડવા માગતી હતી કે શું ? કે નાકની પાસે નાક લઈ જઈને પોતાના પ્રાણનો તેના જીવનમાં સંચાર કરતી હતી ?

તેણે એકદમ પેલા ભગવાં વસ્ત્રમાંના સંન્યાસીને પકડી રાખ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તે એકાએક ઊઠી. તેણે તેને પ્રણામ કર્યા અને તે દોડતી ઊપડી. વચમાં અટક્યા વગર તે મોટર પાસે આવી.

"મીના, કેટલી તોફાની છે તું? કેટલી રેબઝેબ થઈ ગઈ? આવી કેમ દેખાય છે? મીના, આમ ગભરાયેલાની જેમ કેમ ઊભી છે?" પિતા પૂછવા લાગ્યો.

"બાપુજી, ઠંડીમાં કોઈક ઠરી જઈને રસ્તામાં પડ્યું છે. ચાલો આપણી મોટર ત્યાં લઈ જઈએ. તેમને આપણે ઘેર લઈ જઈએ. કોઈક સંન્યાસી લાગે છે. શરીર પર ભગવાં વસ્ત્ર છે. તે ઠંડીથી ઠરી ગયા છે કે કંઈક તેમને કરડ્યું છે? ચાલો બાપુજી." એમ કહીને મીની મોટરમાં બેઠી. તે મોટરનું હોર્ન ચાલુ વગાડ્યા જ કરતી હતી. તેનો હેતુ એ હતો કે પેલો સંન્યાસી જાગે.

પણ સંન્યાસી સમાધિમાં જ હતો. મોટર આવીને ઊભી રહી. શ્રીનિવાસરાવે તે સંન્યાસીને જગાડવાનો પ્રયત્ન કર્યો. પણ તેને જાગૃતિ આવતી નહોતી. તેને ઉપાડીને મોટરમાં મૂકવાની જરૂર હતી. પણ એ જણથી તે શી રીતે ઊપડે?

"બાપુજી, આપણે આમને ઉપાડી ગાડીમાં મૂકીએ." મીનીએ કહ્યું.

"મીનુ, આપણે તેમને કેવી રીતે ઉપાડીએ? તે દહાડે તારાથી તો ઓશિકું પણ ઊપડતું નહોતું." શ્રીનિવાસરાવે કહ્યું.

"બાપુજી, સ્ત્રીઓમાં કોઈ કોઈ વાર વાઘણની – સિંહણની શક્તિ આવે છે. હું એકલીયે તેમને ફૂલની માફક ઉપાડીને મૂકીશ. ચાલો ઝાલો તમે. હું પગ તરફથી પકડું છું. વખત જવા દેવામાં કંઈ અર્થ નથી. આપણે ઘેર લઈ જઈશું અને ડૉક્ટરને બોલાવીશું. ઉપાડો બાપુજી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ કહીને મીનીએ પગ પકડ્યા. તે ધૂળવાળા પગ તેણે પોતાની છાતીએ અડકાડ્યા. પિતાએ બધું બળ વાપર્યું. સંકટમાં શક્તિ આવે છે. ભાવનાની પણ એક શક્તિ હોય છે. જડ કરતાં ચેતનની શક્તિ અનંત હોય છે. બંનેએ તે દેહને ઉપાડી મોટરમાં મૂક્યો. મોટરમાં સીધો દેહ માત નહિ. પગને જરા એવડાવીને તે મૂકવામાં આવ્યો. ધૂળથી મેલાં થયેલાં ભગવાં કપડાં મીનીએ ખંખેર્યાં. સંન્યાસીનો દંડ, કમંડલ અને એક ભગવી ઝોળી ગાડીમાં મૂકવામાં આવી. મીનીએ પોતાના પિતાનું ઓઢવાનું સંન્યાસીના શરીર પર ઓઢાડ્યું.

"બાપુજી, તમે ગાડી ચલાવો. હું આમને અહીં આમ ઝાલીને બેસું છું, નહિ તો નીચે પડી જશે. તમે તો અહીં બેસીને તેમને નહિ પકડી શકો. હું અહીંઆ આમ નીચે બેસીને ઝાલી શકું છું. બાપુજી, ગાડી જરા વહેલી ચલાવો હાં કે ?" મીની બોલી.

શ્રીનિવાસરાવ ગાડી ચલાવવા લાગ્યા. તીરની જેમ ગાડી છૂટી. મીના સંન્યાસીનો હાથ પોતાના હાથમાં પકડીને બેઠી હતી. પોતાના ઉપરનીચે થતા વક્ષસ્થલને શાંત કરવા માટે તે પેલા સુંદર હાથને તે જગાએ મજબૂત પકડી રાખતી હતી. વચમાં તે પેલા પ્રશાંત નિર્વિકાર મુખચંદ્ર તરફ જોતી અને પોતાનાં નેત્રકમળ પણ બીડી લેતી, જાણે તે પોતે તન્મય ન થતી હોય.

બાગમાંનાં ફૂલોની સુવાસ આવતી હતી. રોજ આવી જ આવતી હશે ? પિતાએ કહ્યું કે રોજે જ આવી આવે છે. પણ મીનીને તો આજે જ તેનો અનુભવ થયો હતો. મીઠી મગજ તર કરી દે એવી વાસ.

ગાડી આવી. શ્રીનિવાસરાવ નોકરોને હાક મારવા જતા હતા, પણ મીનીએ કહ્યું, "આપણે જ આમને ઉપાડીને લઈ જઈશું: સંન્યાસીના શરીરને બીજાના હાથનો સ્પર્શ શું કરવા થવા દઈએ ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" પણ પહેલાં એક પથારી તૈયાર કરવી જોઈએ. " તેમણે કહ્યું.

" ખાટલો જોઈએ ખરુંને ? તમારી પેલી ખાલી પડી રહેલી પલંગડી લાવું ? તમે તો નીચે જ સૂઈ જાઓ છો ? કાઢી લાવું તે ? " મીનીએ પૂછ્યું.

" તે પલંગડી નહિ " તેમણે ગંભીર ભાવે કહ્યું.

" તો પછી મારી પલંગડી છે. હું નીચે સૂઈ જઈશ. બિછાનું પણ તેની ઉપર પાથરેલું જ છે. સ્વચ્છ છે. ચાલો આપણે તેમને ઉપાડી લાવીને તે ગાદી ઉપર મૂકીએ. " મીનીએ કહ્યું.

" સંન્યાસીને ગાદી ઉપર મુકાય કે ? " તેમણે પ્રશ્ન ઉઠાવ્યો.

" બાપુજી, આ ચર્ચાનો સમય છે ? બીમારને માટે બધું ક્ષમ્ય છે. " તે બોલી.

તે બંનેએ તે સંન્યાસીને ઉપાડી આણ્યો અને તે પલંગડી ઉપર તેને સુવાડ્યો.

" બાપુજી, આમનાં ભગવાં વસ્ત્ર આપણે ઉતારી લઈએ. તમારું એક ધોતિયું આમને પહેરાવીએ. તમારું પહેરણ તેમને પહેરાવીએ. આ ભગવાં વસ્ત્ર જાડાં છે. ખડબચડાં છે. મેલાં છે. આમને તો ભાન પણ નથી. ભાન પર આવ્યા પછી કહેશે તો તેમને તે વસ્ત્રો પાછાં આપીશું. " મીનીએ કહ્યું.

શ્રીનિવાસરાવ કંઈ બોલ્યા નહિ. મીનીએ સંન્યાસીને સંસારી બનાવ્યો. સ્વચ્છ પહેરણ ઉપર તેણે પોતાના પિતાને માટે ભરેલી ઊનની બંડી પહેરાવી. ભગવાં વસ્ત્ર તેણે પોતાની ટ્રંકમાં સંતાડી રાખ્યાં. પેલા સંન્યાસીના શરીર ઉપર તેણે પોતાની શાલ ઓઢાડી અને તેના ઉપર જાડું કપડું ઓઢાડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બાપુજી, તમે ડૉક્ટરને બોલાવો, જાઓ. સંન્યાસી છે એવું કંઈ કહેશો નહિ. એક પડી ગયેલા માણસને ઉપાડી લાવ્યાં છીએ એટલું જ કહેજો. જાઓ, બાપુજી. મોટર જ લઈ જાઓ." મીનીએ કહ્યું.

શ્રીનિવાસરાવ મોટર લઈ ગયા. હવે નોકરચાકર જાગી ઊઠ્યા. મીનીએ નોકરને સ્ટવ સળગાવવા કહ્યું. પાણી ગરમ કરવામાં આવ્યું. રબરની કોથળી ગરમ પાણીથી ભરવામાં આવી. મીની તે સંન્યાસીની છાતીને શેકતી બેઠી.

હાથ વડે તેણે કોથળી ઝાલી હતી; આંખથી પેલા સંન્યાસીનું મુખકમળ નિહાળતી હતી. કેટલું સુંદર, ઉદાર મુખ. તે મુખ મધુર હતું. તે મુખને મધુર એ એક જ શબ્દ લગાડવો જોઈએ. તે એક જ વિશેષણમાં બધું વર્ણન આવી જતું હતું.

વચમાં કોથળીને નીચે મૂકીને તે મુખ ઉપર પોતાનો હાથ ફેરવતી. સૂર્યનાં કિરણોનો સ્પર્શ થતાં જ બિડાયેલાં કમળ ઊઘડે છે. મીની મનમાં કહેતી, "મારી મીઠી આંગળીઓના સ્પર્શથી આ નેત્રકમળ નહિ ઊઘડે?"

વચમાં વચમાં તે પેલો હાથ પોતાના હાથમાં લેતી. વચમાં જ શરીરે હાથ લગાડી જોતી. ધીમેધીમે તે શરીર ગરમ થવા લાગ્યું. શરીરમાં ઉષ્ણતા આવી. મીનીને આશા આવવા લાગી. ઠંડું શરીર ગરમ થવા લાગ્યું. ડૉક્ટર આવ્યા. તેમણે શરીર તપાસ્યું. તે બોલ્યા, "આમને હવે તાવ ચડશે. એ સારું લક્ષણ છે. પણ તાવ જલ્દીથી ઊતરશે જ એવું નથી. માણસને બે જાતનાં જોખમ હોય છે. ટેમ્પરેચર તદ્દન ઊતરી જાય તોયે જોખમ. એક જોખમમાંથી તો એ બચ્યા છે. હવે બીજા જોખમમાંથી બચે છે કે કેમ તે જોઈએ. પાસે કોઈએ બેસવું જોઈએ. તાવ વધવા દેવાનો નહિ. ખૂબ વધવા લાગે એટલે બરફની કોથળી મૂકવાની. એમને ભાન પણ વહેલું નહિ આવે. તાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જશે ત્યારે જ ભાન આવશે. મોં ઉઘાડીને પાણી પાતા જજો; દૂધ વગેરે આપતા જજો. ઝાડો કે પેશાબ એની મેળે જ થશે. હું દવા મોકલી આપું છું."

ડૉક્ટરની દવા શરૂ થઈ. મીનીની શુશ્રૂષા શરૂ થઈ. શુશ્રૂષા કરવાનું તેને કોણે શીખવ્યું? તેના હૃદયે. મીની બીમારને પળભર પણ વીસરતી નહિ. ઊંઘ આવી જાય તો ચમકીને જાગી ઊઠતી અને રોગીની પાસે આવીને ઊભી રહેતી. પછી પિતા કહેતો, "મીના, ઊંઘી જા, જા શાંતિથી. આમ તો તું માંદી પડીશ."

"મારા માંદા પડવાથી આ સાજા થવાના હોય તો ભલે પડું હું માંદી."

"પછી તારી શુશ્રૂષા કોણ કરશે? હું તો ઘરડો, નબળો પડતો જાઉં છું."

"પછી આ મારી શુશ્રૂષા કરશે," મીની હસીને કહેતી.

તેમને એક દિવસ મીની ક્યાંએ જડે નહિ. મીની ક્યાં છે, મીની ક્યાં છે એમ પિતા કહેવા લાગ્યો. મીની ક્યાં ગઈ તેની કોઈનેય ખબર નહોતી. આટલે પરોઢિયે મીની ક્યાં ગઈ હતી? બીમારની પાસે મૂકવાનાં ફૂલ લેવા ગઈ હતી? પણ તે આટલી વહેલી કદી જતી નહોતી. તો પછી ગઈ ક્યાં? શ્રીનિવાસરાવ હાંવરાબાવરા થયા. ત્યાં તો મીની ધીરે રહીને આવી.

"મીની, ક્યાં ગઈ હતી પરોઢિયે?" પિતાએ પૂછ્યું.

"ડુંગર ઉપરની માતાએ" તેણે કહ્યું.

"આજ સુધી કદી ગઈ નહિ. અને આજે જ આ ગાંડપણ ક્યાંથી?" પિતાએ ઉત્સુકતાથી પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ગાંડપણનું પણ એક ટાણું હોય છે બાપુજી. તે ટાણું આવે એટલે બધાને ગાંડપણ આવે છે." તે બોલી.

"કદી પ્રાર્થના ન કરનારી મીની પરમેશ્વરની પ્રાર્થના કરવા લાગી. માતાની છબિની સામે ઊભી રહીને તેના આશીર્વાદ માગવા લાગી. તે સંન્યાસીનું તે બધું જ કરતી. તે તેને દૂધ આપતી, પાણી આપતી. તે તેનાં કપડાં બદલતી, ચાદર બદલતી. તે કપડાં તે પોતે ધોતી. તેમની ઘડી કરીને મૂકતી. સુંદર ફૂલ ઓશિકા આગળ મૂકતી. રોગીની પગચંપી કરતી, તેના શરીરને ગરમ પાણીમાં ટુવાલ પલાળી સ્વચ્છ લૂછી કાઢતી. તેની સેવા એ તેનો મેવો હતો, તે તેનો મોક્ષ હતો.

રોગીને આરામ થશે કે કેમ તેની મીનીને ચિંતા હતી. તે ચિંતા તેના મોં ઉપર દેખાતી. તે બહુ ખાતીપીતી નહિ. તેમાં રોજના ઉજાગરા. મીની નબળી દેખાવા લાગી. પિતા દુઃખી થયો.

પણ એક દિવસ સંન્યાસીએ આંખો ખોલી. તે વખતે ત્યાં બધાં ઊંઘી ગયાં હતાં. મુક્ત લોકોનો દિવસ તે બદ્ધ લોકોની રાત્રિ. જ્યાં જાગૃતિ ત્યાં મુક્ત પુરુષને ઊંઘ. સંન્યાસીને શું દેખાયું? સામે નજીકમાં જ એક આરામ ખુરશી ઉપર મીની ઊંઘી ગઈ છે. તેના હાથમાં સંન્યાસીનો હાથ છે. સંન્યાસી આંખો મીંચે અને ઉઘાડે. પોતાનો હાથ કોના હાથમાં છે તેનો હજુ સુધી તેને ખ્યાલ નહોતો. પૂરો ખ્યાલ હજી આવવાનો હતો. પણ તેણે પોતાના હાથ તરફ જોયું. તે છૂટો નહોતો. સંન્યાસી સપડાયો હતો. પોતાનો હાથ ધીરે રહીને છોડાવી લેવાનો તેણે વિચાર કર્યો. પરંતુ ઊંઘી ગયેલી સેવિકા જાગી જશે તેથી તેણે પોતાનો હાથ ત્યાંજ રહેવા દીધો.

તે આસપાસ જોવા લાગ્યો. શરીરની ઉપર જોવા લાગ્યો. ક્યાં ગયાં પેલાં ભગવાં વસ્ત્ર? ક્યાં ગયો પેલો સંન્યાસ? ક્યાં ગયો પેલો 'સંયમ રાખ' એમ કહેનારો દંડ, ક્યાં ગયું પેલું કમંડલ? સંન્યાસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધું યાદ કરતો હતો. વચમાં જ આંખો મીંચી દેતો. પાછો ઉઘાડતો. મીની તરફ જોતો. મીનીના સચિંત મુખ ઉપર કેટલા કોમળ ભાવ હતા ? આ શું ? મીની હસી. તે જાગે છે કે ઊંઘે છે ? નાનું બાળક ઊંઘમાં હસતું હોય છે. તે નિષ્પાપ હાસ્ય કેટલું મધુર હોય છે ? સંન્યાસી તે સ્મિતરમ્ય ઓઠ તરફ જોઈ રહ્યો. ત્યાં તો એકાએક મીનીએ આંખો ઉઘાડી. તેની આંખોની સામે સંન્યાસીની આંખો હતી. આંખો આંખોને જોતી હતી. બંને જણાં આંખો મીંચતાં અને એકદમ ઉઘાડતા.

મીની ઊઠી. તેણે પોતાના બંને હાથે તેમની પેલી મીઠી આંખો લૂછી. શાંત અને મીઠી વાણીમાં બોલી, "સૂઈ રહેજો હાં કે ?"

સંન્યાસીને ભાન આવ્યું. સહુને આનંદ થયો. મીનીએ સાકર વહેંચી. ધીમેધીમે સંન્યાસી બોલવા લાગ્યો. બધી પૂછપરછ કરવા લાગ્યો. પણ તેણે ભગવાં કપડાં વિશે એક હરફ પણ ઉચ્ચાર્યો નહિ.

એક દિવસ બપોરે મીની તેમને મોસંબીનો રસ આપતી હતી. રસ આપીને તે ત્યાં બેઠી.

"મારા શરીર ઉપરનાં વસ્ત્ર ક્યાં છે ?" સંન્યાસીએ પૂછ્યું.

"તે જોઈએ છે કે ? મેં તે મારી પેટીમાં મૂક્યાં છે." મીનીએ કહ્યું.

"નથી જોઈતાં તે. હું તેમનો ત્યાગ જ કરવાનો હતો. આવાં વસ્ત્રોથી દંભ થાય છે. હૃદય વૈરાગ્યથી રંગેલું હોય એટલે બસ. બાહ્ય રંગને શું ચાટવો હતો ?" તે બોલ્યો.

"તમે ક્યાંથી આવતા હતા ?" તેણે પૂછ્યું.

"હું ગયો હતો પરમેશ્વર મેળવવા માટે. પણ પરમેશ્વર કંઈ મળે નહિ. એક ગુરુ પાસેથી દીક્ષા લીધી. જપતપ બધું કર્યું દેવ કંઈ મળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. પણ એક અવિકારી પુરુષે મને કહ્યું, "તારે પરમેશ્વર જોઈએ છે? તો હરિજન બાળકોનાં મેલાં સાફ કર. તને પરમેશ્વર મળશે. નિરહંકારી થયા વિના પરમેશ્વર ક્યાંથી મળે? તે શબ્દોથી હું જાગ્રત થયો. હું ઊપડ્યો. વિચાર કરતો કરતો ઊપડ્યો. ઊંચા પર્વત ઉપરથી નીચે આવ્યો. ગંગા સ્વર્ગમાં હોય તેનો શો ઉપયોગ? નીચે મેદાનમાં આવીને તે ભીનાશ આપે તો જ તેની કૃતાર્થતા. નદીઓ ડુંગરાઓમાં સંતાઈ રહે તો વાડીઓ પાકે નહિ, અને તે નદીઓનો પણ વિકાસ થાય નહિ. ખરુંને?"

તે સંન્યાસીના શબ્દો મીનાને અમૃત જેવા લાગતા હતા.

"મારી થેલી ક્યાં છે?" તેણે પૂછ્યું.

મીનીએ થેલી કાઢી આપી. તેમાં એક તકલી હતી. કપાસ હતો.

"આ શું?" તેણે પૂછ્યું.

"આ નવી સેવાનો મંત્ર." તે બોલ્યો.

"તમે ખાદીના ઉપાસક છો કે શું?" તેણે પૂછ્યું.

"માણસાઈવાળો જે કોઈ હિંદી મનુષ્ય હશે તે તેનો ઉપાસક થશે. મારે શરીરે ભગવાં વસ્ત્ર નથી જોઈતાં. પણ ખાદીનાં જોઈએ છે. નહિ તો હું મરી જઈશ – મરી જઈશ." તે ઉત્કટતાથી બોલ્યો.

મીના ત્યાંથી ઊઠીને જતી રહી.

"બાપુજી, હું વિલાસપુર જઈને ખાદી લઈ આવું છું. મને પૈસા આપોને. મોટર લઈ જાઉં છું." તે બોલી.

"ખાદી, તને તો તે ગમતી નહોતી." પિતા બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ત્યારે હું મૂરખ હતી. હવે હું ડાહી થઈ છું." તે બોલી.

મીના ગઈ અને પુષ્કળ ખાદી લઈ આવી. ખાદીનું ધોતિયું, ખાદીનાં પહેરણ, ખાદીની બંડી, ઓઢવા માટે કામળો, બધું લઈ આવી. ખાદીની ચાદર, ખાદીનો ચોરસો લઈ આવી. તેણે સંન્યાસીની પલંગડી ખાદીમય બનાવી.

"મારે માટે ખાદી આણી, પણ તમારે નથી જોઈતી કે? સ્ત્રીઓ તો દયાળુ હોય છે. ગરીબ બંધુ ભગિનીઓને જે ખાદી વડે કોળિયો મળે છે, તે ખાદી કદાપિ પુરુષો નહિ વાપરે પણ સ્ત્રીઓ તો પહેલી વાપરશે. ભારતની સ્ત્રીઓએ પોતાની ઉદારતા આજે છાંડી દીધી છે કે શું? તો પછી બધું જ પતી ગયું." સંન્યાસી દુઃખથી બોલ્યો.

મીના ઊઠીને ગઈ. તેણે ખાદીની સાડી પહેરી. તેણે ખાદીનું પોલકું પહેર્યું. પવિત્ર અને પ્રશાન્ત મીના સંન્યાસીની સામે આવી.

"તમે હવે હિંદમાતા જેવાં દેખાઓ છો. જાણે પવિત્રપાવન ભારતમાતા મારી સામે ઊભી છે. મને તમારે પગે પડવા દો." સંન્યાસી બોલ્યો.

"મને જ તમારા ચરણ ઉપર મસ્તક મૂકીને કૃતાર્થ થવા દો." એમ કહીને મીનીએ તે તરુણના પગ ઉપર માથું મૂક્યું. તે પગ ઉપર આંખમાંનાં અશ્રુના અર્ઘ્ય અપાયા. અશ્રુનાં ફૂલો વડે ચરણોની પૂજન થઈ.

સંન્યાસી હવે હરવા ફરવા લાગ્યો. તે બગીચામાં જતો. તેની સાથે મીની પણ રહેતી. એક વખત મીનીએ પૂછ્યું.

"તમને ઘોડા ઉપર બેસતાં આવડે છે?"

તે તરુણ બોલ્યો, "ના."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારા ઘોડા ઉપર બેસી તો જુઓ. તે નહિ પાડે." તેણે આગ્રહ કર્યો.

તે તરુણ ઘોડા ઉપર બેઠો. મીની બોલી, "હવે હાંકો ઘોડાને. આ લગામ હાથમાં લો." "મને નથી હાંકતાં આવડતું." તે બોલ્યો. "તો પછી હું હાંકું?" એમ કહીને મીની એકદમ ઘોડા ઉપર બેઠી. સંન્યાસીની પછવાડે તે બેઠી. એક હાથ વડે તેને ઝાલીને બીજા હાથ વડે તેણે લગામ પકડીને ઘોડાને રપેટચો.

"મીના, આપણે પડીશું – પડીશું." તે તરુણ બોલ્યો.

"પેલી ટેકરી ઉપર ચડીએ." મીના બોલી.

આટલા દિવસોમાં આજે તે તરુણે 'મીના' એમ હાંક મારી. તે શબ્દે મીનીને સ્ફૂર્તિ ચડી. છેવટે તે ઘોડાને પાછો લાવી. બંને નીચે ઊતર્યાં.

"મીના, તું ગાંડી છે. લોકો શું કહેશે?" બાપે કહ્યું.

"મને ગાંડી જ થવા દો. ડહાપણ – દુનિયાદારી ડહાપણ ભલે ચૂલામાં જતું." તે બોલી.

મીનીના પિતા સાથે સંન્યાસી વાત કરતો હતો. વાત કરતાં કરતાં તેણે કહ્યું, "હવે મને અહીંથી જવા દો."

"અહીંથી તમે જશો નહિ. તમે અમારા થાઓ." મીનીના પિતાએ કહ્યું.

"હું તમારો જ છું, કયાંએ જાઉં તોયે તમારો જ છું. તમે મને મરણમાંથી બચાવ્યો. તમારા ઉપકાર હું નહિ ભૂલું." તે બોલ્યો.

"તમે જશો નહિ. તમે મીનીના થાઓ. મારી ચિંતા દૂર કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે જશો તો મીની એક ક્ષણ પણ જીવતી નહિ રહે." તે બોલ્યા.

"મારું રહેવું અશક્ય છે. ક્ષમા કરો. મારે જવું જ જોઈએ. હું વ્રતબદ્ધ છું." આટલું કહીને તે સંન્યાસી ઊઠી ગયો.

"આ જુઓ મારું સૂતર વારંવાર તૂટે છે. હજી બરાબર ફાવતું નથી." મીનાએ પેલા તરુણને કહ્યું.

"બહુ વળ આપીએ તો તૂટે. બહુ ઢીલુંયે ન રાખવું અને બહુ વળે ન આપવો." તે બોલ્યો.

"મારા હાથે અખંડ સૂતર ક્યારે નીકળશે?" તેણે પૂછ્યું.

"હૃદય શાંત રહેશે ત્યારે." તે બોલ્યો.

"હૃદય શેનાથી શાંત થાય?" તેણે પ્રશ્ન પૂછ્યો.

"નિરહંકાર થઈને દુખિયાંની સેવા કરવાથી." તે બોલ્યો.

"હું દુઃખી છું. મને તમે સુખી કરશોને?" તેણે પૂછ્યું.

"મીના, હું પણ દુઃખી છું. આપણે આપણાં પોતપોતાનાં દુઃખો ગરીબોની સેવા કરવામાં ભૂલી જઈએ." તેણે કહ્યું.

"ગરીબોની સેવા કેમ કરવી તે બતાવવાય સાથી જોઈએ." તે બોલી.

"હૃદયસ્થ પરમેશ્વર એ અચૂક સાથી છે, બાકીના બધા ભૂલથાપ ખાનારા, પડનારા ને પાડનારા." તે બોલ્યો.

મીના સૂતર કાંતતી હતી. પણ તેની આંખો એકદમ ભરાઈ આવી. ભરેલી આંખોએ તેણે ઉપર જોયું. તો ત્યાંયે સાત સમંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

२१६६५ ६३ग/५५
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરેલા જોયા. ભાવનાનો રેંટિયો વેગથી ફરતો હતો. અશ્રુનું સૂતર અખંડપણે નીકળતું હતું. તેમાંથી હૃદયૈક્યનું મંગળ સુંદર વસ્ત્ર વણાતું હતું.

બહાર હજી રાત ઘણી હતી. તો પણ ઊઘડતાં ફૂલોની મીઠી સુવાસ ઠારનારી હતી. તે તરુણ ઊઠ્યો. શાંતિથી બહાર નીકળ્યો. આજે સામે ધુમ્મસ નહોતું. પરોઢિયાના પ્રશાંત તારા સાથે હતા. ઝટ ઝટ ડગલાં ભરતો તે તરુણ ચાલ્યો ગયો. વિશાળ ભારતનો સેવક વિશાળ દૃષ્ટિએ, વિશાળ હૃદયે ચાલ્યો ગયો.

મીની જાગી. નિત્યની જેમ તે હૃદયના ઈશ્વરનું દર્શન કરવા ગઈ.

તો ત્યાં કોણ હતું ? પથારી બરાબર વીંટીને મૂકી હતી. મીની ચમકી. તે સ્તબ્ધ ઊભી રહી. ત્યાં એક ચિઠ્ઠી હતી.

"મીના, હું જાઉં છું. મને જવા દે. ક્ષમા કર." તારો...

મીનીએ તે પથારી ઉઘાડી. તેમાં બધું જ હતું. પણ તેની શાલ નહોતી. તે તરુણ તે શાલ ઓઢીને ચાલ્યો ગયો. મીનીને તેણે છોડી, પણ તેની શાલ તે લઈ ગયો. તેનો શો અર્થ ? તેનો અનંત અર્થ હતો અને મીની તે અર્થ સમજી.

મીની ત્યાં પલંગડી ઉપર અશ્રુસિંચન કરતી બેઠી. તે સ્તબ્ધ હતી. પિતા આવ્યો. તેને બધું સમજાયું.

"મીના," તેણે ગદ્ગદિત સ્વરે હાંક મારી.

"ક્યાં ગયા એ, બાપુજી ?" તેણે પૂછ્યું.

"ભગવાન જાણે બેટા, છાની રહે." તે બોલ્યો.

પુસ્તકાલય गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ દત્તવિધાન

ગોવિંદરાવ ચૌહાણનું કુટુંબ એટલે ભારે ખાનદાન સરદાર કુટુંબ. તે બહુ ઠાઠથી રહેતા. પણ તેમને ઔરસ સંતાન નહોતું. એટલું જ એક દુઃખ હતું. તેથી તે કોઈકને પણ દત્તક લેવાનું મનમાં વિચારતા જ હતા. તેમના એક નજીકના કુટુંબી રામરાવ ગામડે રહેતા હતા. રામરાવને બે બાળક હતાં. એક રામદાસ નામનો છોકરો અને બીજી શાન્તા નામની છોકરી. બંને છોકરાં ભણવા માટે ગોવિંદરાવને ત્યાં જ રહેતાં હતાં.

રામદાસ અને શાન્તા છુટ્ટી પડે એટલે પોતાને ગામડે જતાં. ત્યાં તેમનાં ઓળખીતાં હતાં. ત્યાંના છોકરા સાથે રમતાં. ખેતરોમાં રખડતાં. કોસ હાંકતાં. સીમમાં જતા.

“રામદાસ, તું અંગ્રેજી ભણે છે. પછી ખેતરમાં શું કામ જાય છે?” બાપે પૂછ્યું.

“ભણવું એટલે કામ ન કરવું એમ છે કે? જે ભણતો હોય તેણે તો વધારે પ્રેમથી કામ કરવું જોઈએ.” રામદાસ બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મને કોસ હાંકતાં આવડે છે, પાણી વાળતાં આવડે છે. હું ભણીશ અને ખેતરમાં કામ કરીશ." શાંતા બોલી.

"ભણીને સુખની નોકરી મેળવવી. રામદાસને તો બાળાસાહેબ દત્તક લેવાના છે; બધી એસ્ટેટ એને મળશે. ભણ. સાહેબ થા. મોટી નોકરીએ વળગાડી આપશે. પછી શાન્તા પણ ભણશે. એનેય પછી કોઈ બેરિસ્ટર સાથે પરણાવી દઈશું." રામરાવ પોતાના મનના મનોરથ કહેવા લાગ્યા.

"મારે નથી જોઈતો બેરિસ્ટર. અમારા એક શિક્ષકે પરમ દિવસે કહેલું: બેરિસ્ટર એટલે બાલિશતર." શાંતા બોલી.

"એટલે શું?" પિતાએ પૂછ્યું.

"એટલે મૂર્ખ." શાંતા બોલી.

"મૂરખ છોકરાં છો. રામદાસ, સ્વચ્છ કપડાં પહેરવાં. સારી રીતે રહેવું. ગોવિંદરાવને પસંદ પડે એમ કરતો જજે." રામરાવ બોલ્યા.

"દત્તક જવું એટલે લક્ષાધીશ થવું!" બાપે કહ્યું.

છેવટે રામદાસને દત્તક લેવાનું નક્કી થયું. મુહૂર્ત નક્કી થયું. ભારે ધામધૂમ થઈ. સેંકડો લોકોને આમંત્રણ આપવામાં આવ્યાં. સરકારી સાહેબ આવ્યા. સરદાર જાગીરદાર આવ્યા. શેઠ શાહુકાર આવ્યા. વકીલ ડૉક્ટર આવ્યા. ગાયન, નાચ, તમાસો, જમણવાર કશાને સીમા નહોતી. જાણે ચાર દિવસ માટે ઇન્દ્રપુરી જ નીચે ઊતરી આવી હતી.

તે દિવસે રામદાસે જરીકસબનો પોશાક પહેર્યો હતો. માથે જરીની ટોપી હતી. ડોકમાં સોનાની કંઠી હતી, મોતીની માળા હતી. આંગળીઓમાં હીરાની વીંટીઓ હતી. પગમાં તલમ જોડા હતા. કાનમાં અત્તરના પૂમડાં હતાં. રામદાસ કોઈ રાજકુંવરની પેઠે શોભતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામદાસે તો સારી પેઠે સાજ સજ્યો હતો, પણ શાંતાએ ? તે તો સાદી જ હતી. તેને ઘરેણાંગાઠાં કોણ આપે ? તે ફરતી ફરતી રામદાસ બેઠો હતો ત્યાં આવી.

"પેલી બાજુ જતી રહે'લી છોકરી." કોઈકે કહ્યું.

"મારા ભાઈને મારે જોવો છે." કહેતી શાંતા અંદર આવી.

"આ જ કે તમારી બહેન ?" કોઈ મહેમાને પૂછ્યું.

"હા, આનું નામ શાંતા. ખૂબ હોશિયાર છે." રામદાસે કહ્યું.

"પણ તારા જેવી શ્રીમંત હું થોડી જ કંઈ છું ? તારે શરીરે જરીકસબનાં કપડાં. તારી પાસે બેસતાં મને બીક લાગે છે, ભાઈ. આ જો તારા શરીર ઉપર કેટલાં બધાં ઘરેણાં છે. ભાઈ, તારી આંગળીઓ વજનદાર નથી થઈ ? આ માળાઓને લીધે ડોક દુખી નથી આવતી ?" શાંતાએ પૂછ્યું.

"સ્ત્રીઓ તો આનાથી સોગણું વજન પહેરશે." કોઈક બોલ્યું.

"મૂરખ સ્ત્રીઓ પહેરશે. હું નથી પહેરવાની." શાંતાએ કહ્યું.

"કાલે પરણીને સોનાથી મઢાશે ત્યારે જોઈશું. બાપ તો કહે છે કે ભવિષ્યમાં છોકરી બૅરિસ્ટરને આપવી છે!" પેલો મહેમાન બોલ્યો.

"ભાઈ, હું જાઉં ? તું બોલતો કેમ નથી ? એટલામાં જ પરાયો થઈ ગયો ? ઘરેણાંએ દૂર કર્યો ?" શાંતાએ પૂછ્યું.

"શાંતા, તું અહીં કેમ આવી ?" ભાઈએ પ્રશ્ન પૂછ્યો.

"મને આજે કોઈ પૂછતું નહોતું તેથી." તે બોલી.

"તને આજે ઘરેણાં કોઈએ ન પહેરાવ્યાં ?" તેણે પૂછ્યું.

"ના, ભાઈ, તું દત્તક ગયો છે. હું કંઈ નથી ગઈ!" શાંતા બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" શાંતા, તને ભૂલીને મેં ઘરેણાં પહેર્યાં. આ હું કાઢી મૂકું છું. " ભાઈએ કહ્યું.

" ના, ના! આમ ન કરશો સાહેબ! કેટલા મહેમાન આવ્યા છે. ગોવિંદરાવને કેવું લાગશે? રહેવા દો એ ઘરેણાં. " પાસેના માણસો કહેવા લાગ્યાં.

એટલામાં ગોવિંદરાવ ત્યાં આવ્યા.

" કેમ રામદાસ, આનંદ છે ને? આવો ખિન્ન કેમ? શું થયું ભાઈ? " તેમણે પૂછ્યું.

" શાંતાને શરીરે કંઈ નથી તેથી તેમને ખોટું લાગે છે. પોતાનાં ઘરેણાં તે ઉતારે છે. " કોઈકે કહ્યું.

" શાંતા, તારે ઘરેણાં જોઈએ છે ખરાં ને? ચાલ નીચે. " ગોવિંદરાવ બોલ્યા.

" મારે નથી જોઈતાં. મને નથી ગમતાં. ભાઈને જ સજાવા દો પોઠિયાની જેમ! " શાંતા બોલી.

" આમ ન બોલાય શાંતા. મહેમાનો આવ્યા છે. હઠ ન કરીએ. ચાલ, હું તને શણગારું. " એમ કહીને શાંતાનો હાથ પકડી તે તેને નીચે લઈ ગયા.

" ભાઈ સાહેબ, થોડો શીરો લાવું કે? અને કૉફી લેશો કે કોકો? " એક ગૃહસ્થ ખુશામત કરતો પૂછવા લાગ્યો.

પણ રામદાસ શાંત હતો. તે વિચાર કરતો હતો. એટલામાં તેને કાને ગીત પડ્યું. રસ્તા ઉપર કોઈક ગાતું હતું.

हृदय जणुं कोणा तें नसे
बंधु उपाशी लाखों मरती
सुचति विलास कसे —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हाहाःकार ध्वनि शत उडती
येथ उडत जलसे —
निज भगिनींच्या अंगावरती
चिंधिहि एक नसे —
कष्ट करूनिहि गरीब उपाशी
तुमचे भरति खिसे —
नाच तमासे करण्याचा हा
अवसर काय असे —
देव ओळखा धर्म ओळखा
सकलां विनवितसें —
खादी घेउनी खादी घाला
इतुके मागतसें — *

---

* જાણે કોઈને હૃદય જ નથી
લાખો બંધુઓ ભૂખે મરે છે
ત્યાં વિલાસ કેમ સૂઝે ? —
હાહાકારના સેંકડો ધ્વનિ ઊઠે છે
ને અહીં તો જલસા ઊડે છે —
પોતાની ભગિનિયોનાં શરીર ઉપર
એક ચીંધરડી સરખી નથી —
મહેનત કરીને ભૂખ્યા ગરીબો
તમારાં ખિસ્સાં ભરે છે —
નાચ તમાસા કરવાનો આ
અવસર છે શું ? —
દેવને ઓળખો ધર્મને ઓળખો
બધાને વીનવું છું —
ખાદી લઈને ખાદી પહેરો
એટલું માગું છું —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામદાસ ગૅલેરીમાં આવીને ઊભો રહ્યો. તે પેલું ગીત સાંભળતો હતો. ગીત ગાનારાની અને તેની નજર મળી. ગીત ગાનારો વધારે તલ્લીનતાથી અને લાગણીપૂર્વક ગીત ગાવા લાગ્યો, निज भगिनींच्या अंगावरती, चिंधिहि एक नसे રામદાસને શાંતા યાદ આવી કે દેશમાંની કરોડો, દરિદ્રી માબ્હેનો યાદ આવી ?

રામદાસ ગંભીર થઈને અંદર આવ્યો. તે કોઈ સાથે ન બોલે, ન હસે કે ન રમે. બધે વાત ફેલાઈ ગઈ. ગોવિંદરાવ દોડતા આવ્યા. રામરાવ દૂર ઊભા રહ્યા. ડૉક્ટર નળીઓ લઈને આવ્યા.

"રામદાસ, શું થાય છે ભાઈ?" ગોવિંદરાવે પૂછ્યું.

"મારા આખા શરીરે લાય લાય બળે છે." તેણે રડતાં રડતાં કહ્યું.

"ડૉક્ટર, શું થયું હશે એને?" રામરાવે પૂછ્યું.

"હું ઊલટીની દવા આપું છું. પેટમાં કંઈ ગયું હોય તો જણાઈ આવશે." ડૉક્ટરે ધીરજ આપતાં કહ્યું.

"રામદાસની સગી મા તેની પાસે બેઠી. બાકીનાં માણસો જરા દૂર ગયાં. કોઈક કહેવા લાગ્યું કે નજર લાગી છે. કોઈકે કહ્યું કે ઉજાગરો થયો હશે. પણ એક જણે કહ્યું કે નીચે કોઈ ગાતું હતું, તે સાંભળીને ભાઈસાહેબ ઉદાસ થયા અને અંદર આવીને રડવા લાગ્યા.

"હાંકી કાઢો તે ભિખારીને. આ રસ્તા ઉપર આવવા દેશો નહિ. ગાંધીના માણસો વખત કવખત ઓળખતા નથી. ઉત્સવને વખતે પણ મસાણિયાની જેમ આવે છે અને મરસિયા ગાઈને લોકોને રડાવે છે." એક દેશી સાહેબ બોલ્યો.

પેલા ગીત ગાનારા છોકરાને હાંકી મૂકવા માટે જાણે ભૂતડાં દોડ્યાં. પણ દરવાજામાં શાંતા હતી.

"તેને ના હાંકી મૂકશો. કેટલું સુંદર ગીત ગાય છે!" તે બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તને ગીત સુંદર લાગે છે પણ ત્યાં ભાઈનો જીવ જાય છે જીવ." એક જણ ગર્જી ઊઠ્યો.

"ભાઈનો આ મિત્ર છે. આ ભિખારી નથી. પેલા સોનખેડીના આશ્રમમાંનો આ દયારામ છે. ભાઈની પાસે તેને લઈ જશો તો ભાઈને સારું લાગશે. ભાઈનો જતો જીવ પાછો આવશે." શાંતા શાંતિથી બોલી.

પણ તે છોકરીનું કોણ સાંભળે? દયારામ ચાલ્યો ગયો. શાંતા મેડે ગઈ. ભાઈની આસપાસ ગીરદી જામેલી હતી. ડૉક્ટરની દવા આવી. ભાઈએ તે નાખી દીધી. બધા લોકો ચિંતાતુર થયા. મહેમાનો ધીમે ધીમે જવા લાગ્યા. કારણ કે ગાનતાન બધું હવે બંધ કરવું પડ્યું. ગ્રામોફોનની થાળીઓ પણ બંધ પડી.

"રામદાસ તને શું થાય છે તે કહે." ગોવિંદરાવે કહ્યું.

"લાય ઓછી નથી થતી કે?" નવી માએ પૂછ્યું.

"મોઢું કેટલું કાળું પડી ગયું? નજર લાગી." સગી મા બોલી.

"મા, પેલા ગીત ગાનારાને અહીં લાવશો તો જ ભાઈના શરીરમાંની લાય બંધ પડશે." શાંતાએ સૂચવ્યું.

"તેને લીધે તો લાય સળગી." લોકો બોલ્યા.

"તે જ બુઝાવશે." શાંતાએ કહ્યું.

'બોલાવો પેલા ભિખારીને જોઉં." ગોવિંદરાવે કહ્યું.

પહેલાં જે નોકરચાકર તેને હાંકી કાઢવા દોડ્યા હતા તે જ હવે તેને ખોળી કાઢીને લઈ આવવા દોડ્યા.

"હું શું કરવા આવું?" દયારામ બોલ્યો.

"અરે ચાલ બાપુ." નોકરોએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તે બંગલામાં મારા શરીરે પણ લાય બળશે. શ્રીમંતોના બંગલા એટલે હજારો દરિદ્રનારાયણની બળતી ચિતાઓ. ભીંતો ઉપરના રાતા, વાદળી, લીલા રંગો તે જ ભડકા. હું શું કરવા આવું?" દયારામે ફરીથી કહ્યું.

"ભાઈ સાહેબના જીવને આગ લગાડી. પાપી, હવે તે શાંત પાડવા ચાલ." કોઈકે આજીજીપૂર્વક કહ્યું.

"ચાલો, મારા ખભા ઉપર ખાદી તો છે જ. ખાદીનું રામનામ મારી પાસે છે. પેલા બંગલામાંની જ્વાળાઓ મને નહિ અડે." તે બોલ્યો.

દયારામ તે દીવાનખાનામાં આવ્યો.

"ભાઈ, જો આ કોણ આવ્યું?" શાંતાએ કહ્યું. રામદાસે આંખો ઉઘાડી. તે એકદમ ઊઠ્યો અને દયારામને વળગી પડ્યો. પણ ફરીથી તે એકાએક દૂર ખસી ગયો.

"દયારામ, મારાં આ કપડાં ફાડી નાખ અને તારા ખભા ઉપરની લાખો જીવોને શાંતિ દેનારી ખાદી મારા શરીર પર ઓઢાડ. હું બળી મરું છું." રામદાસે રડતાં રડતાં કહ્યું. દયારામે તેને ખાદીનું ધોતિયું આપ્યું. ખાદીનું પહેરણ આપ્યું. રામદાસે ખાદી ધારણ કરી. તે શાંત થયો. તેનો કાળો પડેલો મુખચંદ્ર હસવા લાગ્યો. વાદળાં ગયાં. લાય ગઈ. આનંદ આવ્યો. રામચંદ્ર પ્રભુએ વાનરો તરફ ફક્ત જોયું હતું અને વાનરોની વેદનાઓ બંધ પડી ગઈ હતી. તીરના ઘા રૂઝાઈ ગયા હતા. તેમ ખાદીનો સ્પર્શ થતાં જ રામદાસ પુલકિત થયો. તેને જાણે શેર લોહી ચડ્યું. મોઢા ઉપરની પ્રેતકળા ગઈ અને ત્યાં તેજકળા ખીલી ઊઠી.

"તમે બધા અહીંથી જતા રહો. અમને બેસવા દો." રામદાસે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ભાઈ, હું પણ જાઉં ?" શાંતાએ પૂછ્યું.

"તું બેસ." રામદાસે કહ્યું.

બધાંનો જીવ હેઠો બેઠો અને તેઓ વિખરાયાં. બાકી રહેલા મહેમાનો ગ્રામોફોન વગાડવા લાગ્યા. કપ રકાબીઓ પાછી ખડખડવા લાગી. નાનાં પંખી ઊંચે હવામાં બહુ વખત સુધી ઊડી શકતાં નથી. ત્યાં પાંખોને સ્થિર કરીને રહી શકતાં નથી. નાનકડા જીવોનું પણ તેમ જ હોય છે. સામાન્ય માણસો એકાદ ક્ષણ ઉચ્ચ વાતાવરણમાં જાય છે. જ્યાં વાસના કે વિકાર વિરલ છે એવી સ્વચ્છ હવા, નિર્લોભ, નિર્મત્સર હવા તેમનાથી બહુ વાર સુધી સહન થતી નથી. ત્યાં તેઓ ગૂંગળાવા માંડે છે. તેઓ ઝડપથી નીચે આવીને ફરીથી નાચવા કૂદવા માંડે છે. કાદવમાં ડૂબકાં મારવા માંડે છે.

પણ દયારામ, રામદાસ અને શાંતા ! તે ત્રણ રત્નો હતાં. ભારત-માતાના તે ત્રણે ભાવિ આધાર હતાં.

"દયારામ, આજે અચૂક તું કેવી રીતે આવ્યો ?" રામદાસે પૂછ્યું.

"અર્જુનને ખાતર ગોપાલકૃષ્ણે ગીતા કહી. ભાઈને ખાતર દયારામે ગીત ગાયું." શાંતા બોલી.

"રામદાસ, તું સંપત્તિનો માલિક થાય છે. પણ આ સંપત્તિ દરિદ્રનારાયણની છે, એ વાત ભૂલતો નહિ." દયારામે કહ્યું.

"નહિ ભૂલું, નહિ ભૂલું." રામદાસે કહ્યું.

"દયારામ, તારે માટે કંઈ ખાવાનું લાવું ?" શાંતાએ પૂછ્યું.

"લાવ, મને ભૂખ લાગી છે." દયારામે કહ્યું. તેણે નાસ્તો કર્યો અને પેલાં ભાઈબહેનની વિદાય લઈ તે ચાલ્યો ગયો.

"શાંતા, આપણે બંને ગરીબોની સેવા કરવાનું નક્કી કરીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે મારું દત્તવિધાન થયું. બાપુજીએ આજે મને આપી દીધો. કોને આપ્યો? ગોવિંદરાવને? આ એસ્ટેટને? ના. તેમણે આજે મારું દેશ–દેવને દાન કર્યું. અને શાંતા, તારુંય દાન થવા દે. ગરીબોનાં જીવન સુખી અને સુંદર બનાવવા માટે આપણે આપણાં જીવન અર્પીશું. નક્કીને?" રામદાસે પૂછ્યું.

"નક્કી. પણ આપણે અચકાઈશું તો? લપસીશું તો?" તેણે પૂછ્યું.

"સદ્‌હેતુને પરમેશ્વર મરવા દેતો નથી." રામદાસે આંખો મીંચીને કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ મુકુંદરાવ

રામદાસ અંગ્રેજી સાતમીમાં હતો. શાંતા છઠ્ઠીમાં હતી. બંને જાણુ પહેલાંની જેમ સાદાઈમાં જ રહેતાં હતાં. રામદાસ કપડાં ખાદીનાં પહેરતો. શાંતા પણ ખાદી વાપરતી. તેમણે પોતપોતાના વર્ગમાં ખાદીની લગની લગાડી. શાંતા ખૂબ ધીર હતી. છોકરાઓને તે પ્રશ્નો પૂછીપૂછીને હેરાન કરી મૂકતી.

"મને આ સાડી ભારે નથી પડતી, તો તમને પાયજામા શેના ભારે પડે છે? ખાદી નહિ લો તો દયારામનો આશ્રમ ચાલશે કેવી રીતે? ગરીબોને કોળિયો કેવી રીતે મળશે?" તે પૂછતી.

પણ એક નવો બનાવ બન્યો. તે નિશાળમાંથી કેટલાક જૂના શિક્ષકો જતા અને કેટલાક નવા આવતા. આ વરસે પણ એક નવા શિક્ષક આવ્યા હતા. તે તેજસ્વી મૂર્તિ હતા. કર્તવ્યકઠોર હોવા છતાં કરુણાળુ હતા. તે મૂર્તિએ છોકરાઓને ગાંડા કરી મૂક્યા. તેમનો સમય ક્યારે આવે તેની છોકરાઓ રાહ જોતા. તે વર્ણે ગોરા હતા. તે ગોરા દેહ ઉપર વળી પાછી શુભ્ર ખાદી. સોનામાં સુગંધ. ઉંમરે જરા પ્રૌઢ હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ગમાં સેંકડો સવાલોની તે ચર્ચા કરતા. આજકાલના બધા જ પ્રશ્નોનો છોકરાઓને પરિચય કરાવવો એટલે જ શિક્ષણ એમ તે કહેતા. છોકરાઓ પણ તેમને નિખાલસ ભાવથી પ્રશ્નો પૂછતા.

એક દિવસ શાંતાએ પ્રશ્ન પૂછ્યો, "અહિંસાથી ક્રાંતિ થશે કે?"

તેમણે કહ્યું: "ક્રાંતિનો અને હિંસા–અહિંસાનો શો સંબંધ છે? ક્રાંતિ એટલે શું? ક્રાંતિ એટલે પલટો. પણ એ ખાલી પલટો નહિ. પારકું રાજ્ય જાય અને ત્યાં આપણું રાજ્ય આવે, એટલાથી ક્રાંતિ થતી નથી. ક્રાન્તિ એટલે મૂલ્યપરિવર્તન. આજકાલ દુનિયામાં જુદી જ વસ્તુઓને મહત્ત્વ મળ્યું છે. વાસ્તવિક રીતે જે વસ્તુઓને મહત્ત્વ આપવું જોઈએ, તેમને કોઈ જ આપતું નથી. મુખ્ય મહત્ત્વ માણસાઈને મળવું જોઈએ. પણ આજે માણસાઈની સમાજમાં કિંમત નથી. આપણે આજે વાંદરાઓની પૂજા કરીએ છીએ. જેના શ્રમ ઉપર આજે આખી દુનિયા જીવે છે, ને મરે છે, તેને નથી માન કે નથી સ્થાન. વેપારીને માન છે. શાહુકારને માન છે. કારખાનાવાળાને માન છે. પણ તેમના હાથમાં ધન મૂકનાર કિસાનોને – કામદારોને માન નથી. ઘરમાં રાત ને દિવસ વૈતરું કરનારી સ્ત્રીને માન નથી. કોઈ પણ સભામાં, કોઈ પણ દીવાનખાનામાં છાણના પોદળા તકિયે બેસે છે, અને શ્રમ વડે ધનધાન્ય નિર્માણ કરનારા દૂર બેસે છે. આ બદલવું જોઈએ. શ્રમ ન કરનારને તુચ્છ ગણવો જોઈએ. શ્રમ કરનારને ઉચ્ચ માનવો જોઈએ. આને મૂલ્યપરિવર્તન કહે છે. અન્યાયને સિંહાસન ઉપરથી ઉતારી પાડી ત્યાં ન્યાયની પ્રતિષ્ઠા સ્થાપવી એટલે જ ક્રાન્તિ.

"ક્રાન્તિ એટલે ધ્યેયપરિવર્તન. ગઈ કાલ સુધી આપણાં યુવકોના મનમાં સામાન્યપણે એક જ મહત્વાકાંક્ષા હતી. પૈસા કમાવા, ઘર કમાવું, વાડી વજિફા કમાવા, પૈસાદાર થઇને પોતાને અને પોતાના કુટુંબીઓને સુખી કરવા, આરામમાં રાખવા. આ ધ્યેયને આજે કોઇ બહુ ઊંચું ધ્યેય નહિ લેખે. આજે તો બીજાની કાંધે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચડીને પૈસાદાર થવા કરતાં શ્રમજીવીઓને ઉપર લાવવા પ્રયત્ન કરવો, પોતાની સ્ત્રી, બાળકો ઇત્યાદિમાં જ પરિસમાપ્ત કરવા કરતાં આડોશી-પાડોશી, ગામ, પ્રાંત, દેશ અને દુનિયા સુધી કુટુમ્બભાવ વિસ્તારવો, અને પોતાના સંકુચિત કુટુમ્બને સુખી જોવા કરતાં આખી દુનિયાને સુખી જોવાની અભિલાષા સેવવી એનું જ નામ ધ્યેયપરિવર્તન, આનું જ નામ ક્રાન્તિ.

"અને આ ધ્યેયની સિદ્ધિ માટે સાધન પણ કેવળ બહાર શોધવા કરતાં પોતાની અંદર જ શોધવું એ પણ ક્રાન્તિ, ક્રાન્તિ એ કાંઈ 'ક્રાન્તિ' 'ક્રાન્તિ'નો પોકાર કર્યે થતી નથી. તેને માટે પોતાની જાતને પલટાવવી પડે છે. પોતાની ટેવોને બદલવી પડે છે. તમામ આરામને હરામ ગણીને ઉદ્યમી જીવન કરવું પડે છે, ખાલી મનના શ્રમથી રોટલો કમાવાને બદલે શરીરશ્રમ કરીને રોટલો કમાવો પડે છે. ચંપાની કળી જેવું કોમળ શરીર સુંદર ગણવાને બદલે વૃષભના જેવા સ્કંધવાળું પગની મજબુત પિંડીઓવાળું અને હથેલીમાં આંટણ પડેલી ચામડીવાળું શરીર સુંદર ગણવું પડે છે. ખુરશી ઉપર બેસીને વ્યાખ્યાનો આપ્યા કરવાને બદલે કે ટેબલ આગળ બેસીને કેવળ લેખો લખ્યા કરવાને બદલે ખેતરોમાં, કારખાનાઓમાં કામ કરવું પડે છે. બંગલો છોડીને, ગામેગામ રખડવું પડે છે. સૂર્યોદયથી કામ શરૂ કરીને સૂર્યાસ્ત સુધી કામ ચાલુ રાખવું પડે છે. ટેવોનું આ પરિવર્તન એટલે જ ક્રાન્તિ.

"જીવન વિશેના ખ્યાલોમાં ક્રાન્તિ એટલે જ ક્રાન્તિ. પ્રતિષ્ઠા પૈસાની નહિ, પોપટિયા વિદ્યાની નહિ, ખોટા ભણતરની નહિ. પ્રતિષ્ઠા કુળની ન જોઈએ, પ્રતિષ્ઠા બહારના બળની ન જોઈએ. કહે છે કે હું સૂર્યવંશી, ચંદ્રવંશી. હું આર્ય. હું કપિગોત્રોત્પન્ન. અને બીજા શું માટીમાંથી જન્મ્યા છે? અને તું જ સોનાનો જન્મ્યો? તારી પોતાની કિંમત શી છે તે કહે. તું કોનો શું તે ન કહેતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારી નસોમાં ગમે તેનું લોહી વહેતું હોય તોયે તેનો રંગ તો લાલ જ હોવાનો. તારા લોહીનો રંગ તારી કૃતિમાં પ્રકટ થવા દે. તારી કિંમત તારા કાર્ય ઉપરથી નક્કી થવા દે. આનું નામ ક્રાંતિ.

"આજકાલ દુનિયામાં લાઠીને પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ છે. પણ લાઠીની પ્રતિષ્ઠા એટલે મનુષ્યની અપ્રતિષ્ઠા. મારી પછવાડે કેટલા લાઠીવાળા છે, કેટલા બંદૂકવાળા છે એના ઉપર મારી કિંમતનો આધાર હોય તો તે કિંમત મારી નહિ પણ પેલી લાઠીઓની, પેલી બંદૂકોની કિંમત છે. મારી પાસે ધન હોય તો મને માન, લાઠી હોય તો મને માન, અભિજાત લોહી હોય તો મને માન, આ બધાં માન વાસ્તવિક રીતે મારી માણસાઈનાં નથી. મારી માણસાઈ, મારો વિશાળ આત્મા એમને સ્વયંભૂ કંઈ તેજ છે કે નહિ? મારા આત્માની નિર્મળ શક્તિ દુનિયાની આ બધી બાહ્ય શક્તિની સામે ખડી કરવી એટલે ક્રાંતિ. તલવારના બળ ઉપર મોટા થયેલા અલેકઝાંડરની સામે જાગ્રત આત્મ-શક્તિવાળો એક સંન્યાસી બેધડક ઊભો રહ્યો. અલેકઝાંડરે તલવાર ખેંચી તો તે હસી પડ્યો. અલેકઝાંડરે તેને મારી પણ નાખ્યો હોત. તેથી શું તે અલેકઝાંડરનો વિજય હતો કે? મરવાનું તો છે જ. પરંતુ માણસાઈના ધ્યેય માટે મરવું એ ખરું મરવું. મનુષ્યના આત્માની પ્રતિષ્ઠા સ્થાપવા ખાતર મરવું તે જ સાચું મરણ.

"આવી ક્રાંતિ આજે હિંદુસ્તાનમાં ચાલી રહી છે. સામ્યવાદી બિરાદરોએ ધનની પ્રતિષ્ઠા, હાજી હાની પ્રતિષ્ઠા, ખુવાશાહીની પ્રતિષ્ઠા, ખોટાં જાતિઅભિમાનની અને કુળાભિમાનની પ્રતિષ્ઠા દૂર કરી પણ પશુ-બળની પ્રતિષ્ઠા તેમણે હજી પણ નિરુપાય તરીકે રાખી છે. મહાત્માજીએ પશુબળની ખોટી પ્રતિષ્ઠા દૂર કરીને ત્યાં આત્માની નિષ્પાપ શક્તિ ખડી કરી છે. માણસે લાઠીથી મોટા થવા કરતાં નિર્ભય અને નિર્મળ આત્મશક્તિથી મોટા થવું જોઈએ એમ તે દુનિયાને પોતાના કાર્યથી કહે છે. ભારતમાં સર્વાંગપૂર્ણ ક્રાંતિ થાય છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરાઓમાંથી એકાદ પ્રશ્ન આવે અને તેની ઉપર સમય પૂરો થઈ જાય એવું કેટલીયે વાર થતું. મુકુંદરાવને ઘેર વિદ્યાર્થીઓ જતા. તેમને પ્રશ્નો પૂછીને જ્ઞાન મેળવતા. ગાયને વાછરડું માથું મારે એટલે ગાયના આંચળમાંથી વિશેષ દૂધ છૂટે તેમ આવા છોકરાઓને વધારે જ જ્ઞાનરસ મળતો. નિશાળમાં એક નવી જ જાતનું ચેતન દેખાવા લાગ્યું. છોકરાઓમાં નવા જીવનની ચર્ચાઓ થવા લાગી. બુદ્ધિને ચાલન મળ્યું.

મુકુંદરાવ દયારામના આશ્રમમાં જતા. રવિવાર આવે એટલે તે સોનખેડી ગામે જતા. સાથે છોકરાઓ જતા. ત્યાં ઘણી ખાદી પડી રહી હતી. તે જોઈને મુકુંદરાવને ખેદ થતો. પણ તે એકલા શું કરે? વર્ગમાં હમેશાં છોકરાઓને ખાદી લેવાનું કહેતા.

એક દિવસે લલિતમોહન નવું વિલાયતી ધોતિયું પહેરીને આવ્યો. તેમનાથી તે વસ્તુ સહન થઈ નહિ. તેમણે કહ્યું, "લલિતમોહન, હું આટલું બધું કહું છું તોયે તેં આજે વિલાયતી ધોતિયું લીધું જ. તું તારી બુદ્ધિને વેચી દે એમ મારું કહેવું નથી. તું મારો ગુલામ ન થતો. પણ ત્યાં સોનખેડીમાં જઈને જોઈશ તો તારો ભ્રમ ઊડી જશે. ત્યાં સ્ત્રીઓ સૂતર લઈને આવે છે; આનો બેઆના પામે છે. તે વખતે તેમને કેટલો બધો આધાર મળ્યા જેવું લાગે છે! આ દેશમાં ચારકરોડ લોક બેકાર છે. આપણને સ્વરાજ્યમાં પણ ખાદી સિવાય તરણોપાય નથી. બેકારીનો ઇલાજ નથી. સ્વરાજ્ય દૂર રહ્યું. જોઈએ તો તે આવ્યે મિલો કાઢજો. પણ આજે આ ભૂખ્યા દેશબંધુઓને જિવાડવા જોઈએ. તેમને કોળિયો આપવો જોઈએ. લલિતમોહન, આવું પાપ ફરીથી ન કરતો."

"મારા પિતાશ્રી મામલતદાર છે. હું ખાદી વાપરીશ તો તેમની નોકરીને જોખમ આવશે." લલિતમોહને કહ્યું.

"તમારો છોકરો કયું કપડું વાપરે છે એવું કાંઈ કલેક્ટર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મામલતદારને પૂછતો નથી. હવે તો ઘણા સરકારી નોકરો પણ ખાદી વાપરે છે, ખાદી ખપાવે છે." મુકુંદરાવે કહ્યું.

આ વાતચીત નિશાળમાં થઈ. પણ એનું પરિણામ જુદું જ આવ્યું. મામલતદાર સાહેબ તરફથી નિશાળના સંચાલકને બોલાવવામાં આવ્યા. ગણપતરાવ ત્યાં ગયા. સિપાઈએ અંદર જઈને કહ્યું કે નિશાળના સંચાલક આવ્યા છે.

"તેમને અંદર લઇ આવ." સાહેબે કહ્યું.

ગણપતરાવ નમ્રતાથી અંદર આવ્યા અને ઊભા રહ્યા.

"બેસોને. આમ આવો." સાહેબે કહ્યું.

"આજે સવારના પહોરમાં જ કેમ બોલાવ્યો ? કંઇ વિશેષ કામ છે ?" ગણપતરામે પૂછ્યું.

"એવું કંઈ વિશેષ કામ નથી. પણ મને તમારી સંસ્થા માટે બહુ લાગી આવે છે. સંસ્થા વૃદ્ધિ પામે, સમૃદ્ધ થાય એવું મને થતું હોય છે." સાહેબ બોલ્યા.

"સંસ્થા ઉપર બધાની કૃપાદૃષ્ટિ હશે તો જ તે ચાલશે. કોઈ અમલદાર આવવાના છે કે શું ?" ગણપતરાવે પૂછ્યું.

"હમણાં તો કોઈ આવવાનું નથી. પણ મારે તમને બે હિતની વાતો કહેવી છે. તમારી શાળામાં આ વર્ષે કોઈ એક નવા શિક્ષક આવ્યા છે." મામલતદારે કહ્યું.

"હા. બહુ સારા છે એ શિક્ષક. છોકરાઓ સાથે છોકરા જેવા, મોટા સાથે મોટા જેવા. લાગણીવાળા છે. બહુશ્રુત છે. વિદ્વાન છે. તેમાં વળી સાદા. છોકરાઓ તેમની પાછળ ગાંડા બન્યા છે. શાળાને સુંદર લાભ થયો છે." ગણપતરાવે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એમ તે સારા હશે. પણ કેટલાક શિક્ષક અતિ ઉત્સાહી હોય છે. ચોપડીઓ શીખવવાને બદલે જુદી જ વાતો શીખવે છે. અરે, ગઈ કાલે તેમણે અમારા લલિતના ધોતિયાની ટીકા કરી. કહે કે ખાદી કેમ પહેરતો નથી ? હવે એમને આની સાથે શો સંબંધ ? અરે, અમે રહ્યા સરકારી માણસ. બધી બાજુઓથી વિચાર કરવો પડે છે. અમારી ઉપર પણ છૂપી પોલીસ હોય છે. લલિતને તેમણે ઠપકો આપ્યો. છોકરા તેને હસ્યા. તેને હસ્યા એટલે મને જ હસ્યા ગણાય. આવા શિક્ષકો શાળાને જોખમમાં ઉતારશે. નિશાળની ગ્રાંટ વધતી નથી એમ કહો છો અને આવાં ઝેર સંઘરો છો !" મામલતદાર ચડતે સાદે બોલ્યા.

"મને તો તે શિક્ષક ઝેર જેવા નહિ પણ અમૃત જેવા લાગે છે. તેમનો સહવાસ સહુને સ્ફૂર્તિ દેનારો હોય છે. તેમની સોબતમાં જરા ઉચ્ચ વાતાવરણમાં ગયા જેવું લાગે છે." ગણપતરાવ ગંભીર-ભાવથી પણ શાંતિથી બોલ્યા.

"પણ અહીંનું સરકારી વાતાવરણ ગરમ થશે, તે તરફ ધ્યાન આપો. તમે તે શિક્ષકને જરા બે વાતો સમજાવો. અરે, સંસ્થાનું હિત પહેલું જોવું જોઈએ. આવે વખતે કઠોર થવું પડે છે." મામલતદાર મુરબ્બીવટથી બોલ્યા.

"વારુ. હું વિચાર કરીશ. આપનો આભાર માનું છું. રજા લઉં છું." એમ કહીને ગણપતરાવ ઊઠ્યા.

"અરે, બેસો ને. ચા લો છો ને ? લલિત, ઓ લલિત ?" તેમણે હાક મારી.

"શું બાપુજી ?" લલિતે પૂછ્યું.

"અલ્યા, આ તારા શિક્ષક આવ્યા છે. પ્રણામ કર તેમને. તેમને માટે ચા લાવને !" સાહેબ પ્રેમનો ડોળ કરી બોલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" હું ચા લેતો નથી. અને દૂધથી મને મોળ આવે છે. સાચું કહું છું. " ગણપતરાવે કાકલૂદીથી કહ્યું.

" ઠીક ત્યારે આ સોપારી લો, લવિંગ – ઇલાયચી લો. " મામલતદારે કહ્યું.

ગણપતરાવ પ્રણામ કરીને ઊઠ્યા. તે ઘેર આવ્યા. તેમને ઘણો જ ખેદ થતો હતો. સંસ્થાનું સાચું હિત શેમાં ? પથ્થરની નામની સંસ્થા ચલાવવાનો શો અર્થ ? મુકુંદરાવને કયે મોઢે કહેવું ? છેવટે તેમણે તેમને કંઈ જ કહ્યું નહિ.

પણ કેટલાક દિવસ પછી શિક્ષણખાતાના અધિકારી તરફથી એક મોટું પરબિડિયું આવ્યું. તેમાં ચોખ્ખો હુકમ હતો કે મુકુંદરાવને તાબડતોબ રજા આપી દો. ગણપતરાવના હાથમાંથી એ પાકીટ નીચે પડી ગયું. શું કરવું તે તેમને સૂઝે નહિ. છેવટે તેમણે મુકુંદરાવને બોલાવવા માણસ મોકલ્યો. મુકુંદરાવ આવ્યા. ગણપતરાવે તે પરબિડિયું તેમના હાથમાં આપ્યું.

મુકુંદરાવે શાંતિથી કહ્યું, " તમે ઓછું ન આણજો. મને આનાં સ્વપ્ન આવતાં જ હતાં. બે દેવોની સેવા એક સાથે કરી શકાતી નથી. મારે જો દેશની સેવા કરવી હોય તો છૂટા થવું જ જોઈએ. છોકરાઓનાં અંતરમાં બીજ વવાશે એમ માનીને અહીં આવ્યો હતો. પણ એની ઇચ્છા દેખાતી નથી. ઠીક. તમે મને ઉદારતાથી રાખ્યો, પ્રેમ આપ્યો, તે માટે હું આપનો આભારી છું. "

મુકુંદરાવ વર્ગમાં ગયા. નિશાળમાંનો આજે છેવટનો સમય હતો. પણ તે હમેશાંની જેમ જ બોલતા હતા. તેમણે કંઈ પણ વાત કરી નહિ. ભરાએલા હૃદયને તે અંદર જ સમાવી રાખતા હતા. પણ છોકરાઓમાં વાત ફેલાઈ હતી.

શાંતાએ પૂછ્યું, " તમે નિશાળ છોડીને કેમ જવાના ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તને કોણે કહ્યું ? કોણે કહ્યું હું જવાનો ?" મુકુંદરાવે હસતાં હસતાં પૂછ્યું.

"આખી નિશાળમાં વાત ફેલાઈ છે." બધાં છોકરાં બોલી ઊઠ્યાં.

"હા, હું જવાનો છું. આજે છેવટનો દિવસ છે."

"તમારા ગયા પછી અમારું કોણ ?"

"પરમેશ્વરનો હુકમ થતાં હજારો દોડી આવશે. કોઈએ અહંકાર શો કરવો ? અને કોઈએ નિરાશ શું થવું ?"

"અમારા દેવ તમે હતા. બીજા દેવની અમને ખબર નથી. તમે નિશાળ છોડવાના હો તો પણ આ ગામમાં જ રહો. રામપુર છોડીને જશો નહિ. નહિ તો સોનખેડીમાં રહો. રજાને દિવસે અમે ત્યાં આવતા જઈશું."

"હવે કદી મળો તો મને ખાદીમાં જ મળજો. તમે બધાં ખાદીધારી હોત તો આજે મારે જવું ન પડત!" મુકુંદરાવે કહ્યું.

"અમને છેવટના બે બોલ કહો." શાંતાએ કહ્યું.

"આટલા દિવસ શું થોડું કહ્યું છે ?" તેમણે કહ્યું.

"પરંતુ ખાસ સમયનાં વચન માણસથી ભુલાતાં નથી. માતાપિતાના સેંકડો ઉપદેશ આપણે ભૂલી જઈએ છીએ. પણ મરણસમયનાં વચન જીવનમાં અમર થઈ જાય છે." ગંભીર બોલ્યો.

"હું કંઈ મરતો નથી." મુકુંદરાવ હસીને બોલ્યા.

"એક રીતે આ નિશાળની બાબતમાં તમે નહિ જેવા જ થવાના. નિશાળની દૃષ્ટિએ આજે તમારો અંત. અંત સમયે ઉપદેશ આપો." શાંતાએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વિચારપૂર્વક વર્તો. વિચાર પ્રમાણે આચરવાની હિંમત કેળવો, મોળાશ નહિ જોઈએ. તે જ પ્રમાણે કોમ અને ધર્મને નામે દ્વેષ ફેલાવશો નહિ. જે કોઈ ગરીબ હોય, જે કોઈ દલિત હોય તેને પોતાનો માનો. દમન કરનારને પારકો માનો. હિંદુ, મુસલમાન, ગોરા, કાળા એ ભેદો ખરા નથી. ખરા ભેદ તો પ્રાચીન કાળથી બે જ કહ્યા છે. બીજાના જીવનને બરબાદ કરનારા અને આ બરબાદીનો અંત લાવવા વાસ્તે મથનારા. આવો ઝઘડો અનંત કાળથી ચાલે છે. તમે ભવિષ્યમાં ન્યાયને પક્ષે ઊભા રહેજો. જે કંઈ ભણો તે લઈને આ ઝઘડામાં મન મૂકીને સામેલ થજો. તમે ડૉકટર થાઓ તો તમને જણાશે કે જનતાને દવાની એટલી બધી જરૂર નથી પણ, સ્વચ્છ હવાપાણીની, સારા ખોરાકપાણીની, પૂરતા ઓઢવા પાથરવાની, થોડા આરામની, થોડા આનંદની જરૂર છે. તે કેવી રીતે મળે? સમાજમાં ક્રાન્તિ થશે ત્યારે, શ્રમજીવીઓનો હક્ક સ્થાપન થશે ત્યારે. શ્રમથી આટણ પડેલા હાથને ખાવાનો પહેલો હક્ક છે. આને માટે પછી તમે ઝુંબેશ ઉપાડજો. તમે એંજિનિયર થાઓ તો તમને શું દેખાશે? ગામડાંમાં સારાં પાયખાનાં નથી, ગટરો નથી, રસ્તા નથી, કૂવા નથી. આ સગવડો કેવી રીતે પૂરી પાડી શકાશે? આને માટે તમારે ક્રાન્તિ કરવી પડશે. ધારો કે તમે ખેતીનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. તમારે તે ખેડૂતોમાં ફેલાવવું છે. પરંતુ ખેડૂત તો આજે દેવાદાર છે. તેની જમીન શાહુકારોએ સ્વાહા કરી છે. ભારે મહેસૂલ ભરવું પડે છે. પેદાશ થાય તોયે તે હાથમાં રહેતી નથી. તો પછી ખેતી કરવામાં તેનું ધ્યાન કેવી રીતે ચોંટે? તેને તો સદાયે ભૂખમરો જ વેઠવાનો. આ બધાનો અંત લાવવો હોય તો ક્રાન્તિ કરવી પડશે. માનો કે તમે સાહિત્યકાર થયા, સુંદર વાર્તાઓ લખી પણ તમારી વાર્તાઓ વાંચવાનું છે કોણ? સેંકડે નેવું તો નિરક્ષર છે. તેમાં વળી લોકોને વાંચવા માટે નથી નવરાશ કે નથી સમય. સાહિત્યકારોનું સાહિત્ય ઘેરેઘેર જાય એવું જો તેઓ ઇચ્છતા હોય તો તેમણે ક્રાન્તિ કરવી જોઈએ. ક્રાંતિનાં ગીતો ગાતાં ગાતાં તેમણે કિસાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કામદારોમાં ભળવું જોઈએ. તમે ગમે તે થાઓ. અંતે તો તમને એક જ વસ્તુ દેખાશે. તમારી આંખો ખુલ્લી હશે અને કાન સારી રીતે ઉઘાડા હશે તો તમે આવતી કાલે પ્રચંડ ક્રાન્તિ કરવા ખડા થશો.

ક્રાન્તિને માટે વાતાવરણ તૈયાર કરવું પડે છે. તમે આરામનું જીવન તજીને ગરીબોમાં જાઓ. ભણીને વૈતરા થાઓ; મજૂર થાઓ. સુશિક્ષિત છોકરીઓએ ખેડૂતોના છોકરાઓ સાથે લગ્ન કરવાં જોઈએ. ખેતરોમાં કામો કરવાં જોઈએ. માથે ભારા ઉપાડવા જોઈએ. ખેતરોમાંનું ઘાસ નીંદતાં નીંદતાં સમાજમાંની વિષમતા દૂર કરવાના વિચાર તેમને આપો. કામ કરતાં કરતાં ક્રાન્તિનાં નવાં ગીત, ક્રાન્તિના નવા અભંગ, ક્રાન્તિના નવા વેદ દશે દિશામાં ફેલાવવાં જોઈએ.

રશિયા રશિયાનો જાપ ન જપો. ચીન ચીન એમ મુખેથી ન બબડચા કરો. રશિયામાંની સુશિક્ષિત યુવતીઓએ અણઘડ કામદારો સાથે લગ્ન કરેલાં. તેમને તેમણે શિક્ષણ આપ્યું. ઘરનાં બધાં કામ કરીને પ્રેમથી, સેવાભાવથી ભણાવ્યા. ત્યાંની યુવતીઓ જો આટલી બધી તૈયારીવાળી, તો યુવકોની તૈયારીની તો વાત જ શી કરવી ? ખાલી જીભાજોરી ન જોઈએ. સેવાથી, શ્રમથી ગરીબો સાથે એકરૂપ થઈને તેમના આત્માને જગાડો. હું આ જ કામ કરવાનો છું. ભવિષ્યમાં મને આવી મળજો. વધારે શું કહું ? હમણાં કંઈ નહિ તો ખાદી વાપરવાનું વ્રત લો. ”

મુકુંદરાવ બોલ્યે જતા હતા. છોકરાં શબ્દેશબ્દનું પાન કરતાં હતાં. છેવટે તે ગદ્ગદ સ્વરે બોલ્યા, “ મારું નઠારું બધું ભૂલી જજો. નિર્દોષ કોણ છે ? મેં તમને ઠપકો આપ્યો હશે. કોઈને રડાવ્યા હશે, કોઈનો ઉપહાસ કર્યો હશે. લલિત, તને હું તે દિવસે વઢ્યો. મનમાં ગુસ્સો ન માનતો. મારા નાનાભાઈને હું ન વઢ્યો હોત કે ? ”

લલિતની આંખોમાં ઝળઝળિયાં આવ્યાં. છોકરાંનાં દિલ પણ ભરાઈ આવ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" લલિત, છાનો રહે. આપણે અંતરમાં સદ્ભાવ રાખી એકમેકની વિદાય લઈએ. એક વાક્ય ધ્યાનમાં રાખજો. દુનિયામાં અનંત દુખ પહેલેથી જ છે, તે દૂર ન કરી શકો તો તેમાં ઉમેરો તો ન જ કરતા. તમારા સાથમાં મને બ્રહ્માનંદ મળ્યો હતો. તમે જાણે કે મારા બાળરાજા હતા, બાળદેવ હતા. તમારી આજે આ છેલ્લી પૂજા છે — આ છેલ્લાં ફૂલ છે. "

ઘંટ વાગ્યો. મુકુંદરાવ ચાલ્યા ગયા. બધા શિક્ષકોની તેમણે વિદાય લીધી. નિશાળમાંના કારકુન, ગ્રંથાલયના મંત્રી, બધાને મળ્યા. નિશાળમાંના પટાવાળાને પણ તેમણે પ્રણામ કર્યા. મેદાનમાં છોકરાઓ સાથે છેલ્લીવાર રમી લીધું અને મુકુંદરાવ ઘેર ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪ દિવાળી

મુકુંદરાવ રામપુરથી ક્યાંક ચાલ્યા ગયા. "તમે અમને ઘેર ભણાવો. શાંતા અને હું તમારી પાસે ભણીશું. નિશાળના વિષયો જ નથી જોઈતા. દુનિયાના વિષયો શીખવો. અમારી સાથે 'હરિજન' વાંચો, 'સત્યાગ્રહી' વાંચો. 'ક્રાન્તિ' વાંચો. 'સ્વતંત્ર હિંદુસ્તાન' વાંચો, અમને વિચારોનો ખોરાક આપો" એમ રામદાસે તેમને કહ્યું હતું. પણ થોડા દિવસ ક્યાંક જઈ આવું એમ તેમણે કહેલું.

દીવાળીની રજાઓ પડી હતી. શાંતા પોતાને ગામડાને ઘેર ગઈ. તેના ગામનું નામ શિવતર હતું. શિવતર ગામમાં મરાઠી નિશાળ પણ નહોતી. ગામમાં લખીવાંચી જાણનાર કોઈક જ હતું. ગામમાં જેવું અજ્ઞાન હતું તેવું જ દારિદ્રય પણ હતું. ગામની જમીન શાહુકારની, જમીનદારની થઈ ગઈ હતી. ગોવિંદરાવ ચૌહાણની ત્યાં ખૂબ જ જમીન હતી. કેટલીક મારવાડી અને ગુજરાતી શાહુકારોની હતી. બીજા પણ નાનામોટા શાહુકારો હતા. ગામમાંના બધા જ લોકો બીકણ હતા. એમ તો જો સામે વાઘ આવે તો તેઓ લાકડીથી મારે; પણ સાદો પોલીસ આવે તો તેનાથી ગભરાય. અંગ્રેજી રાજ્યમાં થએલો આ આપણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહુથી મોટો અધઃપાત છે. આત્મા જાણે કચડાઈ ગયો છે. વાઘની અંગારા જેવી આંખ સામે આંખ માંડનાર ખેડૂતો આજે પોલીસની ખાખી ડગલીને, પેલા નાનકડા ડંડાને જોઈને બીએ છે. અને સામે મામલતદાર હોય તો જાણે થઈ જ રહ્યું.

પ્રકાશ વિના અંધારું કેવી રીતે જાય, સૂર્યોદય વિના ધુમ્મસ કેવી રીતે ઊડે? દવા વિના રોગ કેવી રીતે હટે, પ્રેમ વિના કલહ કેવી રીતે બંધ પડે? અને જ્ઞાન વિના બીક કેવી રીતે જાય? રામનામ લીધાથી ભૂત જતું રહે છે. જીવનમાં રામ આવે એટલે પછી કયો સેતાન સામો ઊભો રહેશે? જ્ઞાન એટલે રામનામ. પોતાના સામર્થ્યનું ભાન એટલે જ રામનામ.

શાંતાને લાગ્યું કે ગામની બહેનોને ભણાવું. તે ઘેરઘેર જતી અને પ્રેમથી વાત કરતી. તમે વાંચતાં લખતાં શીખો એમ કહેતી.

"શાંતા, ભણીને અમારે ક્યાં મડમો થવું છે?" એક બહેને કહ્યું.

"અમારે ક્યાં નોકરી કરવી છે?" બીજીએ પૂછ્યું.

"નોકરી માટે ભણવાનું નથી. મડમ થવા માટે નહિ. પણ મડમ સાગરને પારથી એકલી આવે છે. શાને બળે? જ્ઞાનને. જ્ઞાનને લીધે તે નિર્ભય હોય છે. તમારે રેલરસ્તે ક્યાંયે જવાનું હોય છે તો સાથે કોઈ જોઈએ. એક તો તમે ગરીબ, પણ આમ બેવડો ખરચ થાય છે. ટિકિટ ક્યાંની તે વાંચતાં આવડતું નથી. સ્ટેશન કયું તે સમજાતું નથી. ટિકિટની કિંમત શી છે તે સમજાતું નથી. એટલા માટે ભણો." શાંતા બોલી.

"ખરી વાત શાંતા, અમારે નગરદેવળ જવું હતું ત્યારે અમે ઊતરી પડેલાં કજગાંવ. શો ફજેતો!" પાર્વતી બોલી.

"અને અમે પંઢરપુર ગયાં ત્યારે પેલા માસ્તરે ટિકિટની કિંમત વધારે લીધેલી, કેવો કહેતો હતો કે અગિયારસે ટિકિટો મોંઘી થાય છે!" અનસૂયાએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અગિયારસે ટિકિટ મોંઘી કેમ થાય છે? મગફળીના દાણા મોંઘા થાય છે? ખજૂર મોંઘું થાય છે?" આનંદી બોલી.

"એ આપણું અજ્ઞાન. તેને લીધે છેતરાઈએ છીએ. પેલા પાચોરાના બજારમાં કાછિયણો શાક વેચવા બેસતી. એક પોલીસ દાદા આવે અને ઉપાડે રીંગણાં, ઉપાડે કાંદા, ઉપાડે મરચાં. પણ એક કાછિયો ત્યાં હતો. તેના રીંગણાને હાથ અડકાડ્યો કે તે બોલી ઊઠ્યો, 'નામ નોંધી લઈશ. નહિ તો મૂક નીચે રીંગણાં.' તે પોલીસ ગભરાયો. ફરીથી એમની બલા આવી નહિ. આ પીડા શેને લીધે ટળી?" શાંતાએ પૂછ્યું.

"તેને લખતાં વાંચતાં આવડતું હતું તેથી." અનસૂયા બોલી.

"ખેડૂતને કાગળ લખતાં આવડતો નથી, અરજી લખતાં આવડતી નથી. સાક્ષી વિના આવેલ મનીઑર્ડરનાં નાણાં મળતાં નથી. તેને બધે દક્ષિણા વહેંચવી પડે છે. આ બધું અજ્ઞાન ન કાઢવું જોઈએ? ગયે વર્ષે પાક થયો નહોતો. ક્લેક્ટર કેવો કહેતો હતો કે, 'હિસાબ બતાવો.' ક્યાંથી બતાવે હિસાબ?" શાંતા બોલી.

"ઘરમાંનાં હાંલ્લાં ખાલી છે, એની ક્લેક્ટરને ખબર નહોતી? આવીને જોયાં હતાં તેણે. ઘડાહાંલ્લાંની પણ હરરાજી કરી!" પાર્વતી બોલી.

"પણ આપણી પાસે જ્ઞાન હોત, નિર્ભયતા હોત, તો આપણે લડત આપી હોત. તમે ભણો. હું ભણાવીશ. તમારી સાથે હું કપાસ વીણવા આવીશ. તમને ગવડાવીશ. પણ આપણું દુર્ભાગ્ય આપણે દૂર કરવું જોઈએ." શાંતાએ કહ્યું.

"પણ શાંતા, તારે જે કહેવું હોય તે. પણ આપણું નસીબ જ ફૂટેલું." એક ડોસી બોલી.

"ના માજી, આ નસીબબસીબ લબાડ લોકોએ નિર્માણ કર્યું છે. કહે છે કે તને શનિની દશા છે. માજી, જેવા સૂર્યચંદ્ર છે, તેવા જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકાશમાં એક શનિ હોય છે. તેને શો સંબંધ! ખરી દશા તો આ શાહુકારોની. શાહુકારોનો શનિ જો આપણા તરફ વાંકી નજર ન કરે તો ઘરમાં અનાજ ભર્યું ભર્યું ન રહે કે? નથી શનિ ને નથી મંગળ. કશીયે મહેનત કર્યા વિના હાથ જોનારો લઠ્ઠ પેટવાળો હોય છે. કશીયે મહેનત કર્યા વિના શાહુકાર લઠ્ઠ પેટવાળો થાય છે. શાહુકાર પણ અભિષેક કરાવે છે. ચાર આના આપે છે. આપણને થાય છે કે આપણે પણ એવું જ કરાવીએ. મૂરખ છીએ." શાંતા બોલી.

"ત્યારે ભણવા આવશોને?" શાંતાએ પૂછ્યું.

"હા. આવીશું." બધાં બોલ્યાં.

"હું ડોસી પણ આવીશ." તે વૃદ્ધા બોલી.

શાંતાનો વર્ગ શરૂ થયો. મુકુંદરાવ પાસે તેણે એક પ્રાર્થના રચાવી લીધી હતી. તે શરૂઆતમાં થતી.

सदा भजूं पुजूं आपण ज्ञान–भगवाना
ज्ञानावीण जगतीं मोठें अन्य दैवत ना ॥
ज्ञान नसे तरी ना मान
नसे ज्ञान तरी ना स्थान
ज्ञान मिळवूं दुनियेमधलें घेऊं आतां आणा ॥
शक्ति एक आहे ज्ञान
ज्ञान देई निर्भयपण
ज्ञान हवें स्त्री–पुरुषांना सर्व माणसांना ॥
लिहायास वाचायास
नको कुणी येइ न ज्यास
असा ध्यास लागो आतां सर्व हिंदुस्थांना ॥
अडाणी न पडून राहूं
स्त्रिया आम्ही वरती येऊं
स्त्रियांस का आत्मा बुद्धि हृदय भावना ना ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पिळवणूक करि मग कोण
अडवणूक करि मग कोण
कमावील तोची खाइल, श्रमे त्यास दाणा ॥
ज्ञान मिळवूं निर्भय होऊं
खेतकरी वरती येऊं
खरेखुरे राजे होऊं लूट थांववूं ना ॥ *

---

* આપણે સદાએ જ્ઞાન ભગવાનને ભજીએ પૂજીએ,
જ્ઞાન વિના દુનિયામાં બીજો મોટો દેવ નથી.
જ્ઞાન ન હોય તો માન નથી.
જ્ઞાન ન હોય તો સ્થાન નથી.
આપણે હવે ચાલો, દુનિયાનું જ્ઞાન મેળવીશું.
જ્ઞાન એક શક્તિ છે.
જ્ઞાન નિર્ભયતા આપે છે
જ્ઞાન સ્ત્રી–પુરુષ સર્વે માણસોને જોઈએ.
જેને લખતાં વાંચતાં
આવડતું નથી એવું કોઈ ન જોઈએ.
એવી લગની આખા હિન્દુસ્તાનને લાગવી જોઈએ.
અમે અણઘડની જેમ નહિ પડી રહીએ,
અમે સ્ત્રીઓ ઉપર આવીશું.
સ્ત્રીઓને આત્મા, બુદ્ધિ, હૃદય કે ભાવના નથી શું ?
પછી કોણ શોષણ કરશે,
પછી કોણ રોકશે ?
કમાશે તે ખાશે, મહેનત કરશે તેને દાણા મળશે.
જ્ઞાન મેળવીશું ને નિર્ભય થઈશું.
ખેડૂતો ઉપર આવીશું,
ખરેખરા રાજા થઈશું ને લૂંટ થોભાવીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી આ સહેલી તેજસ્વી પ્રાર્થના શિવતરમાંની નાનીમોટી બહેનો ગાવા લાગી. વર્ગમાં ભારે આનંદ મચી રહેતો. ડોસીઓની સાથે નાની છોકરીઓ પણ આવતી. બહુ મજા આવતી. ત્યાં અક્ષર ભણતાં ભણતાં બીજી કેટલીયે વાતો સાંભળવા મળતી.

ગામના યુવકો કહેવા લાગ્યા, "આપણે શેના પાછળ રહીએ ?" સ્ત્રીઓનો વર્ગ શરૂ થાય એટલે તેઓ બહાર બેસીને સાંભળતા. બહારથી જોતા. તેમની પણ જ્ઞાનપિપાસા જાગ્રત થઈ. એક દિવસ કેટલાક કિસાન યુવકો શાંતા પાસે આવ્યા અને કહેવા લાગ્યા, "અમારો વર્ગ પણ ચલાવો ને બહેન ?"

"કેમ મોહન, તુંયે ભણવાનો કે શું ?" શાંતાએ પૂછ્યું.

"હું માણસ ન થાઉં એમ ? અમારા ગામની માબહેનો આગળ ચાલી, પછી અમે પાછળ રહીએ કે શું ?" તેજસ્વી મોહને જવાબ આપ્યો.

"ગઈ કાલે મારી સ્ત્રી કહેતી હતી, 'તમારું નામ લખી બતાવું. પિયેરમાં જઈશ તો તમને પત્ર લખીશ. પણ તમને વાંચતાં ક્યાં આવડે છે ? પછી જશો પડોશની રમી પાસે. હવે મારી પાસે ભણો,'" ગણપતે કહ્યું.

"પણ સ્ત્રીએ આવું કહ્યું તેથી તેની ઉપર ગુસ્સો તો નથી કર્યોને તેં, મારીબારી તો નથી ને ?" શાંતાએ હસતાં હસતાં પૂછ્યું.

"ના બહેન. તમે હિતનું જ કામ કરો છો. ખેડૂતોનો બહુ ફજેતો થાય છે. હાથમાં છાપું હોય તો મામલતદાર ખુરશી બતાવે છે, પોલીસ રામ રામ કરે છે. નહિ તો 'ત્યાં બેસ', 'સાબ હૈ અંદર' એમ કહીને હાંકી મૂકે છે." ગણપતે અનુભવની વાત કહી.

"મોહન, આ ચિત્ર જો. આ ચીન દેશનું છે. આ ખેડૂતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેતરમાં ભાત ખાવા ઝાડ તળે બેઠા છે અને ખાતાં ખાતાં વર્તમાન-પત્ર વાંચે છે. એક હાથમાં હળ અને બીજા હાથમાં 'ક્રાંતિ' એ વર્તમાનપત્ર. એવું જ્યારે થશે ત્યારે સ્વરાજ્ય નજીક આવશે." શાંતા બોલી.

યુવકો તે ચિત્ર જોવા લાગ્યા. કેટલાક બીજા ખેડૂતો પણ આસપાસ ભેગા થયા. ચિત્ર જોવા લાગ્યા અને માથાં ધુણાવવા લાગ્યા.

"બહેન, અનાજ કાંઈ દીવાનખાનામાં વવાતું નથી. ગાલીચા કે જાજમો પર વવાતું નથી. અનાજ બહાર ખેતરમાં વાવવું પડે છે. ત્યાં જ ફાલે ફૂલે છે. સ્વરાજ્યના વિચારો પણ ખેડૂતોના હળની પાસે આવીને મળશે ત્યારે જ ફાલશે ફૂલશે, દીવાનખાનામાંનું રાજકારણ કદી સ્વરાજ્ય લાવવાનું છે શું?" મોહને પ્રશ્ન પૂછ્યો.

"મોહન, કેટલી મહત્ત્વની વાત તેં કહી! સંપત્તિ નિર્માણ કરનાર તમે જ્યારે જાગ્રત થશો, આસપાસ શું ચાલી રહ્યું છે તે જોશો, ત્યારે જ સ્વતંત્રતા આવશે. ખરી ગરીબગુરબાંની સ્વતંત્રતા આવશે. અંગ્રેજોએ આપણને અણઘડ રાખ્યા. અને આપણા દેશના શ્રીમંતોને પણ આપણે ભણીએ તે પાલવશે નહિ. ગરીબ લોકોને કંટ્રાક્ટરો વગેરે કેટલા પજવે છે. તેમનામાં જ્ઞાન ફેલાશે, તેમનામાં નિર્ભયતા આવશે તો પછી આ લૂંટારાઓની લૂંટ ચાલશે કેવી રીતે?" શાંતા રાતીચોળ થઈને બોલી.

"પેલા કંડારી ગામમાં કોઈએ ભણાવવાનો વર્ગ ખોલ્યો તો જમીનદાર કહેવા લાગ્યા, 'ભણવા જશો તો કામ પર નહિ લઈએ.' રાતના દસ દસ વાગ્યા સુધી ઘરમાં કામે જોતવા લાગ્યા જેથી ભણવા જવાય નહિ." ગણપતે ઇતિહાસ કહ્યો.

"બહેન, બીજાં ચિત્રો બતાવોને." મોહને કહ્યું.

"આ એક જુઓ. આ ચીનના સ્વાતંત્ર્યવીરો. રાત્રે વાળુ કર્યા પછી એમણે હાથમાં સ્લેટપેનો લીધી છે. પાસે બંદૂક હોય છે. પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાટી હોય છે. સ્વાતંત્ર્ય મેળવવું હોય અને મેળવેલું ટકાવવું હોય તો આસપાસ શું ચાલી રહ્યું છે તે સમજવું જોઈએ. તેથી ચીની ખેડૂત બંદૂકની સાથેસાથે પાટી પણ રાખે છે." શાંતાએ કહ્યું.

"સ્વરાજ્ય એટલે ખાલી ખેલ નથી." ડોસા પાંડુએ કહ્યું.

"હા, પાંડોબા. સ્વરાજ્ય એટલે દૃઢ નિશ્ચય. અપાર મહેનત. સતત રટણ." શાંતાએ કહ્યું.

"ત્યારે અમારો વર્ગ લેશો ને?" શંકરે પૂછ્યું.

"હા. સ્ત્રીઓનો પૂરો થાય એટલે તમારો." શાંતા બોલી.

"સ્ત્રીઓ આગળ અને અમે પાછળ. શાંતાબહેન સ્ત્રીઓનો જ પક્ષ લેવાનાં." મોહને હસીને કહ્યું.

"આપણે સ્ત્રીઓને ગૌણ માનીએ છીએ એ જ ભૂલ છે." શાંતાએ હસીને કહ્યું.

"પણ બહેન, તમારી છુટ્ટી ખલાસ થશે પછી શું?" પાંડુ બોલ્યો.

પછી મોહન ભણાવશે. મોહન, તું બપોરે પણ જરા મારી પાસે ભણવા આવતો જજે." શાંતાએ કહ્યું.

"જજે નેં લ્યા. એકલો તો છે. બૈરી તો મળતી નથી." પાંડુ બોલ્યો.

"બાપ હતો તો તેણે મોહનનાં ઉપરાછાપરી ત્રણ લગ્નો કર્યાં પણ નવી વહુ મરી જ જાય. મોહનને કન્યા આપવી એટલે જમને આપવી એવું જ લોકો કહે છે." ગણપત બોલ્યો.

"મોહન, તું તારે સંન્યાસી જ થઈ જા." શાંતાએ કહ્યું.

"તે બામણ ક્યાં છે?" શંકરે હસીને કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જે કેવળ દેશની જ સેવા કરશે તે સંન્યાસી." શાંતાએ ગંભીરભાવે કહ્યું.

"મોહન, બહેનની પાસે ભણ. પછી અમારો માસ્તર થજે. પણ અમને ડોસાઓને સોટી મારતો બારતો નહિ હં!" પાંડુ બોલ્યો.

"પણ મોહન, તું ઝટ ઝટ નહિ શીખે તો હું તને સોટી મારીશ, તારો કાન આમળીશ. ચાલશે ને?" શાંતાએ ગંમતમાં પૂછ્યું.

"બળદ બરાબર ચાલે તે માટે અમે આર મારીએ જ છીએને?" મોહન બોલ્યો.

"તું બળદ છે કે?" ગણપતે પૂછ્યું.

"આમ મૂંગાં પ્રાણીઓને આર મારવી સારી નહિ પાંડોબા, આપણા ગામમાં તો એવો નિયમ કરો કે બળદને આર મારવી નહિ. પંજાબમાં, ગૂજરાતમાં બળદને કેટલા પ્રેમથી સંભાળે છે! તેને પરોણી મારે નહિ, મોઢેથી ગાળ આપે નહિ." શાંતા બોલી.

"શેઠ કહે છે કે આજે આટલું ખેડાણ થવું જ જોઈએ. પછી અમારે શું કરવું બહેન?"

"આપણે બંડ કરવું. ગરીબ પ્રાણીનો પક્ષ લેવો." શાંતા ગુસ્સાથી બોલી.

"આપણા દેશમાં ગરીબ માણસોનો પક્ષ કોઈ લેતું નથી, તો ગરીબ પ્રાણીઓનો તો કોણ લે?"

"આપણા દેશમાં કીડીને સાકર ખવડાવનારા છે. કબૂતરને ચણા નાખનારા છે. પણ માણસોને ભૂખ્યા મારે છે, શાહુકારીથી ગળાં કાપે છે." ગણપત ક્રોધથી બોલ્યો.

"ત્યારે વખત મળે એટલે હું ભણવા આવું ને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" આવ. " શાંતા બોલી.

હવે પુરુષોનો વર્ગ પણ શરૂ થયો. લોકો ઉત્સાહથી ભણવા લાગ્યા. ગામમાંના ભિખુ સુતારે પાટિયાં બનાવી આપ્યાં. શાંતાએ વર્ગમાં ચિત્રો ટાંગ્યાં. મોટા અક્ષરે લખેલાં સૂત્રો ટાંગ્યાં. ત્યાં તેણે બે નકશા લટકાવ્યા. શાંતાના ઉત્સાહને સીમા નહોતી. પરોઢિયે ઊઠીને તે ગામમાં પ્રભાતફેરી કાઢતી. સાક્ષરતાનાં ગીત ગાતી. છોકરા છોકરીઓ તેમાં ભળતાં. ગામમાં નવજીવન આવ્યું. નવપ્રકાશ આવ્યો. દીવાળીમાં લોકો દીવા કરે છે. જ્ઞાનનો દીવો એ જ ખરો દીવો. હિંદુસ્તાનમાંના સેંકડે નેવું માણસો પાસે જ્ઞાનનો દીવો જશે તે જ દિવસે ખરી દિવાળી થશે. તે દિવસે આત્મદેવની દિવાળી થશે. શાંતા શિવતર ગામમાં જ્ઞાનના શિવશંકરની, જ્ઞાનરૂપ મૃત્યુંજયની સ્થાપના કરતી હતી. તેણે ખરી દિવાળી ઊજવી. શાંતા પોતાની છુટ્ટીનો આવો ઉપયોગ કરતી હતી. પણ રામદાસ શું કરતો હતો ?

* * *

રામદાસે ગોવિંદરાવ આગળ મુંબઈ–મદ્રાસ તરફ જવાની હઠ પકડી. હા–ના કહેતાં કહેતાં તેમણે રજા આપી.

" બાપુજી, સાથે પુષ્કળ પૈસા આપો. " તે બોલ્યો.

" કેટલા જોઈએ ? " ગોવિંદરાવે પૂછ્યું.

" આપો પાંચસો. " રામદાસે કહ્યું.

" પાંચસો ? " પિતાએ આશ્ચર્યથી પૂછ્યું.

" બાપુજી, હું એક સાયકલ લાવીશ. મારે એક સોનાનું ઘડિયાળ જોઈએ. પેલા એક મહેમાન આવ્યા હતા તે મારી પાસે ઘડિયાળ નથી એ જોઈને હસેલા. સરસ બૂટ લાવીશ. કપડાં સીવડાવીશ. બાપુ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારે માટે એક સુંદર મુલાયમ ધોતીજોટો લાવીશ. શાંતા માટે કંઈક લાવીશ. ન જોઈએ પાંચસો ? હજારનીય જરૂર પડે. અને એક વાર જાઉં એટલે સારો નાટક કે સિનેમા ના જોવો જોઈએ ? આપોને બાપુ." રામદાસે લાડથી કહ્યું.

"આમ જરા બરાબર રહેવા માંડ. ખાદી પહેરીને ભિખારા જેવો ન રહેતો. રાજાની જેમ રહે. સાહેબની જેમ રહે. હેટ બૂટ લાવજે ને ? તને દત્તક તો લીધો પણ મનમાં બીક લાગવા માંડી હતી. હવે સારું લાગે છે. પેલા મુકુંદરાવ અહીંથી ગયા. સારું થયું, બધાં છોકરાંને બગાડતા હતા. મામલતદારનો છોકરાંઓનાં માબાપ ઉપર મોટો ઉપકાર જ થયો છે." ગોવિંદરાવે કહ્યું.

"મામલતદારનો શો ઉપકાર ?" રામદાસે પૂછ્યું.

"મામલતદારે તે માસ્તરનાં પરાક્રમ ઉપરીઓને જણાવ્યાં. પરમદહાડે તે કહેતા હતા." બાપે કહ્યું.

"પણ તેમનો છોકરો તો વર્ગમાં રડ્યો." રામદાસ બોલ્યો.

"તો પછી પૈસા જોઈએ છે ને ? લે. સાચવીને જજે. નહિ તો મુંબઈના ભામટા ખિસ્સા કાતરશે. રસ્તામાં રાત્રે ભીડમાં કોઈ મળશે અને કહેશે, 'જો પેલી ઊંચે કેવી સુંદર તારલી છે, જો પેલો કેવો મજાનો તારો.' અને આપણે ઉપર જોવા માંડીએ એટલે આ તરફ ખિસ્સું આખું પસાર થઈ જાય છે. સમજ્યોને ?" ગોવિંદરાવ સમજાવીને કહેતા હતા.

પૈસા લઈને રામદાસ પહેલા પ્રવાસે ઊપડ્યો. શ્રીમંત લોકોની દિવાળી. પણ ગરીઓને શું. પેલી સોનખેડીની માબહેનો દિવાળી ઉપર ઘેર બે દીવેટો લગાડી શકાય તે માટે રાતદહાડો સૂતર કાંતે છે. આજુબાજુના ગામની પણ કાંતતી હતી. પણ આ સૂતર ખરીદી લઈને દયારામ શું કરે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દયારામ, હીરાલાલ, માણેક, પાર્થ અને ચૂડામણ આશ્રમમાં બેઠા હતા. આશ્રમના તે પાંચ પ્રાણ હતા. દયારામ અને માણેક આજુબાજુનાં ગામોમાં હમેશાં ફરતા. કાંતવાનું શીખવતા, પીંજવાનું શીખવતા. સૂતર કાંતો એમ કહેતા. પાર્થ અને ચૂડામણ વણાટકામ કરતા. ગામમાંના બે વણકર પણ તેમની સાથે કામ કરવા આવતા. હીરાલાલ હિસાબી-કામ અને વ્યવસ્થાનું કામ કરતો. ખાદીના તાકા ખડકાયા હતા. પૈસા તો પાસે નહોતા. રાત્રે પ્રાર્થના પછી પાંચે મિત્રો ભેગા મળીને વાતચીત કરતા હતા.

હીરાલાલ — હવે સૂતર લેવાનું બંધ કરો. પૈસા ક્યાંથી આપીશું ?

પાર્થ — દિવાળી ટાણે આશાએ સૂતર લાવશે તેમને નિરાશ કરવાં ?

દયારામ — કન્યાઓ પિયેરમાં આવશે. તેમને ગળ્યું કરીને ખવડાવવું પડશે. તેથી સ્ત્રીઓ રાત ને દિવસ કાંતે છે. સૂતર નહિ લઈએ તો તેઓ હાય હાય કરશે.

હીરાલાલ — તે બધું ખરું. પણ પૈસા તો જોઈએ ને દયારામ ?

ચૂડામણ — માબહેનોનાં આંસુ મારાથી જોવાવાનાં નથી.

દયારામ — આશાની નિરાશા કરવી એટલે બહુ ભારે કામ.

પાર્થ — પણ લોકોને પૈસા આપવા ક્યાંથી ? ધાડ પાડવાની છે કે શું ?

ચૂડામણ — શ્રીમંત લોકો જ લૂંટ ચલાવે છે. ધાડો પાડે છે.

પાર્થ — પણ તે કાયદેસર હોય છે. આપણી બેકાયદા ઠરશે, હિંસક ઠરશે.

દયારામ — મહેનતુ ગરીબોને ભૂખ્યા મારવા એ હિંસા નથી ? પણ કરવું શું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હીરાલાલ — કાલે સ્ત્રીઓ આવશે, તેમને હું ના કહીશ. હું કઠોર થઈશ. મારે થવું જ પડશે.

તે મિત્રો ચિંતાયુક્ત થઈને પથારીમાં પડ્યા. દયારામને ઊંઘ આવતી નહોતી. તેની આંખોમાં સતત પાણી આવતું હતું.

બીજો દિવસ ઊગ્યો. દયારામ અને માણેક આજે ગીતો ગાતા ફરવા નીકળ્યા નહિ. આશ્રમમાં જ કામ કરતા હતા. પાર્થ અને ચૂડામણ સાળ ઉપર હતા. હીરાલાલ ખાદીના તાકા બરાબર ગોઠવતો હતો. એટલામાં તો સ્ત્રીઓ આવી. સૂતરના ઢગલા લઈને આવી.

"હવે મા, હમણાં સૂતર નથી જોઈતું." હીરાલાલ બોલ્યો.

"આ ના બોલતો ભાઈલા!" જાનકી બોલી.

"આજે હીરાદાદા હસતા નથી, બોલતા નથી." તુલસી બોલી.

"હીરાદાદા, આજે તારી આંખોમાં પાણી શાથી? અમારી આંખોનું પાણી તમે લૂછો છો. તમારી આંખોનું કોણ લૂછશે?" યમુના બોલી.

"આશ્રમમાં ખાદી પડી રહી છે. શ્રીમંત લોકો લેતા નથી. પેલા વિદ્યાર્થીઓ લેતા નથી. પૈસા ક્યાંથી લાવું? વેપારીઓને કહ્યું કે દિવાળી ઉપર તકિયા, ઓશિકાં, દુકાનમાંનાં ગાદલાં વગેરેના ગલેફ તો ખાદીના બનાવડાવો, પણ કોઈ સાંભળતું નથી. ક્યાંથી પૈસા આપું મા? આ આંખમાંનાં આંસુના માણેકમોતી કેમ થતાં નથી?" હીરાલાલ દુ:ખથી બોલ્યો.

"હીરૂ, ગમે તે કર. પણ આજનો દિવસ લે, પછી મહિનો માસ નહિ આવીએ. છોકરીઓ દીવાળી ઉપર ઘેર આવશે. ઘરમાં બે પૈસા થવા દે." યશોદા બોલી.

"હીરૂ, મારા ઘરમાં દીવો કદી નથી હોતો. મેં કહ્યું આ દીવાળી ઉપર ઘરમાં બે દીવા કરીશ. લે બાપા સૂતર." સુંદર રડતાં રડતાં બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હીરા, આજે મારાં છોકરાં ભૂખ્યાં છે. તને દયા નથી આવતી કે?" અન્નપૂર્ણાએ પૂછ્યું.

"મને કોઈ વેચાતો લે તો વેચાઈને પણ તમને પૈસા આપ્યા હોત. પણ અમને વેચાતા કોણ લે?" હીરાલાલ બોલ્યો.

દયારામ બહાર આવ્યો.

"દયારામ, તું તો દયા કર?" બધી સ્ત્રીઓ હાથ પહોળા કરીને બોલી.

"કાલે આવજો. કાલે પૈસા આપીશ." દયારામે કહ્યું.

"ક્યાંથી લાવવાના પૈસા દયારામ?" હીરાલાલે પૂછ્યું.

"ધાડ પાડીને, ચોરી કરીને. સંતોને જમણ આપી શકાય તેથી કબીરે ચોરી કરી હતી." દયારામ ગંભીર ભાવે બોલ્યો.

"પણ કમાલ તેનો છોકરો, તે ફાંસીએ ચડ્યો. તેને શૂળી ઉપર ચડાવવામાં આવ્યો." હીરાલાલ શાંતિથી બોલ્યો.

"હુંયે ફાંસીએ ચડીશ. આમનાં આંસુ લૂછી શકાતાં નથી તો પછી જીવીને શું કરવું છે?" દયારામ બોલ્યો.

"આવું ના બોલીશ, ભઈલા. તમે જીવશો તો અમે જીવીશું. અમે ભૂખે મરીશું; પણ આવું કાંઈ કરશો નહિ. તમે ઘણું જીવજો ભઈલાઓ. ઘરબાર છોડીને અમારે ખાતર મથો છો!" તુલસી બોલી.

"ચાલો, કાલે આવીશું. દયારામ ક્યાંકથી પૈસા લાવશે. ભગવાન તેને આપશે." જાનકી બોલી.

સ્ત્રીઓ ઊઠી. સૂતરનાં પોટલાં લઈ ઊઠી. આશ્રમમાં બધા જ ઉદાસ બેઠા હતા.

"આશ્રમ જ બંધ કરીએ. લોકોને ખોટી આશા આપવામાં શો લાભ." પાર્થે કહ્યું.

CC-0. In Public Domain, Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુકુંદરાવ પણ ગયા. તે પોતાનો પગાર મોકલી આપતા. તેમનો આશરો હતા. છોકરા પણ થોડીઘણી ખાદી લેતા. પણ ભગવાને તેમને કાઢ્યા." ચૂડામણ બોલ્યો.

"દેવ બેવ સબ જૂઠ! બધું ખોટું છે. દેવ એટલે એક ભ્રમ છે. આપણી નબળાઈમાંથી દેવ જન્મે છે. કાદવમાંથી કમળ જન્મે છે." હીરાલાલ બોલ્યો.

"પણ તે કમળ ખોટું હોય છે? તેની સુગંધી અને મકરન્દનો અનુભવ નથી લઈ શકાતો? દેવ એ જો એક ભ્રમ જ હોય તો એકનાથને તે ભ્રમમાંથી અપાર શાંતિ કેવી રીતે પ્રાપ્ત થઈ? ભ્રમમાંથી આવો અપાર આનંદ મળતો હોય તો તે ભ્રમ સત્યરૂપ જ છે. બાકીના બીજા ખ્યાલો ભ્રમરૂપ છે." દયારામ બોલ્યો.

"કર તારા દેવની પ્રાર્થના!" હીરાલાલ ઉપહાસના સ્વરે બોલ્યો.

"હું આજીજી કરીશ. મારી ઇચ્છા પ્રમાણે ન થાય તો તરત હું દેવની હાજરી લેવાનો નથી. મા બાળકનું કદી કદી માનતી નથી હોતી. તેથી માને આપણે ભાંડીશું કે? માને વધારે સમજાતું હોય છે. વધારે દૂરનું દેખાય છે. કોઈ પણ પરિસ્થિતિમાં ઈશ્વર ઉપર ભરોસો રાખવો એનું જ નામ શ્રદ્ધા. મારનારો હાથ તેનો જ હોય અને તારનારો પણ તેનો જ, માતાની આંખમાંના ગુસ્સાની પછવાડે વાત્સલ્યના સાગર ઊછળતા હોય છે." દયારામ બોલ્યો.

"ચાલો આપણે કાંતવા બેસીએ." પાર્થ બોલ્યો.

બધા મિત્ર આજે કાંતતા જ બેઠા. જાણે ઓંકારનું રટણ જ ત્યાં ચાલતું હતું. ગૂંગૂંગૂંગૂં ચાલતું હતું.

એવામાં ત્યાં કોઈ આવ્યું! રામદાસ આવ્યો હતો.

"રામદાસ અહીં ક્યાંથી!" દયારામ ભેટી પડીને બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તેં કહ્યું હતું ને ? શ્રીમંત થયો એટલે દરિદ્રનારાયણને ભૂલતો નહિ એમ ? તેથી આવ્યો. દિવાળીના તહેવારોમાં ગામડાંમાંના દરિદ્રનારાયણનું સ્મરણ નહિ કરવાનું ?" રામદાસે કહ્યું.

"આવ. બેસ. અમારી સાથે કાંત." હીરાલાલે કહ્યું.

રામદાસ પણ રેંટિયે બેસીને કાંતવા લાગ્યો.

સાંજ પડી. પાર્થ રસોઈ કરવા લાગ્યો. રામદાસ બીજા મિત્રો સાથે ગામમાં આંટો મારવા ગયો. રામદાસ હવે શ્રીમંતનો પુત્ર હતો. સોનખેડીમાં તેની એસ્ટેટ હતી. લોકો નીચા નમી નમીને તેને રામરામ કરતા હતા.

"ભાઈ, અમારે ત્યાં જમવા આવજો." એક ગૃહસ્થે કહ્યું.

"આજે તો આશ્રમમાંનું પવિત્ર અન્ન જ લેવા દો." રામદાસે કહ્યું.

આજે આશ્રમમાં કોઇક શાક આપી ગયું. કોઈકે દૂધ આપ્યું. પાર્થે રસોઈ તૈયાર કરી.

આખું મંડળ જમ્યું. પ્રાર્થના થઈ. કોઈ વાંચતું બેઠું. કોઈક વાતો કરવા લાગ્યા. પણ દયારામ દેખાતો નહોતો. તે ક્યાં હતો ? તે અગાસીમાં બેસીને અશ્રુસિંચન કરતો હતો.

"દયારામ, શું થયું ?" રામદાસે એકાએક આવીને પૂછ્યું.

દયારામે પોતાનું દિલ ઠાલવી દીધું.

"કેટલી ખાદી સિલકમાં છે ?" રામદાસે પૂછ્યું.

"હશે પાંચસો રૂપિયાની." દયારામે જવાબ આપ્યો.

બધી મેં ખરીદી લીધી જા. કાલે સ્ત્રીઓ આવશે તેમને પૈસા આપજે. દરિદ્રનારાયણને દિવાળી ઊજવવા દે." રામદાસે કહ્યું.

"રામદાસ, શી મશ્કરી કરે છે ?" દયારામે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દયારામ, મશ્કરીને વખતે મશ્કરી. હું સાચું કહું છું. ખાદી લઈ લીધી. આ લે તારા હાથમાં પૈસા મૂકું છું." એમ કહીને નોટોનું પડીકું રામદાસે તેના હાથમાં મૂક્યું.

"દયારામની આંખોનું પાણી તે નોટો ઉપર પડીને તે પવિત્ર થઈ. મિત્રનો હાથ પોતાના હાથમાં પકડીને દયારામ મૂંગો મૂંગો બેઠો હતો. બંને ઊઠીને નીચે ગયા.

"હીરાલાલ, આ લે પૈસા. કાલે સૂતર લેજે." દયારામે કહ્યું.

"કોણે આપ્યા ?" તેણે પૂછ્યું.

"આ શેઠજીએ આપણી બધી ખાદી ખરીદી લીધી." દયારામ બોલ્યો.

"મને શેઠજી ન કહેશો. સાહેબ ન કહેશો. મને ભાઈ કહો." રામદાસે કહ્યું.

"રામદાસ, પૈસા ચોરીને લાવ્યો ?" પાર્થે પૂછ્યું.

"અમારા પૂર્વજોએ દરિદ્રનારાયણના ચોરેલા. તે ફરીથી હું દરિદ્રનારાયણને લાવી આપું છું. જેનો માલ તેને પાછો આપવો એટલે ચોરી કહેવાય કે ?" રામદાસે પૂછ્યું.

"આજે તો દુનિયામાંના ખરા શાહુકાર ચોર ઠર્યા છે અને ચોરોને ખુરશી, તકિયા, માનસન્માન મળે છે." દયારામ બોલ્યો.

"આ બધું પલટાવવું એટલે જ ક્રાંતિ. આ બધી ઊથલપાથલ થવાની છે. આપણે તે ક્રાન્તિના સૈનિક." પાર્થ નિશ્ચયપૂર્વક બોલ્યો.

બીજે દિવસે રામદાસ મુંબઈ તરફ ચાલ્યો ગયો. તેની પાસે પંદરવીસ રૂપિયા રહ્યા હતા. રામપુરથી હું કહેવડાવીશ ત્યારે ખાદી બરાબર પેક કરીને મોકલાવજો એવું તેણે કહી રાખ્યું હતું. હીરાલાલે માબહેનોનું સૂતર લીધું. બધાંની દિવાળી આનંદી થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્રમને, ખાદીને, રેંટિયાને ધરેધરથી દુઆ મળી. રામદાર ઘેર પાછો આવ્યો. પણ સાથે કંઈ નહોતું.

"મુંબઇથી ખાલી આવ્યો કંઈ? પૈસા ચોરાયા તો નથીને?" ગોવિંદરાવે પૂછ્યું.

"પાછળથી માલ આવે છે." રામદાસે કહ્યું.

બળદગાડી આવી. ખાદીની ગાંસડી ઉતારવામાં આવી. ગાડી પાછી ગઈ.

"અંદર શું છે ભાઈ?" શાંતાએ પૂછ્યું.

"આમાં તો મની છે મની!" રામદાસે કહ્યું.

"સાયકલ પણ અંદર જ છે?" પિતાએ પૂછ્યું.

"બધું આમાં છે." રામદાસે કહ્યું.

ગાંઠ છોડાઈ. તેમાંથી શુદ્ધ, સફેદ ખાદી બહાર નીકળી.

"આ શું ભાઈ?" શાંતાએ પૂછ્યું.

"આ ગરીબોનાં હૃદય." તે બોલ્યો.

"પાંચસો રૂપિયાનાં આ ચીંથરાં લાવ્યો કે? ગધેડો છે. પિતાને છેતર્યો." ગોવિંદરાવે ગુસ્સાથી કહ્યું.

"બાપુ, આ ચીંથરાં નથી. જેમનાં શરીર ઉપર ચીંથરા નથી એવી માબહેનોની આ આબરૂ છે. આ ખાદી તેમની આબરૂનું રક્ષણ કરે છે. બાપુ, આબરૂની કેટલી કિંમત થાય?" રામદાસે પૂછ્યું.

"ભાઈ, ગરીબને વળી આબરૂ જ ક્યાં હોય છે? કોરટ કચેરીમાં પૂછે છે 'કેટલું મહેસૂલ ભરે છે, કેટલો ઇન્કમટૅક્સ ભરે છે?' જે વધારે મહેસૂલ ભરતો હોય, વધારે ઇન્કમટૅક્સ ભરતો હોય તેની સાક્ષી એટલે ખરી. અને જેની પાસે જમીન નથી તેની સાક્ષી દમડીની કિંમતની. વધારે મહેસૂલ ભરનારા, વધારે ઇન્કમટૅક્સ ભરનારા વાસ્તવિક રીતે ચોર હોય છે. ખોટા વહેવાર દ્વારા એમણે એસ્ટેટો ભેગી કરેલી હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એ જાતના તો હિસાબના ચોપડા રાખે. પણ છેવટે તો તેમનો જ બોલ સાચો, તેમની જ આબરૂ ગણાય." શાંતા બોલી.

"છોકરી, ત્યારે અમે ચોર કે?" ગોવિંદરાવે પૂછ્યું.

"શાંતા તો સર્વસામાન્ય વાત કરે છે. તમને જ ઉદ્દેશીને નથી બોલતી, બાપુ." રામદાસે કહ્યું.

"ભાઈ, આ સોનખેડીની ખાદી, ખરું ને?" શાંતાએ પૂછ્યું.

"હા, બાપુ. હૃદયની કિંમત અમૂલ્ય હોય છે. આ ખાદી દ્વારા સેંકડો હૃદયોને મેં સાંધ્યા, પાંચસો રૂપરડીઓ આપીને. જો આવાં હૃદયો મળી જાય તો સોદો સારો ખરો કે નહિ?" રામદાસે હસતાં હસતાં પૂછ્યું.

"રામદાસ, એસ્ટેટની સાચવણી માટે તને દત્તક લીધો. તું બધી એસ્ટેટ ગુમાવવાનો." ગોવિંદરાવ બોલ્યા.

"ગરીબોના શાપ મેળવવાને બદલે તેમના મંગલ આશીર્વાદ એ જ ખરી સંપત્તિ. હું કદાચ આ નિર્જીવ જડ સંપત્તિ ગુમાવી બેસીશ પણ જીવંત સંપત્તિ મેળવીશ. ગરીબોના હૃદયનો સમ્રાટ થઈશ. આ બંગલા પછી નહિ રહે. પણ ગરીબોનાં હૃદયમંદિરો મળશે." રામદાસ બોલ્યો.

"મારી આંખો મિંચાય એટલે થયું. મારી પાછળ જે થવું હોય તે થાય." ગોવિંદરાવ ખિન્નભાવે બોલ્યા.

"બાપુ, મેં શું ખરાબ કર્યું? હું ઘર છોડી જાઉં?" રામદાસે દુઃખપૂર્વક પૂછ્યું.

"રામદાસ, એક વાત તો મારી માન. તને ખાદીનો રંગ લાગ્યો છે. પણ ખાદીની આગળ જતો નહિ." ગોવિંદરાવ બોલ્યા.

"એટલે શું?" શાંતાએ પૂછ્યું.

"ક્રાંતિકારક થતો નહિ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બાપુ, ક્રાન્તિ એટલે બીજું શું ? ક્રાન્તિ એટલે લોહી રેડવું એમ નથી. શ્રમજીવીને સુખી કરવો એટલે ક્રાન્તિ. તે ઊંચું માથું કરે એટલે ક્રાન્તિ." રામદાસ બોલ્યો.

"શિવતરમાં મેં ક્રાન્તિ કરી. ઘરડી સ્ત્રીઓ ભણવા માંડી. જુવાનિયા ભણવા માંડ્યા. મોહન તેમને ભણાવવાનો છે. અજ્ઞાનના અંધકારમાં હું દીવો લઈ ગઈ." શાંતા બોલી.

"સોનખેડીની માબહેનોની દિવાળી મીઠી થઈ હશે. તેઓ દુઃખથી રડવાને બદલે હસી હશે. દુઃખીઓને હસાવવા, પડેલાને ઉઠાડવા, મરનારાને જિવાડવા, શ્રમ કરનારાને પૂજવા, એટલે જ ક્રાંતિ." રામદાસ બોલ્યો.

"આ દિવાળીમાં તમે આવું ઘોળ્યું ત્યારે !" ગોવિંદરાવ જરા હસીને બોલ્યા.

"હા, બાપુ. એ જ ખરી દિવાળી. આ દીપમાળ ઓલવાઈ ન જતાં વધારે કેમ પ્રકટતી રહે એવું કરવાની તાકાત અમારામાં આવો !" રામદાસ બોલ્યો.

"આવશે. તે તાકાત આવશે." શાંતાએ ભવિષ્ય ભાખ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫ પ્રયાણ

રામદાસની સાતમી શ્રેણી પૂરી થઈ. આગળ શું કરવું? એક દિવસ મુકુંદરાવ અને તે રામપુરના નદીકિનારે વાત કરતા બેઠા હતા. બહુલા નદીનો પ્રવાહ ખૂબ સુંદર હતો. એક જગાએ નાનકડો ધોધ પડતો હતો. ધ્યેયને પ્રાપ્ત કરવા માટે નદી બેધડક ઠેકડા મારતી હતી. સ્વચ્છ પાણીનું ફીણ ત્યાં ઊછળતું હતું. નદીમાંની દિવ્યતા ત્યાં પ્રકટ થતી હતી.

"પથ્થરો સાથે ટક્કર લીધા સિવાય આ દિવ્યતાનું દર્શન થયું હોત? નદીની આ નિર્મળ યશકીર્તિ બહાર ઊછળે છે. તેના ત્યાગમાંથી આ વૈભવ પ્રકટ થાય છે. તેના મરણમાંથી તેને અમરજીવન પ્રાપ્ત થાય છે." મુકુંદરાવ બોલ્યા.

"ધ્યેયપ્રાપ્તિ માટે માર્ગમાંના બધા વિરોધો ઉપર કટોકટીનો હુમલો કરવો જોઈએ." રામદાસ બોલ્યો.

"ત્યારે તેં ધ્યેયપ્રાપ્તિ વિશે શું નક્કી કર્યું? હિંદુસ્તાનમાંના બધા મોટા મોટા આશ્રમ જોઈ લેવાનો ને? જુદી જુદી મહાન સંસ્થાઓમાં થોડા થોડા દિવસ રહી આવવાનો ને? મહાત્માજીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધાન્ત પ્રમાણે ચાલતા આશ્રમો જો. ગુરુકુળો જો. રામકૃષ્ણ પરમહંસના શિષ્યોએ ચલાવેલી સંસ્થાઓ જો. ગુરુદેવ રવીન્દ્રનાથના વિશ્વભારતીમાં જઈને ત્યાંની સુવાસ લઈ આવ. જા. વિશાળ દૃષ્ટિવાળો અને મોટા મનનો થઈને આવ. વિશાળ ભારતનો પરિચય કરી આવ. વિશાળ ભારતમાં ઠેરઠેર કેવાં કામો ચાલે છે, ઠેકઠેકાણે કેવા પ્રશ્ન ઊઠ્યા છે તે જો. બિહારમાંના કિસાનોનું સંગઠન જો. કાનપુર, કલકત્તાના કામદારોનું પોલાદી સંગઠન જોઈ લે. નવાં ઓળખાણ કર. નવી ભાષાઓ શીખ. નવભારતને સંકુચિત પ્રાંતાભિમાન ન જોઈએ. આપણા પૂર્વજોએ પૂજામાંના કલશમાં સમગ્ર હિંદુસ્તાન જોવાનું આપણને શીખવ્યું છે.

गंगे च यमुने चैव गोदावरी सरस्वति ।
नर्मदे सिंधुकावेरी जलेऽस्मिन् संनिधिं कुरु ॥

એમ આપણે બોલીએ છીએ. બધી નદીઓને દેવઘરના એ લોટામાં હું જોઉં છું. મારા આ મસ્તકમાં અખિલ હિંદુસ્તાનનો વિચાર રમતો હોવો જોઈએ. રામદાસ, આ તારું ધ્યેય. તું તેને ખાતર જીવ. તેને ખાતર મર." મુકુંદરાવ કહેતા હતા.

"હું પ્રથમ વિશ્વભારતીમાં જઈશ. ત્યાં કેટલાંક વર્ષ રહીને પછીથી પર્યટન કરીશ એમ વિચારું છું. સંગીત અને વાદ્યનો થોડો અભ્યાસ કરવાનું પણ હું વિચારું છું. બંગાળમાંનો અભયાશ્રમ, ખાદી પ્રતિષ્ઠાન વગેરે છુટ્ટીઓમાં જોઈશ. પણ મારું મુખ્ય કેન્દ્ર રાખીશ વિશ્વભારતીમાં. તમે આવશો મારી સાથે? તમે ચાલો. અહીંયાંયે તમે ક્યાં રહેશો?" રામદાસે પ્રશ્ન પૂછ્યો.

"રામદાસ, ખેડૂતો અને મજૂરોમાં દાવાનળ સળગાવવો એવું મારા મનમાં આવે છે. તેમના હાલહવાલ જોઈને દિલનું પાણી થઈ જાય છે. હમણાં હવે હું વિશ્વભારતીમાં આવું તો તે મારો બુદ્ધિવિલાસ થાય." મુકુંદરાવ બોલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"થોડા દિવસ માટે આવો. હું એક વાર ત્યાં ચીલે ચડી જાઉં ત્યાં સુધી આવો. મને ના ન કહેશો. પછી તમે આવી રહેજો. હું આગ્રહ નહિ કરું." રામદાસે આજીજી કરી.

"ઠીક, ત્યારે આવીશ. થોડા દિવસ તે પવિત્ર ધામમાં રહીને પાછો આવીશ." મુકુંદરાવ બોલ્યા.

નદી ઉપરના શિવાલયમાં ઘંટાનાદ થયો.

"ઘંટ વાગ્યો. ઈશ્વરે સંમતિ આપી." રામદાસે કહ્યું.

"તારા ગોવિંદરાવ બહુ આનાકાની તો નહિ કરેને ?" મુકુંદરાવે પૂછ્યું.

"તેમને એક જ બીક રહે છે કે હું જો બંગાળમાં જાઉં તો ક્રાન્તિકારક થાઉં. બોમ્બની ભાંજગડમાં પડું. બોમ્બનું રાજકારણ હવે પાછળ પડી ગયું છે, ત્રાસવાદીઓ પણ તે જૂનો માર્ગ છોડીને કિસાન કામદારના સંગઠનમાં પડ્યા છે, એની તેમને શી ખબર ? તમે સાથે હો એટલે તેમને પણ ઠીક પડે. ખાદીની બહાર હું નહિ જાઉં એવો તેમને ભરોસો રહે. અને જવાની રજા આપશે." રામદાસ બોલ્યો.

એટલામાં પાછળથી કોઈએ આવીને રામદાસની આંખો દાબી. મુકુંદરાવ હસવા લાગ્યા.

"શાન્તા છે. બીજું કોણ હોય ?" રામદાસ બોલ્યો.

"કેવી રીતે ઓળખી, ભાઈ ?" શાંતાએ પૂછ્યું.

"મને બધું સમજાય છે. તું દેવાલયમાં કેમ આવી હતી તે પણ સમજાય છે." રામદાસ હસતાં હસતાં બોલ્યો.

"ઘંટ તેં જ વગાડ્યો ત્યારે." મુકુંદરાવે પૂછ્યું.

"અરે આ મંદિરમાં કદી કોઈ આવતું નથી. સોમવારે કવચિત કોઈ આવે છે." રામદાસ બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તો શાન્તા કેમ આવી હતી?" મુકુંદરાવે પ્રશ્ન પૂછ્યો.

"લગ્ન વહેલું થાય તે માટે. બેરિસ્ટર પતિ મળે તે માટે." રામદાસ બોલ્યો.

"ખરું કે 'લી શાન્તા ? તું ભણવાની હતીને ?" મુકુંદરાવ આશ્ચર્યથી બોલ્યા.

"ભાઈનું તમે શું સાંભળો છો ? જેને ને તેને એવું જ લાગે છે કે જાણે પોતાના જેવા જ બીજા બધા છે. ભાઈ, તું બંગાળમાં જાય છે, જોજે કોઈ બંગાળી જાદુગરણ ન મળે ! સંભાળીને રહેજે." શાંતા તેની પીઠ ઉપર હાથ રાખીને બોલી.

"મારી ચિંતા ન કરો. મુકુંદરાવ મારી સાથે છે. તારે માટે માગું આવવાનું છે. તે વખતે બરાબર સંભાળજે. બરાબર ઊભી રહેજે. એ તો શ્રીમંત સરદારના ચિરંજીવી છે હો ? પછી શાંતાનો શો ઠાઠ !" રામદાસ મશ્કરી કરવા લાગ્યો.

"ખરેખર કોઈ માગણી કરવા આવવાનું છે કે ?" મુકુંદરાવે પ્રશ્ન પૂછ્યો.

"હા." રામદાસે કહ્યું.

"શાન્તા, પછી તું શું કરવાની ?" મુકુંદરાવે પૂછ્યું.

"જે ખેતરમાં કામ કરશે, કોસ હાંકશે, લાકડાં ચીરશે, છાણ ભરશે, કાદવ હોય, ઠંડી હોય કે પવન હોય પણ તેને ગણકારશે નહિ, માથે ભારા લાવશે, બેરીને દળવા લાગશે, ખેડૂતોના હક્કને ખાતર લડશે, કિસાનોની કૂચ કરાવશે, ક્રાન્તિમાં સામેલ થશે, એવા સાથે હું લગ્ન કરીશ. હું પ્રશ્ન પૂછીશ કે મારા પતિ થવા માગનારાની આવી તૈયારી છે કે ?" શાંતા બોલી.

"આવી પ્રતિજ્ઞા આજ સુધી કોઈએ કરી નથી. આવું પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોણ જીતશે ? આવા પણમાં કોણ પાસ થશે ? શાંતા, તારે અવિવાહિત જ રહેવું પડશે." રામદાસ બોલ્યો.

"આવું પણ જીતનાર જો કોઈ નહિ મળે તો હિંદુસ્તાન કાયમનું ગુલામ રહેશે." શાંતા બોલી.

"તું આવી શરતો કરવાની, પણ તું જાતે શું કરવાની ?" રામદાસે પૂછ્યું.

"હું ખેડૂતોમાં રહીશ. તેમની સ્ત્રીઓને ભણાવીશ. તેમની સાથે કામ કરીશ. જુવાર કાપીશ, કપાસ વીણીશ, મગફળી ઉપાડીશ, નીંદવા-લણવાનું કામ કરીશ, માથે ચાર લાવીશ, કડબ લાવીશ. ખેડૂતની સાચી કન્યા થઈશ. તડકામાં કામ કરીને પરસેવાથી ઝેબઝેબ થઈને મારા જ્ઞાનને પવિત્ર કરીશ. જે જ્ઞાન ઠંડીમાં, પવનમાં, તાપમાં, વરસાદમાં જતાં બીએ છે તે જ્ઞાન નથી પણ દંભ છે, તે પોલો અહંકાર છે." શાંતા બોલી.

"શાંતા, તું આવા વિચાર કરતાં કેવી રીતે શીખી ?" મુકુંદરાવે પૂછ્યું.

"આ તો તમારું જ વર્ગમાંનું શિક્ષણ છે. તમે જ વાવેલું ઊગે છે." શાંતા નમ્રતાથી બોલી.

"વાસ્તવિક રીતે તો શાંતાએ હવે લગ્ન કરવું જોઈએ. લગ્ન પૂરતું શિક્ષણ થઈ ગયું છે." રામદાસ બોલ્યો.

"લગ્ન પૂરતું શિક્ષણ ? લગ્નને માટે ભણવાનું કે આપણે મનુષ્યો છીએ તેથી ભણવાનું ? પુરુષની જેમ સ્ત્રીને પણ બુદ્ધિ, હૃદય, મન છે. તેમના વિકાસને માટે તેણે ભણવાનું હોય છે. માત્ર દૂધનો હિસાબ રાખતાં આવડે, શાક ખરીદતાં આવડે, થર્મોમિટર મૂકતાં આવડે, પત્ર વાંચતાં આવડે એટલા જ માટે ભણવાનું નથી. પતિની સાથે વાદવિવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી શકાય એટલા માટે પણ ભણવાનું નથી. સ્ત્રીને આત્મા છે તેટલા માટે સ્ત્રીએ ભણવાનું છે." શાંતા બોલી.

"શાન્તા, ભણજે ભણજે. તારું નામ શાન્તા છે પણ તું અશાન્ત છે. જ્ઞાન વિના તું શાન્ત કેવી રીતે થવાની?" રામદાસ બોલ્યો.

"કેવળ જ્ઞાનથી મને સંતોષ નથી થવાનો. ગરીબોનાં જીવન સુંદર સુખી થશે નહિ ત્યાં સુધી હું અશાન્ત જ રહેવાની. હિંદુસ્તાનમાં પ્રચંડ ક્રાન્તિ થશે ત્યારે જ હું શાન્ત થઈશ." શાન્તા બોલી.

"શાન્તા, તે સહેલું કામ નથી. પોલીસો સ્ત્રીઓ ઉપર પણ લાઠી ચલાવે છે, ગોળીબાર કરે છે. ક્રાન્તિ એટલે મરણ." રામદાસ ગંભીર ભાવે બોલ્યો.

"તે મરણને જ હું વરવાની છું. તે મરણને માટે મારી બાધાઓ છે. ચીનના યુદ્ધમાં યુવતીઓ કેવી રીતે મરે છે? ભારતમાં કેમ ન મરે?" શાન્તા બોલી.

"શાન્તા, હું વિશ્વભારતીમાં જાઉં છું. હું પાછો આવું ત્યાં સુધી આ ફંદામાં પડીશ નહિ. આપણે બન્ને હિલચાલમાં ઝુકાવીશું. મુકુંદરાવ માર્ગ બતાવશે." રામદાસ બોલ્યો.

"ભાઈ, તું જા. ત્યાંનો ત્યાગ, મરણ પ્રત્યેની બેદરકારી અહીં લઈ આવ. બંગાળી વીરો! હસતાં હસતાં સેંકડો ફાંસીને માંચડે ચડી ગયા! સેંકડો આંદામાનમાં સડે છે. સેંકડો કારાગારમાં ઘસાઈને ક્ષયના ભોગ બન્યા. બંગભૂમિ! તને કોટીકોટી પ્રણામ." શાંતાએ ભક્તિયુક્ત પ્રણામ કર્યા.

"ચાલો આપણે જઈએ. બહાર અંધારું પડવા માંડ્યું છે." મુકુંદરાવ બોલ્યા.

"અંધકારમાંથી પ્રકાશ દેખાય છે." શાન્તા બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ધ્યેયનો દિવ્ય પ્રકાશ!" રામદાસ બોલ્યો.

ત્રણે જણાએ ઊઠીને ચાલવા માંડ્યું. અંધારામાં એ ધોધનું સ્વચ્છ પાણી – ફીણવાળું પાણી ચમકતું હતું.

"ધ્યેયનો ઉન્માદ જબ્બર હોય છે. વેદમાં ઇન્દ્રદેવ એક જગાએ ગર્જના કરે છે, અહીંના પર્વતને ત્યાં ફેંકીશ, ત્યાનાંને અહીં ફેંકીશ. તે વર્ણન સમાજમાં ક્રાન્તિ કરવા માગનારાઓનું છે, ધ્યેયવાદી વીરોનું છે. તેમને મન પર્વત મૂઠીમાં માય એવા દડા જેવા લાગે છે. અનંત આકાશ બિંદુ જેવડું લાગે છે. સૂર્યને બગલમાં રાખીશું એમ લાગે છે. ધ્યેયથી રંગાયેલા વીરોની સામે કોણ ઊભું રહી શકશે?" મુકુંદરાવ કહેતા હતા.

"શાન્તા, ઠોકર લાગીને? જરા સંભાળીને ચાલ." રામદાસે કહ્યું.

"ક્રાન્તિ કરનારને જરા સંભાળીને ધીમે ચાલ 'લી બહેન, જરા ધીમે એમ કહ્યે કેમ ચાલશે? ભલે ઠોકરો લાગે, પગના લોહીથી રંગાઈને પથરા પણ લાલ ઝંડા હાથમાં લેવા માટે થનગની ઊઠશે." શાન્તા બોલી.

"શાન્તા, ક્રાન્તિ એટલે અધીરાઈ નહિ. મરણની બેપરવાઈ, કષ્ટની તૈયારી જોઈએ. પરંતુ ખાલી આગમાં પ્રવેશ કરવો, ખાલી કષ્ટ સહન કરવાં એનો કંઈ અર્થ નથી. ક્રાન્તિનું પણ શાસ્ત્ર હોય છે." મુકુંદરાવ બોલ્યા.

આ ત્રણેનું મંડળ આમ વાતો કરતું ઘેર આવી પહોંચ્યું. ત્યાં તો દયારામ ત્યાં આવેલો હતો.

"ક્યારે આવ્યો દયારામ?" રામદાસે પૂછ્યું.

"હમણાં જ આવ્યો." તે બોલ્યો.

"મારું જવાનું ઘણુંખરું નક્કી થયું છે."

"તને વિદાય આપવા માટે જ હું આવ્યો છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દયારામ, તારી મુશ્કેલીઓ જણાવતો રહેજે. તબિયતને સંભાળજે. આપણે ભવિષ્યમાં આખા દેશને સળગાવી મૂકીશું."

"તું ભણીને આવ. બધું જોઈને આવ. અમે જમીન ખેડી મૂકીએ છીએ."

રાત્રે ગોવિંદરાવ, મુકુંદરાવ અને રામદાસ ઘણા વખત સુધી વાત કરતા બેઠા હતા. છેવટે ગોવિંદરાવની રજા મળી. રામદાસ પોતાની મા અને રામરાવને મળવા શિવતર ગયો.

"બાપુજી, શાન્તાને ભણવા દેજો હોં, ગોવિંદરાવ ખરચ આપશે. તમારે ચિંતા ન કરવી. તેના લગ્નની ઉતાવળ કરશો નહિ." રામદાસે કહ્યું.

"છોકરી મોટી થઈ. ક્યારનુંયે લગન કરી નાખવું જોઈતું હતું. બે બાળકોની મા થઈ હોત."

"શાન્તા ક્રાન્તિની મા થવાની છે." રામદાસે કહ્યું.

"મા, તું લખતાંવાંચતાં શીખી છે કે નહિ?" રામદાસે પૂછ્યું.

"શાન્તાની હઠ, એટલે ભણી ભાઈ. પેલી મોટા અક્ષરની ચોપડી વાંચું છું. ગામમાંની સ્ત્રીઓને મોહન ભણાવે છે. મોહન સારો છોકરો છે." મા બોલી.

"મા, તું લખતાં વાંચતાં શીખી, અણઘડ લોકોને મોહન શીખવવા લાગ્યો, એને જ ક્રાન્તિ કહે છે. શાન્તા આ કામ કરવાની." રામદાસ સમજાવતો હોય તેમ બોલ્યો.

"ત્યાં સંભાળીને રહેજે ભાઈ. હજાર માઈલ ઉપર તું જવાનો." રામરાવે કહ્યું.

રામદાસ મોહનને પણ મળ્યો. તેનો વર્ગ તેણે જોયો.

"મોહન અભ્યાસ ચાલુ રાખજે. વર્તમાનપત્રો વાંચતો રહેજે." રામદાસે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શાંતાબહેન વર્તમાનપત્રો મોકલે છે. મહત્ત્વના સમાચાર ઉપર નિશાનીઓ કરીને મોકલે છે. હું વર્ગમાં તે વાંચી બતાવું છું. બહાર પાટિયા ઉપર પણ લખું છું." મોહને કહ્યું.

"પાટિયા ઉપરનું લખાણ લોકો વાંચે છે ?" રામદાસે પ્રશ્ન પૂછ્યો.

"હા. છોકરાછોકરીઓ વાંચે છે. વૃદ્ધો કહે છે કે, 'છોકરાઓ મોટેથી વાંચો,' વિચારોની ભૂખ સળગે છે." મોહન બોલ્યો.

"અન્નની ભૂખ સાથે વિચારોની ભૂખ ભળે એટલે ક્રાન્તિ થાય છે. એકલા અન્નની ભૂખ ભીખને જન્માવે છે. પણ વિચારોનો સાથ મળેલી અન્નની ભૂખ સામ્રાજ્યોને ભોંયભેગાં કરે છે." રામદાસ ભવિષ્યવાણી કહેતો હતો.

"અમારા વર્ગમાં રાખવા શાન્તાબહેનનો એક ફોટો મોકલી આપોને. તેમણે અહીં પ્રકાશ આણ્યો." મોહન બોલ્યો.

"મોહન, જો ફોટો રાખવો જ હોય તો આ મૃતરાષ્ટ્રને જીવતું કરનાર લોકમાન્યનો રાખ, મહાત્મા ગાંધીજીનો રાખ. દુનિયામાંના શ્રમજીવીઓને નવો વેદ અર્પનાર કાર્લ માર્ક્સનો રાખ. તે વેદને રશિયામાં કૃતિમાં ઉતારનાર મહાત્મા લેનિનનો રાખ." રામદાસ બોલ્યો.

"અમારા ગામને નવો વેદ શાન્તાબહેને આપ્યો. સ્ત્રીઓ, છોકરાઓ, છોકરીઓ શાન્તાનું જ સ્મરણ કરે છે." મોહન બોલ્યો.

"ઠીક, જોઈશું આગળ ઉપર. આસપાસનાં ગામોમાં પણ જતો રહેજે. તું વિચારો વાવનારો કિસાનયુવક થા." રામદાસે કહ્યું.

"અમારું તરુણ-દલ શરૂ થયું છે. તેમાંના કેટલાક પડોશના ગામમાં વર્ગ ચલાવવા જવાના છે. શાન્તાબહેને ચિત્રોના સંગ્રહ મોકલ્યા છે તેય બતાવતા જઈશું. દુનિયાભરના કિસાનકામદારો કેવી રીતે લડત ચલાવે છે તે તેમના ઉપરથી તરત જ ઠસે છે." મોહને કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કલાની હાક હૃદયને તુરત જ પહોંચે છે. કલા તુરત જ ઐક્ય પેદા કરે છે. એકાદ ચિત્ર, એકાદ નામ અને તેને લીધે આખાં રાષ્ટ્રો સળગે છે." રામદાસ બોલ્યો.

રામદાસ રામપુર પાછો ફર્યો. ઊપડવાની તૈયારી થઈ. ઘણા મિત્રો ભેગા થયા હતા. ગોવિંદરાવને અને નવી માને પગે લાગી તે ગયો. શાન્તા સ્ટેશન ઉપર ગઈ હતી. મિત્રો સ્ટેશને ગયા હતા. મુકુંદરાવ અને રામદાસ ત્યાં ઊભા હતા.

"ભાઈ, મોટા મોટા પત્રો મોકલજે. ત્યાંના ફોટા મોકલજે." શાન્તાએ કહ્યું.

"તારો ફોટો મોહને શાળામાં ટિંગાડવા માગ્યો છે તે પહેલો મોકલ. ત્યાંની તું ક્રાન્તિ કરનારી ને?" રામદાસે કહ્યું.

"ભાઈ, ક્રાન્તિ શબ્દનો આવો ઉપહાસ ન કર." શાન્તા બોલી.

"ક્રાન્તિનો ઉપહાસ કરનારને તારો ભાઈ ના માનતી." રામદાસ ગંભીર થઈને બોલ્યો.

"ખોટું લાગ્યું ભાઈ તને?" તેણે કાતર સ્વરે પૂછ્યું.

"ના બહેન, ગંમત કરતો હતો. હું મોકલીશ ફોટો. ગુરુદેવનો નવો ફોટો પાડીને મોકલીશ." રામદાસે કહ્યું.

"તમે, મુકુંદરાવ વહેલા આવજો. અમને અહીં બહુ દિવસ ભૂખ્યા ન રાખતા. અનાથ ન રાખશો." શાંતાએ કહ્યું.

"મુકુંદરાવ વહેલા જ પાછા આવવાના છે." દયારામે કહ્યું.

ગાડીનો વખત થયો. સિસોટી વાગી. ગાડી ઊપડી. ગાડી એક વાર ઊપડે એટલે મુકામે પહોંચ્યા વિના થોડી જ કંઈ રહે? ઊપડવાની જ વાર હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯ વિશ્વભારતી

રામદાસ અને મુકુંદરાવ આગગાડીમાં હતા. રામદાસ સૂતો હતો. મુકુંદરાવ વિચારની તંદ્રામાં હતા. સમસ્ત બંગાળ તેમની નજર સામે ખડો થયો હતો. બંગાળની ભૂમિમાં ગયાં સો સવાસો વર્ષમાં મહાપુરુષોનો કેટલો પાક પાક્યો હતો. હિમાલયની આખી તપસ્યા વહેતી વહેતી આખા બંગાળામાં વ્યાપી ગઈ છે. ગંગાના કિનારા ઉપરનું બધું પુણ્ય ત્યાં વહી આવ્યું છે. હરદ્વાર, પ્રયાગ, કાશી, બધાં પુણ્યક્ષેત્રોની પવિત્રતા છેવટે તો ભાગીરથીએ બંગાળને અર્પણ કરી. તેમાંથી જ શું આ મહાન પાક પાક્યો હશે? આ દિવ્ય પરંપરાના નિર્માતા રાજા રામમોહન રાય હતા. ધર્મ, કલા, સાહિત્ય, શાસ્ત્ર, રાજકારણ, તત્ત્વજ્ઞાન, દરેક ક્ષેત્રમાં પહેલા દરજ્જાના માણસો પાક્યા. આખો દેશ તેમણે દિપાવ્યો. ચારે દિશામાં દેશની સત્કીર્તિ ફેલાવી. ભગવાન રામકૃષ્ણે બંગાળના જીવનને શુદ્ધ કર્યું. તે શુદ્ધ જીવનની પ્રભા – પ્રતિભા શતશત રૂપે પ્રકટ થઈ. તે બધા મહાપુરુષો, તે મોટાં રત્નો મુકુંદરાવની નજર સામે સ્પષ્ટ તારાની જેમ પ્રશાંત તેજથી ચળકતાં હતાં. તેમણે તે પૂંજીભૂત પુણ્યને પ્રણામ કર્યા. આંખો મીંચીને તે વિભૂતિઓને ચરણે પોતાના મનથી પળભર તો તેઓ વિલીન થઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ગુરુશિષ્યની જોડી વિશ્વભારતીમાં આવી. ત્યાંનું સાદું અને કલામય વાતાવરણ જોઈ તેમનું મન પ્રસન્ન થયું. ભારતીય ગુફાઓમાંની દિવ્ય કલા ત્યાં બધે અવતરી છે કે શું એમ લાગતું હતું. ભારતીય કલાનો આત્મા જાણે ગુરુદેવની સામે, શ્રી નંદલાલની સામે આવીને નાચતો હોય એમ લાગતું હતું. પાવિત્ર્ય અને પ્રસન્નતાનો રમણીય સંગમ ત્યાં થયો હતો. રવીન્દ્રનાથના પિતા દેવેન્દ્રનાથે ત્યાં તપશ્ચર્યા રેડી હતી. રવીન્દ્રનાથના મોટા ભાઈ દ્વિજેન્દ્રનાથે ચરાચરને ભેટનારો પ્રેમ ત્યાં રેડ્યો હતો. કોઈ પણ સ્થાનને તપસ્યાને કારણે મહત્ત્વ પ્રાપ્ત થતું હોય છે.

શાંતિનિકેતન! ત્યાં કુદરત એ મુખ્ય આચાર્ય હતી. અને કુદરતના સંદેશા સાથે એકરૂપ થઈ જઈ તેને પોતાનો કરનારા ગુરુદેવ રવીન્દ્રનાથ ત્યાંની અધિષ્ઠાત્રી દેવતા હતા. તે કહેતા, "છોકરાછોકરીઓની આસપાસ સ્વચ્છ અને સુંદર વાતાવરણ હોય એટલે પછી બીજાં કૃત્રિમ બંધનોની જરૂર પડતી નથી." સારી રીતે છંટકાવ કર્યો હોય, સુંદર રંગોળી પૂરી હોય ત્યાં થૂંકવાનું કોઈને ન ગમે. ખરું પાવિત્ર્ય બીજાને પણ પવિત્ર કરે છે.

રવીન્દ્રનાથે રાષ્ટ્રીય જીવનને સૌન્દર્યની ભેટ આપી છે. જીવનમાં કલા ન હોય તો જીવન વિકલ છે એ તેમણે શીખવ્યું મનુષ્ય કલા વડે જીવે છે. દરિદ્રી માણસ પણ પોતાના ઝૂંપડાની વાંસની ભીંતને જરા રંગે છે. ઘરમાંનું માટલું પણ તે જરા નકશીદાર બનાવે છે. તૂટીફૂટી ઝૂંપડી હોય પણ ઝૂંપડીની સામે રંગોળીનાં કમળો ચીતરશે, ચંદ્ર, સૂર્ય, તારા ત્યાં દોરશે અને કહેશે કે સ્વર્ગ મારા આંગણામાં છે. કલાનો હાથ એટલે દેવનો હાથ. સૌન્દર્ય એટલે પ્રભુનો આશીર્વાદ.

વિશાળ આકાશ અને અનંત ધરિત્રીના સાન્નિધ્યમાં શાંતિનિકેતનનાં બાળકો ભણે છે. વૃક્ષોની શીતળ છાયામાં ગુરુ બેસે છે, સામે શિષ્ય બેસે છે. ત્યાં વાડા નથી. ચાર દીવાલોમાં મનને અને બુદ્ધિને પૂરીને ત્યાં તેમનું કબ્રસ્તાન કરવામાં આવતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિ રવીન્દ્રનાથ એ ભારતમાતાના બાળકોને ખીલવનાર કુશળ અને પ્રેમાળ માળી ત્યાં બન્યા હતા. ભારતનાં સંતાનો ત્યાં જઈને કહેતા,

હું ફૂલ તું ખીલવનાર ચતુર માળી
હું બાળ તું જ જનની પંપાળી પાળે.

કલ્પનાસૃષ્ટિમાંનો કવિ ત્યાં પ્રત્યક્ષમાં વિહરતો હતો. કલ્પનામાંના સત્યના પ્રયોગો તે પૃથ્વી ઉપર કરતો હતો. ભારતીય સંસ્કૃતિ ઉપર પશ્ચિમની સંસ્કૃતિની કલમ અને પશ્ચિમની સંસ્કૃતિ ઉપર ભારતીય સંસ્કૃતિની કલમ કરી પૂર્વપશ્ચિમના સંગમની એક અભિનવ સંસ્કૃતિ તે નિર્માણ કરતા હતા. જ્ઞાનવિજ્ઞાનની તે પૂજા કરતા હતા.

પ્રાર્થનાને સમયે ગુરુદેવ પોતે આવીને બેસે એટલે વાતાવરણ જાણે કે વિદ્યુતથી ભરાઈ જતું. અને કોક વાર પોતાનું જ એકાદ પ્રાર્થના. ગીત તે ગાતા ત્યારનો આનંદ તો અમર થતો. ભક્તિમાહાત્મ્યમાં શું જાદુ છે તે આવે વખતે સમજાતું.

રામદાસ ત્યાં રંગાયો. મુકુંદરાવ પણ રંગાયા. ત્યાંના વિશાળ ગ્રંથાલયમાં મુકુંદરાવ વાંચતા બેસતા. રવીન્દ્રનાથને યુરોપના અનેક પુસ્તકવિક્રેતાઓએ ભેટ તરીકે આપેલ મૂલ્યવાન ગ્રંથોનો સંગ્રહ ત્યાં હતો. ઇસ્લામી સંસ્કૃતિ ઉપર કેટલો મોટો ગ્રંથ સંગ્રહ હતો. ચીની, તિબેટી, જાપાની સંસ્કૃતિઓનો અભ્યાસ કરવાને માટે ત્યાં જોઈએ તેટલી સામગ્રી હતી. દુનિયાની જે જે ભાષામાં રવીન્દ્રનાથ વિશે જે કંઈ લખાયું હતું તે બધું એકત્ર સંઘરેલું ત્યાં જોવામાં આવે છે. આવી કાપલીઓના ચોપડા ત્યાં કેટલાયે છે.

રામદાસ શ્રીનિકેતનના ગ્રામીણ વર્ગમાં જોડાયો. કદીક પાસેના ગામડાંઓમાં તેમને જવું પડતું. કદીક મૅજીક લૅન્ટર્ન લઈને જવાનું. કદીક સફાઈકામ માટે જવાનું. કદીક ટાઢિયા તાવમાં ક્વિનાઈનની ગોળીઓ વહેંચવા જવાનું. બંગાળી કિસાન કેટલો મહેનતુ, કેટલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંગાલ, કેટલો ખોખરો થઈ ગયેલો, કેટલો પિસાયેલો દળાયેલો તેમને દેખાતો.

"આપણા આ ઉપરચોટિયા મલમપટ્ટાથી આ દરિદ્રનારાયણનો પ્રશ્ન ઉકેલાશે કે?" તેણે શિક્ષકને પ્રશ્ન પૂછ્યો.

"આપણે બીજું શું કરવાના?" કાલિચરણ બાબુ બોલ્યા.

"આ દરિદ્રી લોકો દેખાડીને અમને ક્રાન્તિ કરવાનું કેમ શીખવતા નથી? આ શ્રમજીવીઓને પ્રથમ ખાવાનું મળે એવી સમાજરચના પેદા કરો એવું અમને કેમ કહેતા નથી?" તેણે પૂછ્યું.

"તમારે ક્રાન્તિ કરવી હોય તો પણ તેમનામાં સેવાભાવે ભળો તો જ તે કરી શકાશે. તમારે વિશે તેમનામાં વિશ્વાસ જાગવા માંડે એટલે કાલે તમે તેમને જેમ કહેશો તેમ તે કરશે." કાલિચરણબાબુ શાંતિપૂર્વક બોલ્યા.

"ઋષિ બંકિમે તો "સામ્ય" નામનું પુસ્તક પોણોસો વર્ષ પૂર્વે જ લખ્યું. વંદેમાતરમ્ એ ગીતનો અર્થ જો આપણે સમજવો હોય તો આપણે સામ્યવાદી બનવું પડશે. વંદેમાતરમ્ ગાવું અને સામ્યવાદની ઉપેક્ષા કરવી એ તે ઋષિથી નહિ સહન થાય." રામદાસ બોલ્યો. "પણ આ ભારતીય સામ્યવાદ છે. દુનિયાનું કેવળ અનુકરણ એટલે મરણ. ભારતવર્ષ અહિંસાથી સામ્યવાદ લાવવા મથે છે. દરેક દેશની હવા જુદી હોય છે. એક જ ફૂલ હોય છે પણ જુદા જુદા દેશમાં તેની જુદી જુદી છટા દેખાય છે. સામ્યવાદનું ફૂલ ભારતમાં ખીલશે પણ તેનો રંગ સૌમ્ય અને સાત્ત્વિક હશે." કાલિબાબુએ કહ્યું.

રામદાસ દિલરુબા શીખવા પણ જતો. તેને આજ સુધી ખબર નહિ કે તેને એ બક્ષિસ છે. મનુષ્યના જીવનનું કયું ખાનું ક્યારે ઊઘડશે તેનો નિયમ નથી હોતો. રાત્રે હાથમાં દિલરુબા લઈને તે દૂર જઈને બેસતો અને તેનો અભ્યાસ કરતો. ધીમેધીમે તેની આંગળીઓ દિલરુબાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડદા ઉપર વિજળીની જેમ નાચવા લાગી અને પેલો ગજ કુશળતાથી તારો ઉપર ફરવા લાગ્યો. હૃદયને હલાવી મૂકનારા સૂર નીકળવા લાગ્યા.

મુકુંદરાવે એક દિવસ "ભારતની આશા" એ વિષય ઉપર ત્યાં અંગ્રેજીમાં વ્યાખ્યાન આપ્યું. ત્યાંના ભાવપ્રધાન લોકો તે વ્યાખ્યાન સાંભળીને મુગ્ધ થયા. ભાષણનો અંત તો અત્યંત વિલક્ષણ અસરકારક થયો.

"ભાઈઓ, હું શું કહું, કેટલું કહું? મને નિરાશા સ્પર્શતી નથી. ભારતનું ભવિષ્ય ઉજ્જ્વલ છે એ તમારી આંખોમાંના પ્રકાશ ઉપરથી, મોઢાં ઉપરના ભાવો ઉપરથી મને દેખાય છે. કહે છે કે પરમેશ્વર ત્રણ રૂપે અવતરે છે. કોઈ વાર ભિખારીના, કોઈ વાર કવિના અને કોઈ વાર યોગીના. મહાત્માજી જેવો મહાપુરુષ, તે યજ્ઞમૂર્તિ જ્યારે 'દરિદ્રનારાયણકે વાસ્તે' એમ કહીને હાથ ધરે છે, ત્યારે સાક્ષાત્ પરમેશ્વર જ સામે હાથ લંબાવે છે એમ લાગે છે. અત્યારના તોપબંદૂકના રણરંગમાં વિશ્વૈક્યની મોરલી વગાડનારા રવીન્દ્રનાથ એટલે ગોકુળમાંના સુખને અંત કે છેડો નથી એવું કરનાર ગોપાળકૃષ્ણનું સ્મરણ કરાવે છે. અને આજે અઢી વર્ષના તપથી પોંડિચેરીમાં બધી ઇન્દ્રિયોને સંયમમાં રાખીને બેઠેલો પેલો મહાત્મા અરવિંદ, તેમને રૂપે યોગીઓનો રાજા શિવ-શંકર જ અવતર્યો છે કે શું એમ લાગે છે, ગાંધીજી, ગુરુદેવ અને શ્રી અરવિન્દ એમને રૂપે આજે પરમેશ્વર જ ભારતમાં વિહરે છે અને અણુઅણુને ચેતનવંત કરે છે એમ લાગે છે. આવા આ ભારતને આશા કેમ નથી?"

"તમે તો બંગાળમાં જન્મવા જોઈતા હતા, ત્યાં મહારાષ્ટ્રમાં કેમ જન્મ્યા?" કાલિબાબુએ પૂછ્યું. "બંગાળ અને મહારાષ્ટ્ર એક જ છે એ સિદ્ધ કરવા માટે – બંગાળી હૃદય મહારાષ્ટ્રને અર્પવા વાસ્તે." મુકુંદરાવ બોલ્યા.

"ભારતના ઐક્ય ઉપર તમે ભાર મૂક્યો તે મને ગમ્યું. પ્રાંતિક અભિમાન વધતું જાય છે એ સારું લક્ષણ નથી." તેમણે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કોઈ પરપ્રાન્તીય નોકરી અર્થે આપણા પ્રાન્તમાં આવે છે તો આપણને દ્વેષ થવા માંડે છે. ઊલટું આપણને એમ થવું જોઈએ કે દૂરનો ભાઈ નજીક રહેવા આવ્યો. તેના પ્રાન્તની સુવાસ લઈને આવ્યો. મુંબઈ પૂનામાં મદ્રાસી દેખાય છે એટલે અમને દુઃખ થાય છે. ગૂજરાતમાં મહારાષ્ટ્રીય જાય તો તમને ગુસ્સો ચડે છે. આ કંઈ ભારતીય સંસ્કૃતિ નથી. ભારતમાતા દુનિયાના બીજા દેશોના પુત્રો આવે તોયે કહેશે. 'આવો છોકરાં દુનિયામાંની પોતપોતાની સુવાસ, પોતપોતાની સંસ્કૃતિ લઈને આવો. અહીં સત્તા ખાતર જ નહિ રહેશો, બસ પ્રેમથી રહો, મળે તે બધા મળીને ખાઓ. અંગ્રેજો પણ ભલે રહે અહીં, પણ ભાઈ તરીકે રહે.'" મુકુંદરાવ બોલ્યા.

"કેટલું સરસ બોલો છો તમે. મુકુંદરાવ, મહારાષ્ટ્ર સંસ્કૃતિ ઉપર એક વ્યાખ્યાનમાળા તમારી રાખીએ એમ મને થાય છે." કાલિચરણ બોલ્યા.

"જોઈશું." મુકુંદરાવે કહ્યું.

પરંતુ આગળ જતાં ખરેખર તે વ્યાખ્યાનમાળા થઈ. તે વ્યાખ્યાનમાળા અપૂર્વ થઈ. મહારાષ્ટ્ર સંસ્કૃતિ, આંતરબાહ્ય મોક્ષ દેનારી સંસ્કૃતિ. મહારાષ્ટ્રીય સંસ્કૃતિ એટલે ઝઘડો, બંડ, ક્રાન્તિ.

> रात्रंदिन आम्हां युद्धाचा प्रसंग
> अंतर्बाह्य जग आणि मन ॥

અંદર મનમાંની વાસનાઓ વિકારો સાથે ઝઘડો, આત્માને દેહમાં પૂરનારી સંકુચિત મનોવૃત્તિ સાથે ઝઘડો; અને બહાર વિવિધ રૂઢિઓ સાથે, વિવિધ પ્રકારની ગુલામીઓ સાથે ઝઘડો. મહારાષ્ટ્રીય સંત સંસ્કૃતમાંનું જ્ઞાન લોકોની ભાષામાં ઉતારીશું એમ કહીને બંડ પોકારી ઊઠ્યા. જનતાની ભાષા એ જ ખરી જીવંત ભાષા. તેની દ્વારા જ મૃત જનતાને અમૃત આપી શકાતું હોય છે એમ ઉંમરે નાના પરંતુ જ્ઞાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈરાગ્યથી મહાન એવા પેલા જ્ઞાનદેવે કહ્યું. મહારાષ્ટ્રને 'મરણને મારી નાખ, મૃત્યુની બીક છોડ' એવું સંતોએ શીખવ્યું.

'अगा मर हा बोल न साहती ।
आणि मेलिया तरी रडती ॥'

એવા પોચા થઈ ગયેલા લોકોનો મરણનો ડર સંતોએ દૂર કર્યો. "आपुलें मरण पाहिलें म्या कोळां" એમ તુકારામે જનતાને ગાતાં શીખવ્યું. મહારાષ્ટ્રીય સંસ્કૃતિ એટલે "મારું કર્તવ્ય પૂરું થયું છે, હવે હું સુખેથી મરું છું." એ હુતાત્મા બાજી પ્રભુના ઉદ્ગારોમાં સમાયેલી છે.

મહારાષ્ટ્રીય સંસ્કૃતિ એટલે પ્રયત્નવાદ. દૈવવાદ નહિ. મૂગે મોઢે પરિસ્થિતિને વશ થવું એ મહારાષ્ટ્ર ધર્મ નથી.

ओलें मूळ भेदीं खडकाचें अंग
प्रयत्नासी सांग कार्यसिद्धि ॥

(કોમળ મૂળિયાં ખડકોના અંગને પણ ભેદી નાખે છે. પ્રયત્નને અંતે કાર્યસિદ્ધિ થાય જ છે.)

આ છે મહારાષ્ટ્રીય સંસ્કૃતિનો મંત્ર. શ્રી સમર્થે કહ્યું છે કે પ્રયત્ન એ દેવ છે.

મહારાષ્ટ્રનું રાજકારણ પણ જનતાનું હોય. શ્રીશિવછત્રપતિ કેમ જન્મ્યા? ગઢીવાળાઓની ગઢીઓ જમીનદોસ્ત કરવા માટે ગામેગામ સરદારો હતા. ગઢીવાળા હતા. તેઓ ખેડૂતોને કનડતા, લૂંટતા. 'न मिळे खावया, खावया, खावया' એવું શ્રીસમર્થને કહેવું પડ્યું છે. પ્રજાના ઘાસના તણખલાને પણ કોઈ સ્પર્શ કરી શકે નહિ, તેણે પેટનાં સંતાનની જેમ ઉછેરેલાં ઝાડ, તેમનાં ફળ કોઈ લઈ ન જઈ શકે એવા હુકમો તેમણે છોડ્યા. શિવાજી મહારાજને સાથીઓ મળ્યા તે પણ જનતામાંથી જ. કોઈ સામંત સરદાર મળ્યા નહિ. ચંદ્રરાવ મોરે અને અફઝલખાન બંનેને તેમને સાફ કરવા પડ્યા. તેમના રાજ્યનું ચિહ્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ ભગવો ઝંડો. રાજ્ય જનતાનું છે, રાજા સંન્યાસી છે, એવો તેનો અર્થ થાય છે. શિવાજી મહારાજની આસપાસ પાંચ પાંચ બાદશાહ હતા તો પણ તે સ્વરાજ્ય સ્થાપી શક્યા. શૂન્યમાંથી વિશ્વ નિર્માણ કરી શક્યા. શાને બળે? તે જનતાના આત્મા બન્યા. જનતાના દરિદ્રનારાયણની મૂર્ત આશા–આકાંક્ષા બન્યા. જે વખતે જનતાના પ્રશ્નો, બહુજનસમાજના જીવનમરણના પ્રશ્નો પ્રાણપણે આપણે હાથમાં લઈએ છીએ, તે વખતે ક્રાન્તિ કરી શકાય છે. માવળાઓના છત્રપતિ આવા હતા. તેલ તંબોળીના લોકમાન્ય આવા હતા માંડાલેથી પોતાના જીવનના નિચોડરૂપ ગીતારહસ્ય તે લઈ આવ્યા; તે "श्रीशाय जनतात्मने" જનતા જનાર્દનરૂપી ભગવાનને તેમણે અર્પણ કર્યું. મહાત્માજી પણ આવા જ. આજે તે બહુજનસમાજની મૂર્તિમાન આશા બન્યા છે.

મહારાષ્ટ્ર બુદ્ધિને દેવતા માને છે અને ભાવનાના સિંહાસન ઉપર તેને બેસાડે છે. પણ આ ખરી મહારાષ્ટ્રીય બુદ્ધિ એટલે ક્ષુદ્ર બુદ્ધિ નહિ. શ્રી સમર્થે કહ્યું છે કે

घालून अकलेचा पवाड
व्हावें ब्रह्माकाहुनी जाड
तेथें कैंचे आणलें द्वाड । करंटेपण ॥

અમે વિશાળ બુદ્ધિથી બ્રહ્માંડને બાથ ભીડીશું. બંગભંગને સમયે લોકમાન્ય ટિળકે જ બંગાળનું દુઃખ એ સમસ્ત ભારતનું દુઃખ છે, એ મંત્ર આપ્યો અને બંગાળને માટે આખા મહારાષ્ટ્રને સળગાવ્યો. કોઈ કોઈવાર અમે મહારાષ્ટ્રીઓ આ મહાન બુદ્ધિને ભૂલી જઈએ છીએ. પણ મહાપુરુષો આવીને ફરીથી જાગ્રત કરે છે.

મહારાષ્ટ્રની પાસે કૂતરાની ખુશામતખોરી નથી. મહારાષ્ટ્ર જરા કઠોર દેખાય છે. પણ આ નારિયેળની કઠોરતા છે. અંદર મીઠું પાણી અને સ્વાદિષ્ટ કોપરું છે. બરછટ મહારાષ્ટ્રના અંતરમાં પ્રખર ઉનાળામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ન સુકાનારા અખંડ ઝરા વહે છે. ખરબચડા ડુંગરાઓની અંદર શીતલ શાંત શિવાલયો હોય છે; અમર રમણીય ગુફાઓ છુપાયેલી હોય છે. મહારાષ્ટ્ર આરંભમાં આઘોને આઘો રહેશે. પણ એક વાર નજીક આવે એટલે પછી કદી છોડશે નહિ.

મહારાષ્ટ્ર પોતાની મર્યાદા જાણે છે. મહારાષ્ટ્રની નદીઓ વિશાળ પટવાળી નથી, પર્વતો નગાધિરાજના જેવા નથી. મહારાષ્ટ્રમાંના પર્વત ઊંચા છે, ખૂબ ઊંચા છે. પણ હિમાલયની જેમ આકાશને હાથ અડકાડવાની ભાંજગડમાં તેઓ કદી પડવાના નહિ. મહારાષ્ટ્રમાંની ભાવના અને વિચારોને સીમા હોય છે. માથું ગમે તેટલું ઊંચે લઈ જઈએ તોયે અમારા પગ પૃથ્વીને અડેલા હોય છે. અમારા હૃદયની સમીપ સહ્યાદ્રિ છે. અમારું હૃદય સહ્યાદ્રિના જેવું છે. તે ભીનું હશે પણ ગમે તેમ વહેશે નહિ. બંગાળની પાસે ભાગીરથી છે, પદ્માના જેવી ચાર ચાર માઈલના પહોળા સાગર જેવી પટવાળી નદીઓ છે. બંગાળી હૃદય પણ સાગરના જેવું હોય છે. મહારાષ્ટ્રના સંતો પણ મર્યાદા સાચવે છે. બંગાળના ચૈતન્યપ્રભુ પુરી નજીકના વાદળી સુંદર સમુદ્રને જોઈને "મારો કૃષ્ણ, મારો કૃષ્ણ" કહીને સાગરમાં પ્રવેશ્યા. આવો ગાંડો પ્રેમ મહારાષ્ટ્રીય સંતમાં એમ દેખાશે નહિ. "भले तरी देऊं गांडीची लंगोटी । नाठाळाचे काठी हाणूं माथा ॥ (અમે ભલા થઈએ તો કેડની લંગોટી પણ આપીએ, પણ અમે નાગાઓને માથા ઉપર લાઠી મારીએ.) એમ મહારાષ્ટ્રીય સંત કહેશે. "दया तिचें नांव भूतांचें पालन । आणिक निर्दलन कंटकांचें" એમ તેઓ ગાશે. અહીં તો રોકડિયો હિસાબ. સદ્ગુણનો અતિરેક એટલે દુર્ગુણ. પ્રકાશની અતિશયતા એટલે અંધકાર, આંખો મીંચાઈ જવી. ભાવનાના અગ્નિથી બંગાળ માખણની જેમ ઓગળશે. મહારાષ્ટ્ર લોઢાના ગોળાની જેમ લાલ થશે. મહારાષ્ટ્રની પાસે વિવેક છે, અતિરેક નથી. "विवेका सहित वैराग्याचें बळ" (વિવેક સાથેના વૈરાગ્યનું બળ) એ અમારું સૂત્ર છે. સૌન્દર્ય પ્રમાણબદ્ધતામાં હોય છે. બધે પ્રમાણ રાખો, એમ મહારાષ્ટ્ર કહેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આ હરિજનની છોકરી હું કેડે લઉં છું અને અસ્પૃશ્યતાનો નાશ કરું છું.' એમ કહેનારા શાંતિસાગર એકનાથ, 'મસ્તાનીથી પુત્ર થયો તેમાં શું થઈ ગયું, તેને જનોઈ આપવું જોઈએ' એવો આગ્રહ રાખનારા પહેલા બાજીરાવ, 'બધી સ્મૃતિઓ પુરુષોએ લખી તેથી તેમણે સ્ત્રીઓની સગવડ જોઈ નહિ એમ કહેનારા; બાળવિધવાનો પુનર્વિવાહ કરો એમ કહેનારા, સ્નાનસંધ્યા કરવી હોય તો ગંગાતટે ચાલો એમ કહેનારા, રાજ્યકારભાર કરવો હોય તો પ્રજાના હિતની પ્રવૃત્તિ એ જ સ્નાનસંધ્યા માનો, એમ કહેનારા પેલા નિઃસ્પૃહ રામશાસ્ત્રી; છોકરાની પરઠણ લેવી એટલે મહાપાપ એમ કહેનારા પેલા મહાન કવિ મોરોપંત! આવો સ્વતંત્ર વિચારવાળો અને સ્વતંત્ર આચારવાળો મહારાષ્ટ્ર છે.

મહારાષ્ટ્રે પડદામાંનું પાવિત્ર્ય રાખ્યું નથી. સામંતશાહી સરદારોએ મુસલમાનો પાસેથી પડદો લીધો. પણ તે ખરો મહારાષ્ટ્ર-ધર્મ નથી. પાવિત્ર્ય અંધારામાં પાકતું નથી; પ્રકાશમાં પાકે છે. મહારાષ્ટ્રને બુરખો પસંદ નથી. વસ્તુ ઉપરનો બુરખો ખસેડી નાખીને સત્ય સ્વરૂપ પ્રકટ કરવું એ જ મહારાષ્ટ્રનું મહાન કાર્ય છે. તે કાર્ય કુશળતાથી કરવાને બદલે જાડી રીતે કરવામાં આવે છે ત્યારે જ ભૂલ થાય છે. મહારાષ્ટ્રીય સ્ત્રીઓ બધે નિર્ભયતાથી સંચાર કરશે. ખેતરમાં કામો કરશે, જંગલમાંથી લાકડાં લાવશે. આંગણામાં વાઘ આવી ચડે તો તેને સાંબેલાથી મારશે, ચૂલા પાસે સાપ આવે તો તેને ફૂંકણીથી છૂંદશે. તેઓ પિંજરમાંના પોપટ કદી નહિ થાય, ખભા ઉપર પતાકાઓ લઈ તેઓ પંઢરપુરની પરકમ્માએ પગે ચાલીને જશે. ગાઠડી વાળીને લડાઈમાં જશે મુક્તાબાઈ સંન્યાસિની જેમ તેજથી વિહરશે. જનાબાઈ નિર્ભયતાથી નામદેવને ત્યાં રાત ને દહાડો દળશે. સખુબાઈ પંઢરીનો રસ્તો પકડશે. વેણાબાઈ અક્કાબાઈ શ્રી સમર્થની શિષ્યાઓ બની આશ્રમો ચલાવશે, કીર્તન કરશે.

૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આંતરબાહ્ય સ્વાતંત્ર્ય એ મહારાષ્ટ્રીય સંસ્કૃતિનો નિચોડ છે. મહારાષ્ટ્ર સ્વાતંત્ર્યનો ઉપાસક છે. પણ તે સ્વાતંત્ર્ય સંકુચિત નથી. શ્રી સમર્થ કહેતા હતા કે મહારાષ્ટ્ર-ધર્મને સમસ્ત ભૂમંડળમાં જ્યાં ને ત્યાં ફેલાવો. આ મહારાષ્ટ્ર ધર્મ કયો ?" બધાને સ્વાતંત્ર્ય આપ. તારું સ્વાતંત્ર્ય કોઈ હરી લેનાર ન હોય તો બધાને પાસે લે." મહારાષ્ટ્ર સહુને સુખી કરવા માગે છે. "जगा होऊं आवाहं । आनंदाचें" (જગતને અમે આનંદ આપીશું) એમ જ્ઞાનદેવ ગર્જ્યા. "अवघाचि संसार सुखाचा करीन । आनंदें भरीन तिन्हीं लोक" (આખો સંસાર સુખથી ભરી દઈશ ત્રણે લોક આનંદથી ભરી દઈશ,) એમ તુકારામ બોલ્યા. જે 'સર્વોદય' મહાત્મા ગાંધીજીનું ધ્યેય છે તે જ મહારાષ્ટ્રનું ધ્યેય છે. મહારાષ્ટ્રમાં બધા આવ્યા અને રહ્યા. ગુજરાતી, મારવાડી, ભાટિયા, પારસી મહારાષ્ટ્રમાં રહ્યા. વેપારસંપત્તિ તેમના હાથમાં, પણ મહારાષ્ટ્રના મનમાં પણ તે વસ્તુ આવી નહિ. મહારાષ્ટ્રે તેમની ઈર્ષા અદેખાઈ કરી નહિ. મહારાષ્ટ્ર દિલદાર અને ઉદાર છે. જેમ મહારાષ્ટ્રે પોતાની નદીઓ કૃષ્ણા, ગોદાવરી નિઝામને અને પછી આન્ધ્ર પ્રાંતને આપી દીધી તેમ પોતાની સંપત્તિના પ્રવાહો પણ તેણે ખુશીથી બીજાઓને આપી દીધા. સેવા કરીને મહારાષ્ટ્ર તેનો ઉચ્ચાર નહિ કરે. પરાક્રમ કરીને તેની જાહેરખબર નહિ કરે. મુળશીનો દિવ્ય સંગ્રામ હિંદુસ્તાનમાં કોણ જાણે છે ? તે સંગ્રામમાં શરીર ઉપર ઉછાળવામાં આવેલું ઊકળતું પાણી માબહેનોએ ગુલાબજળ લેખ્યું. પણ તે અપાર ત્યાગની હિંદુસ્તાનને ખબર નથી. તેનાં પુસ્તકો લખીને મહારાષ્ટ્રે બધે મોકલ્યાં નથી. મારો મહારાષ્ટ્ર કીર્તિપરાઙ્મુખ છે. તે મૌનથી જ શોભે છે. બીજાઓના વૈભવમાં આનંદ માને છે. બીજા પ્રાન્તીયોની કીર્તિમાં તે ધન્યતા માને છે. મૂંગે મોઢે પોતાનું બલિદાન આપે છે.

"મારા મહાન મહારાષ્ટ્રને, મર્યાદાશીલ મહારાષ્ટ્રને એક સ્વાતંત્ર્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય એટલે બસ છે. પછી તે પોંક હાથમાં ચોળીને ખાશે અને દેવોના અમૃતને તુચ્છ માનશે. કુસકીનો રોટલો ખાશે અને પહાડોમાં સિંહની જેમ રખડશે. શરીરે ચીંથરું ધારણ કરીને સમ્રાટને હસશે. તૂટીફૂટી ઝૂંપડીને મયૂરાસનના કરતાં એ મૂલ્યવાન માનશે.”

આ આશયનાં પંદર દિવસ સુધી તે પંદર વ્યાખ્યાનો થયાં. શુક્લપક્ષના ચંદ્રની એક એક કળા વધતી જઈને પંદરમે દિવસે પૂર્ણ ચંદ્ર ખીલી ઊઠે છે, તેવું તે છેવટનું સમારોપનું વ્યાખ્યાન થયું. મહારાષ્ટ્રીય સંસ્કૃતિના પૂર્ણચંદ્રનું નિષ્કલંક રૂપ જોઈને ભાવનાપ્રધાન બંગાળી હૃદયસાગર ખળભળી ઊઠ્યો, ઊભરાઈ ઊઠ્યો. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ ફૂલોના, સૂતરના સુંદર હાર મુકુંદરાવને પહેરાવ્યા. તે દૃશ્ય અપૂર્વ હતું. પ્રાંતની પ્રાંતને પિછાન થતી હતી. મહારાષ્ટ્રીય આત્મા બંગીય આત્માને ભેટતો હતો. તે જીવ અને શિવનું મિલન હતું. ચૈતન્ય ચૈતન્યને મળતું હતું.

પેલી છોકરી કોણ છે? ઊંચી અને એકવડા કાઠાની તે હાથમાં હાર લઈને ત્યાં આવીને ઊભી રહી. જાણે કે થરથરતી ભાવનાની તે જ્વાળા જ હતી. તેની આંખો ઉત્કંઠાથી, અને પ્રકાશના અનુપમ તેજથી નાચતી હતી, ચમકારા મારતી હતી. તે ઊભી રહી. પણ મોઢામાંથી શબ્દ નીકળતો નહોતો. તેના મોઢા ઉપરના ભાવ જાણે સો સો જીભોથી બોલતા હતા.

પણ છેવટે વાણી નીસરી.

“મને બંગાળ વિશે બહુ અભિમાન હતું. પોતાના પ્રાંત વિશે સદાભિમાન હોવું જોઈએ, પણ તેનો અર્થ એવો નથી થતો કે બીજાને તુચ્છ માનવા. મને થતું કે બાકીના બધા પ્રાન્ત ભિખારી છે. ભાવનાશ્રીમંત બંગાળ, ધીમાન, કલાવાન, કીર્તિમાન બંગાળ અનન્ય છે એવું લાગતું. અહંકારથી જ્ઞાન દૂર જતું રહે છે. નમ્રતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ્ઞાનનો આરંભ છે. સહાનુભૂતિની કૂંચી લઈને પરપ્રાન્તનાં હૃદય-કમાટ આપણે ખોલીને જોઈએ તો ત્યાં અપાર અક્ષય સંપત્તિ મળી આવશે. મહારાષ્ટ્રના આત્માની સાથે મુલાકાત કરાવનાર આ આચાર્યનો આભાર કેવી રીતે માનવો ? તેમનાં વ્યાખ્યાનો સાંભળતાં થતું કે મારા નાનકડા હાથ પ્રસારું અને તે દૂરના મહારાષ્ટ્રને ભેટું. મારા હાથ પ્રસારું અને મહારાષ્ટ્રના મક્કમ પગ ગંભીર ભક્તિભાવથી પકડી રાખું. વિશ્વભારતી આજે કૃતાર્થ થઇ છે. ગુરુદેવ અમને દુનિયાની ઓળખાણ કરાવે છે. ભારત સાથે વિશ્વનો સંબંધ બાંધે છે. પણ ભારતમાંના પ્રાન્તો સાથે જ હજી પૂરાં સંબંધ બંધાવાની જરૂર છે. ભારતમાંના આ બંધુઓની જ એકમેકની સાથે સાચી ઓળખાણ કરાંવવાની જરૂર છે, ત્યારે જ આપણે આ આપણો પ્યારો ભારત એમ બોલી શકીશું. વંદેમાતરમ્ એ મંત્ર ત્યારે જ સાર્થ થશે. મહા-રાષ્ટ્રના મંગલમય આત્માનું મિલન કરાવનાર હે સદ્ગુરુ, આ લો બંગાળી ફૂલોનો હાર. બંગાળની આ કોમળ ભાવના મહારાષ્ટ્રીય આત્માની ડોકમાં લઈ જઈને પહેરાવો."

સભા પૂરી થઈ.

"તમે કેટલું સુંદર બોલ્યા ? જાણે બંગાળનો આત્મા તમારે રૂપે બોલતો હતો." રામદાસ તે છોકરી પાસે જઈને બોલ્યો.

"તમારા આચાર્ય જવાના છે. તમે અહીં છો. મહારાષ્ટ્રીય આત્માની ઓળખાણ તમે કરાવી આપો. મહારાષ્ટ્રીય આત્માનું અમર સંગીત તમારા દિલરુબામાંથી સંભળાવો." માયા બોલી.

"હું દિલરુબા બજાવું છું, એની તમને શી ખબર ?" રામદાસે પૂછ્યું.

"તમારું નામ શું ?" રામદાસે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"માયા."

"તમારું નામ શું?" તેણે પૂછ્યું.

"રામદાસ" તે બોલ્યો.

"માયાને જીતી લેનાર રામદાસ!" તે બોલી.

"માયાને જીતી લેનાર શ્રી સમર્થ રામદાસ હું નહિ. માયાને કારણે રડનારો દુર્બલ રામદાસ હું છું." તે બોલ્યો.

"દુબળો અને રોતલ મહારાષ્ટ્ર મારે નથી જોઈતો." એટલું કહીને માયા ઝડપથી ચાલી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭ મુકુંદરાવની તીર્થયાત્રા

"ત્યારે શું? નહિ રહો અહીં? મહારાષ્ટ્રીય સંસ્કૃતિના ભાષ્યકાર તરીકે અમારી સંસ્થામાં રહો. તમારા જેવા ચારિત્ર્યવાન માણસો, ઊંચી દૃષ્ટિવાળા, વસ્તુના અંતરંગમાં દૃષ્ટિ પહોંચાડનારા માણસો સંસ્થામાં હોય એમાં જ સંસ્થાની કૃતાર્થતા." કાલિચરણ બોલ્યા.

"હવે અહીંનો નિવાસ બસ. સંન્યાસીએ એક સ્થળે બહુ રહેવું ન જોઈએ. એક ઠેકાણે રહેવા માટે મને પરમેશ્વરે નથી નિર્માણ કર્યો. હું એટલે મેઘ, પવન, નદી. ક્ષણભરની સ્થિરતા સદે, પરંતુ કાયમની સ્થિરતા મને મારી નાખે. જવા દો મને." મુકુંદરાવે કહ્યું.

"વિશ્વભારતીને તમારી સદાયે યાદ રહેશે. તમારાં વ્યાખ્યાનો પુસ્તકરૂપે પ્રકટ કરવાના છીએ. ગુરુદેવ તેને બે શબ્દ જોડશે. વ્યાખ્યાન માળા વખતે તે અહીંયાં હોત તો નાચ્યા હોત. પોતાના વિશાળ હૃદય સાથે તેમણે તમને ચાંપ્યા હોત. વિશ્વભારતીની સ્મૃતિ તરીકે ગુરુદેવનો આ એક ભાવનામય ફોટો તમને ભક્તિપૂર્વક આપું છું, તે લો." એમ કહીને કાલિબાબુએ તે સુંદર ફોટો આપ્યો. મુકુંદરાવે તો ફોટા ઉપર મસ્તક અડકાડ્યું. ક્ષણેક સુધી તેને પોતાના હૃદય સાથે ધરી રાખ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઠીક હું જાઉં છું. અહીંનાં પાવિત્ર્ય અને સુગંધ જીવનમાં ભરીને હું જાઉં છું." મુકુંદરાવે કહ્યું.

મુકુંદરાવ પોતાની ઓરડીમાં ગયા. સામાન બાંધતા હતા તેવામાં તેમની ઓરડીમાં એક છોકરો આવ્યો.

"કેમ આશુ? આજે હું જાઉં છું હાં કે?" મુકુંદરાવે કહ્યું.

"આટલા જલદીથી કેમ જાઓ છો? અમને લાગતું હતું કે તમે રહેશો. પણ સાંભળ્યું કે તમે જવાના." આશુ દુઃખથી બોલ્યો.

"હવેથી રડતો નહિ. રમજે, નાચજે." મુકુંદરાવે કહ્યું.

"હું અહીં કેટલીયે વાર રડ્યો હોઈશ. પણ મારાં અશ્રુ તરફ તમારું જ ધ્યાન ગયું. તમે માબાપની જેમ મારી પીઠ ઉપર હાથ ફેરવ્યો. મને બહાર રમવા લઈ ગયા. હું તમને શું આપું?" આશુએ પૂછ્યું.

"હમેશાં આનંદી રહીશ એવું વચન આપ." તેના વાળ ઉપર હાથ ફેરવતા તે બોલ્યા.

"રહીશ. આનંદી રહીશ. આંખમાંથી પાણી નીકળવા માંડશે તો તમને યાદ કરીને એકદમ હસીશ. આ લો ચિત્રોનું આલ્બમ. બંગાળી ચિત્રકારોનાં સુંદર ચિત્રોનો આ સંગ્રહ છે. હું તમારે માટે આ લાવ્યો છું." આશુ બોલ્યો.

મુકુંદરાવે તે બાળમિત્રની ભેટ સ્વીકારી. તેમનો આશીર્વાદ લઈને તે જતો રહ્યો.

આજે રામદાસ ક્યાં છે? ક્યાં રોકાયો છે? મુકુંદરાવ તેને શોધતા હતા. છેવટે દૂર એક ઝાડની નીચે તે દેખાયો. ત્યાં માયા પણ હતી. રામદાસ એક પથરા ઉપર બેઠો હતો. સામે બેસીને માયા તેનું ચિત્ર આલેખતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શું ચાલે છે રામદાસ ?" મુકુંદરાવે એકાએક આવીને પૂછ્યું.

"માયાનો પસારો." તે બોલ્યો.

"પસારો એટલે શું ?" માયાએ પૂછ્યું.

"તું મરાઠી શીખે છે કે ?" મુકુંદરાવે પ્રશ્ન પૂછ્યો.

"હા. આ શીખવે છે. મહારાષ્ટ્રનું હૃદય પોતાનું કરવું હોય તો ભાષા ન શીખવી જોઈએ ?" તેણે પૂછ્યું.

"તું આની પાસેથી શીખે છે. પણ તું એને કંઈ શીખવે છે ? કે આને ગાંડો કરીશ ?" મુકુંદરાવ બોલ્યા.

"ઘણું શીખવવાની છું આમને. હમણાં જ જરા બરાબર બેસો, હાલ્યા કરશો નહિ, જરા હસતું મોઢું રાખો એમ કેટલુંયે શીખવતી હતી. મહારાષ્ટ્રીય માંકડાને બરાબર કેમ બેસવું, બરાબર કેમ હસવું એ પણ સમજાતું નથી. છેવટે બંને હાથે ઝાલીને એમને બરાબર બેસાડ્યા, એમની ડોક બરાબર કરી. ખૂબ ભણાવીશ આમને." માયા બોલી.

"જોવા દે ચિત્ર." મુકુંદરાવ બોલ્યા.

"પહેલવહેલું ચિત્ર જોવાય નહિ. તેને નજર લાગે." તે બોલી.

"આજે જ ચિત્રકલાના શ્રીગણેશ છે ?" તેમણે પૂછ્યું.

"તેમ નથી. મેં આમનું આ પહેલું ચિત્ર દોર્યું." તે બોલી.

"પણ બતાવવામાં શી હરકત છે ? ખરા રામદાસનું છે કે રામદાસ માંકડાનું છે તે જોવા દે." તેમણે કહ્યું.

"કોઈ બનાવે તો બનશે ખરા. ધ્યેયને ભૂલનારા માણસો એટલે માંકડાં." મુકુંદરાવ ગંભીરતાથી બોલ્યા.

"માયા, તું જા. ફાડી નાખ તે ચિત્ર." રામદાસ બોલ્યો.

"નહિ જાઉં અને ચિત્ર પણ નહિ ફાડું." તે બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામદાસ ચિત્ર ખેંચવા લાગ્યો. માયા ગુસ્સે થઈ.

"ખબરદાર ધિંગામસ્તી કરી છે તો. હું તેજસ્વી બંગકન્યા છું. ફાડશો નહિ મારું હૃદય. ચોળશો નહિ મારી ભાવનાઓ. મહારાષ્ટ્રના પથ્થરને બંગાળની ભિનાશનો સ્પર્શ થવા દો." તે બોલી.

રામદાસ સ્તબ્ધ રહ્યો. કોઈ બોલતું નહોતું. ફરીથી માયા ઊછળી.

"કોઈ યુવાનનું ચિત્ર દોરવું એ પાપ છે? પોતાને ગમતી વસ્તુનું ચિત્ર દોરવું એટલે પાપ? તમારા હૃદયમાં કદી કોઈનું ચિત્ર નહોતું? તમારા હૃદયના દીવાનખાનામાં કોઈની તસ્વીર નથી? તમને જોઈને કોઈ નાચ્યું નહિ હોય કે? કોઈ હસ્યું નહિ હોય? તમે પાસે નથી એ જોઈને કોઈ કદી રડયું નહિ હોય? કે અમારા યુવકોની તમને અદેખાઈ આવે છે? પવિત્ર ગુરુદેવ અહીં છે. તેમના હૃદયને ધક્કો બેસે એવું કદી કંઈ કરીશું નહિ એની ખાતરી રાખજો. પાવિત્ર્યની મર્યાદા અમે પાળીએ છીએ."

ઉષઃકાળે ખીલવા માગતી કળી કેટલી પવિત્ર દેખાય છે? તે ધીમે રહીને હસે છે અને પોતાના અંતરમાંનું સૌન્દર્ય અને સૌરભ વિનયથી ડોક ઊંચી કરીને તે સૂર્યનારાયણને અર્પણ કરે છે. માનવી હૃદયમાં પ્રેમની કળી ધીમેધીમે વધતી જાય છે. વ્યક્તિનિરપેક્ષતાથી તે વધતી હોય છે. હું કોને માટે અંધારામાં દહાડેદિવસે ગૂઢ રીતે વધું છું, સુંદર થાઉં છું એની તે કળીનેય ખબર નથી હોતી. પણ જેને ખાતર એ કળી વધતી હોય છે, તે વ્યક્તિ એક દિવસ આવે છે. તેનું દર્શન થાય છે અને તે કળી પોતાનો વિકાસ તે વ્યક્તિને ચરણે ધરીને ધન્ય બને છે. તરુણોના જીવનમાં ખીલુંખીલું થતી તે કળી પવિત્ર હોય છે. તેને ચોળી ન નાખીએ, તેનો તિરસ્કાર ન કરીએ, તેને આશીર્વાદ દઈએ, તેનું મંગલ અને શુભ ચિંતીએ. ફરીથી બધાં સ્તબ્ધ બેઠાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેવટે મુકુંદરાવ બોલ્યા, "રામદાસ, આજે મેં જવાનું નક્કી કર્યું છે. સંભાળીને રહેજે. સાવધ રહેજે. દરિદ્રનારાયણની સેવા કરવાની છે તે ભૂલતો નહિ. તે યાદ હશે તો બધું સુંદર થશે."

"હું તમને વઢી. મને ક્ષમા કરો." ડુસકાં ભરતી માયા બોલી.

"મારા તમને આશીર્વાદ છે માયા. મારા હૃદયના દીવાનખાનામાં પણ છબીઓ હતી. છબીઓ ટિંગાડવાનો કોઈ કે પવિત્ર પ્રેમથી પ્રયત્ન પણ કર્યો. પણ તે બધી છબીઓ ઉપર માયા, મેં પડદા પાડ્યા છે. મારા હૃદયમાં હવે એકં જ છબી છે. તે મારી ભૂખી ભારતમાતાની. માયા, ગુલામીની, ભૂખમરાની ઘટોત્કચી માયા દૂર કરવાની છે તે તું ન ભૂલતી, બીજાને ભૂલવા ન દેતી." તેના મસ્તક ઉપર હાથ મૂકતાં મુકુંદરાવ બોલ્યા.

માયાએ મંદમધુર સ્મિત કર્યું. અશ્રુમાંથી હાસ્ય નીકળ્યું. ધુમ્મસમાંથી કોમળ કિરણ ફેલાયાં. મીઠી ભાવનાઓના બંધ થયેલા ફુવારા ફરીથી નાચવા લાગ્યા; ઊડવા લાગ્યા.

"રડીને તરત જ હસી. ખરી બંગાળી છે." રામદાસ બોલ્યો.

"રડાવીને તરત જ હસાવી ખરા કઠોર મહારાષ્ટ્રીય છો." માયા બોલી.

"મને હમણાં તું બંગાળી વાઘણ જ લાગી હતી." રામદાસ બોલ્યો.

"મને તમે લૂંટારુ મરાઠા લાગ્યા." માયાએ કહ્યું.

"માયા પોતાના પંજાવડે રામદાસને પકડી રાખવાની અને રામદાસ પણ માયાનું હૃદય ચોરીને લૂંટવાનો. એક વાઘણ અને બીજો લૂંટારો ચોર." મુકુંદરાવે હસીને કહ્યું.

"હવે આજે આટલું જ ચિત્ર બસ. હવે ફરીથી હું કહીશ ત્યારે અને કહીશ તેમ બેસવું પડશે; કહું તેટલું જ હસવું પડશે. છે કબૂલ ?" માયાએ પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" કબૂલ. એકદમ કબૂલ. " રામદાસ બોલ્યો.

" ચાલો આપણે આમનો સામાન બાંધીએ. " તે બોલી.

" મારી બલા એક વાર જલદીથી ટાળી દો. " મુકુંદરાવ હસતાં હસતાં બોલ્યા.

" હવે ફરીથી રડાવશો નહિ હો. " માયા બોલી.

" કોઈ રડાવવા મથે તોયે રડવું નહિ એ મહારાષ્ટ્રીય કલા જરા શીખ. " મુકુંદરાવે કહ્યું.

" ધીમેધીમે શીખીશ. ઉતાવળ નહિ જોઈએ. ઉલ્લુપણું નહિ. કોઈ ઉતાવળ કરશે તો બધું ફોગટ જશે. કળી ઉતાવળથી ખીલવીએ તો રંગ નહિ દેખાય, ગંધ નહિ ભરાય. " માયા બોલી.

" ચિત્રકારો એકંદરે બોલે બહુ. " રામદાસે કહ્યું.

" બજાવનારા જાણે મૂંગા જ હશે." માયાએ ટોણો લગાવ્યો.

મુકુંદરાવ ઊપડ્યા. માયા અને રામદાસ તેમને પગે લાગ્યા. જાત્રાળુ ગયો.

ક્યાં ગયો ? તે કઈ યાત્રા કરવાના હતા ? હાથીની જેમ ડોલનારા પંડ્યાઓ અને બડવાઓ જ્યાં દેવના રખવાલદાર હોય છે, ત્યાં તે જવાના હતા ? પવિત્ર મંદિરોનાં વિલાસસ્થાનો બનાવનારાઓ જ્યાં ધર્મરક્ષક તરીકે મહાલે છે ત્યાં તે જવાના હતા ? ના. એક વખત એવો હતો કે જ્યારે તેમણે એવી જાત્રાઓ કરી હતી. હવે જુદી જાત્રાઓ. કામદારોની ઝૂંપડીઓ, કિસાનોનાં ભાંગ્યાંતૂટ્યાં ઘર—એ હવે જાત્રાનાં ધામો. હવે તેમને શંકરાચાર્યની પીઠમાંથી, ન્યાયમીમાંસકોની પાઠશાળાઓમાંથી, વેદવેદાન્તનાં તત્ત્વજ્ઞાનમંદિરોમાંથી જ્ઞાન મેળવવાની ઇચ્છા નહોતી. કિસાનસંઘ, કામદારસંઘ એમની ક્રાન્તિકારક ચર્ચાઓ તેમને સાંભળવી હતી. અન્નબ્રહ્મ સહુને મેળવી આપીશ એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિજ્ઞા કરનારા તત્ત્વજ્ઞાનની હવે તેમને તરસ હતી. એ તત્ત્વજ્ઞાન ક્યાં મળે ? કામદાર વસતીમાંની કોઈ એક કોટડીમાં. એ કોટડીઓ એટલે જ શિવાલયો, જ્ઞાનમંદિરો. શંકરે દુનિયાને જિવાડવા માટે વિષપાન કર્યું પણ દુનિયાએ તેમને સ્મશાનમાં જગા આપી. કિસાન-કામદાર દુનિયાને સુખી કરવા માટે આજ સુધી કડવું વિષ પીતા આવ્યા. તેમને ઇનામ શું મળ્યું ? ભૂખમરો અને ઊંઘવાને માટે રસ્તો. આ અપમાનોનાં હલાહલ પીનારો શિવશંકર હવે રુદ્ર થવાનો છે અને પાપીઓને ભસ્મ કરવાનો છે. એ જ ક્રાન્તિ.

મુકુંદરાવ કલકત્તા આવ્યા. ત્યાં લાખો કામદાર પોલાદી સંગઠન કરતા હતા. કામદારોના સંઘની તેમણે પૂછપરછ કરી. સંઘની કચેરીમાં તે ગયા. દુનિયાની મહેનતુ જનતાને બોલાવનારો અને ધીરજ દેનારો લાલ વાવટો કચેરી ઉપર ફરકતો હતો. કચેરીમાં કામદારકાર્યકર્તાઓ ભેગા થયા હતા. આખો દિવસ તેઓ કામ કરતા અને ફરીથી કચેરીમાં આવતા. નવું જ્ઞાન મેળવતા. મુકુંદરાવ ત્યાંની બધી બાબતો નિહાળતા હતા. એક ફોટા તરફ તેમનું ધ્યાન ખેંચાયું.

"કોનો આ ફોટો ?" તેમણે પૂછ્યું.

"શહિદ યુસફનો." હલધરે કહ્યું.

"એ કોણ, શી કથા છે એની ?" મુકુંદરાવે પ્રશ્ન પૂછ્યો.

"તે એક દિવ્ય કથા છે. કરુણ કથા છે. પ્રેરક કથા છે." ચંદ્રશેખર બોલ્યો.

"મને કહો."

"સાંભળો. અહીં બેસો." હલધર બોલ્યો.

હલધરે તે ઇતિહાસ કહેવાનો આરંભ કર્યો.

"યુસફ એ એક કામદાર હતો. કિસાનકામદારોની કંગાલિયત દૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય તેની તેને બહુ જ લાગણી હતી. પણ જ્યાં સુધી કિસાનકામદારોમાં સંગઠન થયું નથી, અને તે સંગઠનને વિચારોનો મજબૂત પાયો મળ્યો નથી ત્યાં સુધી માથું ઊંચું કરવું અશક્ય છે એમ તે કહેતો. તેણે પોતાનું આખું જીવન, ક્ષણે ક્ષણ, છેલ્લો શ્વાસોચ્છ્‌વાસ પણ કામદારોને જાગ્રત કરવામાં, તેમને જ્ઞાન આપવામાં વાપર્યો. તે એક સાદો કામદાર જ હતો, પણ તે ધગી ઊઠેલો ઋષિ બન્યો. તે કામદારોનાં અભ્યાસી મંડળો ચલાવતો. તેમને લખતાંવાંચતાં શીખવતો. તેમનામાં જ હરેફરે. નવરો તો તે કદી જ ન હોય. કામદારોની હડતાળ વખતે તેને પકડવામાં આવ્યો. જેલમાં તેની તબિયત બગડી. અતિ શ્રમને કારણે તે થાકેલો તો હતો જ. જેલમાંથી તે ક્ષય લઈને બહાર આવ્યો.

"પણ બહાર આવતાંની સાથે તેણે પોતાનું કામ ફરીથી ચાલુ કર્યું. તે ભણાવતો, ઉધરસ ઊપડી આવે, ગભરાટ છૂટે. પણ ઉધરસ શમે એટલે ચીનનો, રશિયાનો, સ્પેનનો ઇતિહાસ કહેવા માંડે. તેના થૂંકમાં લોહી પડવા માંડ્યું. તોયે તે આરામ ન લે. તેની આંખો ઊંડી ગઈ. તે હાડકાંનું માળખું જ બન્યો. પણ યુસફ સ્વસ્થ બેસે નહિ. અમે તેને એક ધર્માદા દવાખાનામાં રાખ્યો, પણ ત્યાંયે તેનું કામ તો ચાલુ જ રહ્યું. પોતાના ખાટલા ઉપરથી પાસેના રોગીઓને તે કહેતો "તમે ગરીબ છો. તમને મટે એટલે તમે સંગઠનમાં જોડાઓ. કિસાનકામદારોના સંગઠનમાં નવું જ્ઞાન મેળવો." યુસફે દવાખાનામાં જ્ઞાનમંદિર ખોલ્યું. બાટલીઓમાંની પેલી દવાઓ! તે ક્યાં સુધી પહોંચવાની હતી? ખરો રોગ ભૂખમરાનો હોય છે. ગરીબોને ગંદી જગા, નિઃસત્વ અને તેય અર્ધા ભૂખ્યા રાખે એટલો ખોરાક. બાટલીઓમાંની દવાઓ શું કરે? ક્રાન્તિની સંજીવની માત્રા જોઈએ. મરવા પડેલો યુસફ જીવનારાઓને તે સંજીવન મંત્ર શીખવતો હતો. શરશય્યાપર સૂતેલા ભીષ્માચાર્યે છેવટનું જ્ઞાન ધર્મરાજાને આપીને પ્રાણ છોડેલો. ગળામાં ગુમડાં થયાં હતાં અને ડૉક્ટર બોલવાની મનાઈ કરતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા, તોયે શ્રી. રામકૃષ્ણ પરમહંસ બોલાતું હતું ત્યાં સુધી દર્શને દર્શને આવનારાની સાથે બોલતા જ હતા. તેવો જ આ ઋષિ યુસફ, એ બોલ બોલે એટલે થાકે. જીવ ગભરાય. જરા થોભીને પાછો બોલે. "જ્ઞાન મેળવો. વિચાર–પ્રસાર, સંગઠન. કિસાનકામદારોનું રાજ્ય. ઇન્કિલાબ ઝિન્દાબાદ" એ તેના હોઠ ઉપરના છેલ્લા શબ્દો હતા. એ જ તેનું રામનામ હતું."

મુકુંદરાવે યુસફની છબીને વંદન કર્યું. "કામદારોના મોક્ષની દિશા બતાવનારો દુનિયાને અજ્ઞાત એવો આ રામકૃષ્ણનો 'ઝૂંપડીમાંનો નવો અવતાર' છે." એમ તે પૂજ્યભાવથી બોલ્યા.

"આવો આ અજ્ઞાત ત્યાગ, આવાં આ મૂંગાં બલિદાનો ધ્યેયાર્થી કામદારો કર્યે જ જાય છે." અબ્દુલ બોલ્યો.

"તમારી તરફ હિંદુમુસલમાન પ્રશ્ન નથી?" મુકુંદરાવે પૂછ્યું.

"કિસાન અને કામદારો મુસ્લિમ લીગ અને હિંદુ મહાસભાના ઢોંગધતિંગ હવે પિછાનવા લાગ્યા છે. વચમાં એકવખત કેટલાક ગુંડાઓ એક બહેનને નસાડી જતા હતા. પણ અમે કામદારો જ તેને છોડાવી લાવ્યા. પહેલાં એક વખત એક અનાથ હિંદુ બાળક મળી આવ્યું. તેને છેવટે અમારી શરીફાએ ઉછેર્યું. ગુંડાઓ સ્ત્રીઓને ભગાડે છે અને તેઓ જમીનદારોના અને નવાબોના જનાનખાનામાં જાય છે. બેકાર ગુંડાઓનો એ ધંધો હોય છે. પેટિયાં માટે ગુંડાઓ આવાં કામો કરતા હોય છે. આ ગુંડાઓમાં હિંદુ અને મુસલમાન બન્ને હોય છે. પણ આનું કારણ બેકારી અને કંગાલિયત છે. આ બેકારી અને કંગાલિયત દૂર થયા વિના આ પ્રશ્ન ઉકેલાવાના નથી. તેને માટે તો સમાજ-રચના બદલવી જોઈએ. એક લક્ષાધીશ અને બીજો ભિક્ષાધીશ એ ચાલે નહિ. સ્ત્રીઓની આબરૂ કારખાનદારો, જમીનદારો અને શાહુકારો જ ખરેખરી રીતે લૂંટે છે: મિલમાં સ્ત્રીકામદારોની શી દશા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે? તેમના ચોટલા ખેંચાય છે. તેમનાં શરીર ભ્રષ્ટ કરવામાં આવે છે. અને જમીનદારોની ઝેરી નજરની લીલા કહેવા બેસું તો મહાભારત થશે. પેલો શાહુકાર આવે છે અને નિરાંતે ઘરબાર જપ્ત કરે છે. ખેડૂતની સ્ત્રી, તેને બિચારીને પૂરું વસ્ત્રય નથી હોતું. "બૈરી વેચીને પૈસા આપ" એમ આ શાહુકારો બેશરમપણાથી કહે છે. પહેલાં અમદાવાદમાં બનેલી એક સત્ય ઘટના એક કામદાર કહેતો હતો. રાત પડતી હતી, એક સ્ત્રી સાબરમતીને કાંઠે ગઈ. પહેરેલું વસ્ત્ર ઝટ છોડીને તે પાણીમાં પેઠી. તરત જ બહાર આવીને તે જ વસ્ત્ર તેણે ફરીથી વીંટાળ્યું. તેની પાસે બીજું વસ્ત્ર નહોતું. તે જ અમદાવાદમાં કરોડો વાર કાપડ પેદા થાય છે. કરોડો કિસાનકામદારોની આબરૂની આ વિરાટ હાંસી શું મુસલમાનો કરે છે? તેમને કોઈ એક મુસલમાન હિંદુ બહેનની લાજ લૂંટતો દેખાય છે. તેને શિક્ષા જરૂર કરવી જ. પણ તે ગુંડોજ હોય છે અને તેવા ગુંડા તો આપણામાં પણ હોય છે. પણ પેલા બીજા પ્રકારના ધનમત્ત ગુંડાઓ ગામેગામ, શહેરે શહેરે શાહુકાર, જમીનદાર, ઇનામદાર, કારખાનદાર ઇ૦ રૂપે રોફથી ફરતા હોય છે. તેમને વશ કોણ કરશે? કઈ મુસ્લિમ લીગના મુલ્લાંઓ કે હિંદુ મહાસભાના ધર્મભાસ્કરો આ આબરૂની વિરાટ હત્યા બંધ કરવા માટે પ્રયત્ન કરે છે? આ અમારી હરઘડીએ, દરેક ગામડે થતી બેઆબરૂ બંધ કરાવશો? એવો સીધો સવાલ કિસાનો હવે પૂછવા લાગ્યા છે. જ્યાં સુધી આ શોષણ છે, ત્યાં સુધી શાની અને કોની આબરૂ, શાની માણસાઈ, શાનો ધર્મ? બારીસાલ પ્રાન્તમાં કિસાનોએ પ્રચંડ સરઘસ કાઢ્યું. લીગવાળા અને હિંદુસભાવાળા ત્યાં ગયા અને હિંદુ અને મુસલમાન એવી ફાટફૂટ પાડવા લાગ્યા. પણ પેલા હિંદુ મુસલમાન કિસાનો બોલ્યા, "અમારી આબરૂનું સત્યાનાશ જમીનદારો કરે છે. તેમની સામે બળવો ઉઠાવો છો? કેવી રીતે ઉઠાવો? તેઓ તો તમને ફંડ પૂરું પાડે છે. તમારી સભાઓ એટલે નવાબો અને શ્રીમંતોની સભાઓ. ચાલ્યા જાઓ. આ ઉપરછલ્લું ધર્મનું દંભયુક્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અફીણ અમારે નથી જોઈતું. ધર્મ એટલે શોષણ અટકાવવું. શ્રમજીવીઓને માન તકિયે બેસનારા લફંગાઓને લાત! પછી તે હિંદુ હોય કે મુસલમાન હોય. ચાલ્યા જાઓ વાંદાઓ, અમે હિંદુ નથી કે મુસલમાન નથી. અમે બધા પિસાતા કિસાનો છીએ." હિંદુ સભાવાળા અને લીગવાળા કાળા ઠીકરા જેવા થઈ ગયા. પેલા હિંદુ મુસલમાન કિસાનો "કમાનેવાલે ખાએંગે, ઇસકે લિયે કુછ ભી હો; ઇન્કિલાબ ઝિન્દાબાદ; કિસાન કામદાર એક જુટ, કોણ પાડશે અમારામાં ફૂટ, થોભાવીશું શ્રીમંતોની લૂંટ" એવી ગર્જના કરતા પસાર થયા. તે ઇતિહાસ કહેતાં કહેતાં અબ્દુલની આંખોમાંથી જાણે તણખા ઝરતા હતા. ભાવનાઓને લીધે તેનું આખું શરીર ધ્રૂજતું હતું.

"હું જાઉં છું. તમારા સંગઠનમાંથી પ્રેરણા લઈને હું જાઉં છું. મહારાષ્ટ્રના કિસાન કામદારોને તે આપું છું." મુકુંદરાવે કહ્યું.

"આ લાલ હાથરૂમાલ અમારી સ્મૃતિ તરીકે લો." નટુએ કહ્યું.

"ખિસ્સામાંનો હાથરૂમાલ પણ લાલ?" મુકુંદરાવે આશ્ચર્યથી પૂછ્યું.

"લાલ વાવટો સદાયે પાસે જ જોઈએ. હોઠે જોઈએ, પેટમાં જોઈએ. હૃદયની સમીપ જોઈએ; માથામાં જોઈએ. કામ કરીને માથું ભારે થાય; પરસેવાથી રેબઝેબ થાય એટલે ખિસ્સામાંનો આ લાલ રૂમાલ અમે કાઢીએ છીએ. પરસેવો લૂછતી વખતે આ રૂમાલ માથાને કહે છે, "તારા દૈન્યને હું અટકાવીશ, ગભરાતો નહિ." પેટમાં ભૂખ લાગી હોય; આંખમાં પાણી આવતું હોય ત્યારે આ લાલ રૂમાલ આંખો લૂછીને કહે છે "તારી ભૂખ હું મટાડીશ, બીતો નહિ." આ રૂમાલ અમારો પરમેશ્વર છે; આ લાલ રૂમાલ અમારો આધાર છે." હલધર બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુકુંદરાવે તે લાલ રૂમાલને ચુંબન કર્યું. તેમણે તે ખિસ્સામાં મૂક્યો.

"ઇન્કિલાબ ઝિન્દાબાદ" બધા ગાજી ઊઠ્યા. મુકુંદરાવ જતા રહ્યા.

તે બિહાર અને ઓરિસ્સા પ્રાન્તમાં ફર્યા. જાગ્રત કિસાનોની પ્રચંડ સભાઓ તેમણે જોઈ. સભામાં આવનારા હજારો કિસાનો પા પા આનો, અર્ધો અર્ધો આનો મદદ તરીકે ત્યાં આપતા. કિસાન–સંગઠનને મદદ તરીકે આપતા. આ જ તેમનો દાનધર્મ. આ જ તેમનાં કીર્તન. આ જ તેમની સપ્તાહો.

"આ સાવ ફાટી ગયેલું ચોપાનિયું વાંચો છો ?" એક ગામડામાં મુકુંદરાવે પૂછ્યું.

"આ અમારો કિસાનોનો વેદ. આ વર્તમાનપત્ર છે, તેમાંનો અક્ષર ઊકલે છે ત્યાં સુધી અમે વાંચીશું. પછી વધેલો કટકો બીજાને આપીશું. એક એક છાપું હજારો હાથમાંથી પસાર થાય છે." ખેડૂત બોલ્યો.

"તમારે અહીં કિસાન સંઘ છે કે ?" મુકુંદરાવે પૂછ્યું.

"હા. આ રહ્યા અમારા કિસાન સંઘના મંત્રી. તે હરિજન છે. પણ ભણેલા છે એટલે તેમને જ મંત્રી બનાવ્યા." એક જણે કહ્યું.

"તમે આભડછેટમાં નથી માનતા ?" મુકુંદરાવે પૂછ્યું.

"શ્રીમંત ગરીબને અસ્પૃશ્ય માને છે. તે એક અસ્પૃશ્યતાની અમને ખબર છે, બીજી આભડછેટની અસ્પૃશ્યતા દૂર કરી નાખી છે. સમગ્ર દુઃખી અને પીડિત જનતા એક." એક યુવાન ખેડૂત બોલ્યો.

"અમારા મહારાષ્ટ્રના ખેડૂતો તો હરિજનોને છેટા રાખે છે." મુકુંદરાવે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તો પછી ત્યાંના કિસાનોનું દુઃખ દૂર કેવી રીતે થશે? જે બીજાનું અપમાન કરે છે, બીજાનું દુઃખ દૂર કરતો નથી, તેનો ઉદ્ધાર કેમ કરીને થવાનો? મહારાષ્ટ્રમાંના કિસાનોનો અમારો સંદેશ કહેજો કે તે ખોટા ધર્મને તિલાંજલિ આપી દો. શ્રમજીવીઓ બધા એક થઈ જાઓ. દિલ સાથે દિલ જોડો." લાગણીપૂર્વક એક કિસાન બોલ્યો.

"તમારા મહારાષ્ટ્રમાં કિસાનોની સારી સ્થિતિ છે ને?" એક જણે સવાલ પૂછ્યો.

"ના. ત્યાંયે શાહુકારરૂપી સાપ કિસાનોને ચૂડ ભરાવીને બેઠા છે. ખેડૂત પકવે છે તે બધું જતું રહે છે, તેની દીન અવસ્થા છે." મુકુંદરાવે કહ્યું.

"તો પછી તે ખડા થતા કેમ નથી?"

"તેમને કોઈ ખડા કરતું નથી."

"તમે કરો ખડા, સળગાવો તેમને."

"હા. તેજ કામ હવે છે. તેને જ માટે આ જાત્રા હું કરું છું. આજે તમારા ગામની જાત્રા કરી, પ્રેરણા મળી. રજા લઉં છું." મુકુંદરાવ બોલ્યા.

એવામાં ત્યાં પાર્વતી આવી. તેણે મુકુંદરાવને ફૂલહાર પહેરાવ્યો.

"પહેલાં અમે કિસાનોએ સત્યાગ્રહ કરેલો. આ પાર્વતીનો પતિ ત્યારે ગોળીબારથી મરી ગયો. પણ તે રડતી બેઠી નહિ. તેણે સેંકડો કિસાન સ્ત્રીઓને ખડી કરી, પતિના લોહીનો તેણે કપાળે ચાંલ્લો કર્યો. આ બહેન વીર છે, તે કિસાન નારીમંડળ ચલાવે છે." એક ભાઈએ પરિચય કરાવ્યો.

મુકુંદરાવે તે બહેનને નીચે નમીને પ્રણામ કર્યા. "મહારાષ્ટ્રમાંની કિસાન નારીને જાગ્રત થવાનું કહો. નારીની શક્તિ જાગ્રત થશે ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ ક્રાન્તિ થશે, તે સાચી માતાઓ હશે તો બાળબચ્ચાંને પેટ ભરીને ખાવાનું મળે, રહેવા ઘરબાળ મળે, જ્ઞાન મળે તે માટે ક્રાન્તિ કરવા તૈયાર થશે, પતિઓને સાથે લેશે. રૂઢિઓને ઠોકરે મારીને, કષ્ટ સહન કરીને, ઉજ્જ્વલ ભવિષ્યને ખાતર ખડી થશે. આ લો લાલ કંકુની ડબી, આ કંકુમાં મારા પતિનું લાલ લોહી મેં ભેળવ્યું છે. હું તેનો રોજ કપાળે ચાંલ્લો કરું છું. હું વિધવા નથી. મારું સૌભાગ્ય અમર છે. આ ડબી મહારાષ્ટ્રમાં લઈ જાઓ. ત્યાંની કિસાન–નારીના કપાળે આમાંના લાલ કંકુનો ચાંલ્લો કરી કહેજો કે બિહારમાંની સતીની આ ભેટ છે." પાર્વતી બોલી.

મુકુંદરાવે તે ડબી બરાબર સાચવીને મૂકી. વિદાય લઈને તે ઊપડ્યા. કેટલાયના હાથ સાથે તેમણે હાથ મિલાવ્યા. જાણે ભારતના પ્રાંત પ્રાંતના કિસાનો એકબીજાના હાથને મિલાવતા હતા.

મુકુંદરાવ ગંગાજમનાના પ્રદેશમાં ગયા. ગામડાંઓમાં રખડ્યા. કિસાનોને કંઈ જ હક્ક નથી. ખેડુતોને ઘર બાંધવાનો હક્ક નથી. જમીનદાર મનફાવે ત્યારે તેમને હાંકી કાઢી શકે. પણ કિસાનો હવે જાગ્રત થતા હતા. એક ગામડામાં તો તેમને મીઠો અનુભવ થયો.

"આ મારું નાનકડું ઘર. પંડિત જવાહરલાલજીને હાથે તે ખોલાવ્યું. જાણે કે કિસાનોનું ભાગ્યમંદિર, મોક્ષમંદિર તેમણે ખોલ્યું. તે ખરેખર અમારા દેવ જ છે." એક ખેડૂતે કહ્યું.

"તે અહીં આવ્યા હતા. અહીં ઊભા રહીને ભાષણ કર્યું હતું. અહીંની માટીને અમે હજીયે કપાળે અડકાડીએ છીએ. ચેતન દેનારી તે ચરણરજ છે." એક યુવક બોલ્યો.

"ગામડાંઓમાં હવે સંગઠન થયું છે. કોઈ મહાન નેતા આવવાના હોય એટલે યુવકો ગામેગામ રણશિંગાં ફૂંકીને કે ઢોલ વગાડીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાહેર કરે છે. બધાં કામ છોડીને હજારો ને લાખો સ્ત્રીપુરુષો, વૃદ્ધો, તરુણો, ભેગાં થઈ જાય છે. આશાનો નૂતન સંદેશ સાંભળે છે. " એક ખેડૂતે કહ્યું.

" સ્ત્રીઓ પણ જાગ્રત થઈ છે કે? " મુકુંદરાવે પૂછ્યું.

" હાં. કમ્મે નહીં! બાલબચ્ચે સાથ લેકર આતી હૈ, સુનતી હૈ " એકે કહ્યું.

મુકુંદરાવ કામદારોની કાશી કાનપુરમાં આવ્યા. ત્યાંનું સંગઠન વજ્રના જેવું મજબૂત, ત્યાંના વીરો ભારે નીડર, કાનપુર એટલે હિંદુ મુસલમાન રમખાણોનું કાયમનું સ્થાન. પણ આ જ સ્થળે પૂજ્ય ગણેશ શંકર વિદ્યાર્થીએ હિંદુ મુસલમાનોના રમખાણમાં પોતાનું બલિદાન આપ્યું. કાનપુરમાં આ રમખાણો કોણ મચાવે છે?

" અમારી કામદાર-વસ્તીમાં હિંદુ-મુસલમાન રમખાણ થતું નથી. કાનપુરમાં બીજે દાવાનળ સળગે છે, કામદાર વસ્તીમાં શાંતિ હોય છે. ઊલટું હિંદુ મુસલમાન કામદારો રમખાણને શાંત પાડવા વાસ્તે પોતાના જાન જોખમમાં નાખે છે. " મુકુંદરાવને કામદારોએ કહ્યું.

" ખરો ધર્મ તો એક દિવસ તમે કામદારો જ આપશો, જાગ્રત કિસાનો જ આપશો. કારણ કે તમે માણસાઈનો પરમ ધર્મ પિછાનો છો. " મુકુંદરાવે કહ્યું.

" અમને ધર્મ શબ્દ જ અળખામણો થઈ પડ્યો છે. ધર્મને નામે અમારું શોષણ ચાલે છે, ધર્મનો આત્મા તો અમારેય જોઈએ છે. પણ સહુને સુખી કરવા એ જ તે આત્મા છે. તે આત્માએ આજે દેશવટો લીધો છે. " એક કામદાર બોલ્યો.

" તમે તે આત્માને પાછો લાવો છો." મુકુંદરાવે ઉદ્ગાર કાઢ્યો.

કાનપુરમાંના હિંદુમુસ્લિમ કાર્યકર્તાઓની મુકુંદરાવે મુલાકાતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધી. કામદારોનાં સ્વયંસેવક દળ તેમણે જોયાં. તેમનાં યુનિયનો, તેમનાં અભ્યાસી મંડળો, બધું તેમણે જોયું. તે બધું જોઈને મુકુંદરાવને આનંદ થયો.

આમ આ નવભારતનો જાત્રાળુ ફરતો હતો, જોતો હતો, સાંભળતો હતો, મુલાકાતો લેતો હતો. જાગ્રત ભારતનો પરિચય કરતો હતો. પહેલાં કાશીની કાવડ રામેશ્વર લઈ જતા હવે કાનપુરની કાવડને કલકત્તા લઈ જવી જોઈએ. કલકત્તાની મહારાષ્ટ્રમાં લાવવી જોઈએ. વિશાળ ભારતમાં બધે એક જ ચૈતન્ય સંચરવું જોઈએ. બધાના હૃદયના ધબકારા એક સાથે થવા જોઈએ, તો જ ક્રાન્તિ થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮ શાન્તા તું ભણ

ગોવિંદરાવે રામદાસને છુટ્ટીમાં ઘેર બોલાવ્યો. પણ તે આવ્યો નહિ. હું આ તરફ જ ફરવાનો છું. અભયાશ્રમ, ખાદી પ્રતિષ્ઠાન વગેરે સંસ્થાઓ નિહાળવાનો છું એમ પિતાને તેણે જણાવ્યું. હું ઘેર જઈશ તો મારા લગ્નનો પ્રશ્ન પણ ઊભો થશે, નકામું ધાંધલ થશે, એ એક વિચાર પણ ઘેર ન જવામાં હતો. ભાઈ આવવાનો નહિ તે શાન્તાને જરાય ગમ્યું નહિ. વચમાં વચમાં તેનો પત્ર આવતો. પણ હમણાં ઘણા દિવસથી શાન્તાને તેનો પત્ર મળ્યો નહોતો. ભાઈ ગરીબ બહેનને ભૂલી ગયો કે શું ? ભાઈને કોઈ બંગાળી જાદુગરણે મોહમાં પાડ્યો શું ?

શાન્તા શિવતર ગઈ, તે મેટ્રિકની પરીક્ષા આપીને આવી હતી. મોહન હવે પુરુષોનો વર્ગ ચલાવતો. શાન્તા સ્ત્રીઓનો ચલાવતી. વખત મળે કે મોહન શાન્તા પાસે આવતો અને કંઈ નવું નવું શીખતો.

એક દિવસ રાત્રે રામરાવ, શાન્તા અને તેની મા વાતો કરતાં બેઠાં હતાં. શાન્તાના લગ્નની ચર્ચા ચાલતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" બાપુજી, મને ભણવા દો, ખૂબ ભણવા દો. દુનિયામાંનું જ્ઞાન મેળવવા દો. શાન્તાની પાંખો કાપશો નહિ. તેના પગ બાંધશો નહિ. " તે દુઃખપૂર્વક બોલી.

" બહુ ભણી. ગોવિંદરાવ કહે છે તો તે કેમ ન સાંભળીએ ? સારો સરદારનો છોકરો છે. જરજમીનવાળો રૂઆબદાર દેખાય છે. તેની સાથે લગ્ન કરવામાં શો વાંધો છે ? ગયે વર્ષે અમે તેના પિતાને કહેલું કે આટલી મૅટ્રિકની પરીક્ષા થઈ જવા દો. આવતે વર્ષે ઠોકી દઈશું. શાન્તા, હઠ ન કરીએ, ગોવિંદરાવના આપણે ઋણી છીએ, હજાર બેહજાર તેમના દેવા છે. તેમની ઇચ્છા આપણે અવગણીએ તો કેમ ચાલે ? અને આગળ ભણવાનું કહે છે તો મદદ કોણ આપશે ? પછી ગોવિંદરાવ મદદ કરશે ખરા કે ?" રામરાવે કહ્યું,

" ભાઈ મદદ મોકલશે, હું તેને લખીશ. " શાન્તા બોલી.

" ભાઈયે ક્યાંથી આપવાનો છે ? ગોવિંદરાવના જ પૈસાને ? તમને શ્રીમંતો વિશે આટલો તિરસ્કાર છે તેમના પૈસા શું કામ લો છો ? " પિતાએ કહ્યું.

" તે પૈસા શ્રીમંતોના નથી જ. તે પૈસા ઉપર પરમેશ્વરને ઘેર ગરીબોનો સિક્કો અંકાયેલો હશે. " શાન્તા ગુસ્સાથી બોલી.

" પરમેશ્વરને ઘેર જે હશે તે પરમેશ્વર જાણે, અહીંની દુનિયામાં તો તે તેમના જ પૈસા છે. " તે બોલ્યા.

" આ દુનિયા અમે બદલી નાખીશું, ઊથલપાથલ કરીશું. " શાન્તા બોલી.

" શું ધોળવાનાં છો તે દેખાશે. સરકાર કાળાપાણીએ મોકલી દેશે. પછી બેસશો રડતાં. સુખનો સંસાર મહાલવાનો છોડીને તમને અવદશા સૂઝે છે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બાપુજી, આસપાસ હજારોના સંસાર ધૂળ ભેગા થાય છે ત્યાં આપણે સુખેથી સંસાર કેવી રીતે મહાલીએ?" શાન્તાએ પૂછ્યું.

"મને તે સમજાતું નથી. તું લગ્ન કરવાની ન હોય તો પછી આગળ શું કરીશ? તને કોણ ભણાવશે?" પિતાએ ફરીથી પૂછ્યું.

"હું ગમે તે કરીશ. પણ આ લગ્ન નથી જોઈતું. કહે છે કે રૂઆબદાર છે. ભાઈના દત્તક વખતે મેં તેમને જોયા છે. પાળેલું કૂતરું સુંવાળું દેખાય. તેના કાનમાં કડી પહેરાવીએ, ડોકમાં કંઠી પહેરાવીએ તેથી તે કંઈ સિંહ થતો નથી. ખુશામતખોર કૂતરા સાથે લગન કરું? આવો મોટો સરદારનો છોકરો પણ ત્યાં એક અમલદાર આવ્યો હતો તો કેવો આખો વખત હા જી હા કર્યા કરતો હતો. તેને સ્વાભિમાનનો છાંટોયે નથી. આના કરતાં તો મજૂર સાથે લગન કરેલું શું ખોટું?" શાન્તા બોલી.

"કરજે બા મજૂર સાથે લગન કરજે ઝાડને ખોયું બાંધજે, શેઢા ઉપર છોકરું રાખજે અને કરજે ખેતરમાં કામ." મા બોલી.

"તેમાં ખરાબ શું છે? હજારો લાખો જીવે છે તેમ હું જીવીશ. તે હજારો સાથે ભળીને તેમને ક્રાન્તિ માટે તૈયાર કરીશ. પછી ક્રાન્તિ થશે. નાનાં બાળકોને સાચવનારાં બાલગૃહો કાઢવામાં આવશે. કામના કલાક ઓછા થશે. ખેતી શ્રમજીવીઓની થશે." શાંતાએ કહ્યું.

"તું અહીંયાં રહીશ નહિ. અહીં રહેવું હોય તો હવે પરણી જા. ભણવું હોય તો તું તારી ગોઠવણ કરી લે." રામરાવે સ્પષ્ટ કહી દીધું.

"સારું બાપુજી." એમ કહીને શાંતા ઊઠી ગઈ.

શાન્તા હવે ચિંતામગ્ન દેખાતી. ભાઈ પાસેય પૈસા શા માટે માગવા? અને તેનેય આ બહેનની યાદ ક્યાંથી હોય? શ્રીમંતોના પૈસા જ ખરાબ. તે પૈસા લેવાથી માણસ દુષ્ટ થાય છે, નિષ્ઠુર થાય છે. મેં આટલા દિવસ પેલું મરેલું અન્ન નકામું ખાધું. પણ હું ક્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાઉં, કેવી રીતે ભણું? આયુર્વેદ મહાવિદ્યાલયમાં જવાનું મન થાય છે. ઉપયોગી અને ઉપકારી વિદ્યા છે. પણ ત્યાંયે ખરચ તો થવાનું જ.

તે દિવસે શાન્તા ફરતી દૂર ગઈ. ગામ બહાર એક વિશાળ વડ હતો. તેની નીચે તે બેઠી. વિચાર કરવા લાગી. વિચાર કરતાં કરતાં તેની આંખોમાંથી પાણીની ધારા ચાલી. શાન્તા આજ સુધી કદી રડી નહોતી. આજે તે કેમ રડતી હતી? કોને માટે, શાને માટે રડતી હતી?

પાસે મોહન આવીને ઊભો રહ્યો હતો. તેનાં આંસુ લૂછવાનો તેને વિચાર આવ્યો. પણ પોતાના ખડબચડા અને કઠણ હાથથી અશ્રુ કેવી રીતે લૂછાય? ગામડાંના મજૂરની પાસે હાથરૂમાલ શેનો હોય? પાસે હાથરૂમાલ ન હોવાથી મોહન આંસુ લૂછી શકતો નહોતો, કે તેને સંકોચ થતો હતો? શું કરવું તે મોહનને સૂઝ્યું નહિ.

છેવટે શાન્તાએ પોતાની મેળે જ આંખો લૂછી. તેણે મોહન તરફ જોયું. તેને પોતાનાં આંસુની શરમ આવી હશે? બીજાએ પોતાને રડતી જોઈ તે તેને ખરાબ લાગ્યું હશે? તે હવે ગંભીર થઈ, શાન્ત થઈ.

"શાન્તા કેમ રડતી હતી?" મોહને પૂછ્યું.

"કોણ કહે છે હું રડતી હતી?" તેણે પૂછ્યું.

"મેં જોયું. સામે ઊભો તો હતો." તે બોલ્યો.

"ઊભો હતો તે આંસુ કેમ લૂછ્યાં નહિ? દુનિયામાં આંસુ જોનારા ઘણા છે, આંસુ લૂછનારાની જ ખોટ છે." તે બોલી.

"શાનાથી લૂછું? તેણે પૂછ્યું.

"જેને દિલથી બીજાના આંસુ લૂછવાં છે તેને શેનાથી લૂછું એવો સવાલ જ થતો નથી, મોહન." તેણે કહ્યું.

"શાન્તા, મારા આ ખડબચડા હાથથી તારા આંસુ લૂછું! આંખમાંથી પાણી નીકળતું બંધ થયું હોત પણ લોહી નીકળ્યું હોત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો આ હાથ, આ હાથ ફેરવું તો સોરાશે. ખેડૂતના હાથ એટલે કાચ-પેપર." તે જરા હસીને પણ ગંભીરતાથી બોલ્યો.

મોહન, કાચપેપર ખડબચડો હોય છે પણ બીજી ખડબચડી વસ્તુને સુંવાળી બનાવે છે, સુંદર સુકુમાર બનાવે છે. તારા આ ખડબચડા હાથ અડવાથી મારી આંખો વધારે સુંદર થઈ હોત. વધારે મીઠી થઈ હોત. તું મારી આંખો લૂછે તેથી તો હું રડતી હતી. નહિ તો આજ સુધી આ આંખો કોઈના દેખતાં રડી નથી. તું મારાં અશ્રુમાંથી સામે દેખાતો હતો, તોયે મેં આંસુ રોકયા નહિ. મનમાં કહ્યું કે આંસુ લૂછનારો સામે છે તો પછી શું કામ રોકું? મોહન, તું પણ મારો નથી. તું યે દૂરનો." શાન્તાની આંખો ફરીથી ભરાઈ આવી.

મોહને તે લૂછી.

"હવે દૂરનો નથી ને?" ધીમેથી બોલ્યો.

"આમ બીજાના કહેવા શીખવવાથી શું?" તે બોલી.

"તું જ કહેતી હોય છે ને કે વખત મળે ત્યારે મારી પાસે આવજે. શીખવીશ. હું અણઘડ છું. શીખવીશ તેવું કરીશ." તે બોલ્યો.

"મોહન, શાન્તા હવે તને શું શીખવે? તેનું જ શીખવાનું બંધ થયું છે." તે બોલી.

"કેમ વારુ?" તેણે પૂછ્યું.

"શીખવા માટે પૈસા જોઈતા હોય છે. ગોવિંદરાવ હવે પછી પૈસા આપવા તૈયાર નથી. પિતાજી કહે છે કે પેલા શ્રીમંત કૂતરા સાથે લગ્ન કર. ભાઈ પાસે પૈસા માગું પણ તેનો તો હમણાં પત્ર પણ નથી. હું મનમાં કહેતી કે ડોકટર થઈ આવું. ગામડાંઓમાં સેવા કરતી ફરું. બધું મનનું મનમાં–" તે બોલી.

"શાંતા, તું ભણ. હું આપીશ પૈસા. મારા પૈસા નહિ ચાલે?" તેણે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તું ક્યાંથી આપીશ પૈસા? તારે વૃદ્ધ માતપિતા છે. મહેનત મજૂરી કરીને તું પૈસા કમાય, તેમાંથી તે શું બચવાના હતા?" તેણે કહ્યું.

"શાન્તા, ફરીથી લગ્ન કરવાના વિચારથી હું પૈસા સંઘરતો હતો. તે છે થોડા મારી પાસે." તે બોલ્યો.

"લગ્ન માટે તારે પૈસા શું કરવા છે?" તેણે પૂછ્યું.

"મને હવે કોઈ છોકરી આપતું નથી. છોકરી આપે એટલે તે મરવાની એવું છોકરીના મા બાપને લાગે છે. તો પણ કોઈ ગરજુ બાપ મળે તો તેને પૈસા આપીને લગ્ન કરું એમ મનમાં આવતું." તે બોલ્યો.

"તે છોકરી મરી જાય એનું તને કંઈ મનમાં થતું નહોતું?" તેણે પૂછ્યું.

"મારી સાથે લગ્ન ન કરનારી બધી અમર જ થવાની છે કે?" તેણે પૂછ્યું.

"તો આજે કોઈ ગરજુ છોકરી મળી લાગે છે. તેને વેચાતી લેવાનો." શાન્તા હસીને બોલી.

"શું બોલે છે આ? ભણનાર લોકોને હૃદય નથી હોતું." તે બોલ્યો.

"મારી પાસે ભણવાથી તારું હૃદય મરી ગયું કે વિકસ્યું?" તેણે પૂછ્યું.

"તો લઈશને મારા પૈસા? ખરી મહેનતના પરસેવાના પૈસા?" તે બોલ્યો.

"તે પૈસા કેટલા દિવસ પહોંચશે?" તે બોલી.

"હું મિલમાં નોકરી કરવા જાઉં? મને મિલમાં નોકરી મળવાની હતી. પણ તેં ગામમાં ભણાવવાનું કામ આપ્યું. ગુરુનું માનવું જોઈએ." તે બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" તું મિલમાં નોકરી કરીને મને પૈસા આપવાનો ?" તેણે પૂછ્યું.

" હું પારકો ન હોઉં તો લેવામાં શો વાંધો છે? ભણી આવ. પછી ગામડાં સળગાવ. કિસાન કામદારને સળગાવ." તે બોલ્યો.

" હું એકલી કેવી રીતે સળગાવું ?" તેણે પૂછ્યું.

" મુકુંદરાવ આવશે, રામદાસભાઈ આવશે, કેટલાયે આવશે." તે બોલ્યો.

" અને તું ?" તેણે પૂછ્યું.

" તું હોય એટલે હું દૂર રહેવાનો છું કે? તું એટલે હું અને હું એટલે તું." તે બોલ્યો.

" ખુલ્લી હવામાં રહેનારો તું. મિલમાં જઈને બીમાર થઈશ. તારા મોઢા ઉપરનું આ તેજ ઊડી જશે." તે બોલી.

" મોઢા ઉપરનું ઊડી જશે. પણ હૃદયમાં ત્યાગ અને પ્રેમનું ખીલી ઊઠશે. ગામડાંની ખુલ્લી હવા નહિ મળે. પણ જીવનમાં મીઠા પ્રેમની હવા વહેશે. અંતે તો માણસને પ્રેમનો રોટલો, પ્રેમનાં હવા-પાણી એ જ વધારે માફક આવે છે. આત્મા તેને લીધે જ પુષ્ટ થાય છે." તે બોલ્યો.

" પણ તે પુષ્ટ આત્મા શરીર વિના રહી શકતો નથી. શરીરમાં રહીને જ આત્મા પ્રેમનો આસ્વાદ લઈ શકે છે." તે બોલી.

" શાન્તા, તું વધારે ભણેલી. મને દલીલ કરતાં આવડતી નથી. તું જા. ભણ, ખૂબ ભણ. હું નોકરી કરીશ, ગમે તે કરીશ. તને પૈસા મોકલીશ. તું આગળ જતાં કિસાન કામદારો માટે લડત ચલાવવાની છે. તો કિસાન કામદારોએ તને મદદ કરવી જોઈએ. અમે યુવકો તને મદદ કરીશું." તે બોલ્યો.

" મોહન તું જા. તારે ક્લાસ ચલાવવાના હશે." તે બોલી.

" જાઉં છું પણ છેલ્લું કહું છું. તું ભણ, ભણ. રડીશ નહિ. હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોસ ચલાવવા જાઉં છું. પણ તું તારો કોસ ચલાવતી નહિ." તે બોલ્યો.

"જીવનની વાડી પકવવા માટે આ કોસની પણ જરૂર હોય છે. હૃદયના કૂવામાં ઊંડું ઊંડું પાણી હોય છે. ત્યાં રોજ કોસ ચલાવીએ તો મરી જઈએ. પણ માસ છમાસે તે કોસ ચલાવવો પડે છે. તેને લીધે કૂવામાંનું પાણી પણ નિર્મળ રહે છે. જીવન પણ લીલું છમ લાગે છે." તે બોલી.

"જાઉં હું?"

"જા તારા ખેતરનો માલિક ક્રોધી છે."

"મારા ખેતરનો માલિક પ્રેમાળ છે, મીઠો છે."

"જા જલદી. ખેતરનો માલિક અહીં આવશે અને ગાળો ભાંડશે."

"માલિક અહીંયાં જ છે. નજીક જ છે."

"ક્યાં છે 'લ્યા લુચ્ચા?"

"આ મારી સામે!"

"ગાંડો છે મોહન!"

"પણ તું ભણ અને ડાહી થા. શાંતા તું ભણ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯ પ્રદ્યોત

"માયા, સૂતર કાંતતી શું બેઠી છે? રજાઓમાં તો મોજ ઉડાવવાની. ચાલ આપણે કેરમ રમીએ." પ્રદ્યોતે કહ્યું.

"સૂતર કાંતવામાં જ મને મોજ આવે છે." તેણે કહ્યું.

"આ ગાંડપણ ક્યાંથી લઈ આવી? પહેલાં તો સૂતર જોઈને નાસી જતી હતી. ખાદી નહિ જોઈએ એમ કહેતી હતી." તેણે પૂછ્યું.

"પ્રદ્યોત, આપણે રોજ બદલાતા હોઈએ છીએ. પહેલાંના આજે નથી હોતાં. આજના કાલે નહિ હોઈએ. નાનપણમાં મને ઘરઘરની રમત ગમતી. આજે ગમે છે? નાનપણમાં હું ઢીંગલાં ઢીંગલીના લગ્ન કરાવતી, આજે કરાવીશ? માણસ પહેલાંનું કેટલુંક છોડે છે, કેટલુંક લે છે. નહિ?" તેણે પૂછ્યું.

"માયા, તને યાદ આવે છે પેલો દિવસ? અમથી રમતના લગ્નમાં તું થઈ હતી વહુ અને હું થયો હતો વર. હું વર મેં તને મારી હતી. તું રડતી બેઠી હતી." પ્રદ્યોત યાદ કરાવી આપતો હતો.

"પેલો તમારે ત્યાંનો નોકર લાડુ ક્યાં ગયો 'લ્યા? બૈરીને બસ માર્યા જ કરતો." માયાએ પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“ તે કલકત્તાની મિલમાં ગયો. અમારે ત્યાંની નોકરી તેણે છોડી દીધી. ગામડાંની સુખની નોકરી તેના નસીબમાં નહોતી. ” પ્રદ્યોતે કહ્યું.

“ સુખની શાની? કેટલો પગાર તેને આપતા હતા?” માયાએ પૂછ્યું.

“ વરસના ૭૫ રૂપિયા, થોડા છે કે? આ ઉપરાંત વધ્યુંઘટ્યું ખાવાનું તેને જ મળતું. અમારા ફાટેલાં કપડાં તેને જ ઘેર જતાં.” તે બોલ્યો.

“ એટલે તમારે ત્યાંની નકામી ચીજોનો તે ઉકરડો હતો! નકામી ચીજો લાટુના શરીર ઉપર! પ્રદ્યોત, ૭૫ રૂપિયામાં તે કેમ કરીને રહી શકે? તેને કેટલાંયે છોકરાં, ભગવાન દરિદ્રનારાયણને છોકરાં પણ ખૂબ આપે છે. બિચારી લાટુની વહુ કાઈ જતી, પછી તે છોકરાંને મારતી, તે છોકરાંને મારે એટલે લાટુ તેને મારતો.” માયા ઉદ્વેગથી બોલી.

“ રોજનો તે દેખાવ જોઈને જ મેં નક્કી કર્યું કે બૈરીને રડાવે તે વર. એક દિવસ મેં બાપુજીને પૂછ્યું, તમે બાને રડાવો છો કે? તો બાપુજીએ તમાચો લગાવી દઈને મને જ રડાવ્યો.” પ્રદ્યોત બોલ્યો.

“ પ્રદ્યોત, નાનપણમાં રમતમાંની વહુને રડાવી. મોટપણમાં ખરી વહુને ન રડાવતો હો.” માયા બોલી.

“ મોટપણની વહુનું હજી ઠેકાણું જ ક્યાં છે? મળશે ત્યારે ખરી.” તેણે કહ્યું.

“ ન કેમ મળે? હવે તું ડૉક્ટર થવાનો, શ્રીમંત થવાનો. કેટલાંયે માબાપને થતું હશે કે આપણી છોકરીને પ્રદ્યોત જેવો છોકરો મળે તો સારું.” તે હસીને બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"માબાપ તો બધુંયે કહે, પણ આજકાલ માબાપનું સાંભળે છે કોણ? તારાં માબાપ જો તને કહે કે પ્રદ્યોત સાથે લગ્ન કર તો તું તૈયાર થઈશ?" તેણે પૂછ્યું.

"બળ્યું. આવું શું પૂછે? પણ તને બોળી આપું કે છોકરી, બોલ? શાંતિનિકેતનમાંથી એકાદ લાવી આપું. કેવી જોઈએ કહે. નૃત્યકલા જાણનારી, ગાયન જાણનારી કે કાવ્ય કરનારી? તેણે પૂછ્યું.

"ચિત્રકળા જાણનારી મારે જોઈએ." તે બોલ્યો.

"વાત કરતાં કરતાં કાંતવું ફાવતું નથી. તૂટે છે જો." તે બોલી.

"નાખી દે તે રેંટિયો. માયા, હું આ ખાટલા ઉપર બેસું છું અને તું તારી ચિત્રકલા ભૂલી ગઈ લાગે છે. રેંટિયો આવે એટલે કલા ભાગવાની જ." તે બોલ્યો.

"રેંટિયો કલાનો શત્રુ નથી. ખાદી–પ્રદર્શનમાં કેટલી બધી સુંદર વસ્તુઓ હોય છે. રેંટિયો જીવનની કલા આપે છે. જીવનને સુંદર બનાવે તે જ કલા. લાખો દરિદ્રી લોકોના જીવનમાં માધુર્ય લાવનારો રેંટિયો, તેમનાં બાળબચ્ચાંના મુખ ઉપર ગુલાબી રંગ લાવનારો રેંટિયો, તેમના દુઃખી જીવનમાં સંગીત લઈ જનારો રેંટિયો, તે રેંટિયામાં કલા નહિ હોય તો શેમાં હશે? રેંટિયો એટલે કલાનિધિ. પહેલાં હું રંગની પીંછીઓ આંગળીઓમાં ઝાલતી. હવે આ કપાસની પૂણીઓ ઝાલું છું. મારું કલાનું અભિમાન ગયું. ખરો કલાવાન ખેડૂત છે. તે ઉજ્જડ જમીનને હરિયાળી બનાવે છે. પણ આવો કલાવાન આજે વિકલ થયો છે; તેના જીવનમાં જે આનંદ ઉપજાવશે તે જ ખરો કલાપૂજક." માયા બોલી.

"યંત્રયુગમાં રેંટિયો ટકશે કેવી રીતે?" તેણે પૂછ્યું.

"બંગાળમાં આચાર્ય પ્રફુલ્લચંદ્રના કરતાં શાસ્ત્રોની વિશેષ મહત્તા કયો શાસ્ત્રજ્ઞ જાણે છે? પણ યંત્રની અને વિજ્ઞાનશાસ્ત્રીની મહત્તા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ આચાર્ય આજે ઘડપણમાં ગામડાંમાંના ખેડૂતોને રેંટિયાનો સંદેશ સુણાવે છે. તે મૂર્ખ છે? ગરીબોએ વણેલી ખાદી લ્યો એમ તે સદા યે કહે છે. તે ગાંડા છે? પ્રદ્યોત, તું ખાદી વાપરવા માંડ." માયાએ કહ્યું.

"હું ખાદી વાપરું તો શું થાય?" તેણે પૂછ્યું.

"દરિદ્રી બંધુને કોળિયો મળશે." તે બોલી.

"બીજું શું થાય?" તેણે ફરીથી પૂછ્યું.

"મહાત્માજીને આનંદ થશે." તે બોલી.

"બીજું શું થશે?" ફરી તેણે પ્રશ્ન પૂછ્યો.

"પ્રશ્ન પૂછનારો આવો મૂરખ ન રહેતાં ડાહ્યો થશે." તે બોલી.

"માયા, તારી પેલી ચિત્રપોથીમાં પેલું ચિત્ર કોનું છે?" તેણે પૂછ્યું.

"તેં એ ક્યારે જોયું?" તેણે પૂછ્યું.

"ગઈ કાલે હું મારી ચોપડી લેવા આવ્યો હતો. તું ઘેર નહોતી. તારી બાએ કહ્યું 'તેની બેગમાં જો.' ચોપડી જડી નહિ, પણ તારી કલા જડી. કોનું છે એ ચિત્ર? ખરા માણસનું કે ખોટા માણસનું?" તેણે પૂછ્યું.

"ખોટા માણસનું ચિત્ર મેં હજી સુધી ચીતર્યું નથી." તેણે કહ્યું.

"એટલે મારું ને?" તેણે પૂછ્યું.

"આમ બીજાની બેગમાંનું જોઈ લેવું એટલે ખોટાપણું ન કહેવાય કે?" તેણે પ્રશ્ન પૂછ્યો.

"પણ મને તું બીજી લાગતી નથી. નાનપણથી આપણે એકમેકને ઓળખીએ છીએ. આપણે સાથે રમ્યાં છીએ. હું તને તળાવમાંની લાંબી દાંડીનાં કમળ લાવી આપતો. કમળ હાથમાં પકડીને તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાંડી વડે મને તું મારતી. માયા, મને લાગતું કે આપણે જુદાં નથી. આજે મને સમજાયું કે આપણે જુદાં છીએ. આપણને એકમેકને જુદાં કોણે કર્યાં ? પેલા ચિત્રે. લાવ તે ચિત્ર ફાડી નાખીએ અને આપણે એક થઈએ. " તે બોલ્યો.

" પ્રદ્યોત. જા હવે. મને કાંતવા દે. આખો વખત બસ તારી પટપટ અને ટકટક. " તે કંટાળીને બોલી.

" મારી પટપટ તો મારા મરતાં સુધી તારી પાછળ રહેવાની જ.", તે બોલ્યો.

એવામાં પ્રદ્યોતના પિતા અક્ષયકુમાર ત્યાં આવ્યા.

" ક્યાં સુધી તારી રાહ જોઈએ ? આવે છે ને ઈંટો જોવાને ?" તેમણે પૂછ્યું.

" આ માયા અહીં ઝગડો લઈને બેઠી છે. " તે બોલ્યો.

" કાલે લગ્ન થયા પછી કરજો ઝઘડો. આજે નહિ. નહિ તો આજે જ કરી લો. પછી નહિ. " તે બોલ્યા.

" ઈંટો શાને માટે અક્ષયબાબુ ? " માયાએ પૂછ્યું.

" તને રહેવા માટે જોઈએ ને સારો બંગલો ? જોઈએ ને સુંદર દીવાનખાનું ? પછી ત્યાં સુંદર છબીઓ ટિંગાડજે. કે તું પોતે જ ત્યાં ચિત્રો ચીતરવાની ? " તેમણે પૂછ્યું.

" એ તો ત્યાં ભૂતની જેમ સૂતર કાંતતી બેસશે. " પ્રદ્યોતે કહ્યું.

" પણ સૂતર કાંતનારું ભૂત ત્યાં આવે જ શું કરવા ? તે તો ચાલ્યું નાસી. " માયા બોલી.

" ચાલ પ્રદ્યોત, તેને કાંતવા દે " અક્ષયબાબુએ કહ્યું.

પિતાપુત્ર બહાર નીકળ્યા. ત્યાં તો રમેશબાબુ આવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“ ચાલ્યા અક્ષયબાબુ ? ક્યારના આવેલા ? ” તેમણે પ્રશ્ન પૂછ્યો.

“ હમણાં જ આવ્યો હતો અને જાઉં છું. ” તે બોલ્યા.

“ પાન લ્યોને. બેસો. ” રમેશબાબુએ આગ્રહ કર્યો. બંને મિત્રો ત્યાં પલંગ ઉપર બેઠા.

“ માયા, પાનની તાસક લાવ જોઉં. ” રમેશબાબુએ હાંક મારી કહ્યું.

“ માયાએ તાસક આણી મૂકી. બંને મિત્રોએ તાંબુલ બનાવી આરોગ્યું. પ્રદ્યોતે પણ પાન ખાધું અને એક પાન બનાવી માયા આગળ ધર્યું. તેણે તેને કહ્યું, “ માયા, આ પાન ખા. જો તારું મોં લાલ થાય તો તારો મારા ઉપર પ્રેમ છે એમ સિદ્ધ થશે. ” માયા બોલી, “ એમ નહિ. તારા હાથના બનાવેલા પાનથી મારું મોં લાલ થાય તો તારો મારા ઉપર પ્રેમ છે એમ બહુ તો સિદ્ધ થાય. મારો તારા ઉપર છે એ નહિ સિદ્ધ થાય. ” પ્રદ્યોતે તરત જ કહ્યું, “ તો પછી તુંયે મને એક બનાવી આપ. જો મારું મોં લાલ થશે તો તારોયે પ્રેમ મારા ઉપર છે એ સિદ્ધ થશે. ” પ્રદ્યોતે કહ્યું.

માયાએ પાન બનાવી આણી આપ્યું. પ્રદ્યોતે ખાધું. તેણે જીભ બહાર કાઢીને જોઈ. પણ તે રંગાઈ નહોતી. તે ઝંખવાણો પડ્યો.

“ માયા, તેં લુચ્ચાઈ કરી. પાનમાં કાથો, ચૂનો બધી જ વસ્તુઓ નાખી હતી કે ? ” તેણે પૂછ્યું.

“ બધી વસ્તુઓ નાખ્યા પછી પ્રેમની પરીક્ષા તે શાની ? પ્રેમનો અભંગ અનંત રંગ અંતરંગમાં હોય તો બધી વસ્તુઓ ન નાખતાં પાન રંગાવું જોઈએ. વિશ્વભારતીમાં એક મહારાષ્ટ્રીય યુવક છે. તેણે એક મરાઠી સ્ત્રી–ગીત સંભળાવ્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अतिप्रीत यहु प्रीतीचीं दोघेंजण
विडा रंगे कातावीण वैनीवाईचा

(બન્ને વચ્ચે એટલો પ્રેમ છે કે કાથા વગર પણ ભાભીનું પાન રંગાઈ જાય છે.)

કાથો નાખ્યા વિના પાન આપ્યું તોયે બંનેનું તે રંગાતું. એ ખરો પ્રેમ." તે બોલી.

"તમે બંનેએ આવી રીતે એકમેકને આપેલું કે?" તેણે પૂછ્યું.

"અમારો અરસપરસ ઉપર પ્રેમ છે કે નહિ તે શોધવાની હજી સુધી અમને જરૂર લાગી નથી." તે બોલી.

"મરાઠી ગીતો પણ તેં મોઢે કરવા માંડ્યાં." તેણે પૂછ્યું.

"વંદેમાતરમનો આ જ અર્થ છે. હિંદુસ્તાનમાંના આપણા બધા બંધુઓની ભાષાઓ આપણને થોડી થોડી આવડવી જોઈએ. આપણા આશુતોષ મુખર્જી હતા ને, તે મદ્રાસ તરફ ગયેલા. એક મિત્રને ત્યાં ઊતરેલા. તે મિત્રનાં છોકરાં સાથે તેમને વાત કરતાં ન આવડે. તેમને દુઃખ થયું. આશુતોષને ખિન્ન જોઈને મિત્રે પૂછ્યું 'છોકરાંએ ઘોંઘાટ કરી મૂક્યો કે શું?' આશુતોષે કહ્યું, 'તારાં છોકરાં મારી પાસે આવતાં હતાં, પણ મને એક શબ્દ પણ તેમની સાથે બોલતાં આવડતો નહોતો. તારે ત્યાં આવતાં પહેલાં તારી ભાષાના ચાર શબ્દ પણ મોઢે કરીને આવ્યો હોત તો આ છોકરાંનાં હૃદયો સાથે એકતા સાધી હોત.' પ્રદ્યોત, મરાઠી ભાણું તો તે કંઈ ખરાબ નથી." માયા બોલી.

"તે જ મહારાષ્ટ્રીય યુવક તને ભણાવે છે ને?" તેણે પૂછ્યું.

"હા. હુંયે તને બંગાળી શીખવું છું." તે બોલી.

"તેનું જ ચિત્ર તેં પેલું ચીતર્યું છે ને?" તેણે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં અક્ષયકુમારે મોટેથી હાંક મારી અને પ્રદ્યોત બહાર ગયો. પિતાની સાથે ઈંટો જોવા તે ગયો. રમેશબાબુ અંદર આવ્યા. માયા સૂતર કાંતતી હતી.

" આટલું બધું સૂતર શાને માટે, માયા ?" તેમણે પૂછ્યું.

" મારે તેનું કપડું વણાવવું છે. રજાઓ તો થોડી રહી." તે બોલી.

" માયા, અક્ષયબાબુ મારી પાછળ પડ્યા છે. શું કરવું છે તે કહે." તેમણે વાત કાઢી.

" કઈ બાબતમાં ?" તેણે પૂછ્યું.

" જાણે કે ખબર જ ન હોય. બહુ લુચ્ચાં છોકરાં છો હોં તમે. આટલો વખત પ્રદ્યોત અહીં હતો. તેં તેને પાન બનાવી આપ્યું. તેણે તને આપ્યું. માયા, અમે હવે ઘરડા થયા. તમારું બંનેનું એક વાર લગ્ન થઈ જાય એટલે છૂટ્યા. અક્ષયબાબુ અને હું મિત્રો. ક્યારનુંયે અમે બંનેએ નક્કી કરી મૂક્યું છે કે, તમારા બંનેના હાથ જોડવા. કહે, શરમાતી નહિ." પિતાએ કહ્યું.

" નથી જોઈતું મારે લગ્ન." તે બોલી.

" ગાંડી છે. પાન આપે છે અને લગ્ન નથી જોઈતું કહે છે !" તે હસીને બોલ્યા.

" બાપુજી, પાન આપવું એટલે કંઈ વિશેષ અર્થ છે શું ? બહેન ભાઈને કદી પાન નથી આપતી કે ? ભટજી જમવા આવે છે ત્યારે તેમને હું નથી આપતી પાન બનાવીને ? અમારા નિરર્થક પાનમાં અનર્થ જોશો નહિ." માયાએ કહ્યું.

" હું અર્થ જ જોઉં છું." પિતા બોલ્યો.

" તે વ્યર્થ છે." તે બોલી.

" પ્રદ્યોતનો તારા ઉપર પ્રેમ છે." પિતાએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારે લગ્ન નથી કરવું." તેણે ફરીથી કહ્યું.

"આમ કરવાથી પ્રદ્યોત પાગલ થશે, ગાંડો થશે. મારા મિત્રનો તે એકનો એક પુત્ર છે. ઘડપણમાં મારા મિત્રને દુઃખ થશે તો હું પણ દુઃખી થઈશ." પિતાએ કહ્યું.

"બાપુજી, પ્રેમ ન હોવા છતાં મારે પ્રદ્યોત સાથે લગ્ન કરવું એમ અક્ષયબાબુ કહેશે કે? તમે પણ કહેશો?" માયાએ પૂછ્યું.

"માયા, પ્રેમ પછી ઉત્પન્ન થાય છે. પરિચયે પ્રેમ વધે છે. કાથો અને ચૂનો દૂર છે ત્યાં સુધી રંગ નથી હોતો. નજીક આવે એટલે આવ્યો જ છે રંગ."

"પણ બે પથરા નજીક આવે તો? બંદૂકનો દારૂ અને તણખો નજીક લાવીએ તો?" તે બોલી.

"હું માનતો હતો કે તારો એના પર પ્રેમ છે." પિતા બોલ્યો.

"બાપુજી, મારે ભાઈ નથી. પ્રદ્યોત મને મારો ભાઈ હોય એમ લાગતો. પણ આ તો કંઈ ત્રીજું જ નીકળ્યું." ખિન્ન થઈને તે બોલી.

"તો પછી તું આવી જ રહેવાની?" પિતાએ પૂછ્યું.

"ભગવાનની મરજી હશે તેવું થશે." તે બોલી.

ધીમે ધીમે પ્રદ્યોત મારફત રમેશબાબુને જણાયું કે માયાનો કોઈ એક મહારાષ્ટ્રીય યુવક ઉપર પ્રેમ છે. મહારાષ્ટ્ર અને બંગાળ કેટલા દૂર. માયા મહારાષ્ટ્રમાં જશે! અમને વૃદ્ધોને મૂકીને તે આટલી દૂર જશે? માયા નજીકમાં જ ક્યાંક નહિ રહે? અમને આધારરૂપ નહિ બને? રમેશબાબુ ચિંતામગ્ન દેખાવા લાગ્યા. માયાના ધ્યાનમાં તે આવ્યા વિના રહ્યું નહિ. એક દિવસ તે પિતાની પાસે ગઈ અને બોલી, "બાપુજી, તમે ચિંતામગ્ન કેમ દેખાઓ છો?"

"માયા, અમે બધું જાણીએ છીએ. એક મહારાષ્ટ્રીય યુવક ઉપર તારો પ્રેમ છે. ખરું ને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બાપુજી, તેમાં શું કંઈ ખરાબ છે?" તેણે ધીમેથી પૂછ્યું.

"ખરાબ નથી. પણ માયા, બીજી બાબતો પણ જોવી પડે છે. તે યુવક બંગાળમાં રહેશે કે મહારાષ્ટ્રમાં? બંગાળમાં રહેવાનો હોય તો હરકત નથી. પણ તું દૂર મહારાષ્ટ્રમાં જાય તો અમને ક્યારે મળે? હજાર માઈલની અવરજવર સહેલી નથી. તું બીમાર પડે તો અમે કેવી રીતે આવીએ? અમે બીમાર પડીએ તો તું ઝટ કેવી રીતે આવે?" પિતાએ કહ્યું.

"બાપુજી, હવે કંઈ પ્રાચીન કાળ નથી. તારથી, ટેલિફોનથી એક ક્ષણમાં હજારો માઈલ ઉપરથી વાતચીત કરી શકાય છે. આગગાડીથી બીજે જ દિવસે પહોંચી શકાય છે." માયા બોલી.

"વિમાન દ્વારા એક કલાકમાં પણ આવી શકાય. ખાલી બોલવામાં અર્થ નથી. તને તારા માતાપિતાનું હૃદય સમજાતું નથી." તે ખિન્નતાથી બોલ્યા.

"બાપુજી, છોકરી એટલે બીજાની જ થાપણ નહિ? તે જેની હોય તે જ લઈ જાય એ યોગ્ય નથી? મારા જીવન ઉપર જેનો સિક્કો છે તેનું આ જીવન. પર્વત નદીને જન્મ આપે છે. પણ તે સાગરને માટે દોડી જાય છે. ક્ષણ માટે પણ તે પાછળ જન્મદાતા તરફ પાછી વળીને જોતી નથી. જન્મની સાથે જ તેને સાગરની હાંક જાણે સંભળાય છે. સાગર સહસ્ર કર વડે પોતાને વક્ષઃસ્થલે તેને લે નહિ ત્યાં સુધી તેને ચેન પડતું નથી. તેથી પર્વત ગુસ્સે થોડો જ કંઈ થાય છે? તેને ખબર જ હોય છે કે આ જવાને માટે જ જન્મી છે. અને તે યોગ્ય ઠેકાણે જ જશે એ વિશે પણ તેને શંકા નથી હોતી. તે તેને પોતાના પાણીની ભેટ દરવર્ષે તેને મોકલતો હોય છે. નદી સાગરને મળી છે તે ઊંચી ડોક કરીને જોવામાં જ પર્વતને આનંદ થાય છે. નદી માટે સાગર કેવો ઊભરાય છે અને તે પણ તેને કેવી રીતે પ્રેમથી નાચતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવીને મળે છે તે જોઈને પર્વત પોતાને ધન્ય માને છે. ખરું કે નહિ બાપુજી ?" માયાએ પિતાનો હાથ હાથમાં લઈને પૂછ્યું.

"માયા, તું કહે છે તે ખરું છે. પણ તને આટલે દૂર જતી જોઈને અમને દુઃખ નહિ થાય ?" પિતા બોલ્યા.

"જેના ઉપર મારો પ્રેમ નથી, તેના ઘરમાં મને જતી જોઈને તમને આનંદ થશે કે ? મારું હાસ્ય ઊડી જાય, સુખ નાશ પામે, મારી બધી અંતર્બાહ્ય કલા મરી જાય એમ તમે ઇચ્છો છો ? માયા જીવતું મડદું બની જાય એવું તેના માબાપ થોડાં જ કંઈ ઇચ્છે ? શક્ય જ નથી. મારા બાપુજી આવું ન કરે. પોતાની છોકરીના જીવનની હોળી તે કેવી રીતે જોઈ શકે ? મારા બાપુજી કેટલા પ્રેમાળ, માયાળુ, મમતાળુ ! ના, મારા બાપુજી મને કદી પણ પ્રેમહીન દુનિયામાં નહિ ધકેલે. ખરું ને બાપુજી ? આમ દુઃખ ન કરશો. હસો, માયાનું સુખ જોઈને હસો. બાપુજી, નાનેરાંના સુખમાં જ મોટેરાંનું સુખ છે ને ?" માયાએ કૃતજ્ઞભાવે પૂછ્યું.

"માયા, જા. ગમે ત્યાં જા. સુખી રહેજે એટલે થયું. ભગવાન તારું કલ્યાણ કરે !" એટલું કહીને રમેશબાબુ ઊઠીને બહાર ગયા.

તો ત્યાં કોણ ઊભું હતું ?

"પ્રદ્યોત, ક્યારે આવ્યો ? ઈંટો જોઈ કે ?" તેમણે પૂછ્યું

"હવે શાને માટે ઈંટો ? પ્રદ્યોતની કબર માટે ?" એમ કહીને તે જતો રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦ આવશે, એક દિવસ તે આવશે

શ્રીનિવાસરાવ રડતા બેસતા, મીનીનું સ્મરણ થતાં જ તેમને બાળકની જેમ રડવું આવતું. મીનીનું તેમને ઘેલું લાગ્યું હતું. મીની તેમના જીવનનું જીવન હતી. તેમના કર્મપથારાનો તે આધાર હતી. મીની જતી રહી અને તેમનો આનંદ ગયો. મીની જતી રહી અને તેમની બધી મજા ગઈ. મીની ગઈ છે એવું તેમને લાગતું જ નહોતું. તે મીની માટે બજારમાંથી મીઠાઈ લઈ આવતા અને ઘેર આવીને બધે હાંકો મારતા. આ ઓરડીમાંથી પેલી ઓરડીમાં, પેલી ઓરડીમાંથી આ ઓરડીમાં, પેલી ઓરડીમાંથી આ ઓરડીમાં એમ બધે ભટકતા. “મીનુ, રડતી નહિ, રિસાતી નહિ, આવ ઝટ, આ લે મીઠાઈ.” એમ તે હાંકો મારી મારીને કહેતા. મીનીની માની પવિત્ર છબી પાસે તે જતા અને કહેતા, “ તું મીનીને હાંક માર. માની હાંકથી છોકરું આવે છે. હું મીનીની મા બન્યો હતો. પણ માની તોલે હું કેવી રીતે આવું ? મા તે મા. માડીની માયા માડી જ કરી જાણે. નથી મારતી શું હાંક ? તુંયે મારા ઉપર રિસાઈ ? રિસાઓ, બધાં જ મારા ઉપર રિસાઓ !”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બગીચામાંથી તે સુંદર સુંદર ફૂલ લાવતા. ફૂલોની વેણી ગૂંથતા. "કોને માટે વેણી?" એમ કોઈ પૂછતું તો કહેતા, "અરે મીની માટે. તેને ફૂલ બહુ ગમે છે. ફૂલોને માટે તે રડે છે. નાનપણમાં એક દિવસ ચંપાનું ફૂલ મળ્યું નહિ તેથી જમી નહોતી. મીનીના વાળમાં ફૂલ કેવાં સુંદર દેખાય છે? હજી સુધી આવી કેમ નહિ? ફૂલ જોતાં જ દોડીને આવે. મીની એટલે પતંગિયું. આજે રિસાઈ કેમ ગઈ, કે આ બારણાની પાછળ છે? બારણા પાછળ તે સંતાઈ બેસતી. હું શોધીને થાકું એટલે એકદમ ખૂણામાંથી હસતી. અંધારામાં પ્રકાશ લાવતી. આવ રે મીનુ! હવે તું ખૂણામાં સમાવાની પણ નથી. હવે મોટી થઈ તું. સંતાઈશ તોયે તરત દેખાઈશ. વેણી ગૂંથાઈ ગઈ હં. કેમ આવતી નથી? મારાથી કંટાળી ગઈ? આ ફૂલોથી કંટાળી? મીનીએ અદૃશ્ય રૂપ શું ધારણ કર્યું છે? બાપની ગંમત ઉડાવે છે લુચ્ચી. નથી આવતી તો ભલે, મીનીના ફોટાને જ આ હાર પહેરાવું છું."

જમવા બેસતી વખતે મીની માટે તે પાટલો મૂકતા. તેની થાળી પીરસતા. પાણીની રૂપાની ઝારી ત્યાં ભરી મૂકતા. "મીની, ચાલ ને વહેલી. ભૂખી થઈ હશે. તને ભાવતું શાક બનાવ્યું છે હં," એમ કહીને રાહ જુએ. છેવટે તેઓ તે થાળી ઉપાડતા અને મીનીના ફોટાની સામે મૂકતા. "ફોટામાંની મીનુ, આ બધું ખા. ફોટામાં તો તું છે જ. ત્યાંથી ક્યાં નાસવાની છે? નથી ખાતી! નામદેવનું નૈવેદ્ય પાષાણમય મૂર્તિએ ખાધું, મારું નૈવેદ્ય કાગળની મીના કેમ ખાતી નથી? નામદેવની ભક્તિએ પથ્થરને ચેતનમય બનાવ્યો, શિલાને શિવ બનાવી. તેને ત્યાં પથ્થર દેખાતો નહોતો. તેને ત્યાં ખરેખરો ઈશ્વર દેખાતો હતો. તેનો ભાવ હું ક્યાંથી લાવું? મારી પાસે ક્યાં છે એવો પ્રેમ? ખા, મીના ખા. હું આંખો મીંચી લઉં છું અને એક, બે, ત્રણ ગણું છું હં. નથી ખાતી ફોટામાંની મીના. તો પછી હુંયે કેવી રીતે ખાઉં? પણ જો ન ખાઉં તો જીવીશ કેવી રીતે અને મીની એક દિવસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવશે એને મળીશ કેવી રીતે? એ કોળિયાયે ખાઉં. એ જ કોળિયા. શરીરમાં લોહી આવે એટલા માટે નહિ, કેવળ જીવવા માટે."

એક દિવસ તે કાપડની દુકાનમાં ગયા અને રેશમી સાડી માગવા લાગ્યા. "કોને માટે સાડી?" દુકાનદારે પૂછ્યું. "કેમ, મારી મીની નથી કે? રેશમી સાડી તેને સારી દેખાય છે. પણ હું નથી જોઈતી. મારી મીની હવે ખાદી પહેરે છે. હું ભૂલી ગયો. મારા હાથના કાંતેલા સૂતરની હવે મીનીને ખાદી આપીશ. એવું ઝીણું સૂતર કાંતું જાણે ચંદ્રનું કિરણ. એવું ઝીણું સૂતર કાંતું કે જાણે કરોળિયાનો તાર. પણ એટલું ઝીણું મીનીને ગમશે નહિ. તે રિસાશે. મધ્યમ જ કાંતું." એમ કહીને પછી ઘેર ગયા અને રેંટિયા ઉપર સૂતર કાંતતા બેઠા. "બસ હવે, કેટલું કાંત્યા કરશો?" એવું કોઈકે કહ્યું. ત્યારે તેમણે કહ્યું, "તે પાછી આવતાં સુધી પૂરતું સૂતર કાંતીને વણાવી મૂકવું જોઈએ. ક્યારે પાછી આવશે કોને ખબર? કાલેયે આવે. લાવ કાંતું જ. હાથ દુખી આવતાં સુધી કાંતું. મીની આવશે અને મારો હાથ ચાંપશે. 'અહીં દુખે છે કે બાપુજી?' એવું મીઠું પૂછશે. મીની એટલે મારી મીઠી મેના, મીઠી કોયલ. ક્યાં ગઈ રિસાઈને? ક્યાં ખીલી તેની વસંત, ક્યાં ગઈ કૂઉ કરવા? ક્યા આમ્રવૃક્ષ ઉપર મોહ પામીને બેઠી?"

મીનીના ઘોડાની પાસે જઈને તે કહેતા, "મોતી, કેટલો બગડી ગયો? મીની નથી તેથી તું પણ રડે છે. તારે મીનીના હાથની ચંદી જોઈએ છે. આવશે હં જલદી. ઊભો રહીને આમ જ તપ કર્યા કર. એક દિવસ તપ ફળશે. સમજ્યો ને? કેટલાયે દિવસથી મીની તારી પીઠ ઉપર બેઠી નથી. તે દિવસે બન્ને તારી ઉપર બેઠાં. જાણે લગ્નનો વરઘોડો. મને થયું કે મીની નાસી જાય છે, પણ ખરેખર જ ગઈ. આવશે, એક દિવસ તે પાછી આવશે. વૃદ્ધ પિતાની તેને દયા આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીનીને મળ્યા વિના મને મૃત્યુયે આવવાનું નથી. મીનીને મળીશ ત્યારે જ મરીશ."

મીનીના વાજા પાસે જઈને તે બેસતા અને કહેતા, "મીઠા સરોદો, તમે રડતા હશો. મીનીની કોમળ સુંદર રેશમી આંગળીઓ કેટલાયે દિવસથી તમારા શરીર ઉપર ફરી નથી. મીનીની આંગળીઓ અડતાં જ તમારાં હૃદય નાચવા માંડે છે, મીઠું સંગીત દુનિયાને આપે છે. કેટલા મેલા થયા છે આ સૂર? મીની રોજ સાફ કરીને મૂકતી. મીની બજાવવા બેસે એટલે કેટલું મીઠું લાગતું. એક દિવસ પેલા મધુકરપંત આવ્યા અને કહેવા લાગ્યા કે હું સારું બજાવું છું કે મીની સારું બજાવે છે? તે બજાવવા બેઠા. અને પછી મીની બેઠી. મધુકર પંત જાણે સમાધિમાં લીન થઈ ગયા. મીની તમારા ઉપર પ્રેમ કરે છે, ખરું ને સૂરો! પ્રેમનો સ્પર્શ એ એક અદ્ભુત વસ્તુ છે. આવશે હં મીની. અને તમારામાંથી મીઠું સંગીત ઉઠાવશે હં. શાંત રહો. આ પેટીમાં બેસીને તપ કરો."

તે મીનીનું બિછાનું બિછાવી મૂકતા. "મીની થાકીને આવશે તો સૂશે. તે વખતે ધાંધલ ન જોઈએ. મીનીને ગાદી નથી જોઈતી. મને ડોસાને ગાદીની જરૂર પડે છે હજી. મસાણમાં જવાનો વખત થયો તોયે હજી ગાદી છૂટતી નથી, અને કોમળ મીની, કામળા ઉપર સૂવા લાગી. તે દહાડે કહેતી હતી, "બાપુજી, મારો બરડો ચાંપો ને! કામળો ખૂંચે છે અને વાંસો દુખે છે." મીનીનો બરડો કોણ ચાંપતું હશે? ક્યાં હશે બિચારી? મીના આવ તારે માટે આ સુંવાળો કામળો આણ્યો છે તે જો. અને આ શાલ? તારી શાલ એ લઈ ગયા. તે શાલ લાવવા ગઈ છે કે? ગાંડી એક શું, સો શાલો તને આપી હોત. શાલ ગઈ તેથી તું ગઈ નથી. બીજી કોઈ વસ્તુ ગઈ છે. તે લાવવા ગઈ છે. આવ. પાછી આવ. વસ્તુ નહિ મળતી હોય તોય આવી જા ઘેર. કેટલી રખડીશ તું?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામમાં કોઈ ગોપીચંદનાં ગીત ગાનારા ભિખારી આવે કે વાજાં સાથે ગીત ગાનારાં પેલાં ભિખારી જોડાં આવે તો શ્રીનિવાસરાવ તેમને કહેતા, "મીની ક્યાંયે મળે તો કહેજો કે હું રાત ને દિવસ વાટ જોઉં છું. તેને જોવા માટે જીવ આંખોમાં ભરાઈ બેઠો છે. આ જુઓ તેની છબી. એટલી ઊંચી છે તે. બહુ ગોરી ન હોય તો પણ સુંદર દેખાય છે. નાક સીધું છે અને આંખો મોટી છે. હસે એટલે હોઠ કેટલા સુંદર દેખાય છે! દાંતના મોતી અંદર ચમકારા મારે છે અને તેમનું પ્રતિબિંબ પેલા સૌમ્ય રંગના લાલ હોઠ ઉપર પડે છે. તેના હાથ કની જરા લાંબા છે. કાનમાં હીરાનાં લવિંગિયાં છે. જાણે આકાશમાંના તારા જ ગાલની પાસે આવીને બેઠા છે. તેને નાકમાં ચૂનીબૂની ગમતી નથી. મીની સાવ સાદી હતી. ક્યાંયે દેખાય તો કહેજો. તમે આખું હિંદુસ્તાન રખડો છો. તમારા જોવામાં આવશે ક્યાંક. પિતાનો સંદેશો કહેજો. આ લો રૂપિયો. કહેશો ને સંદેશો? ચિઠ્ઠી ઊડી તો નહિ જાય ને? કે બીજા એક રૂપિયાનું વજન આપું દાબવા?"

કોઈક વખત મીનીની બધી વસ્તુઓ તે ભેગી કરતા અને તે તરફ જોતા બેસી રહેતા અને કહેતા, "મીના, આ બધી વસ્તુઓ છોડીને એક વસ્તુને માટે ગઈ? આ વસ્તુ મફતની? અને હું એ મફતનો? અમારામાં કંઈ રામ નથી? અમે નિર્માલ્ય? નાખી દેવાને લાયક?"

સાંજ પડે એટલે રોજ ગામબહારની ટેકરી ઉપર જઈને તે બેસતા. ચારે દિશાએ જોતા. ક્યાંકથી મીની આવે છે કે તે જોતા. સૂર્ય ભગવાન આથમી જાય, અંધારું પડવા માંડે, ગામમાંના દીવા દૂરથી ચમકવા માંડે અને શ્રીનિવાસરાવની આંખો પણ ચમકવા માંડતી. આંસુ આવતાં. મહામહેનતે ઊઠતા અને કહેતા, "આજે મીની ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી. એક દિવસ ગયો. આવશે, કાલે આવશે. એક દિવસ તે આવશે. પિતાને મળ્યા વિના રહેશે નહિ. પિતાના પ્રેમની શું કંઈ જ કિંમત નથી? રૂપિયામાં પાઈની પણ કિંમત નહિ હોય?"

તે દિવસે હમેશાંની જેમ તે ટેકરી ઉપર ગયા. હમેશાંના પથ્થર ઉપર બેઠા. હાથમાં કાંકરા લઈને કહેતા, મીની જો આવવાની હોય તો આ કાંકરો પેલા પથ્થરને વાગશે, એમ કહીને દૂર ફેંકતા. પણ નિશાન ચૂકતું. પણ એક કાંકરો લાગ્યો એટલે એકદમ ઊઠ્યા. આવવાની, મીની આવવાની, એમ કહેતાં કહેતાં તેમણે તાળીઓ પાડી.

ગામમાં તે દિવસે કેટલાંક પારસી સ્ત્રી–પુરુષોનું મંડળ ફરવા આવેલું. બંગલામાં મુકામ કરેલો. સાંજે સુંદર પોશાક પહેરીને તે બધાં ટેકરી ઉપર ફરવા આવેલાં. એક ઠેકાણે તેઓ બેઠાં હતાં પણ તેમનામાંની એક યુવતી એકલી જ, બેસવાને બદલે રખડતી હતી. ટેકરી ઉપર સુંદર રંગના કાંકરા તે વીણતી હતી. પરમેશ્વરે મુક્ત હાથે વેરેલા માણેકમોતી તે ભેગાં કરતી હતી. સૂર્ય આથમતો હતો. તેના સુંદર રંગ પ્રસરતા હતા. સૂર્ય આથમ્યો. મોટર પસાર થઈ ગયા પછી ધૂળના ગોટા ઊડે છે. સૂર્ય જતો રહે એટલે સૌન્દર્યનો સમુદ્ર પ્રસરે છે. તે પારસી યુવતી સુંદર રંગ તરફ જોતી હતી.

"કેટલી સુંદર સંધ્યા! મને થાય છે કે ઊડી જાઉં અને તેને ચુંબન કરું. તેનું સૌન્દર્ય પીઉં." તે બોલી.

શ્રીનિવાસરાવનું ધ્યાન તે પારસી યુવતી તરફ ગયું. મીની, મારી મીની એમ બોલતાં બોલતાં તેમણે દોટ મૂકી. ખરેખર મીની આવી. "મીના, મીના, ઊભી રહે. એવી જ ત્યાં ઊભી રહે. કેટલી મોટી થઈ તું" એમ બૂમ પાડવા લાગ્યા. પેલી યુવતી ચોંકી અને ગભરાઈ. તે નાસવા લાગી. તેની પૂંઠે પૂંઠે ગાંડો પિતા દોડવા લાગ્યો. "મીના, નાસતી નહિ. હું ડોસો હાંફી જઈશ, થાકી જઈશ. હરણની જેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૂદકા મારતી નં જતી. મીના તને સમ છે." પિતા નાસતો નાસતો બૂમો પાડતો હતો. બૂમો પાડતો નાસતો હતો.

પેલી ગભરાઈ ગયેલી યુવતી કાવરીબાવરી થઈને પોતાનાં માણસો પાસે આવી.

"શું થયું અલી, વાઘ દેખાયો કે? સાપ હતો કે શું?" બધાં પૂછવા લાગ્યાં. તેનાથી બોલાતું નહોતું. છાતી ધડકતી હતી. મોઢું લાલ લાલ થઈ ગયું હતું. પરસેવો છૂટચો હતો, તેની માએ તેને બાથમાં લઈ લીધી. "શું થયું બેટા?" તેણે પ્રેમથી પૂછ્યું.

"ભૂત, ભયંકર ભૂત." તેણે કહ્યું.

"ક્યાં છે?" સહુએ પૂછ્યું.

"પેલું જુઓ. આવ્યું આવ્યું." તે ફરીથી ગભરાઈ. પુરુષો આગળ ગયા. શ્રીનિવાસરાવ દોડતા આવતા હતા.

"મીની આ તરફ જ ગઈ ને?" તેમણે લાંબી ફાળો ભરતાં પૂછ્યું.

"મીની કોણ? અહીં કોઈ નથી." તેમણે જવાબ આપ્યો.

"અરે, મારી મીની કેટલે વર્ષે આવી. તેને ન સંતાડો, તેને ને તેના પિતાને છૂટા ન પાડો, રોજ અહીં આવીને હું વાટ જોઉં છું. આજે કાંકરો અહલ લાગ્યો, કહ્યું કે આવી, ત્યાં તો સામે દેખાઈ. કેટલી મીઠી દેખાઈ? સૂર્યના રંગ તરફ જોતી હતી. મીનીને આકાશના રંગ બહુ ગમતા હતા. તે મીની જ હતી. આ તરફ જ દોડતી આવી, તમને ન દેખાઈ?"

"અરે, તે તો અમારી છોકરી" પારસી છોકરીનો પિતા બોલ્યો.

"અરે મારી, તે મારી મીના." શ્રીનિવાસરાવે કહ્યું.

"ચાલો, તમે જુઓ." તેમણે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધા પાછા આવ્યા. તેમની સાથે શ્રીનિવાસરાવ પણ હતા. પેલી પારસી છોકરીને તેની મા ઝાલીને બેઠી હતી.

"આ જુઓ અમારી છોકરી. એ જ પેલી ટેકરી ઉપર ઊભી હતી." તેના પિતાએ કહ્યું.

"આ ન હોય મારી મીની. મીની આના કરતાં સુંદર છે. દૂરથી મને મીની જ લાગી. દૂરથી બધું સુંદર દેખાય છે. ત્યારે મીનીએ મને છેતર્યો. કાંકરો લાગ્યો તો પણ આવી નહિ. આવશે કાલે આવશે, એક દિવસ તે આવશે. વૃદ્ધ પિતાને એક દિવસ મળી જશે." એમ શ્રીનિવાસરાવ ગયા.

પારસી મંડળ હસવા લાગ્યું.

"ગાંડો છે બિચારો." પારસી પિતા બોલ્યો.

"તેને તેની છોકરી મળો." પારસી માતા બોલી.

"મા, મારા કરતાંયે તેની છોકરી સુંદર હશે?" છોકરીએ પૂછ્યું.

"બેટા, સૌને પોતાનું વહાલું." પારસી માતાએ કહ્યું.

તે દિવસે રાત્રે શ્રીનિવાસરાવ ઊઠ્યા. તેમણે તિજોરી ખોલી. તે નોટો ગણતા બેઠા. હજાર હજારનાં પડીકાં હતાં. "મીના, આ બધાં તારે માટે. આવ અને લઈ જા, તને ફાવે તેને આપ. આ કાગળિયાં મારે શું કરવાં છે? આ કાગળ તારે માટે ભેગાં કર્યાં, અને તું જતી રહી. મને થાય છે કે આ બધી સંપત્તિ ગરીબોમાં વહેંચી દઉં. પણ મીના, તારે હાથે વહેંચાય એવી મારી ઇચ્છા છે, તારા હાથ લાંબા છે. આજાનબાહુ તું છે. તેને લોકો શુભલક્ષણ ગણે છે. આવ, તારે હાથે ગરીબોને સુખી કર, દુઃખીઓને હસાવ. હજારો દરિદ્રનારાયણ મારી મીનીને દુઆ દેતા હોય એવો દેખાવ મારે જોવો છે. મારે તે આશીર્વાદ સાંભળવા છે. દીનોની દુઆ એટલે દેવોના આશીર્વાદ. આવ, મીના આવ, તારે આ કાગળિયાં રમવા જોઈતાં હોય તોયે લે. એનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતંગ બનાવીને ઉડાડ. નહિ તો હું જ એમને પવનમાં ઉડાડું? કબૂતર યુદ્ધોમાં સંદેશો લઈ જાય છે, આ કાગળિયાં મારો સંદેશો તને નહિ પહોંચાડે કે? પવન મારા આ પત્રો તને નહિ આપે? પણ પવન તો રોજે મારાં આંસુની કથા તને કહેતો હશે. કે તેણે પણ મારી વિરુદ્ધ કંઈ કાવતરું કર્યું છે? કોને ખબર. બેસો, નિર્જીવ પડીકાં અહીં બેસો. મીની આવે એટલે હસજો અને નિર્જીવ લોકોને સજીવ કરવા માટે ઝૂંપડીઓ તરફ દોડી જજો, સમજ્યાં ને?" એમ કહી, પડીકાં મૂકી તે ઊંઘી ગયા.

ગામના નાનાં મોટાં બધાંને શ્રીનિવાસરાવની દયા આવતી. તેમની દશા જોઈને માતાઓ ગળગળી થતી, પિતાઓ આંખો લૂછતા. ઝાડપાન, પશુપક્ષી ખિન્ન થતાં. બધી સજીવ અને નિર્જીવ સૃષ્ટિ કહેતી, "પ્રેમાળ પિતા, આવશે એક દિવસ તારી મીની આવશે. પિતાની પવિત્ર પ્રેમળ ઇચ્છા પૂરી પડશે."

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧ મોહનાશન મોહન

મોહનને શિવતર ગામમાં રહેવું અશક્ય થવા લાગ્યું. મોહનનો શાન્તા ઉપર અને શાન્તાનો મોહન ઉપર પ્રેમ છે એવી વાત રામરાવના કાન સુધી પહોંચી.

" મોહન, શું કરવા આવી જાળમાં પડે છે? આમ કરવાથી શાન્તા દેવની પાસે જતી રહેશે. " તેના મિત્રો કહેતા.

" હું કોઈ પણ જાળમાં પડ્યો નથી. " મોહન ઉત્તર આપતો.

" તે દિવસે તું શાન્તાની આંખો લૂછતો હતો, તેની તદ્દન પાસે વડ તળે બેઠો હતો એમ આખું ગામ વાત કરે છે. " ગંભીરે તેને કહ્યું.

" તો તેમાં ખરાબ શું છે? ખેતરમાં કોસ ઝીલવા જતો હતો. શાન્તા એકલી બેઠેલી દેખાઈ. આમ જંગલમાં આવીને કેમ બેઠી એવો વિચાર આવ્યો. પાસે ગયો તો ગંગાજમના વહેતી હતી. દુખિયાનાં આંસુ લૂછવાં તે શું પાપ છે? તે જો પાપ હોય તો સંતમાત્રે કર્યું છે. " મોહન બોલ્યો.

" મોહન, સંતોનું હૃદય નિરિચ્છ હોય છે, નિઃસ્વાર્થ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના પ્રેમમાં આસક્તિની ગંધ નથી હોતી, તેં શાન્તાની આંખો લૂછી તે એકદમ હૃદય ભરાઈ આવવાથી લૂછી? જરા શરમાયો હતો કે નહિ? સંકોચ થયો હતો કે નહિ! હાથ ધ્રૂજ્યા હતા કે નહિ? હોઠ હાલ્યા હતા કે નહિ? તારી આંખે પલક પડતી હતી કે નહિ? કહે." શંકરે કહ્યું.

"પણ આમાં પાપ શું છે તે સમજાતું નથી." મોહને કહ્યું.

"તમે પતિપત્ની થઈ જાઓ પછી પાપ નથી." ગણપતે કહ્યું.

"પણ મોહનની પત્ની દેવ પાસે જવાની એ નિશ્ચિત જ છે. મોહન, શાન્તા જેવી દેવતાનો ભોગ ન લેતો." ગંભીરે ગંભીરતાથી કહ્યું.

મિત્રોમાં આવી ચર્ચા ચાલતી. ગામમાંનાં સ્ત્રીપુરુષો વાતો કરતાં. મોહન સ્ત્રીઓનો વર્ગ ચલાવતો પણ સ્ત્રીઓ ઓછી થવા લાગી. "શાન્તાબહેન આવે તો તેમના વર્ગમાં જઈશું. મોહનના નહિ." એવો સૂર તેમનામાં નીકળવા લાગ્યો. ડોસીઓ કહેવા લાગી, "તે શાન્તાયે તેવી જ છે. ભણતરનું આ પરિણામ."

રામરાવે એક દિવસ મોહનને ઘેર બોલાવ્યો. તે ગયો. રામરાવ કંઈ બોલતા નહોતા. તેના તરફ તિરસ્કાર અને ક્રોધથી જોતા હતા.

"કેમ બોલાવ્યો તમે?" તેણે પૂછ્યું.

"તને થપ્પડ લગાવવા." તેમણે કહ્યું.

"વાંક હોય તો ખાસડાં મારો." તે બોલ્યો.

"પાછો બેશરમ થઈને બોલે છે? તેં શાન્તાની આંખો લૂછી હતી કે નહિ?" તેમણે પૂછ્યું.

"હા." તે બોલ્યો.

"એ સારું કર્યું કે? શાન્તાનું હજી લગ્ન થવાનું છે. આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અફવાઓ બધે ફેલાય તો તેનું લગ્ન કેવી રીતે થશે?" તેમણે પૂછ્યું.

"હું શું કહું?" તેણે શાંતિથી કહ્યું.

"તું શાન્તાને ચડાવે છે. સરદારનો છોકરો માગું કરતો હતો. પણ મૂરખ છોકરીએ તેને નકાર્યો. કહેતી હતી કે તેના કરતાં મજૂર છોકરો સારો. તું જ તે મજૂર છોકરો હશે. શાન્તા પાસે આટલા માટે ભણવા આવતો હતો કેમ? મને થયું કે આ પોદળા વીણનારને શિક્ષણનો રસ ક્યાંથી પેદા થયો! આ પોદળાવાળા હાથે શાન્તાનો હાથ પકડવાની મનમાં ઇચ્છા હતી કેમ? ભારે હિંમત કરી! અલ્યા, તારી તે કંઈ કિંમત છે? અમારું ખાનદાન કુળ, સરદાર કુળ, ગોવિંદરાવ સાથે અમારો સંબંધ, અને આ બધું જાણવા છતાં શાન્તા સાથે વાનરવેડા કરે છે?" રામરાવ તેના ઉપર ધસી ગયા.

"રામરાવ, જરા વિચારીને બોલો. હું સરદાર નથી, મજૂર છું. વાનરવેડા અને પશુવેડા એ તો સરદારોનો ઇજારો છે. તમો સરદારોનાં પરાક્રમ તો દેખાય જ છે. ખુશામતિયા સિવાય બીજું કયું વિશેષણ તમને લાગુ પડે? તમે સરદાર લોકો દમડીની કિંમતના છો તે હું જાણું છું. પોલીસને પોતાના પલંગ ઉપર બેસાડી તેની પગચંપી કરશો. તેને સિગારેટ સળગાવી આપશો. તેના મોં આગળ ચાનો કપ ધરશો. કુળની કિંમત ગણાવવાના દિવસો ગયા છે હં રાવસાહેબ! હું શાન્તા તરફ એક મોટા મનની છોકરી તરીકે જોઉં છું. એક ખાનદાન કુટુંબની તરીકે જોતો નથી. શાન્તા સાથે પરણવાનું જો હું વિચારું તો તેમાં પાપ નથી. અમે બંને નિષ્કલંક છીએ." મોહને કહ્યું.

"ઠીક. આ ગામમાં તારું રહેવાનું જ અશક્ય કરી મૂકું છું." રામરાવે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"રામરાવ, દુનિયા ઉજ્જડ નથી થઈ ગઈ." મોહને કહ્યું.

"નીકળ અહીંથી. ફરીથી મોં બતાવીશ નહિ." તે બોલ્યા.

"હું ક્યાં બતાવવા આવ્યો હતો? સરદાર સાહેબ, આપે જ કહેણ મોકલાવ્યું હતું." મોહને જવાબ આપ્યો.

મોહન જતો રહ્યો. ગામમાં તેની વિરુદ્ધ ચક્રો ગતિમાન થયાં. જેમની વાડીમાં મોહન કામે રહ્યો હતો, તેણે મોહનને છૂટો કર્યો. અનીતિવાળો માણસ મારે ન જોઈએ એમ તે માલિકે કહ્યું. ગામના મુલકી અને પોલીસ પટેલે મોહનની વિરુદ્ધ આખા ગામમાં પ્રચાર શરૂ કર્યો. તેને કોઈ કામે બોલાવે નહિ, વળગાડે નહિ, તે માટે ધાક-ધમકીઓ શરૂ થઈ. ગોવિંદરાવના કારભારીઓ ગામમાં આવીને એવો જ પ્રચાર કરતા. નિર્મળ મનનો મોહન નિર્ભયતાથી રહેતો હતો. સત્યને ભય શાનો?

મોહનને એક ચિંતા હતી. શાન્તાને પૈસા મોકલવાના. તેણે પોતાની બધી પૂંજી તેને આપી દીધી હતી. પણ શાન્તાને મોટા શહેરમાં તે કેટલો વખત ચાલે? ગામમાં કોઈ કામે બોલાવે નહિ. પટેલની બીક અને શાહુકારની ધાક.

મોહનને બદલે હવે બીજા યુવકો વર્ગ ચલાવતા. પોતાને કારણે વર્ગ બંધ ન પડવો જોઈએ એવી તેની ઇચ્છા હતી. તેને મોટાઈ નહોતી જોઈતી. કોઈ પણ રીતે જનતા ભણે, શાણી થાય, સ્વાવલંબી થાય, દુનિયાની હિલચાલો જાણનારી થાય એટલી જ તેની ઇચ્છા હતી. સ્ત્રીઓનો વર્ગ હવે સ્ત્રીઓ ચલાવતી. શાન્તાની એક બહેનપણી ગીતા આગળ આવી અને કામ ચલાવવા લાગી. મોહન વિશે તેને આદર હતો. વર્ગમાં ભણાવતી વખતે પરોક્ષ રીતે તે મોહનના નિષ્કલંક ચારિત્ર્ય વિશે વાત કરતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહનનું એક યુવકમંડળ હતું. તેની સલાહથી એક દિવસ મોહને શિવતર ગામ છોડ્યું. તે નોકરી માટે ધનગાંવ ગયો. ધનગાંવ મોટું શહેર હતું. ત્યાં ચાર મિલો હતી. ક્યાંક નોકરી મળશે એમ તેને થતું હતું. પણ કંઈ પત્તો લાગતો નહોતો.

ધનગાંવમાં એક મોટી અંગ્રેજી નિશાળ હતી. શાળાનું એક છાત્રાલય પણ હતું. ત્યાં વાસણ માંજવાનું કામ મોહનને મળ્યું. તેણે તે આનંદથી સ્વીકાર્યું. તે મુલકમાં વાસણ માંજવાનું કામ હલકું ગણાતું, પણ મોહનને કોઈ પણ કામ હલકું લાગતું નહોતું. તે કહેતો કે પ્રામાણિક મહેનત પવિત્ર જ છે. તેને ત્યાં છાત્રાલયમાં રહેવા માટે એક ઝૂંપડી મળી. તે વહેલી સવારે ઊઠતો. આજુબાજુનાં સુખી ઘરોમાં પણ તે વાસણ માંજવા જતો. ત્યાંથી આઠની અંદર પાછો આવતો. પછી છાત્રાલયનું કામ કરતો, તેનું કામ અત્યંત ચોખ્ખું હતું. છોકરા ખુશ થયા. પાણીના પ્યાલા અને લોટા આટલા સ્વચ્છ પહેલાં કદી રહેતાં નહિ. છાત્રાલયનાં એઠાં વાસણ બપોરે માંજ્યા પછી છોકરાઓનાં કપડાં તે ધોતો, પછી જમતો. બે વાગે તે જરા નવરો પડતો, તે વખતે પોતાની ઝૂંપડીમાં તે કંઈક વાંચતો. રાત્રે વાસણ, એઠવાડ, ચોક વગેરે ધોયા પછી તે ઝૂંપડીએ આવતો. વાળુ કરી લેતો, અને પછી છાત્રાલયની બહાર આવેલા વીજળીના દીવા તળે તે વાંચવા બેસતો.

"મોહન આખો દિવસ કામ કરે છે, રાત્રે શું વાંચે છે?" છાત્રાલયમાંના એક વિદ્યાર્થીએ પૂછ્યું.

"જ્ઞાન વિના બુદ્ધિને સંતોષ થતો નથી. આખો દિવસ તે બિચારી ભૂખી હોય છે. તેને થોડું ખાવાનું ન જોઈએ?" તેણે કહ્યું.

"જોવા દે ચોપડી." વિદ્યાર્થી બોલ્યો.

મોહને ચોપડી બતાવી. વિદ્યાર્થી આશ્ચર્યથી બોલ્યો "હિંદુસ્તાન અને સમાજવાદ! મોહન, તને આ સમજાય છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઘણુંખરું સમજાય છે." તેણે કહ્યું.

વિદ્યાર્થીઓમાં મોહન વિષે કુતૂહલ જાગ્યું. આપણી ઓરડીમાંજ એ વાંચવા બેસે તો શું ખોટું, એમ કેટલાકને થયું. છોકરાઓ સંચાલકને પૂછવા ગયા. સંચાલકે રજા ન આપી. નોકરો માથે ચડી બેસે, દરેક જણે પોતાના દરજ્જા પ્રમાણે જ રહેવું જોઈએ વગેરે સનાતન ધર્મ તેમણે સંભળાવ્યો.

જે પૈસા મળતા તે મોહન શાન્તાને મોકલતો. વિદ્યાર્થીઓ છુટ્ટીમાં ઘેર જવા નીકળે એટલે મોહન તેમનો સામાન સ્ટેશન ઉપર લઈ જતો. તેઓ તેને બે આના વધારે આપતા. વાસણ માંજનારો મોહન વિદ્યાર્થીઓનો દેવ બનતો જતો હતો. મોહન રસ્તામાં મળે તો છોકરાઓ તેને વંદન કરતા. એક દિવસ સંચાલકે આ જોયું.

"તમે પેલા વાસણ માંજનારાને રસ્તામાં વંદન શું કરો છો? બધા તમને હસે છે. લોકો પૂછે છે કે છાત્રાલયમાં એ ભણાવે છે કે શું?" સંચાલકે છોકરાઓને કહ્યું.

"અરજીઓ લખનારના કરતાં વાસણ માંજનાર પૂજ્ય છે. શિક્ષકોયે નહિ વાંચતા હોય તેવી ચોપડીઓ મોહન વાંચે છે. ઇતિહાસ કેવી રીતે વાંચવો, મરાઠાઓના ઇતિહાસમાં કયી દૃષ્ટિ છે તે મોહને અમને એક દિવસ શીખવ્યું હતું. એકનાથને ત્યાં ભગવાન કાવડ વડે પાણી ભરતો. અમારાં છોકરાઓનાં કપડાં ધોવા માટે કોણ જાણે મોહનના વેશે ભગવાન જ જાણે કે આવ્યા છે!" છોકરાઓએ કહ્યું.

મોહન પૈસા મોકલતો તેની પાવતી આવતી. પાવતી ઉપર સ્ત્રીનું નામ આવતું. આ શો કોયડો છે? નિશાળના સંચાલક છાની છાની વાતો કરવા લાગ્યા. કંઈ પણ ભાંજગડ હોવી જોઈએ એમ તેમને લાગ્યું. છાત્રાલયના સંચાલકોને આ વાસણ માંજનારની ઈર્ષા આવવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરૂ જ થઈ હતી. છોકરાઓને ચાકર માટે આદર અને પ્રેમ થાય અને સંચાલકો માટે કંઈ જ ન થાય તે તેમના મનમાં ડંખતું. તેમણે મોહનને ખસેડવાનું નક્કી કર્યું. છોકરા કહેવા લાગ્યા કે અમે હડતાળ પાડીશું.

"આ માણસનું ચારિત્ર્ય શુદ્ધ નથી. આ જુઓ પાવતીઓ. સમજાયું ?" સંચાલકોએ પૂછ્યું.

"સ્ત્રીને પૈસા મોકલવા એ શું પાપ છે ? કોઈ બહેનને મદદ કરવી એ અનીતિ છે ?" એક છોકરાએ પૂછ્યું.

"મોહન જશે તો અમે હડતાળ પાડીશું." બીજો એક છોકરો બોલ્યો.

સંચાલકોએ આગ્રહ છોડી દીધો, પણ મોહનનું દુર્ભાગ્ય, અતિ શ્રમને લીધે તે બીમાર પડ્યો. શરીરમાં તાવ હતો તોયે તે વાસણ માંજતો હતો. ત્યાં તેને ચક્કર આપવાથી તે પડ્યો. છોકરાઓને આની ખબર પડતાં જ તેઓ તેને ઉપાડીને લઈ ગયા. મોહનને ટાઢિયો તાવ આવવા લાગ્યો. કામ વખતસર થતું નહિ. સંચાલકોએ કહ્યું, "અમે બીજો માણસ રાખીએ છીએ. સંસ્થામાં આમ કેમ ચાલે ?"

મોહન સંસ્થા છોડીને ગયો. ગામમાં એક રૂપિયે ભાડાની એક કોટડીમાં તે રહેવા લાગ્યો. કોટડીમાં ભેજ હતો, વળી ડાંસ પણ હતા. મોહન કામે જતો. નિશાળમાંનું કામ છૂટી ગયું હતું. ગામમાં વધારે કામ કરતો. પણ તે થાકતો ગયો, તેને એક જ આનંદ હતો કે શાન્તા ભણે છે.

શાન્તાનો એક સુંદર ફોટો તેની પાસે હતો. એ જ તેની મિલકત હતી. રાત્રે તે તે ફોટો નિહાળતો અને હૃદય સાથે ચાંપતો.

મોહન શાન્તાને પૈસા મોકલતો, પણ શાન્તાનો કાગળ કદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવતો નહિ. શરૂઆતમાં એક બે પત્રો આવ્યા, પણ પછી બંધ થયા. 'શાન્તાને અભ્યાસ કરવાનો હશે, જાડાં જાડાં પુસ્તકો વાંચવાનાં હશે, તેને ક્યાંથી વખત મળે?' એમ મોહન કહેતો.

શાન્તાને ખરેખર વખત નહોતો મળતો?

શાન્તા મોટા શહેરમાં ગઈ અને બદલાઈ ગઈ. તેનામાં ક્રાન્તિ થઈ. શાન્તા ઓળખાય એવી રહી નહોતી, તેની ખાદી ગઈ, તેની સાદાઈ ગઈ, તે હવે સુંદર સુંવાળી સાડીઓ પહેરતી. સુંદર સુંદર કપડાં પહેરતી. મોહનના પૈસા ઉપર શાન્તા મોજ ઉડાવતી હતી. તેને એક નવો મિત્ર મળ્યો હતો. તેની સાથે હાસ્યવિનોદ કરવામાં તેનો વખત જતો.

શાન્તાનું જીવન વિનાશ તરફ જતું હતું કે શું?

"શાન્તા, આવે છે ને પેલી ટોકી જોવા?" તેના સાથીએ તેને પૂછ્યું.

"સારી છે કે?" તેણે પૂછ્યું.

"તું સાથે આવે એટલે બધી ટોકીઓ મીઠી જ લાગે છે. તારો હાથ હાથમાં પકડીને ટોકી તરફ જોવું એ કેટલું સુખ ભર્યું લાગે છે" તે બોલ્યો.

"મારો હાથ હાથમાં પકડી શકાય તેટલા માટે ટોકી જોવા જવાનું એ જ?" તેણે પૂછ્યું.

"તારી ચૂંટીઓ પણ સહન કરવા માટે." તે બોલ્યો.

"હું નથી ચૂંટીઓ ખણતી. ત્યાં માંકણ જ હોય છે" શાન્તા બોલી.

"હું એકલો જોઉં છું ત્યારે કેમ નથી કરડતા?" તેણે પૂછ્યું.

"એકલા જાઓ એટલે એક આનામાં બેસતા હશો." તે બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વધારે ઊંચી જગાએ વધારે ગંદકી હોય છે એમ?" તેણે પૂછ્યું.

"કહેવત જ છે કે મોટા તેટલા ખોટા." તે બોલી.

"આવે છે કે નહિ? વખત થઈ ગયો છે." તેણે કહ્યું.

"હું કઈ સાડી પહેરું?" તેણે પૂછ્યું.

"તારી પેલી પહેલાંની પછેડી પહેર." તે હસીને બોલ્યો.

"ખાદીમાં હું એટલી બધી લઠ્ઠ દેખાતી કે?" તેણે પૂછ્યું.

"હજી શંકા જ છે કે? હસી હસીને અમારો દમ નીકળી જતો." તે બોલ્યો.

"ત્યારે આસમાની રંગની પહેરું કે ગુલાબી પહેરું?" તેણે પૂછ્યું.

"તું નથી પસંદ કરી શકતી?" તેણે પૂછ્યું.

"અમારું બધું બીજાને માટે હોય છે, બીજાના આનંદ માટે હોય છે." તે બોલી.

"શાન્તા, હું ખરેખર તને ગમું છું કે?" તેણે તેનો હાથ પકડીને પૂછ્યું.

"થિયેટરમાં કહીશ." તે બોલી.

"ચૂંટી ખણીને ને?" તેણે પૂછ્યું.

"બીજી કઈ રીતે?" તે બોલી.

"ખાદીનો આ ફાયદો છે. જાડી ખાદી ઉપરથી ચૂંટી લાગે નહિ, વીંછીનો ડંખ ખૂંપે નહિ." તે બોલ્યો.

"ત્યારે ખાદીનો એક તો ફાયદો છે જ." તે હસીને બોલી.

"ચાલ વહેલી વાતોડિયણ." તે બોલ્યો.

બંને ગયાં. ટોકી જોવામાં તલ્લીન થયાં. એક સ્ત્રીને તેનો પ્રિયતમ 'ગરજ સરી કે વૈદ વેરી'ની જેમ એક ક્ષણમાં જ છોડીને કેવી રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતો રહે છે તે વાત પેલી ટોકીમાં આવતી હતી. અસહાય સ્ત્રી આપઘાત કરે છે.

શાન્તાનો હાથ તેના હાથમાંથી સરી પડ્યો.

"કેમ શાન્તા ?" તેણે પૂછ્યું.

"તમારો હાથ ઠંડો છે." તે બોલી.

"તો પછી તારા હાથની હૂંફ આપ." તેણે કહ્યું.

"ઉછીની હૂંફ કેટલો વખત ચાલે ?" તે બોલી.

"શાન્તા, તને ચૂંટીઓ નથી ખૂંપતી." તેણે પૂછ્યું.

"મને કંઈ થતું નથી." તે બોલી.

"તું પણ ઠંડી હિમ જેવી થઈ ગઈ લાગે છે." તેણે પૂછ્યું.

"હા, મને ઠંડી લાગે છે. મને ઘેર જવા દે." તે બોલી.

"એકલી જઈશ ?" તેણે પૂછ્યું.

"હા" તે બોલી.

શાન્તા ત્યાંથી ઘેર આવી. પોતાના ખાટલા ઉપર બેઠી. રડી. પેટ ભરીને રડી. બહાર એકાએક પ્રચંડ તોફાન શરૂ થયું. સૂ સૂ પવન ફૂંકાતો હતો. આકાશમાં અકસ્માત વાદળ ઉપર વાદળ ઊમટી આવ્યાં, એક ક્ષણ પહેલાં ત્યાં અનંત તારાઓ ટમટમતા હતા. હવે એક પણ દેખાતો નહોતો. પ્રસન્ન આકાશ સો સો ધારાઓથી રડવા લાગ્યું. પેટમાં સંઘરેલું દુઃખ અસહ્ય થવાથી બહાર નીકળવા લાગ્યું.

રાતના બાર વાગ્યા હશે. આવે સમયે જ વાંસળી વગાડનારો શ્રીકૃષ્ણ જન્મ્યો હતો. અસુરોનો સંહાર કરનારો ગોપાલકૃષ્ણ જન્મ્યો હતો. શાંતા શાંતિથી ઊઠી, બહાર વરસાદમાં ઊભી રહી. હાથ જોડીને ઊભી રહી. સૃષ્ટિ માતા પોતાની છોકરીને પવિત્ર સ્નાન કરાવતી હતી. પાણીના ખળખળ પ્રવાહો વધવા લાગ્યા. પતરાં ઉપર ધડધડ પાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાજતું હતું. શાન્તા નહાતી હતી. આકાશમાં વાદ્યો શરૂ થયાં. વિજળીઓના બપોરિયાં સળગવા લાગ્યાં. શાન્તાનું સ્નાન ચાલતું હતું તે લગ્ન વખતનું સ્નાન તો નહોતું ને?

શાન્તાના માથા ઉપર પાણીના મોતી વેરાતાં હતાં. તેના હૃદય-સમુદ્રમાંની મોતીની છીપલીઓ ઊઘડી અને આંખમાંથી મોતી નીસરવા માંડયાં, ઉપરથી દેવોના મોતીની વૃષ્ટિ, અંદરથી હૃદયદેવની મૌક્તિકવૃષ્ટિ.

શાન્તા, જાને બહેન હવે ઓરડીમાં. સૂકું વસ્ત્ર પહેર. ઠરી જઈશ. જા, જા, જો આ બહારનું તોફાન શાંત થતું જાય છે. તું પણ શાંત થા. તારા હૃદયાકાશમાંનાં વાદળ વિખરાવા દે. ત્યાં પ્રસન્નતા અને પવિત્રતા ખીલવા દે. શાંતા અંદર ગઈ. તે ભીની હતી, તેણે પોતાની ટ્રંકમાંથી હૂંફાળી ખાદી કાઢી, તેણે ફરીથી ખાદી ધારણ કરી. જાણે નવો જ વિદ્યુત્સંચાર થયો. શાન્તાએ વાળ લૂછયા. તે દેવપૂજા માટે બેઠી. મધરાતે શાન્તા પરમેશ્વરની આરતી કરવા લાગી કરુણા યાચવા લાગી.

શાન્તાએ પેલી છબી કાઢી. ટ્રંકમાંનો એક સૂતરનો હાર તેણે તે છબીને પહેરાવ્યો. નવાં સુંવાળાં વસ્ત્રો ત્યાં લાવીને તેણે તેમને દીવાસળી ચાંપી. જાણે પરમેશ્વરને આરતી ન ઓવારતી હોય! પેલાં સુંવાળાં વસ્ત્રો હવે ભસ્મ થઈ ગયાં હતાં. શાન્તા શુદ્ધ થઈ. પેલી છબીની સામે તેણે મસ્તક નમાવ્યું. હાથ જોડીને તે છબી તરફ તે જોઈ જ રહી. જોતાં જોતાં તેનાં નેત્ર મીંચાઈ ગયાં. છબીમાંની મૂર્તિને પોતાના હૃદયમંદિરમાં અનંતરંગે સજેલી તે જોવા લાગી.

ત્યાં કૃશ અને જર્જર થયેલો મોહન શાન્તાના ફોટાને હૃદય સાથે ચાંપીને અમૃતરસ પીતો હતો. શાન્તા પણ તે છબીને હૃદય સાથે ધારણ કરીને અપૂર્વ શાન્તિ અનુભવતી હતી.

શાન્તા ઊંઘી ગઈ. સવારે વહેલી ઊઠી નહિ, તેનાથી ઉઠાતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહોતું. તેને ખરેખર તાવ ચડયો હતો. તે તાવમાં શાન્ત પડી રહી.

"કેમ શાન્તા, કેમ છે?" મિત્રે આવીને પૂછ્યું.

"તાવ છે. ડૉક્ટર કહે છે કે શીતળાનો હોવો જોઈએ." તે બોલી.

"શીતળાનો?" તેણે આશ્ચર્યથી પૂછ્યું.

"હા. તમે નજીક આવશો નહિ. આઠ દિવસ પછી આવજો. માતાનો રોગ ચેપી હોય છે." તે બોલી.

"વારુ. તને મટી જાય એટલે આવીશ. બે ત્રણ દિવસથી તને તાવ આવતો જ હતો. તારો હાથ ગરમ હતો." તે બોલ્યો.

"પણ તે સ્પર્શની બીક રાખવાની જરૂર નથી. ત્યારે શીતળા નીકળ્યા નહોતા. હવે નીકળશે." તે બોલી.

"કોઈને ઘેરથી બોલાવને." તેણે કહ્યું.

"બોલાવ્યું છે." તે બોલી.

"અચ્છા, જાઉં છું હું શાન્તા!" એમ કહીને તે ગયો.

આઠ દિવસ સુધી શાન્તા સૂઈજ રહી. બારણું બંધ કરીને તે પડી રહેતી. પડોશમાં વાસણ માંજનારી આવતી, તે શાન્તાને રોટલો બનાવી આપતી. શાન્તા થોડો ખાતી. ધીમે ધીમે તાવ એની મેળે જ ગયો. શાન્તાને હોશિયારી જણાવા લાગી. થોડો ખોરાક લેવાવા લાગ્યો.

તે ફરીથી ભણવા જવા લાગી. બધા છોકરા તેના તરફ જોવા લાગ્યા. શાન્તા જુદી જ દેખાતી હતી, તેના મોઢા ઉપર એક જાતનું પરમ પવિત્ર પ્રસન્ન તેજ હતું.

"શાન્તા, આ શું?" તેના મિત્રે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જીવનમાં ક્રાન્તિ." તે બોલી.

"આમ ઉપરાછાપરી ક્રાન્તિ થવા માંડે તો ક્રાન્તિનો કોઈ અર્થ જ નહિ રહે." તે બોલ્યો.

"ક્રાન્તિ સતત ચાલતી જ હોય છે. દુનિયામાં અમર એક જ ચીજ છે અને તે ક્રાન્તિ ઇન્કિલાબ ઝિન્દાબાદ! 'ક્રાન્તિ ચિરાયુ થાઓ.' એ ઘોષનો એ જ અર્થ છે. આપણામાં ક્ષણે ક્ષણે ક્રાન્તિ થતી હોય છે." તેણે કહ્યું.

"મોઢા ઉપર શીતળા દેખાતા નથી ને?" તે બોલ્યો.

"શીતળા નીકળ્યા જ નહિ. છેવટ તે સાદો જ તાવ નીકળ્યો." તે બોલી.

"ઘરેથી કોઈ આવ્યું છે કે?" તેણે પૂછ્યું.

"હા." તે બોલી.

"કેટલા દિવસ રહેશે?" તેણે પ્રશ્ન પૂછ્યો.

"કાયમ." તેણે કહ્યું.

"સારુ થયું." તે બોલ્યો.

"દેવની દયા." તે બોલી.

હવે શાન્તા અભ્યાસ કરતી. મન અશાંત થયું હોય તો તેને શાન્ત કરવા તે રેંટિયો ચલાવતી. તેણે મોહનને એક અત્યંત સુંદર પત્ર લખ્યો. તે પત્ર લખતાં લખતાં તે સમાધિસ્થ થઈ ગઈ હતી. તે પત્રમાંની તારીખ અને ઠેકાણું આપણે નથી જોઈતું. પણ અંદરનું વસ્તુ આપણને જોઈએ છે. આ રહ્યું તે.

પ્રિય મોહનરાયા,

તારી શાન્તાએ તને કેટલાયે દિવસથી કંઈ લખ્યું નથી. ગુસ્સો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન માનતો. મોહન, મારે ખાતર તું ત્યાં મહેનતમજૂરી કરે છે. તારા પેલા હાથ વધારે ખડબચડા થયા હશે. મને તે વિશેષ જ પ્રિય લાગશે. મારે ખાતર તેં ગામનો ત્યાગ કર્યો, ઘરબારનો ત્યાગ કર્યો, માબાપનો ત્યાગ કર્યો, મિત્રમંડળનો ત્યાગ કર્યો. મારે ખાતર તેં સુખનો, સ્વાસ્થ્યનો અને સર્વસ્વનો ત્યાગ કર્યો. મોહન, મારે ખાતર તેં શાનો ત્યાગ કરવાનું બાકી રાખ્યું છે? મારે ખાતર તેં અપમાન સહ્યાં, ચારિત્ર્ય ઉપર ઉડાડેલા છાંટા સહન કર્યા. તારી સાત્ત્વિકતાને મારા કોટિકોટિ પ્રણામ છે!

મોહન, હમણાં હમણાંથી હું રાત્રે તને કેટલાયે પત્રો લખતી બેસું છું. પણ તે બહારની પોસ્ટમાં નાખી શકાતા નથી. અશ્રુની શાહીથી હું તે લખું છું. હૃદયની પેટીમાં જ હું તે નાખું છું. અને તું એમ તો મારા હૃદયમાં જ છે ને? તું ધનગાંવમાં ક્યાં છે? ના. તું મારા હૃદયના શાંતિનિકેતનમાં છે. ત્યાં જ હું પત્રો નાખું છું. તને તે મળતા જ હશે.

વચમાં અહીં કેવું તોફાન ઊમટયું હતું. મોહન, તે તોફાનમાં તારી શાન્તા સપડાઈ હતી. વાટ દેખાય નહિ. બધે અંધારું જ અંધારું. આંખો ધૂળથી ભરાઈ ગઈ. હું પડી. રડી. પણ અંતે રસ્તો જડચો. તારી શાન્તા તારા સ્મરણથી સુખરૂપ પાછી આવી.

મોહન, તારું સ્મરણ તારનારું છે. વાટ દેખાડનારું છે. મારો મોહન મોહનાશન છે. નામ તારી શકે છે એનો મને અનુભવ થયો. પવિત્ર અનુભવ! રોમાંચક અનુભવ!

હું અહીં સ્ત્રીઓનો વર્ગ થોડા જ વખતમાં શરૂ કરવાની છું. ઘણી બહેનો આવવાની છે. હમણાં હું એક ગરીબ કામવાળી પાસેથી ભોજન મેળવું છું. તે બે રોટલા અને દાળ વખતસર લાવી આપે છે. તેને થોડી મદદ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહન, તું બહુ મહેનત ન કરતો. તબિયતને સાચવ. હું પણ હવે ખૂબ કરકસરથી રહેવાની છું. અહીં કંઈ કામ મળી જાય તો જોવાની છું. તું હવે ધનગાંવમાં છે. ત્યાં કામદારોનું સંગઠન ખૂબ થઈ શકશે. તું તેમનામાં ભળે છે કે? પણ તને વખત જ મળતો નહિ હોય. મારો મોહન આખો દિવસ કામ કરીને થાકી જતો હશે. તેને કોણ કહેતું હશે કે, ભાઈ, થાકી ગયો. જરા આરામ લે?

મોહન, તું અને હું ક્રાન્તિના ઝંડા હાથમાં લઈને ક્યારે સમસ્ત કિસાન કામદારોને ઉઠાવીશું? પોલીસો લાઠીમાર ચલાવે છે. ગોળીઓ સૂ સૂ કરતી આવે છે. આપણે લાઠી આગળ માથાં ધર્યાં છે, ગોળીની સામે છાતી ધરી છે. ઇન્કિલાબનો ઘોષ થાય છે. સેંકડો વર્ષની ગુલામીના ટુકડેટુકડા ઊડે છે. નવા ભવિષ્યની રક્ત પ્રભા આવે છે. એવું ક્યારે થશે વારુ? આ આપણાં જીવન ક્યારે કૃતાર્થ થશે વારુ?

મુકુંદરાવ આવ્યા કે? ભાઈની શી ખબર? સોનખેડીના આશ્રમ-વાળા દયારામ વગેરે કુશળ છે ને? તને તેમની ખબર મળે છે કે? શિવતરની નવાજૂની શી છે? ગીતાવર્ગ ચલાવે છે ને? ગામમાં દમન ખૂબ ચાલે છે એવું તેં લખ્યું હતું. જેટલું દમન વધારે તેટલી આગળ જતાં જાગૃતિ વધારે.

મોહન, ક્રાન્તિનો પંથ વિકટ છે. શાન્તાનો હાથ મજબૂત ઝાલી રાખ. મોહન, તું એક ખેડૂતનો મહેનતુ છોકરો! પણ શી તારી સમજ, કેવી તારી ધૃતિ, કેટલો ઉદાર સ્વાભાવ, કેટલું દિલદાર હૃદય, કેટલું મીઠું સરળ હસવું, કેટલું સહજ સુંદર જોવું, કેટલો ત્યાગ, કેટલી ધ્યેયનિષ્ઠા, કેટલી સહનશક્તિ, કેટલી આશા! ભણેલા કેટલાયે છોકરા મેં જોયા પણ તારી બરોબરી કોઈ ન કરી શકે. પ્રભુની પાઠશાળામાં તું ભણેલો! હું તને ભણાવતી. મોહન, તેં જ મને પરોક્ષ રીતે પાર વગરનું શીખવ્યું. મેં તને સ્લેટપાટી પરનું ભૂંસાઈ જનારું અક્ષરજ્ઞાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ્યું. પણ તેં મને ખરેખર અ-ક્ષર એવું જ્ઞાન, ન ભૂંસાઈ જાય એવું જ્ઞાન આપ્યું. તેં મને મુક્ત કરી છે. કિસાનકામદારોને મુક્ત કરવા ઇચ્છતા મોહન, તેં સૌથી પ્રથમ શાન્તાને અંધકારમાંથી, મોહમાંથી, વિલાસમાંથી મુક્ત કરી છે. આ મુક્ત સખીને હાથમાં લે અને તેને સાથે લઈને ક્રાન્તિના સંગ્રામ માટે ખડો થા.

બસ હવે. મોહનાશન પ્રેમમય મોહન, હૃદયદેવ મોહન,

તારી જ શાન્તા.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨. રડો નહિ, ઊઠો

મુકુંદરાવ જાત્રાએથી પાછા આવ્યા. તે રામપુર આવ્યા તે રામપુર આવ્યા અને ત્યાંથી સોનખેડી ગયા. દયારામ, ચૂડામણ, હીરાલાલ, પાર્થ, માણેક એ બધાનું કામ ચાલતું હતું. આશ્રમમાં પેદા થતી ખાદી સારી રીતે ખપતી હતી. રામદાસના આવ્યા પછી કામ વધારવાનું તેમણે નક્કી કર્યું હતું. તે આશ્રમમાં સોનખેડીના કિસાનો, સોનખેડીની માબહેનો વખત મળે ત્યારે આવતી, સૂતર કાંતતી અને ચર્ચા કરતી. "ખાલી ચર્ચા કરતાં ન બેસો. હાથ વડે કામ કરો અને મોઢેથી ચર્ચા કરો. હાથેથી અર્ચા અને મુખેથી ચર્ચા. હાથમાં કામ અને મુખમાં નામ. વિચાર, સ્વચ્છ વિચાર એટલે જ જ્ઞાન બ્રહ્મ. જ્ઞાન એટલે જ ઈશ્વર. આનાથી સુંદર ઈશ્વરની વ્યાખ્યા કોઈએ પણ કરી નથી. બેસો, આ રેંટિયો લો અને પ્રશ્ન પૂછો" દયારામ કહેતો.

ઘણી વખત ખેડૂત પૂછતા "આ સૂતરબૂતર તો ઠીક છે. પણ અમને મુખ્ય બે કાળ ફોલી ખાય છે. સરકાર અને શાહુકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેતરમાં પાકે કે ન પાકે, મહેસૂલ ભરવું જ પડે છે. વૃદ્ધ ખેડૂતો કહે છે કે મહેસૂલ ત્રણ ગણું થયું છે. અમારા સોનખેડી ગામનું મહેસૂલ પહેલાં ૨૨૦૦ હતું. આજે ૭ હજાર છે. ત્રણ ગણાથી યે વધારે વધારો. પણ અમારું ખેડૂતનું ઉત્પન્ન ક્યાં વધ્યું છે? પહેલાં એકવાર મોટી લડાઈ થયેલી. ખેડૂતોના માલનો ભાવ જરા ચડયો. તો સરકારે એકદમ મહેસૂલ વધાર્યું. આજે પંદર વરસથી ભાવ ફરીથી ગગડયા છે. પણ મહેસૂલ તો વધ્યું તે કાયમ જ રહ્યું. ખેતીમાં પરવડતું નથી. ખેડૂત જો બધો ખરચ નોંધી રાખે તો ખોટનો કારભાર ચાલે છે એમ જણાઈ આવશે. ભાવ વધ્યા, ત્યારે ખેડૂતોએ દેવાં કર્યાં. એવી આશાએ કે આવતે વર્ષે દેવાં વાળી દઈશું. લગ્ન જરા ઠાઠથી કરે. ક્યાંક ખેતરમાં કૂવો ખોદાવે; પણ ભાવ ગગડ્યા, કરજ પહેલાંનું જ રહ્યું. વ્યાજનો દર પણ પહેલાંનો જ રહ્યો. વ્યાજ જ ભરાતું નથી, કરજ વધતું જ જાય છે. એકએક ગામ શાહુકારનું થતું જાય છે. ખેડૂત એ તો નામનો જ માલિક છે. ખરો માલિક તો શાહુકાર છે, ક્યારે હરાજી કરશે તેનું ઠેકાણું નહિ. હમેશાં બીક. ખેડૂતને મરણની બીક નથી લાગતી. પણ આ હરાજી અને જપ્તીની બીક લાગે છે. આબરૂ ક્યારે લૂંટાશે, ઘરમાંનાં માણસોને ઘર બહાર ક્યારે નીકળવું પડશે તેનું કંઈ ઠેકાણું નહિ. નવું વર્ષ બેઠું, ફરીથી વાવણીના દિવસો આવે એટલે ફરીથી બીયાવા માટે શાહુકારની પાસે, માલિકની પાસે જવું પડે છે. બાર રૂપિયાનું બી ત્રીસ રૂપિયામાં લેવું પડે છે. શહેરમાંના ડાહ્યાઓ અમને કહે છે કે બીયાવા પૂરતું કેમ રાખી મૂકતા નથી? કેવી રીતે રાખીએ? ઘરમાં ખાવાનું તો પૂરું પડતું નથી, ચાર મહિના જેટલું યે વધતું નથી તો પછી બીયાવા માટે ક્યાંથી રાખવું? મહેસૂલ ભરવામાં, સાંથ ભરવામાં, થોડુંઘણું વ્યાજ ભરવામાં બધું જતું રહે છે. ખળામાં અનાજ આવતું નથી ત્યાં તો શાહુકાર ગાડી લઈને હાજર થઈ જાય છે. મુખી તલાટી તગાદો કરવા ખડા થઈ જાય છે. ખેડૂતની આમ ખેંચતાણ, શિકાર ચાલ્યા જ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂતર તે કેટલો ટેકો કરે ? અમારી સાંથ ઘટવી જોઈએ, ખૂબ વધી ગયેલું મહેસૂલ ઘટવું જોઈએ, અમારાં દેવાં રદ થવાં જોઈએ, નહિ તો અમે જીવતા રહેવાના નથી, ટકવાના નથી."

કિસાનોની વીતક કથાઓ સાંભળીને દયારામ દુઃખી થતો, પાર્થ ક્રોધથી તપી જતો, ચૂડામણ હોઠ કરડતો, હીરાલાલ કપાળે હાથ દેતો, માણેક મૂંડી નીચી કરતો. એ સેવકો શું કહે ? તેમણે એક કામ ઉપાડ્યું હતું. બધામાં જ માથું માર્યે કેમ ચાલે ?

"તમો કિસાનોએ સંગઠન કરવું જોઈએ. એકને ત્યાં જપ્તી આવે તો બીજા તેની મજા જોવા ભેગા થાય છે. શાહુકાર એકનું ખેતર લઈ લે તો બીજા દસ જણ મને તે આપો કહીને તેના પગ ચાટે છે. તમે જ હરિફાઈ કરીને તેની સાંથ વધારો છો. બીજાનો વાંક કાઢવો સહેલો છે. પોતાનો જ દામ ખોટો છે એ જોવું જોઈએ, કિસાન માત્ર એક થવો જોઈએ. કરજનો હિસાબ બરાબર થાય, મહેસૂલ ઘટે, સાંથમાં ઘટાડો થાય, તેથી તમારે ઊઠવું જોઈએ. અહીં આશ્રમમાં રોદણાં રડયે શું થાય ?" દયારામ કહેતો,

"વાસ્તવમાં તો કરજ જ રદ થવું જોઈએ. પહેલાં મુકુંદરાવે કહ્યું હતું, કે સરકારની એક આર્થિક તપાસ સમિતિએ એમ સ્પષ્ટ લખ્યું છે કે હિંદી ખેડૂત કરજ કદી પણ વાળી શકશે નહિ; એક દિવસ તે બધું રદ કરવું જોઈએ." હીરાલાલે કહ્યું.

"માનો કે રદ ન કર્યું. પણ વ્યાજ કેટલું ભરાયું તેનો હિસાબ તો કરવો જોઈએ. અને તે હિસાબ કરતી વખતે સેંકડે ત્રણ ટકાથી વધારે વ્યાજ ગણવું એ પાપ સમજવું જોઈએ, આટલી મોટી સામ્રાજ્ય સરકાર કરજ કાઢે છે, તો તેને બે ટકાના દરથી કરોડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપિયાનું કરજ મળે પણ દરિદ્રી ખેડૂતને વ્યાજનો દર કાં તો બાર ટકા, પચીસ ટકા, પચાસ ટકા ! સામ્રાજ્ય સરકારના કરતાં કિસાન શું શ્રીમંત છે? ખેડૂતની પતીજ ઉપર જ સામ્રાજ્ય સરકારને કરજ મળે છે. પણ તે કિસાનને માત્ર સોંઘા દરથી કરજ મળતું નથી," પાર્થ બોલ્યો.

"અમને ખેડૂતોને કોઈક દોરવણી આપવી જોઈએ પછી અમે ઊઠીશું." બધા ખેડૂતો કહેતા.

"મુકુંદરાવ આવશે, રામદાસ આવશે અને દોરવણી આપશે." દયારામ કહેતો.

અને મુકુંદરાવ આવ્યા એટલે આ મિત્રમંડળને કેટલો બધો આનંદ થયો ! જાણે પાંચ પ્રાણમાંનો એક પ્રાણ આવ્યો એવું બધાને થયું. બધાને પ્રકાશ મળ્યો. નવજીવન મળ્યું એમ લાગ્યું. દયારામે રામદાસની પ્રેમપૂર્વક પૂછપરછ કરી. તે મિત્રો તે તરફના અનુભવો પૂછતા હતા, અને મુકુંદરાવ કહેતા હતા.

ખેડૂતો પણ ભેગા થવા લાગ્યા. છેડ પડી ગયેલા ખેડૂતો આવતા જતા થયા. પોતપોતાનાં વીતક કહેવા લાગ્યા, મુકુંદરાવ મૂંગે મોઢે બધું સાંભળી લેતા.

"મોટાભાઈ, મારું નાનકડું ખેતર રહ્યું હતું, તે પણ શાહુકાર ખાઈ જવાનો, લિલામ કરવાનો છે, હું બાઈ માણસ શું કરું? બે નાનાં બાળકો છે. હું ક્યાં જાઉં? તેમને શું ખવડાવું?" એક માતા આવીને બોલી.

"તમારે એક વર્ષનું વ્યાજ અગાઉ ભરવું જોઈતું હતું. લીલામનો હુકમ થતાં પહેલાં કલેક્ટરને ત્યાં અરજી જવી જોઈતી હતી." મુકુંદરાવે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ક્યાંથી વ્યાજ આપું, મોટાભાઈ! પેટનો ખાડો પૂરવા માટે જ કાંઈ નથી. હું એક જ વાર જમું છું અને છોકરાંને ખવડાવું છું. અરજી ક્યારે કરવી, ક્યાં કરવી એની અમને શી ગમ ?" તે બોલી.

"આવી શરતો કરવી એટલે ખેડૂતોની સ્થિતિ વિશેનું અજ્ઞાન પ્રકટ કરવું. ખેડૂતોની પાસે થોડી ઘણી પણ જમીન રહેવી જોઈએ એમ આગેવાનોને જો ખરેખર લાગતું હોત તો આવી શરતો તેમણે કરી જ ન હોત. પણ અમારી ખરી દયા હજી કોઈને આવતી નથી એજ ખરું છે." રાઘો બોલ્યો.

"પેલો મોતીશેઠ ખાદી પહેરે છે. તકલી ચલાવે છે. અને અને બીજી તરફ બસ લિલામ કર્યા જ કરે છે. તેને ચૂંટીને મોકલ્યો. વ્યાજનો દર ઓછો ગણે તો સમ છે. બધાં ઢોંગધતિંગ. કોઈને ખરી લાગણી જ નથી." તુલસીરામ બોલ્યો.

"અરે ! અમે ગરીબ સેવકોને ઊભા કર્યા હોત તો તમે ખેડૂતોએ જ તેમને મત આપ્યા ન હોત. તમે હજી પણ જાગીરદાર, રાવ-સાહેબ, શાહુકાર એવાને મોટા ગણો છો. એટલે અમારે પણ પથ્થર કરતાં ઈંટ પોચી એમ કહીને મોતીશેઠ જેવાને ઊભા કરવા પડે છે" પાર્થ બોલ્યો.

"ભાઈ, તારું કહેવું ખરું છે. અમે હજી મોટરો વગેરે જોઈને ભુલાવામાં પડીએ છીએ. કાલે દયારામ ઊભો થાય તો તેને કોણ મત આપે ? કહેશે કે તે ભિખારી છે, તેને મત શો આપવો ? અમે જ મૂરખ છીએ." નારાયણ બોલ્યો.

"ગમે તેમ કરો પણ મારો ટુકડો બચાવો. છોકરાંને થોડો આશરો રહેવા દો. હું તમારે પગે પડું છું." પેલી માતા બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આમ જુઓ, આજે જો લિલામ થાય તો પણ આગળ જતાં એ ખેતર અમે તમારા છોકરાને પાછું અપાવીશું." મુકુંદરાવે કહ્યું.

"છોકરાને પાછું મળશે?" તેણે હસીને મંદ આશાએ પૂછ્યું.

"હા. અમે લડત ચલાવીશું. હાથમાં સત્તા લઈશું. ખેડૂતોની જમીનો તેમને પાછી અપાવીશું." મુકુંદરાવે ગંભીરતાથી કહ્યું.

"ક્યારે થશે લડત, ક્યારે મળશે સત્તા?" તેણે પૂછ્યું.

"પાંચ દસ વર્ષમાં બધું બદલાઈ જશે" તે બોલ્યા.

"ભગવાન તમારું ભલું કરે. હું સુખેથી મરીશ. મારાં છોકરાંને આગળ જતાં મળશે. આજે તો તેઓ નાનાં છે. એક છે પાંચ વરસનો, એક છે આઠ વરસનો. તે મોટા થશે ત્યારે તેમને તેમનું ખેતર પાછું મળશે, સારું થશે. ભગવાન તમારી મહેનતને સફળ કરો" તે માતા બોલી.

તે માતાની આશા જોઈને મુકુંદરાવની આંખોમાં આંસુ આવ્યાં. દસ વર્ષે પણ છોકરાંને જમીનનો ટુકડો મળશે એ આશા પર તે સુખેથી જીવવાની હતી, સુખેથી મરવાની હતી! કેટલા આનંદથી તેણે પૂછ્યું હતું: "ખરેખર પાછું મળશે કે?" એમ! તેનું મોઢું કેટલું કોમળ દેખાતું હતું! જરાક કાળા વાદળની પાછળ ચંદ્ર હોય એટલે પેલા વાદળનું જેવું સૌમ્ય રૂપ દેખાય છે તેવું મોઢું તે વખતે દેખાયું! કેટલી આશા, થોડી ઘણી સહાનુભૂતિ મળી તોપણ કેટલો બધો સંતોષ!

તે માતા ગઈ.

"ઓણસાલ શાહુકારોએ લિલામ ઝપાટાબંધ ચલાવ્યાં છે. આ લિલામ અટકાવવાં જોઈતાં હતાં. દર વરસે જપ્તી–વૉરંટની આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીડ નથી હોતી. પણ વરસે બે વરસે ઋણ રાહતનો કાયદો થશે તેથી પહેલેથી જ શાહુકારો જાગ્યા છે." રાયો બોલ્યો.

"લિલામ અટકાવો એવો લાખો કિસાનોએ ખૂમાટો ઉઠાવવો જોઈએ. વિરાટ સભાઓ ભરવી જોઈએ. ઘરના ખૂણામાં બેસીને રડવાથી શું થાય? ભય છોડો, આમે ય મરવાનું તો છે જ તો પછી લડત શું કામ ન કરીએ. પટેલનો ભો, તલાટીનો ભો. પોલીસોનો ભય, મામલતદારનો ભય, એ બધા ભય છોડવા જોઈએ. આ બધા આપણા નોકર છે. આપણે માલિક છીએ, એવી ભાવનાથી રહેવું જોઈએ. ચાલો આપણે ચળવળ ઉપાડીએ. લિલામ અટકાવો, કરજ રદ કરો, સાંથમાં ઘટાડો કરો, મહેસૂલ ઓછું કરો, એ આપણી માગણીઓ. આ માગણીઓ ઉપર જ્યાંને ત્યાં ખળભળાટ મચાવી મૂકીએ. ઊઠશો કે તમે?" મુકુંદરાવે પુછ્યું.

"હા ઊઠીશું, તમે ખડા થઈ જાઓ, અમે તમારી પાછળ છીએ. હજારો ખેડુતો ભેગા થશે." નારાયણે કહ્યું.

મુકુંદરાવે પ્રચાર કરવા માંડ્યો. આજુબાજુ હરવાફરવા લાગ્યા, અને તેમને કુદરતની પણ મદદ મળી. તે આવ્યા ત્યારે પાક જરા સારો હતો. ખેડુત સુખી હતો, પણ એકાએક પ્રચંડ વરસાદ શરૂ થયો. કેમે કરીને અટકે નહિ. કપાસનાં છોડવા ખરી પડ્યાં, જુવારનાં ફૂલ ઊડી ગયાં. મગફળીને અંકૂર ફૂટ્યા, બાજરીઓ પડી ગઈ, હાથમાં આવેલું વહી ગયું. ખેડુત ગરીબડો થઈ ગયો, નદીનાળાં પાણીથી ઊભરાઈ ગયાં અને બધે પાણી પાણી થઈ ગયું. ખેતરોમાં રેતી પથરાઈ ગઈ, ખેતર નકામાં થયાં. કેટલાં ઘર પડ્યાં, કેટલી ઝૂંપડીઓ પડી તેનો હિસાબ નહિ. પાણી વરસતું હતું. મજૂરોને કામ ન મળે. ઘરમાં દાણો નથી, ત્રણ ત્રણ દિવસ સુધી ઘરમાં ચૂલો સળગે નહિ. ઘરમાં હેજ આવે, ટાઢ વાય, પણ દેવતા સળગાવવા ઘરમાં સૂકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફાચરો ન મળે! ભીનાં જ કપડાં શરીર ઉપર. શરીરની થોડી ઘણી ગરમીથી તે શરીર ઉપર જ સુકાઈ જતાં. ગરીબ ગુરબાંની દીન અવસ્થા થઈ ગઈ.

લીલો દુકાળ પડ્યો. ઢોરોને પાણી ખૂબ મળ્યું. ચાર પણ થઈ, પણ માણસને માટે દાણો રહ્યો નહિ. આવી સ્થિતિ હતી તો પણ સરકારને દાદ નહોતી. એમને ત્યાં પહેલાં બાર આની, દસ આની પાકના આંકડા ગયેલા તે જ કાયમ હતા. બ્રહ્મદેવ લખ્યા લેખ બદલે પણ અહીં નીચે કંઈ બદલાય નહિ. પટેલ તલાટીઓને હુકમ છૂટ્યા "ખેતરમાં જઈને જુઓ કે કપાસનાં કેટલાં જીંડવાં ગળી પડ્યાં છે." ખેતરમાં ગળી પડેલું જીંડવું મળે નહિ, ત્યાં જીંડવું ક્યાંથી દેખાય? પાણી સાથે એ તણાઈ ગયાં હતાં, પણ સાહેબનું મગજ કેમ કામ કરે તેનો કંઈ નિયમ નથી હોતો.

જુવારનાં કણુસલા મોટાં દેખાતાં હતાં. અંદર દાણો માત્ર ભરાયો નહોતો. સાહેબ પૂછતા કે "કણુસલું દેખાય છે કે નહિ?" બિચારા પટેલ તલાટી કહેતા "હા સાહેબ, મોટું કણુસલું છે!"

સરકારી અધિકારીઓને ઉપરથી હુકમ છૂટ્યા કે વરસ ખરાબ છે. તાબડતોબ તગાદો કરો. દર વરસે મહેસૂલ ડિસેમ્બર–જાન્યુઆરીમાં લેતા તો એણુસાલ ઓક્ટોબરથી જ તગાદો! કારણ કે દુષ્કાળ હતો. ખેડૂતનાં ઢોરઢાંકર જપ્ત થવા લાગ્યાં. ઘરમાંના ખાટલા, ઘંટીઓ, વેલણ, ખાંડણીઓ અને વાસણકૂસણ ચોરામાં હરાજી માટે જવા લાગ્યાં, ગાડાં જપ્ત થયાં, ઘરમાંનું રાચરચીલું જપ્ત થયું.

"તું પહેલું મહેસૂલ ભર એટલે બીજા ભરશે." મામલતદારે મુખીને કહ્યું.

"ક્યાંથી ભરું રાવસાહેબ?" તે હાથ જોડીને બોલ્યો.

"ઢોર વેચી દે, ગમે તે કર." સાહેબ ચિડાઈને બોલ્યા. ઠેકઠેકાણેના મુખીઓએ ઢોર ઢાંખર વેચીને કરજ કરીને પહેલું મહેસૂલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરી દીધું. પછી તેઓએ ખેડૂતોને તગાદો કરવા માંડ્યો, બધે હાહાકાર મચ્યો.

" ના લઈ જતો મોટાભાઈ ગાયને, તે ગાભણી છે. ક્યાંથી ભરું મહેસુલ ? ઘરમાં મૂઠીભર દાણા નથી તે જો. ' એક ખેડૂત હાથ જોડીને બોલ્યો.

" સરકારી કામમાં દખલ ન કરતો. દૂર ખસ. છોડો, લ્યા પેલી ગાય. હાંકી જાઓ એને." અધિકારી બોલ્યા. ગાય ઉપર પ્રેમ કરનારો પેલો ખેડૂત ગાયની રાશ છોડવા દે નહિ. સરકારી કામમાં દખલ કરે છે એમ કહીને એને પકડવામાં આવ્યો. ગાય લઈ જવામાં આવી, પેલી ગાય ડગલું ભરે નહિ. માલિકની બેઆબરૂ એનાથી સહી જતી નહોતી. તેણે શિંગડું માર્યું, પછી પૂછવું જ શું. ગાયને મારતા મારતા લઈ ગયા. ગાભણી ગાય માર્ગમાં જ વિયાઈને મરી ગઈ. મરેલું વાછરડું અને મરેલી ગાય રસ્તામાં પડ્યાં હતાં.

ગાય ગઈ. તેના માલિકના ઉપર સરકારી કામમાં અડચણ કરવા માટે કેસ કરવામાં આવ્યો. તેને પચાસ રૂપિયા દંડ અને ચાર માસની સજા કરવામાં આવી. ઘેર સ્ત્રીએ માથું પછાડ્યું. છોકરાં રડતાં રડતાં માને વળગી પડ્યાં. અરેરે !

બધે આ જ હકીકત. જ્યાં જઈએ ત્યાં આ કરુણ કથાઓ કાને અથડાવા લાગી. એક ખેડૂતે બજારમાં જઈ આઠ આનાના દાણા આણ્યા તો બીજે દિવસે તેના ઘરમાં મહેસૂલ માટે જપ્તી બેઠી.

" નથી મોટાભાઈ મારી પાસે પૈસા. આજ સુધી સરકારના ભરતો નહોતો કે ? પાકતું નહોતું અને પાકેલું બરાબર વેચાતું નહોતું તો યે મહેસૂલ ભરતો હતો. હવે ઉપાય રહ્યો નથી. " તે બોલ્યો.

" સાહેબ, આની પાસે ઘરમાં ખાવા માટે દાણા લાવવાના આઠ આના છે, અને કહે છે કે મહેસૂલ ભરવાના પૈસા નથી. લબાડ છે લબાડ ! " મુખી બોલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દ્વાર જપ્ત કરી લો" સાહેબે હુકમ કર્યો!

દુષ્કાળની વાત સરકારને ગળે ઊતરે નહિ. કેવી રીતે ગળે ઉતરાવવી? મરીને. હજારો ખેડૂત ભૂખમરાથી મરશે ત્યારે ગળે ઊતરશે. સત્ય ગળે ઉતરાવવા મરવું પડે છે. પેલા એક ગામના ખેડૂતો ખાવાનું નથી એટલે કામ મળશે એ આશાએ સંગમનેર તરફ ઊપડ્યા. શેરડીની વાડીઓમાં કામ મળશે એમ માનીને ઊપડ્યા. પણ ત્યાં હતો કોલેરા. દુષ્કાળપીડિત કિસાનો ત્યાં ગયા. ભૂખ્યા રહે, ટાઢા વાસી ટુકડા ખાય. કોગળિયાંએ તેમને ઝડપ્યા. બે ત્યાં જ મરી ગયા, બાકીના પાછા ફર્યા, તેમાંના ત્રણ રસ્તે મરી ગયા. ગામમાં હકીકત કહેવા એક આવ્યો. હકીકત કહીને તે પણ મરી ગયો. છૂટ્યા બિચારા.

લોકો પેટને ખાતર ગામ છોડીને જતા રહેવા લાગ્યા તો પણ દુષ્કાળ છે એમ સરકારને લાગે નહિ. સરકારને ઠસાવવાનો એક જ માર્ગ છે. ખેડૂતોએ મડદાંની માફક પડી ન રહેવું. ઊઠવું જોઈએ. એમ સરકારને લાગતું હતું. માને થાય કે છોકરું બોલે, ઊભું થાય, પાલવ તાણીને માગે પણ બાઘાની જેમ પડી ન રહે. તે ખાઉ ઊંચે ધરી રાખે છે અને રડતા બાળકને ઊઠ અને લે એમ કહે છે. સરકારની પણ એવી જ ઇચ્છા નહિ હોય? રડો નહિ, ઊઠો અને લ્યો, એમ સરકાર કહેતી હતી કે શું!

મુકુંદરાવ સરકારી અમલદારોને જઈને મળ્યા. પણ તમે જુઠા લોકો છો, તમને બીજો કંઈ ધંધો નથી એમ કહીને એમને ઉતારી પાડવામાં આવ્યા. મુકુંદરાવ શાંતિથી પાછા આવ્યા. તેમણે નિશ્ચય કર્યો, કે આખા પ્રદેશને ચેતવવો. તેમનું હૃદય સળગ્યું, ભાવના ભડભડી ઊઠી. તેમની આંખો નિશ્ચયથી ચમકવા લાગી. "રડો નહિ, ઊઠો, સળગો, નીકળો, ગર્જના કરો, ઝંડા લ્યો" એમ તે કહેવા લાગ્યા. અને પડેલો કિસાન ઊઠવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩ સ્વાતંત્ર્ય-દિન

સ્વાતંત્ર્ય-દિન નજીક આવતો હતો, હિંદુસ્તાને સ્વતંત્ર થવાનો નિશ્ચય ક્યારનો યે જાહેર કર્યો હતો. દર વરસે તે દિવસ ઉજવવામાં આવતો, પણ તે ઉજવણીમાં ખરો અર્થ રેડાતો નહોતો. સ્વાતંત્ર્ય એટલે શું એ જનતાને સમજાવું જોઈએ. સ્વાતંત્ર્ય એટલે બેકારને કામ, પેટ ભરીને અન્ન. સ્વાતંત્ર્ય એટલે દરેક જણને રહેવા માટે ઘરબાર; સ્વાતંત્ર્ય એટલે સર્વેને શિક્ષણ; સ્વાતંત્ર્ય એટલે સર્વેની આબરૂનું રક્ષણ; સ્વાતંત્ર્ય એટલે કિસાનોની કરજમાંથી મુક્તિ; એનાં ખેતરવાડી તેને પાછાં મળે, ઘણું ભારે મહેસૂલ સારી પેઠે ઓછું થઈ જાય; સ્વાતંત્ર્ય એટલે કામદારને પગાર સાથેની રજા, ઘડપણમાં પેન્શન, કામનું કાયમપણું, તેને રહેવા માટે ચાલી, કામના ઓછા કલાક; સ્વાતંત્ર્ય એટલે આવી આવી ચીજો. તેથી આ સ્વાતંત્ર્યની લડતમાં સામેલ થાઓ. આવા ઉદાસીન ન રહો. આવું જો આપણે કિસાન કામદારોને કહીશું તો સ્વાતંત્ર્ય-દિનની ઉજવણીમાં કેવું તેજ આવે છે તે જુઓ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુકુંદરાવે સ્વાતંત્ર્ય-દિનને દિવસે હજારો કિસાન કામદારોને ભેગા કરવાનું નક્કી કર્યું. તેમણે વિદ્યુતની જેમ પ્રચાર શરૂ કર્યો. તેમને આ કામમાં અનેક યુવકો મળી આવ્યા. રાત દિવસ, સવાર સાંજ બસ પ્રચાર જ ચલાવ્યો.

તે શિવતર ગયા. શાન્તા અને મોહનનું તે ગામ. ગામમાં જાગ્રતિ હતી. વિચારે પ્રવેશ કરેલો. મોહન ત્યાં નહોતો. તોપણ તેના મિત્રો અંદરખાનેથી સળગાવતા જ હતા. ગીતા ત્યાં જ્ઞાન આપતી હતી. મુકુંદરાવનું રાત્રે ભાષણ હતું. સ્ત્રીઓએ ફેરી કરી. આજુબાજુનાં ગામોમાં પણ સાદ પાડવામાં આવ્યો. રાત્રે પ્રચંડ સભા ભરાઈ. સેંકડો સ્ત્રીઓ આવી હતી. હજારો કિસાનો ભેગા થયા હતા.

મુકુંદરાવે કહ્યું, "જગતના તાતો! તમે આજે મરો છો. બધા તમને લૂંટે છે, કચડે છે. હવે ડોક ટટાર કરો. કહો કે અમારો શ્રમ કરનારાઓનો પહેલો હક્ક. પ્રથમ અમારે પેટ ભરીને ખાવાનું જોઈએ. જેનો હક્ક પહેલો હોવો જોઈએ તેને જ આજે તગેડી મૂકવામાં આવે છે. સરકાર કહે છે "પહેલું મારું મહેસૂલ ભરી દે. મારું લેણું પહેલું ભરપાઈ કરી દે. રાજસત્તાનો પહેલો હક્ક. આપ, નહિ તો કેદમાં પૂરીશ." શાહુકાર આવે છે અને કહે છે, "મારું દેવું પહેલું ભરી દે. નહિ તો મરી ગયા પછી નરકમાં જઈશ. જીવતાં કેદમાં જઈશ. મારો પહેલો હક્ક." ગાદી ઉપર બેસનારા સંતમહંત, મહારાજ, બાવાજી આવે છે અને કહે છે, "ધર્મ પહેલો કરો, ભગવાનને પહેલું ધરાવો. અમને આપો એટલે ભગવાનને પહોંચી જશે. ધર્મને ભૂલો નહિ, બાકીનું બધું ભૂલી જાઓ." સરકારનો હક્ક છે, ધર્મમાર્તંડોનો હક્ક છે, પણ શ્રમ કરનારાઓનો હક્ક છે કે નહિ? તેની બૈરીને એક આખું લૂગડું પહેરવાનો હક્ક છે કે નહિ? તેના છોકરાને પેટ ભરીને ખાવાનો હક્ક છે કે નહિ? તેને પોતાને જીવવાનો હક્ક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે નહિ? ખેડૂત અને તેનાં બૈરાંછોકરાંને કેવળ મરવાનો જ હક્ક?

નહિ. આ બધું બદલવું જોઈએ. ગાયનું દૂધ પણ જો ટીપે-ટીપું ચૂસી લઈએ તો સાત્વિક પ્રકૃતિની ગાય પણ લાત મારે છે. કહે છે કે પાપી, હવે નથી આંચળમાં કાંઈ. પણ આપણે ખેડૂતો તો ગાયનાએ ગાય થયા. હવે મનુષ્યો થઈએ. આ બધાને સંભળાવી દઈશું કે "પહેલાં અમને અને અમારાં બાળબચ્ચાંને પેટ ભરીને ખાવા દો. વધશે તો તમને આપીશું. અમે ખેડૂતો મરીશું તો તમે ય મરશો. તમે જીવી શકો તે માટે પ્રથમ અમને સારી રીતે જીવવા દો."

બીક છોડો. બીકણની પાછળ બ્રહ્મરાક્ષસ. એક વાર્તા છે. એક રાક્ષસ હતો. તેણે એક નોકર રાખ્યો હતો. તે નોકરને એ સતત કામ જ કહ્યા કરે. "કામ નહિ કરે તો ખાઈ જઈશ" એમ કહે. એક દિવસ પેલો નોકર તદ્દન થાકી ગયો હતો. પણ રાક્ષસે કહ્યું, "વીસ ગાઉ ચાલતો જા અને આ સંદેશો કહી આવ." તે નોકર માર્ગમાં જ પડીને મરી ગયો હોત. નોકર કહે આમે ય મરવાનો તો છું જ તો પછી નથી જતો એમ સંભળાવી દઉં. તેણે રાક્ષસને તે પ્રમાણે કહ્યું. રાક્ષસે કહ્યું "ખાઈ જઈશ." નોકરે કહ્યું, "એક વાર ખાઈ જા." રાક્ષસ ખાઈ ગયો હશે કે? રાક્ષસે જો ખાધો હોત તો તેનું કામ કોણ કરત? પેલા નોકરે બીક છોડી અને તેથી તેનો દી સુધર્યો. તમે બીક છોડો. જો કોઈ કહેશે કે સરકાર કેદમાં પૂરશે તો કહો કે ભલે પૂરે. ગોળી મારશે તો કહો કે ભલે મારે. નહિતો યે મરીએ જ છીએ ને!

દુનિયાના શ્રમજીવીઓ જાગ્રત થતાં જાય છે. હિંદુસ્તાનમાંના કિસાન જાગે છે. તમે પણ જાગો. બિહાર અને ઓરિસા પ્રાન્તમાં મેં કેટલી બધી જાગ્રતિ જોઈ. ત્યાંના ખેડૂતોનો જમીનદારો સામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યાગ્રહ ચાલ્યા જ કરે છે. એક વખત એક જગાએ ગોળીબાર થયો. એક ખેડૂત ગોળીથી મરી ગયો. તેના શરીરમાંથી લોહી વહેવા માંડ્યું. પણ તેની પત્ની વીર હતી. તેણે પોતાના કંકુમાં તે લોહી ભેળવ્યું. કંકુ વધારે લાલ અને તેજસ્વી થયું. તે આ કંકુનો ચાંલ્લો કરે છે અને કહે છે 'મારો પતિ અમર થયો. મારું સૌભાગ્ય અમર છે. કઈ બંદૂક મારું સૌભાગ્ય હરી લેવાની છે ?'

આ જુઓ, આ જુઓ તે લાલ કંકુની ડબી. આ ડબી તે સતીએ આપી. તેનું નામ પાર્વતી. આ ડબીમાંનાં કંકુમાં પેલા ખેડૂતના પવિત્ર લોહીનો અંશ છે. મહારાષ્ટ્રમાંની કિસાન બહેનોને માટે તેણે આ ભેટ મોકલી છે. આમાંના કંકુનો ચાંલ્લો કરો અને લડવા માટે ખડાં થાઓ. પતિની સાથે, કેડે છોકરું લઈને ઊભાં રહો. તેજસ્વી થાઓ, નિશ્ચયી થાઓ. સાવિત્રીએ યમરાજની પાસેથી પોતાનો પતિ પાછો મેળવ્યો. આપણે સામ્રાજ્ય સરકાર પાસેથી, જમીનદારો પાસેથી અને શાહુકારો પાસેથી આપણું સુખ અને સ્વાતંત્ર્ય લઈ લઈએ. હવે પડવું નથી, રડવું નથી. હવે એક જ ક્રાન્તિની ગર્જના કરો. ઉપરનાને નીચે તાણો, નીચેના ઉપર ચડો. અહીંનાં સ્ત્રીપુરુષોએ આજુબાજુના પ્રદેશને જગાડવો જોઈએ. હવે સ્વસ્થ બેસી ન રહો. સ્વાતંત્ર્યદિન નજીક આવે છે. તે સ્વાતંત્ર્યને દિવસે આપણે હજારો અને લાખો ખેડૂતો ભેગા મળીશું. તે દિવસે કામદારો કામ છોડીને આવશે. વિદ્યાર્થીઓ સ્કૂલકૉલેજો છોડીને આવશે. ભેગાં થઈશું. એવો ઘોષ કરીશું કે સામ્રાજ્ય સરકાર થરથર કાંપી ઊઠશે. આપણને લૂંટનારા નરમ પડશે, શરમાશે. આપણું ભાગ્ય નજીક આવશે.

ચાંલ્લો કરો બહેનો, આમાંના કંકુનો ચાંલ્લો કરો. કોણ લે છે આ દાબડી ? કોઈ કે ય આગળ આવો અને આ દાબડી લઈને બધાંને ચાંલ્લો કરો. તમે જ ગીતાબાઈને ? આવો ગીતા જ નવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંત્ર આપે છે, મરણનો ભય ઉડાડે છે, નિઃશંક રીતે ઝૂઝવા પ્રવૃત્ત કરે છે. જેમને કપાળે ચાંલ્લો હોય તેમને કરો આ પવિત્ર કંકુનો ચાંલ્લો. તમે ચાંલ્લો કરી વળો ત્યાં સુધી હું ગીત ગાઉં છું. હવે નવાં ગીત બધે ચાલુ થવાં જોઈએ. દીવાલો ઉપર મંત્ર લખાવા જોઈએ. ચીનમાં ગામડે ગામડે સવારથી રાત સુધી બધો વખત સ્વાતંત્ર્યનાં ગીત સંભળાતાં હોય છે. દીવાલો ઉપર સ્વાતંત્ર્યનાં વચનો લખેલાં હોય છે. તમારા ઘરની ભીંતો ધોળાવો. "મહેસૂલ ઓછું કરો, સાંથમાં ઘટાડો કરો, કરજ રદ કરો, બેકારોને કામ આપો" એવાં વચનો જ્યાંને ત્યાં લખી વળો. લાકડા ઉપર અને પથરા ઉપર, ઝાડ ઉપર અને ડાળીઓ ઉપર આવું લખી વળો. આવાં અર્થવાળાં વચનો એ જ આપણા મંત્રો. ચાંલ્લા કરી લેતાં સુધી હવે એક ગીત સાંભળો.

સ્વાતંત્ર્યદિન–

उठुं दे देश, उठुं दे देश
येथुन तेथुन सारा पेटुं दे देश, पेटुं दे देश ॥धृ०॥
कोटि कोटि आतां उठुं रे किसान
निर्भयपणें अपुली उंच करो मान
मुक्तकंठे गावो स्वातंत्र्याचें गान
नष्ट करूं आतां अपुले सारे क्लेश ॥ उठुं० ॥
कमावतां तुम्ही गमावतां कसे
सिंह असुन तुम्ही बनला रे ससे
तेजें उठा आतां पडा ना असे
माणसें बना आतां वनु नका मेष ॥ उठुं० ॥
रात्रंदिवस तुम्ही करितसां काम
जीवनांत तुमच्या उरला नाहीं राम

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

घाम गळे तुमचा हरामाला दाम
येवो आतां तुम्हां थोडा त्वरी त्वेष ॥ उठुं० ॥

मोर्चे काढूं आतां निधुं दे फौंजा
लुटारूंच्या आतां थांवबूं या मौजा
चालूं देगार नाही कोणाच्या गमजा
कोटी किसानांचा फणा करी शेष ॥ उठुं० ॥

દેશ ઊઠો દેશ ઊઠો
અહીંથી ત્યાંથી આ આખો દેશ સળગો
આ દેશ સળગો.

હવે કરોડો કરોડો કિસાનો ઊઠશે
પોતાનું માથું નિર્ભયતાથી ઊંચું કરશે
મુક્તકંઠે સ્વાતંત્ર્યનું ગાન ગાશે
હવે આપણા બધા કલેશોનો નાશ કરીશું.

તમે કમાઓ છો તો ગુમાવો છો કેવી રીતે
સિંહ છો અને તમે સસલાં બન્યાં છો
તેજથી હવે ઊઠો અને આમ પડી ન રહો
હવે મનુષ્ય બનો, મેષ નહિ.

રાત ને દિવસ તમે કામ કરો છો
તમારા જીવનમાં રામ રહ્યો નથી
તમારો પરસેવો પડે છે ને દામ હરામને મળે છે
હવે તમને થોડો તો રોષ ચડવો જોઈએ.

હવે કૂચ કરીશું ને ફોજો જગાવીશું
લૂટારુઓની મોજ હવે થંભાવીશું
કોઈની મગદૂર હવે ચલાવવા દઈશું નહિ
હવે કરોડો કિસાનોનો રોષ ફેણનો ફુંફાડો કરશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાંલ્લા થઈ ગયા. હવે નિશ્ચય કરો. પાતાળમાં શેષ છે અને તેના માથા ઉપર પૃથ્વી છે એમ આપણે માનીએ છીએ. તે ફેણ હલાવે છે એટલે ધરતીકંપ થાય છે એમ કહે છે. આ શેષ તે કોણ? સાત લાખ ગામડામાં નીચે દબાયેલો ખેડૂત તે જ આ શેષ! આ નીચે રહેલો પાતાળમાં દબાયેલો કિસાનોનો કરોડો ફેણવાળો શેષ જો જાગે અને જરાક ફુંફાડો મારી ઊઠે તો પ્રચંડ ધરતીકંપ થશે, બધા સામ્રાજ્યવાદ નાશ પામશે. બધા જુલમો જમીનદોસ્ત થશે. જાગો, સ્ત્રી પુરુષ, છોકરા છોકરી, જાગો અને બીજાઓને જગાડો. સ્વાતંત્ર્યદિનને દિવસે ગીતો ગાતા, ઝંડા ફરકાવતા, ફેરીઓ કાઢતા, ભેગા થાઓ અને પોતાના સામર્થ્યનો અનુભવ કરો."

મુકુંદરાવ અટક્યા. ગીતા આવીને ઊભી રહી. તે બોલી, "અમે સ્ત્રીઓ પાછળ નહિ રહીએ. પોલીસ આવશે તો કહીશું કે તું અમારો ભાઈ છે. ન મારીશ ડંડો, અમે બીવાનાં નથી. કમ્મર કસીને ઊભાં રહીશું. ખેડૂતોની દશા બહુ ખરાબ. અમારા પડોશમાં રુકિમણી છે. તેના ઘરમાં ખાવાનું નથી. છોકરો ટાઢિયા તાવથી બીમાર છે, તેને દવા નથી. ખરાબ દિવસ આવ્યા છે. હવે રડવાનો કંઈ અર્થ નથી. શાન્તાને આપણે બોલાવીશું, તે થશે આપણી આગેવાન. તેની પાછળ આપણે નીકળી પડીશું, દાવાનળ સળગાવીશું. મા બહેનોને ઉઠાડીશું. આપણે પુરુષોની આગળ રહીશું. સરકારને કહીશું કે આ સાલ મહેસૂલની માફી આપ, મહેસૂલ ઓછું કર, બારણે આવતા શાહુકારને અટકાવ. નહિ તો તારે બારણે અમે અમારાં માથાં પછાડીએ છીએ."

ગીતાનું ભાષણ નાનકડું હતું. પણ તેમાં ગામડાંનો આત્મા ધબકતો હતો. શિવતર ગામ ઉત્સાહથી ઊમટી પડ્યું, સ્ફૂર્તિથી નાચવા લાગ્યું.

"હવે આખો દેશ જગાવીશું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાતંત્ર્યનું ગાન ગાઈશું,
દેશમાંનો મારો કિસાન જાગ્યો. ”

એમ ગાતાં છોકરાં બધે ઘૂમવા લાગ્યાં. ચેતનની જ્વાળાઓ બધે ફેલાવા લાગી. ઉત્સાહનાં પૂર દૂર સુધી પ્રસરવા લાગ્યાં.

શાન્તાએ વર્તમાનપત્રોમાં આ હકીકત વાંચી. તેનાથી રહેવાતું નહોતું. આ પ્રચંડ મોરચામાં સામેલ થવા તે આવી. તે પ્રથમ ધનગાંવ આવી. મોહનને શોધતી શોધતી તે તેની ઝૂંપડીમાં ગઈ. કૃશ અને બીમાર મોહન ગોદડી ઉપર પડ્યો હતો. તેણે શાન્તાનો ફોટો હૃદય સાથે ધરી રાખ્યો હતો. તાવથી ધગી ઊઠેલા મોહનને તે એક જ શાન્તિ હતી.

“મોહન, મોહન” શાન્તાએ હાંક મારી.

“આવી, શાન્તા આવી, તારું જ સ્મરણ હું કરતો હતો. શાંતા આવ, બેસ. શરીર બળે છે. તારો હાથ માથા ઉપર મૂકને.” મોહન બોલ્યો.

શાન્તાએ મોહનનું બિછાનું સમાર્યું. તેને ઓઢાડ્યું, તેના કપાળ ઉપર હાથ રાખીને તે બેઠી. તેણે થોડા વખત પછી તેના કપાળ ઉપર ઠંડા પાણીનાં પોતાં મૂક્યાં. મોહનના ચરણ ચાંપતી તે બેઠી. તેના પગને પોતાના ખોળામાં લઈને તે ધીમે ધીમે તળાંસતી હતી. આંખો ભરાઈ આવતી હતી. કેટલો કૃશ થયો હતો તેનો મોહન. પહેલાં એનો બાંધો કેવો મજબૂત દેખાતો હતો, કેવો આંખે ચડતો હતો. પણ આજે કેવળ હાડકાં રહ્યાં, મારે ખાતર મોહન ઘસાયો, વૈતરું કર્યું.

“મોહન, તું કેટલો સુકાયો? કેટલા દિવસથી બીમાર છે? મને જણાવ્યું નહિ?” તેણે પૂછ્યું.

“શાન્તા, જણાવીને શું કરવાનું? તને બે મહિનાથી પૈસા મોકલ્યા નથી. વચન આપ્યા પ્રમાણે વર્ત્યો નહિ. વચનભ્રષ્ટ પાપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહન બીમાર પડ્યો. હું કોઈને યે ઉપયોગી નથી. ન તને, ન દેશને. ફોગટ, નકામું જીવન" મોહન બોલ્યો.

"મોહન, તારું જીવન જો ફોગટ તો સફળ કોનું? તારું આ મૂગું બલિદાન છે. પૈસા મોકલી શકાયા નહિ તેમાં આટલું ખોટું શું કામ લગાડે છે? હું પારકી છું કે?" તેણે તેની આંખો લૂછીને કહ્યું.

"તે દિવસે મેં તારી આંખો લૂછી, આજે તું મારી લૂછે છે" મોહન બોલ્યો.

"મોહન, રડ નહિ. શાંત રહે, તું જલદી સારો થઈશ." તે બોલી.

"શાન્તા, તું એકાએક કેવી રીતે આવી? મારી હાંક સંભળાઈ?" તેણે પૂછ્યું.

"દેશની હાંક મને સંભળાઈ. મુકુંદરાવ દાવાનળ સળગાવે છે. સ્વાતંત્ર્યદિને લાખો ખેડૂતો, સ્ત્રીપુરુષ, બાળબચ્ચાં, ભેગાં થવાનાં છે. આર્થિક સ્વાતંત્ર્યની ઘોષણા કરવાના છે. કામદારો અને વિદ્યાર્થીઓ સામેલ થવાના છે. મેં તે વર્તમાનપત્રોમાં વાંચ્યું અને નાચી. શિવતરની બહેનોને સાથે લઈને હું ઝંડો લઈને આગેવાની લઈશ એમ મનમાં થયું છે. દોડી આવી છું. કહ્યું કે મોહનને સાથે લેતી જાઉં" શાન્તા બોલી.

"શાન્તા, શિવતરમાં આપણને ગાળો મળશે. મેં તારી આંખો લૂછી તેથી ગામે મને રોવડાવ્યો અને એક રીતે હાંકી કાઢ્યો." મોહન બોલ્યો.

"મારે લીધે તને હેરાનગતી અને વનવાસ?" તે બોલી.

"એમ ન કહેતી. તારે માટે મળેલો વનવાસ મને સ્વર્ગના કરતાં પણ વિશેષ સુખ આપનારો છે. શાન્તા, પરાયો ભાવ રાખીને બોલીશ નહિ. બાકીનાં દુઃખો તો હું સહન કરીશ. આ દુઃખ કંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારાથી સહન થશે નહિ. વચમાં તારો પત્ર આવતો નહોતો. મારું હૃદય ચિરાઈ જતું હતું. ઝૂંપડીમાં આવીને સૌ પહેલું પત્ર છે કે કેમ તે જોતો. ન હોય એટલે ખિન્ન થતો. તારો ફોટો મારી પાસે હતો, તે જ અખંડ પત્ર હતો, અનંત પત્ર હતો. તે જોયા કરતો, હૃદય સાથે ધરી રાખતો. આ જો મારી પાસે તે મૂંગો પત્ર છે. ”

મોહને તે ફોટો બતાવ્યો. શાંતાનું હૃદય ભરાઈ આવ્યું. તે રડવા લાગી.

“ મોહન, મને ક્ષમા કર. ” તે બોલી.

“ શાન્તા જ્યાં પરાયો ભાવ જતો રહ્યો ત્યાં ક્ષમાની ભાષા કોણ બોલે ? કોણ સાંભળે ? મને સુવા દે. મળી, સારું થયું. મને દવા મળી. તું ડૉક્ટર થવાની છે. તારું મીઠું દર્શન એટલે અમૃત છે. બીજી દવા નથી જોઈતી. મારી શાંતા રોગીની સાથે મીઠી વાત કરશે અને રોગી સાજો થશે. દેવને ત્યાંથી મળેલી મફત દવા, હૃદય-માંની દિવ્ય દવા ” મોહન બોલ્યો.

શાન્તાએ રોટલો ઘડ્યો. મોહનના ઘરમાં તેણે રોટલો શેક્યો. મોહને ઊનો ઊનો રોટલો ખાધો.

“ કેટલો મીઠો રોટલો ! શાન્તા, તારા હાથમાં અમૃત છે, જેવું તારી દૃષ્ટિમાં છે. ” મોહન બોલ્યો.

“ હવે જલદી સાજો થઈ જા, મોહન. મારા હાથનું અમૃત, મારી દૃષ્ટિનું અમૃત પેટ ભરીને પી અને મારી સાથે ઝંડો લઈને ચાલ.” તે બોલી.

“ શાન્તા, તું અહીં રહેવાની કે ? તારા હાથનું મીઠું ભોજન, તારી પ્રેમળ દૃષ્ટિ અને તારા હોઠની મીઠી ભાષા આજે આપી એટલી બસ છે. અમૃતનું એક ટીપું મળે તો યે બસ. તેનાથી કામ સરે છે. અમૃત સતત પીવું નથી પડતું. તેમ જો હોય તો તે અમૃત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ નહિ. તું જે કામે આવી છે તે કામે જા. દેશની હાંક સાંભળીને આવી છે. દેશને માટે જા. હું પડ્યો રહીશ. દૂરથી ગીત સાંભળીશ. જયજયકાર સાંભળીશ. મોહનના મોહમાં પડીશ નહિ. મોટું કર્તવ્ય હાંક મારે છે, ત્યાં જા. આવા કરોડો મોહન ઝૂંપડીએ ઝૂંપડીએ મરે છે, તેમના પ્રશ્નો ઉકેલવાના છે. તેમના પ્રશ્નોમાં આ ક્ષુદ્ર મોહનનો પ્રશ્ન સમાઈ જાય છે. શાન્તા જા, તું અહીં બેસીશ તો મને સારું નહિ લાગે. તારો હાથ હાથમાં લઉં છું એટલે મને શું આનંદ નથી થતો ? તું પાસે હોય એટલે મને આનંદ ના થાય કે ? પણ આજે તે આનંદ દૂર રહેવા દે. મારી શાન્તા કિસાનોમાં ચેતન પેદા કરે છે, મરેલાને ઉઠાડે છે, એ સાંભળીને મને જે આનંદ થશે તેની આગળ આ ઝૂંપડીમાંનો આનંદ તુચ્છ છે. મને ઉચ્ચ આનંદ આપ." મોહન બોલ્યો.

"મોહન, તું કઠોર છે." તે બોલી.

"મેં કહ્યું જ હતું કે મારા હાથ ખરબચડા છે, ખરછટ છે." તે બોલ્યો.

"હાથના જેવું જ હૃદય." તેણે કહ્યું.

"ખેડૂતને અંદર બહારનો ભેદ નથી હોતો." તે બોલ્યો.

"હું આવી નહિ ત્યાં જા કહે છે." તે બોલી.

"તું મારા હૃદયમાં કાયમની છે. નવું શું આવવાનું ?" તે બોલ્યો.

"ખરેખર જાઉં એમ ? તને બીમાર મૂકીને જાઉં ?" તેણે પૂછ્યું.

"ખરેખર જા, દેશની બીમારી દૂર કર. મારી બીમારી હવે ગઈ. તારું બોલવું સાંભળ્યું, તારો હાથ હાથમાં લીધો એટલે દવા મળી ગઈ. જા, ફરકાવ ઝંડા, ગા ગીતો !" તે બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાન્તા ઊઠી ગઈ, પણ ફરીથી પાસે આવીને બેઠી.

"જાય છે ને? તેણે પ્રશ્ન પૂછ્યો.

"ઊઠું કે તને લૂંટું?" તે બોલી.

"શાન્તા, ગરીબોની લૂંટ અટકાવવાની છે, તે ભૂલતી નહિ."

"મોહન શ્રીમંત છે, પ્રેમશ્રીમંત છે, તેને પ્રથમ લૂંટીને મને પ્રેમશ્રીમંત થવા દે." તેણે કહ્યું.

મોહન કંઈ પણ બોલ્યો નહિ.

"જાઉં છું હો મોહન" શાન્તા બોલી.

"શાન્તા ડાહી છે, ગરીબોની સેવામાં દટાઈ જવાનું રામદાસે અને તેણે નક્કી કર્યું છે." તે બોલ્યો.

"દત્તવિધાનને દિવસે" તે બોલી.

"જા હવે, મોડું થશે. મુકુંદરાવને મળ" તે બોલ્યો.

શાન્તા ગઈ, મુકુંદરાવને તે મળી. તે હરવા ફરવા લાગી. રામપુરમાં વિદ્યાર્થીઓની સભા થઈ. શાન્તાએ ત્યાં ભાષણ કર્યું. સભામાં ભાષણ કરવાનો તેનો પહેલો જ પ્રસંગ હતો, પણ ભાવનાનું તેજ કંઈ ઓર જ હોય છે. તે શિવતર પણ ગઈ, તે પોતાના પિતાને ઘેર ગઈ. પિતા વઢ્યા નહિ. ઘેર જમી. ગીતા વગેરે બહેનો તેને મળી. શાન્તાને જોઈને તેમને વધારે જ ઉત્સાહ ચડયો.

મુકુંદરાવે એક મોટરલોરી ભાડે લીધી, હજારો પત્રિકાઓ છપાવી "પાક્યું ન હોય તો મહેસૂલ ભરશો નહિ કિસાનો ઊઠો. મહેસૂલ ઓછું થવું જોઈએ, સાંથ ઘટવી જોઈએ. કરજના પ્રશ્નો ઉકલવા જોઈએ. ખેડૂતોની જમીન તેમની જ પાસે રહેવી જોઈએ. પણ તે માટે બધા ખેડૂતોએ ભય છોડી જાગ્રત થવું જોઈએ." આવા ભાવાર્થવાળી તે પત્રિકાઓ હતી. મોટરમાં સ્વયંસેવકો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા સાથીઓ રહેતા. મોટર ઉપર ત્રિરંગી અને લાલ ઝંડા ફરફરતા. ગીત ગાતી, ગામડાં જાગ્રત કરતી તે મોટર ફરતી. જ્યાં મોટર જતી નહિ ત્યાં તેઓ ઊતરતા. પગે જઈ આવતા. પાછી મોટર ઊપડતી. તે મોટર નહોતી દોડતી, પ્રેરણાનું પૂર દોડતું હતું. વાટેવાટે પત્રિકાઓ ફેંકાતી. માર્ગમાં કોઈ મળે તો હાથ હલાવી પત્રિકા ઉડાવવામાં આવતી. માર્ગપરનો વટેમાર્ગુ તે લેતો. રસ્તાની આસપાસના ખેતરમાં કામ કરનારા દોડી આવતા અને પેલી આશાના, નૂતન સંદેશના પવનમાં ઊડનારી પત્રિકાઓ હૃદય સાથે ચાંપતા. તે પત્રિકાઓ એટલે કિસાનોનો જાણે વેદ થયો. કોઈએક ભરવાડ, કોઈએક ખેતરનો દાડિયો પેલી પીળી પત્રિકા, પેલી લાલ પત્રિકા ગામમાં લઈ જતો. બધા ભેગા થઈને તે વાંચતા.

"એક જ કેમ લઈ આવ્યો ? બીજી કેમ ન લાવ્યો ?" લોકો તેને પૂછતા.

"એક જ મળી" તે કહેતો.

મુકુંદરાવે કિસાન-ગીતો રચીને તેની નાની પુસ્તિકાઓ આખા જિલ્લામાં વહેંચી.

કિસાનોનાં ઉપનિષદો, કિસાનોના વેદ, કિસાનોની ભગવદ્‌ગીતાઓ જન્મવા લાગ્યાં. શનિમહાત્મ્યની પોથીઓ નાસવા લાગી અને ક્રાન્તિનાં પુસ્તકો ઘરેઘરમાં પ્રવેશવા લાગ્યાં. નવું ચેતન આવવા લાગ્યું.

ધનગાંવમાં મુકુંદરાવ આવ્યા. કામદારોની પ્રચંડ સભા થઈ.

"સ્વાતંત્ર્ય દિને કિસાનો ઊઠવાના છે, ભેગા થવાના છે. તમે મિલમાં સંચો જ ચલાવતા બેસવાના કે ? કિસાન અને કામદાર એટલે રાષ્ટ્રનાં બે ફેફસાં. આ ફેફસાં સાથે ચાલવાં જોઈએ. બંનેમાં એકજ હવા રમવી જોઈએ. સ્વાતંત્ર્યદિને તમે હજારોની સંખ્યામાં કિસાનોના મેળામાં આવીને ભળો. ગંગા અને જમનાનો સંગમ થવા દો. ખરા સ્વાતંત્ર્યના સાગરે જઈને મળવા દો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અશક્ત અને બીમાર મોહન ત્યાં આવ્યો હતો. ભાવનાથી થર-થરતો તે મુકુંદરાવ પાસે આવ્યો.

"હું એક ગીત ગાઉં કે?" તેણે પૂછ્યું.

"ગા" મુકુંદરાવે કહ્યું.

મોહન ઊભો થયો. તેની ક્ષીણ દૃષ્ટિમાં ચમક આવી. બધી શક્તિ કંઠમાં ભેગી થઈ. તેણે ગીત ગાયું.

कोण करिल दूर
कोण करिल दूर
ही पिळवणुक आमुची, कोण करिल दूर ॥ध्रु॥
श्रमानें ज्याच्या, शेती हो पिकली
पोरेंबाळें त्याचीं, उपाशीं झोपलीं
सावकारानें त्याची, अब्रू हो विकली
भांडवलशाही बघा, फार आहे क्रूर ॥ ही० ॥

विणी जो कपडा, कोठ्यावधी वार
थंडींत उघडा, पडे तो कामगार
पोरें बाळें त्याचीं, झालीं हो थंडगार
गिरणींतुन निघतो, सोन्य चा धूर ॥ ही० ॥

किसान कामगार, उठूं दे सारा
क्रान्तीचा आतां, सुटूं दे वारा
स्फूर्तीचा आतां, चढूं दे पारा
पडून नका राहूं, व्हा अतां शूर ॥ ही० ॥

किसान आतां मांडूं दे ठाण
करूं दे वरतां, मजूरे मान
ओंठावर नाचो, क्रान्तीचे गान
सर्वत्र घुमुंदे, क्रांतीचा सूर ॥ ही० ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तुम्हांला सांगतों, भविष्य–वाचा
भविष्य उज्वल, श्रमेल त्याचा
झेंडे हातीं घेऊन निघा नि नाचा
झोंपडींत येईल, सुखाचा पूर ॥ ही० ॥

કોણ દૂર કરશે
કોણ દૂર કરશે
આ અમારું શોષણ, કોણ દૂર કરશે.
જેની મહેનતથી ખેતી પાકી
તેનાં બાળબચ્ચાં ભૂખ્યાં સૂઈ ગયાં
અને શાહુકારે તેની આબરૂ લીધી
(આમ) મૂડીવાદ, જુઓ, કેવો ક્રૂર છે!
જે કરોડો વાર કપડું વણે છે
તે કામદારને ટાઢમાં કપડાં નથી મળતાં.
તેનાં બાળબચ્ચાં ટાઢાંહિમ થઈ જાય છે
અને મિલમાંથી તો સોનાનો ધૂમાડો નીકળે છે.
કિસાનમાત્ર અને કામદાર માત્ર હવે ઊઠો
ક્રાન્તિનો પવન હવે ફૂંકાઓ
ઉત્સાહનો પારો હવે ચડો
હવે પડી રહેશો નહિ, શૂરવીર બનો.
કિસાનો હવે સંગઠિત થાઓ
મજૂરો હવે ડોક ઊંચી કરો
તેમના હોઠ ઉપર ક્રાન્તિનું ગાન નાચો
અને બધે ક્રાન્તિનો નાદ ગજાવો!
હું ભવિષ્ય ભાખું છું કે
જે મહેનત કરશે તેનું ભવિષ્ય ઉજ્વલ થશે.
હાથમાં ઝંડા લઈને નીકળી પડો અને નાચો
હવે ઝૂંપડીઓનાં સુખનું પૂર આવવાનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીત પૂરું થતાં જ 'ઇન્કિલાબ ઝિન્દાબાદ'ની પ્રચંડ ગર્જના થઈ. કામદારોએ સ્વાતંત્ર્યદિને છુટ્ટી ન મળે તો હડતાળ પાડવાનું જાહેર કર્યું. તે જ સભામાં વિદ્યાર્થીઓએ પણ તે જ ઘોષણા કરી. ગામેગામ નાનાં છોકરાં પ્રચાર કરવા લાગ્યાં. એક પ્રાથમિક શાળામાંનાં પાંચમી છઠ્ઠીના હિંદુમુસલમાન છોકરાંઓ રોજ સાંજ પડે એટલે આજુબાજુનાં ગામડાંમાં જતાં અને સ્વાતંત્ર્યદિને ઘેર બેસી ન રહેશો એમ કહેતા. એક જગાએ કમિશનરનો મુકામ હતો. વાનરસેના ત્યાં ગઈ. ગામડાંના ખેડૂતો ત્યાં ભેગા થયા હતા. "પાક્યું ન હોય તો મહેસૂલ ભરશો નહિ. અમલદારોથી ડરશો નહિ. તેઓ આપણા નોકર છે. આપણે તેમને પગાર આપીએ છીએ. તેમની બીક રાખશો નહિ." આવા સૂત્રો ગજવતી વાનરસેના તંબૂ આગળથી પસાર થઈ. કમિશનર મોં વિકાસી ઊભા રહ્યા.

આમ આ ભડભડતો પ્રચાર અહોરાત્ર ચાલતો હતો, અને પેલો સ્વાતંત્ર્યદિન આવ્યો. ગામેગામથી કિસાનોનાં સરઘસ નીકળ્યાં. સાથે રણશિંગાં હતાં. ઝંડા ફરફરતા હતા. ગીતો ગાજતાં હતાં. અનેક જગાએથી કિસાન સ્ત્રીઓ પેદલ નીકળી. શિવતરથી શાન્તા ઊપડી. શાન્તાના હાથમાં લાલ ઝંડો હતો. ગીતાના હાથમાં ત્રિરંગી ઝંડો હતો. સેંકડો સ્ત્રીઓ નીકળી. વિદ્યાર્થીઓની ટુકડીઓ બૅંડ સાથે નીકળી. કામદારો શિસ્તબદ્ધ રીતે ગીત ગાતા ચાલ્યા. કરમપુર ગામે ભેગા થવાનું નક્કી થયું હતું. ત્યાંના વિશાળ વડની છાયામાં સભા થઈ. સેંકડો ઝંડા ઝાડ ઉપર ચડાવવામાં આવ્યા. વડ ઉપર લાલ ફળ હતાં. જાણે કે તે વિશાલ વૃક્ષના પાનેપાનમાં, રોમેરોમમાં લાલ ઝંડા ફૂટતા હતા. સંગઠનનું વિરાટ દર્શન થયું. ખેડૂતોને પોતાની શક્તિનો ખ્યાલ આવ્યો. કરજ રદ થવું જોઈએ; મહેસૂલમાં અર્ધોઅર્ધ ઘટાડો થવો જોઈએ; કામદારોને કામનું કાયમપણું મળવું જોઈએ અને તેમને પગાર સાથેની રજાઓ તેમજ ઘડપણમાં પેન્શન મળવાં જોઈએ વગેરે ઠરાવ થયા. અને ઓણસાલ અતિવૃષ્ટિથી પાક બગડયો હોવાથી પૂરતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણમાં છૂટ નહિ મળે તો ના-કરની લડત શરૂ કરીશું એવો ઠરાવ કરવામાં આવ્યો. કિસાનોનાં ઘરોમાંથી ખાટલા, આડણીઓ, વેલણ, પાથરણાં, ચાદરો એવી વસ્તુઓ પણ જપ્તીમાં લઈને આબરૂ લેવામાં આવે છે એ બાબતનો વિરોધ કરવામાં આવ્યો; અને હવે પછી કિસાન આવું અપમાન સહન કરવાનો નથી, ગામેગામ આનો અહિંસક રીતે પ્રતિકાર કરવામાં આવશે એમ પણ ગંભીરતાથી જાહેર કરવામાં આવ્યું.

સભામાં અનેક કિસાન અને કામદાર કાર્યકર્તાઓનાં ભાષણો થયાં. સામાન્ય જનસમાજમાંના યુવાન કાર્યકર્તાઓ આ ચળવળને લીધે આગળ આવ્યા. તેમનું સંગઠન થયું. સ્ત્રીઓનો આત્મા જાગ્રત થયો. કિસાન, કામદાર અને વિદ્યાર્થી એમ ત્રિવેણી સંગમ થયો.

ઉપસંહારમાં મુકુંદરાવે કહ્યું, " આપણને કાલે જ બધું મળી જશે એવું નથી. પણ આપણે નિર્ભય થયા. અમૂલ્ય એવી નિર્ભયતા પ્રાપ્ત કરી લીધી. આ વટવૃક્ષો જુઓ ! કેવાં મક્કમતાથી ઊભાં છે ! તેમને કોણ ઉખેડી શકે ? આ જુઓ તેમનાં હજારો મૂળિયાં ! આપણું સંગઠન પણ આવું જ મજબૂત થવું જોઈએ. તોજ સુખની છાયા મળશે. બધા એક થાઓ. ગામેગામના ક્ષુદ્ર ઝઘડા ભૂલી જાઓ. ' પેલાનો બળદ મારા શેઢામાં આવ્યો, તો લઈ જાઓ ડબામાં ' આવું ન કરો. સામ્રાજ્યવાદનો, મૂડીવાદનો મોટો બળદ આપણને શિંગડાં મારે છે. ચાલો તેને નાથીએ. આ બળદને જેર કરીએ. ગામમાં હરિજનો હોય તો તેમને પણ અપનાવો. કાલે જો શાહુકારોની જમીનો નહિ ખેડવાનું ઠરાવીશું તો તમારા ઉપર ક્રોધે ભરાયેલા હરિજનો તે ખેડશે. શ્રમજીવી જનતામાં ફાટફૂટ ન હોવી જોઈએ. શ્રમજીવી બધા એક એ મંત્ર ભૂલશો નહિ. આ જ ખરો ધર્મ. પોતપોતાના ગામમાંના દાડિયાઓને સારી રીતે રાખો. તેમને સારી રીતે પેટ ભરાય એટલી મજૂરી આપો. તમારે તેને લીધે વધારે ખરચ થશે. પણ પછી સરકારને વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દબાણથી કહી શકીશું કે મહેસૂલ અધું ઘટાડો. અમને ખેતી પરવડતી નથી. આવી રીતે ડગલું ભરીએ. એકમેકના દુ:ખે દોડી આવીએ. કામદારોના પ્રશ્ન વખતે કિસાનોએ દોડી આવવું જોઈએ. કિસાનોના પ્રશ્ન વખતે કામદારોએ ઊઠવું જોઈએ. વિદ્યાર્થીઓએ બધા પ્રત્યે સહાનુભૂતિ બતાવવી જોઈએ. સંગઠન કરો. ગામેગામ અભ્યાસીમંડળો સ્થાપો. નવા વિચારો અપનાવો. સ્ત્રીઓને પણ ભણાવો. સ્ત્રીઓને તુચ્છ ન માનો. આપણે બધી જાતની ગુલામી નષ્ટ કરવા માગીએ છીએ. બધાંનાં માથાં ઊંચાં કરવાં છે. આ દુનિયામાં કોઈ તિસમારખાં ન જોઈએ, કોઈ દીન ન જોઈએ. બધાય ઊંચું માથું રાખો. બધાનો વિકાસ થાય. બધાને સુખ અને સંતોષ મળે. અને છેવટે કહું છું કે અહિંસક રહો. શાંતિથી ક્રાન્તિ કરો. તો જ તે ક્રાન્તિ મજબૂત થશે.”

સભા પૂરી થયા પછી લોકોએ સાથે આણેલું ભાથું ખાધું. રાત્રે દાંડિયારાસ થયા. લોકગીત થયાં. સંવાદ, સમૂહ ગાયન, નાટ્યપ્રયોગ વગેરે કાર્યક્રમ થયો. બધાને આનંદ થયો. સ્વાતંત્ર્ય બારણે આવ્યા જેવું લાગ્યું. સ્વાતંત્ર્યનો સૂર્ય દેખાતો ન હોય તોપણ પહો ફાટે છે, અંધારું નાસે છે એ વિશે કોઈને પણ શંકા રહી નહિ. સ્વાતંત્ર્યદિન યથાર્થ રીતે ઉજવાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪ મહાપૂર

મહારાષ્ટ્રમાં અતિવૃષ્ટિથી પાક ધોવાઈ ગયો હતો તે જ વખતે બંગાળામાં પણ મહાપૂર આવ્યું હતું. મહારાષ્ટ્રમાં તો પૂર જ આવેલું પણ ત્યાં તો મહાપૂર આવ્યું હતું. મુકુંદરાવ અને તેમના સાથીઓએ અહીંના કિસાનોમાં તે નિમિત્તથી પ્રચંડ સંગઠન કર્યું, જાગૃતિ આણી. ખેતરમાંનો પાક નાશ પામ્યો પણ બીજો, સંગઠનનો, નિર્ભયતાનો કાયમ ટકનારો પાક મુકુંદરાવને લેવો હતો. થોડીક સફળતા મળી હતી.

પણ બંગાળમાં શું થયું? ત્યાં તો હાહાકાર વ્યાપ્યો હતો. આવે વખતે સંગઠન સૂઝે જ કોને? પહેલાં જીવીએ તો પછી સંગઠન કરીએ. મડદાંનું સંગઠન કેવી રીતે થાય? જ્યાં ને ત્યાં મરણ પ્રસર્યું હતું. ત્યાંની પેલી અફાટ નદીઓ. તેમાં આટલું પાણી તો કદી આવ્યું નહોતું. બંગાળમાંની જનતા મહાપૂરથી ટેવાઈ ગઈ છે. રેલ્વે થઈ તે પહેલાં ત્યાં આવી હેરાનગતી નહોતી થતી. પહેલાં ત્યાં પાણી એકજ જગાએ ભેગું નહોતું થતું. બધે સપાટ મેદાન ઉપર ફેલાતું. પણ હવે ઊંચા રસ્તા બનાવી તેમના ઉપરથી રેલ્વે લઈ જવામાં આવી છે. તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધે આ બાજુનું પાણી આ તરફ અને પેલી બાજુનું પેલી તરફ ભેગું થાય છે; વચમાં થઈને પસાર થતી રેલ્વે ગામડાંનો નાશ નિહાળે છે. પાણી ઝપાટાબંધ ચડે છે અને ગામડાંનાં ગામડાં નાશ પામે છે. ત્યાં વસ્તી હતી કે નહિ એવું થાય છે. કોઈ ચિહ્ન ય રહેતું નથી. પદ્માનદીનું સર્વનાશા એવું બંગાળી નામ છે. પદ્માનાં પ્રચંડ પૂર આવે છે. અને તેના બંને કાંઠા ઉપર તે અનંત પાણી ઝપાટાબંધ પ્રસરે છે. પદ્માને કોઈકોઈવાર એવી ભારે ભૂખ લાગે છે કે તે ગામનાં ગામ પેટમાં સમાવી દે છે. હજારો હાથથી તે ગામોને ખેંચી લે છે; માણસોને, પશુપક્ષીઓને, ઝાડપાનને ખાવા માંડે છે. સર્વનાશા પદ્મા સર્વભક્ષા થાય છે.

પદ્મા, તે લોકમાતા આટલી કઠોર કેમ થાય છે? ગર્જના કરતી આવે છે, પિશાચની જેમ ચોટલાની લટો છૂટી મૂકીને ચીસો પાડતી તે આવે છે. કડકલક્ષ્મી (માતા)ની જેમ તે ચાબૂક ફટકારતી આવે છે. બધાને ઝૂડવા માંડે છે. પ્રેમળ માતા લાલલાલ થઈ જાય છે. ખળભળે છે. ભયાનક દેખાય છે, દયામય સ્વરૂપ નષ્ટ થઈ નારસિંહ રૂપ પ્રકટ થાય છે.

પ્રેમમયી સ્નેહમયી પદ્મા કેમ ગુસ્સે થાય છે? તેને ખોટું લાગે છે. દુ:ખમાંથી કદી કદી ક્રોધ પણ પેદા થાય છે. દુ:ખમાંથી નિરાશા આવે છે અને નિરાશામાંથી કદીકદી ભયાનક નિષ્ઠુરતા જન્મે છે. કોઈક માતા પોતાના દુબળા બાપ્રા બાળકને મારે છે. "આવો કેવો શું બાધો? પેલાએ માર્યો તો આપણે પણ લગાવવું. તારા હાથ શું કેળાં ખાવા ગયા હતા? તો પછી તેમને ત્યાં જાય છે શું કરવા? તારામાં જરા ય પાણી કેમ નથી?" એમ તે બાળકને કહે છે. પોતાનું બાળક આમ લાતો ખાનારું ન થાય, તેણે પણ હાથ બતાવવો, પરાક્રમ કરવું એમ તેને થાય છે. તેથી તે ગુસ્સો કરીને પોતાના પેલા રડતા બાળકને મારે છે. તેનું સ્વાભિમાન જાગ્રત કરવા મથે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદ્માને પણ શું એમ જ થતું હતું ? મહેનતુ બંગાળી કિસાન ખેતી પકવે છે. પણ જમીનદાર આવે છે અને બધું લૂંટી લે છે. કિસાન ભૂખ્યા રહે છે અને જમીનદાર ઘીકેળાં ઉડાવે છે. મારે કાંઠે આવાં બાપડાં મારાં બાળકો છે ? તેમના શ્રમ જોઈને હું પ્રસન્ન થાઉં છું. જમીનને ભીનાશ આપું છું. પણ આ મડદાલોને પોતાની કમાઈનું રાખતાં આવડતું નથી. તેમની કમાઈનું ફળ બેઠાડુ લોકો નિરાંતે લઈ લઈ જાય છે અને આ રડતા બેસે છે. પોતાનાં બાળકોની આ કરુણાજનક દશા તે માતાથી જોવાતી નહોતી. નિરાશાના ગુસ્સાથી તે આવી અને બધાને લઈ ચાલી. મારાં બાળકોનો દુનિયામાં આમ ડગલે ને પગલે ઉપહાસ, અપમાન, ઉપમર્દ થાય તેના કરતાં તેમને હું મારા પેટાળમાં રાખું એવું તેણે મનમાં વિચાર્યું હશે ?

તેજથી જીવવું હોય તો જીવો. સ્વાતંત્ર્યના વૈભવથી જીવવું હોય તો જીવો. નાગા ઉઘાડા, ભૂખ્યા તરસ્યા, તાવથી સુકાઈ ગયેલા, રોગથી જર્જર થઈ ગયેલા, કરજથી દબાઈ ગયેલા, બેકારીથી હેરાન થઈ ગયેલા, અનાડી અને દરિદ્રીની જેમ જીવનારા હો તો તેમાં માતાનું અપમાન છે. હું તમને આમ મડદાંની જેમ જીવવા દેવાની નથી. તેના કરતાં નાશ પામેલા શું ખોટા ?

તે નદી માતા શું આવું કહેતાં હતાં ? તેમની ભાષા કોને સમજાય ? તેમના અતાગ અંતરંગમાંની ભાવનાઓ કોને સમજાય ? ગામડાં તણાઈ જતાં હતાં, લોકો ડૂબતા હતા, ઢોરઢાંકર, તણાઈ જતાં હતાં એટલું ખરું. અસ્પૃશ્યોને શું દૂર રાખવામાં આવતા હતા ? ભદ્ર લોક તે ગરીબોને શું તુચ્છ માનતા હતા ? ત્યાં જુઓ, પદ્માએ બધાને પોતાના વિશાળ હૃદયની પાસે ભેગા જ ધારણ કર્યા છે. પોતાના લાલ પાલવની નીચે તેણે બધાને ઢાંક્યા છે. પોતાની લાલ શાલ તેણે બધાને ઓઢાડી બધાને એક જ રસ પાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દૂર દૂર રહીને લડ્યા કરો છો કે મૂર્ખાઓ, આવો તમને ઐક્ય શીખવું," તે બોલી. લાંબા હાથ કરી તેણે બધાને પાસે ખેંચ્યા. દાઢી અને ચોટલી એક થયાં. સ્પૃશ્યાસ્પૃશ્ય એક થયા, શ્રીમંત ગરીબ એક થયા. પેલા સનાતની લંબોદર શાસ્ત્રી અસ્પૃશ્ય રાખાલની સાથે માતાના વિશાળ પારણામાં શાંતિથી ભેગા સૂતા છે. બધા એક જ પારણામાં હીંચાતા હતા. માતા ગુસ્સામાં ને ગુસ્સામાં ગીત ગાતી હતી. જીવતાં ઐક્ય ન શીખવું હોય તો મરણથી શીખો.

જુઓ પેલાં પારણાં તણાઈ આવે છે. તે ખાલી છે કે તેમાં કોઈ છે? જુઓ, તેમનામાં બાળકો છે. બાળકો હસે છે. માતાના વિશાળ પારણા ઉપર તેમનું નાનકડું પારણું ઝૂલે છે. તેમની ગરીબ માતાઓને તેમને ઝુલાવવા, પાસે લેવા વખત નહોતો. પદ્માએ તે કામ ઉપાડ્યું. આ નાનકડાં પારણાં ક્યાં જવાનાં? પદ્મા તેમને પોતાના મહાન પતિની પાસે લઈ જશે. રત્નાકરને તે કહેશે "આ જુઓ અનાથ બાળકો. આમનાં પારણાં ઉપર પોપટ નથી, મેના નથી, આ ગરીબોનાં બાળકો છે. તેમના પારણા ઉપર રમકડાં નથી, નાથ, મોતીઓના દડા એમના આ પારણા ઉપર લગાડો, પરવાળાંના વેલાની રસોઓ બનાવો. તેમનું આ પારણું સુંદર રીતે સજાવો."

પેલી મજા તો જુઓ. કોણ છે એ? કૈલાસ ઉપરથી ભગવાન શંકર તણાઈને આવ્યા કે શું? ઊંચા પર્વત ઉપરથી નીચે ઊતર્યા? પાણીના તરંગો ઉપર તાંડવનૃત્ય કરશે કે શું? પણ નિદ્રાધીન દેખાય છે. આજે દેહ ઉપર કેટલા બધા સાપ છે? અરે આ જુઓ બીજો એક શંકરનો અવતાર. શંકરે આજે રૂપે ય કેટલાં ધારણ કર્યાં છે? ના, ના, આ શિવશંકર ન હોય. આ તો સાદા હિંદીઓ જ છે. પોલીસોથી ડરનારાઓએ આજે કાળા કાળા સાપ શરીર ઉપર બેધડક ધારણ કર્યા છે! કેટલા બધા આ સાપ છે! તણાઈને આવતા માણસોનાં શરીર ઉપર ચડીને તે જીવવા મથે છે. બાળકોનાં પારણાં ઉપર ચડે છે. બાળકોને રેશમી કંદોરા પહેરાવે છે. છોકરાંઓને તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરડશે કે શું ? ના ના. આજે આ પ્રેમનું મહાપૂર ઊલટયું છે. તેમને આજે વિષનો ખ્યાલ નથી. જુઓ જુઓ પેલો કૃષ્ણસર્પ પેલા ઉછાળા લેતા પારણા પર ચડયો, અંદરના બાળકના શરીરને વીંટળાઈને બેઠો કે શું ? સાપને શું ફૂંફ મળી હશે ? હવે તો માથા ઉપર ચડીને બેઠો, જુઓ જુઓ !

સાપના જેવા દુષ્ટ લોકો બીજાઓના જીવ ઉપર જીવે છે; બીજાઓને નીચે દબાવીને તેમના માથા ઉપર નાચે છે. બીજાઓને ગુલામ કરીને પોતાની હવેલી બાંધે છે. બીજાઓનું સત્યાનાશ વાળીને પોતે સુખમાં આળોટે છે. કિસાનો પેદા કરે, તેના ઉપર જમીનદારીનો સાપ ચડી બેસે છે. અનાજના ઢગલાઓને આ નાગદેવ હાથ અડકાડવા દેતા નથી. કામદારો અગણિત સંપત્તિ નિર્માણ કરે છે તેની ઉપર પૂંજીપતિઓ ફેણ ફેલાવી બેસે છે. કામદાર માગે તો તેના ઉપર તેઓ ગરલ નાખે છે. દુનિયાની ગરીબ જનતાને આ સાપોનો ત્રાસ અસહ્ય થતો જાય છે. ઐક્યના મંત્રનો જાપ જપી ગરીબ જનતા આ સાપોને ક્યારે મુઠ્ઠીમાં પકડશે અને તેમના દાંત પાડી નાખશે ? વિષના દાંત પાડી નાખ્યા પછી આ ભયંકર ભુજંગો ફૂલોના હાર થશે, ભલેને પછી તમે તેમને ડોકમાં પહેરો ! ફૂંફાડો મારવાની જૂની ટેવ તેઓ એકદમ નહિ છોડે પણ પેલો દંતહીન ફૂંફાડો પછી બહુજનસમાજને ગંમતરૂપ થઈ પડશે.

જ્યાં ને ત્યાં પાણી જ પાણી. લાલ લાલ નાચતું ભીષણ પાણી. ફીણ ઊછળે છે, મોજાં નાચે છે, ઝાડપાન વચમાં જ માછલાંની જેમ ઉપર ડોક કાઢીને તણાય છે. નદીઓએ જાણે નીલમનાં ઘરેણાં જ ઘરેણાં પહેર્યાં છે. હીરાનાં લીલાં લવિંગિયા પહેર્યાં હતાં. પાણી એટલું બધું ચડયું હતું કે મોટાં મોટાં ઊંચાં ઝાડો પણ ડૂબી ગયાં હતાં. જે બહુ જ ઊંચાં ઝાડ હતાં તેમનો કેટલોક ભાગ ડૂબી ગયો નહોતો. તે ઊંચાં ઝાડ રક્તાંબર પહેરીને તપશ્ચર્યા કરતાં હતાં. તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝાડના દેહ ઉપર જુઓ કેવો દેખાવ છે! તપશ્ચર્યામાં લીન થઈ ગયેલાં તે તરુઓને કશાનું પણ ભાન નથી. બધે પાણી પાણી થઈ જવાથી બધા સાપ બહાર નીકળી આવ્યા. તેમનાં દર પાણીથી ભરાઈ ગયાં. પાણી ઉપર સાપ સળવળાટ કરવા લાગ્યા. તે બધા સાપ ઝાડો ઉપર ચઢ્યા, આજુબાજુના સેંકડો માઈલના પ્રદેશમાંના તમામ સાપ–બધી જાતના અને બધા રંગના, પાણીમાં સળસળ કરતા આવતા અને ઝાડ દેખતાં જ તેમના ઉપર ચડી જતા. ભયંકર દેખાવ છે! કેટલા રંગના આ સાપ છે! કાળા, લાલ, પીળા, લીલા, ધોળા, વાદળી, ચટાપટા-વાળા, અનેક રંગના હજારો ભુજંગ ઝાડો ઉપર લટક્યા હતા ઝાડોને વીંટળાઈને બેઠા હતા. એક સાપની ઉપર બીજો, બીજાની ઉપર ત્રીજો. લીલાની ઉપર પીળો અને પીળાની ઉપર કાળો. જાણે કે વિવિધ રંગોનાં પ્રચંડ દોરડાં ગુંથતાં હતાં. નીચે લાલ પાણીનો સમુદ્ર પ્રસરેલો હતો. તેનું મંથન થવાનું હશે? તે ઝાડ એટલે જાણે વલોવવાની રવાઈ અને સાપ એટલે દોરી. આ વલોણું કોણ ચલાવશે? કે પેલાં વૃક્ષોને જનોઈ દેવાય છે? તેમની કેડોએ લીલીપીળી મુંજમેખલા બંધાય છે? કે તે ઝાડ શિવના દૂત છે? સપાટ સુંદર મેદાનમાં આટલા બધા સાપ રહેતા હશે! આજે બહાર નીકળ્યા. માણસોનું પણ એમજ છે. માણસ ઉપરથી શાંત દેખાય છે, સાદો દેખાય છે. પણ જો તેના જીવનમાં તોફાન જાગે તો હૃદયના દરમાંથી સાપના સાપ બહાર નીકળે છે, આંખોમાંથી આગ ઝરે છે, જીભ નાગણની જેમ ડંખ દે છે, હાથ સાપની જેમ સળવળે છે. નાનકડો માણસ; પણ તેની પાસે સાપોની કેટલી બધી થાપણ હોય છે! ફરીથી આ સાપ સંતાય છે, ફરીથી આંખો શાંત પડે છે, જીભ મીઠી થાય છે અને હાથ ઠંડા પડે છે.

જુઓ ત્યાં સાપ હજી આવ્યા જ કરે છે. સાપોની સુંવાળી ભીંતો ઉપરથી તે ચડવા મથે છે. લપસ્યા, ખસ્યા, ફરીથી પડ્યા અનંત પાણીમાં. ફરીથી મથામણ- ફરીથી ઝાડ પાસે પહોંચ્યા અને ફરીફરીને પ્રયત્ન શરૂ થયો. જીવનની મથામણ ઠેઠ સુધી ચાલુ હોય છે. પેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક સાપ ડાળીઓ ઉપરથી અર્ધા લટકે છે. એક બે ચૂડ ભરાવીને તેમણે પોતાનાં પૂંછડાં લટકતાં મૂક્યાં છે. નવા ચડનારા સાપ એકદમ કૂદકો મારે છે અને પેલી લટકતી પૂછડીઓને પકડી લઈ ત્યાંથી લટકવા માંડે છે. જાણે તેમનો સરકસનો ખેલ ચાલે છે, નેતરનો મલખમ ચાલે છે! સાપ ઉપર સાપની એક વિવિધરંગી અંકોડાવાળી સાંકળ જ બનતી જાય છે. તે કોની કડમાં પહેરાવવાની હશે? પેલા લટકતા સાપ વડની લટકતી વડવાઈઓ જેવા દેખાતા હતા.

પેલા ગારુડીઓ જુઓ, સાપને પકડનારા નિર્ભય લોકો! તેમણે આવા મહાપૂરમાં નૌકાઓ ઉતારી છે. સુંદર સુંદર રંગના સાપ પકડી શકાશે તેથી તેમને આનંદ થયો છે. મરણ સાથે ખેલનારા લોકો! સાપોને પકડવા માગતા આ લોકો એક સાદા પોલીસને જોઈને ભાગી જાય છે. માણસો સાપના કરતાં પણ ભયંકર હોય છે કે?

સાપ પકડવો સહેલો નથી. જુઓ તેઓ નાવડીને ઝાડની પાસે લઈ ગયા. સાપને ખેંચ્યો, મોઢેથી પકડીને ખેંચ્યો. અરે મોઢું છૂટી ગયું અને તે સાપે ડંખ દીધો પણ બીજાએ ફરીથી મોં પકડ્યું. પહેલાએ આંગળીને ઝાટકી નાખી, કંઈક મૂળિયું કાઢ્યું અને ખાધું. સાપને કરંડિયામાં નાખ્યો. અલ્યા મરશો, બસ થઈ આ રમત. હસીને તેઓ કહે છે કે "મરવાનું તો છે જ. સાપની સાથે રમત કરીને મરીશું. સાપને નરમ કરવાનું કામ કરતાં કરતાં મરીશું."

પૂર ઓસર્યું. નદીઓ શાંત થઈ, બધે પડાપડ ચાલેલી. બધે રડારડ ચાલેલી. ઠેર ઠેર માણસો ટોળે વળીને બેઠેલા. કોઈનાં છોકરાં ગયાં. કોઈ બાળકોનાં માબાપ ગયેલાં. પત્નીનો પતિ ગયો. ભાઈઓની બહેનો ગઈ. બહેનોના ભાઈ ગયા, દરેકનું કોઈને કોઈ ગયું હતું, કંઈ ને કંઈ ખોવાયું હતું. શરીર ઉપર વસ્ત્ર નથી, પેટમાં અન્ન નથી, રહેવા ઘરબાર નથી અને પાછી ટાઢ પડવા માંડી. પાણીમાં બચેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠંડીથી મરવા લાગ્યાં. ઠેકઠેકાણે ઢોરઢાંકર મરીને પડ્યાં હતાં. મડદાંની દુર્ગંધ છૂટી, કોગળિયું શરૂ થયું. રોગ પસરવા લાગ્યા. પેલું લીલું મરણ હતું, હવે સૂકું મરણ !

બંગાળમાં મરણની મેજબાની ચાલતી હતી. મૃત્યુનો ખેલ રંગે ચડ્યો હતો. પણ જીવેલાઓને જિવાડવા સેવકો નીકળી આવ્યા. માતા કોંગ્રેસ દોડી આવી. પેલા વિજ્ઞાનશાસ્ત્રી પ્રફુલ્લચંદ્રરાયની વૃદ્ધ મૂર્તિ દોડી આવી. તેમણે સ્વયંસેવકોની ટુકડીઓ બનાવી અનેકોની સહીઓ લઈને જાહેર વિનંતિ બહાર પાડી. આખા બંગાળમાં મદદ ભેગી થવા લાગી. બીજા પ્રાન્તોમાંથી પણ આવવા માંડી. સમગ્ર હિંદુસ્તાનનું હૃદય એક જ છે એવું આવે વખતે જણાઈ આવે છે. મોટો પ્રસંગ હોય એટલે દૃષ્ટિ મોટી થાય છે. મહાન આનંદ કે મહાન સંકટ. તેવે વખતે કેવળ હિંદુસ્તાનનું જ એક હૃદય થાય છે એવું નથી પણ સમસ્ત માનવજાતિનું હૃદય એક જ છે એવો અનુભવ થાય છે. તુર્કસ્તાનમાં ધરતીકંપ થાય છે તો આખી દુનિયામાંથી તાર આવે છે. બિહારમાં ભૂકંપ થાય તો આખી દુનિયાના હૃદયને ધક્કો લાગે છે.

મહાપૂરમાં સંકટગ્રસ્ત થયેલા લોકોને બધી જ જાતની મદદ જોઈતી હતી. ઝૂંપડીઓ બાંધવા સામાન જોઈએ. ઠંડીમાંથી રક્ષણ થાય તે માટે કપડાં જોઈએ. ભૂખને શમાવવા અન્ન જોઈએ. મદદ ભેગી કરનારાં મંડળો ઠેરઠેર કામે વળગ્યાં. આશ્રયસ્થાનો ખોલવામાં આવ્યાં. પૈસો, અનાજ અને કપડાં ભેગાં થવા લાગ્યાં. જુદી જુદી મીલોમાંથી કાપડની ગાંસડીઓ મળી. સ્વયંસેવકો ઘેરઘેર જઈને કપડાં ભેગાં કરવા લાગ્યા. અનાજના વેપારીઓએ અનાજ મોકલ્યું. ફાળો પણ મળવા લાગ્યો.

મહાપૂરવાળા પ્રદેશમાં દસ દસ માઈલ ઉપર આશ્રમસ્થાનો ખોલવામાં આવ્યાં, ત્યાંથી મદદ મળવા લાગી. અનાજ, કપડાં બધું પ્રથમ એક ઠેકાણે ભેગું કરવામાં આવતું, અને ત્યાંથી મોકલવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવતું. એક જગાએ મોટો સંગ્રહ થતો, ત્યાંથી બધે પૂરું પાડવામાં આવતું. સ્વયંસેવકોની ખૂબ જરૂર હતી અને તેઓ મળ્યા પણ ખરા.

વિશ્વભારતીમાંથી પણ સ્વયંસેવકો ગયા. રામદાસ તે વખતે ઘેર જવાનો હતો. મુકુંદરાવના કિસાન મોરચામાં સામેલ થવાનો હતો. દયારામે તેને ખાસ બોલાવ્યો હતો, પણ માયાને લીધે તેને વિચાર બદલવો પડ્યો.

"મહારાષ્ટ્રના કરતાં અહીં આજે મહાન વિપત્તિ છે. સામે દુઃખ છે; નજીકમાં જ રડારોળ છે. ત્યાં દોડી જવાને બદલે દૂર ક્યાં ચાલ્યા? ચાલો, બંગાળની સેવા કરો. પહેલાં મરાઠાઓએ બંગાળ ઉપર સ્વારીઓ કરી હતી. મરાઠા આવ્યા એ સાંભળતાં જ માતાઓ ગભરાઈ જતી અને પોતાનાં બાળકોને છાતી સાથે ઝાલી રાખતી. છોકરાં ઊંઘે નહિ તો 'મરાઠા દસ્યૂ આવશે, ઊંઘ' એમ માતાઓ કહેતી. તે પાપને ધોઈ નાખવા માટે ચાલો. નિર્મળ સેવાનો એક કણ બધું પાપ ધોઈ નાખે છે. સ્નેહનું એક બિંદુ પ્રસરે છે અને સુંદર રંગ દર્શાવે છે. એક નાનકડું સ્વચ્છ કિરણ આખા ખંડના અંધકારને પ્રકાશમાન કરી શકે છે. એક સુગંધી ફૂલ પાસે રાખીએ તો અનંત દુર્ગંધને ભૂલી જવાય છે. ખરું ને? તો ચાલો પ્રેમમય સેવાનો આસ્વાદ બંગાળી માતાઓને આપો. તમારા પૂર્વજોએ બંગાળી માતાઓનાં બાળકોને રડાવ્યાં હતાં, તમે આવીને હસાવો. મારી સાથે ચાલો. હું તમને સેવા શીખવું." એવું માયા બોલી અને રામદાસથી ના કહેવાઈ નહિ.

જ્યાં મુખ્ય કોઠાર હતો ત્યાં જ રામદાસ અને માયાને બીજાઓની સાથે કામ મળ્યું. સ્વયંસેવિકાઓને ત્યાં એક મોટું કામ આપવામાં આવ્યું હતું. ત્યાં હજારો કપડાં આવીને પડ્યાં હતાં. પણ તે કપડાં બધાં આખાં હતાં એવું નથી, ફાટેલાંને જરા સાંધવાનાં હતાં, બટન લગાડવાનાં હતાં, થીંગડાં દેવાનાં હતાં. સ્વયંસેવિકાઓ આ કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા લાગી. ત્યાં સીવવાના બે ત્રણ સંચા લાવવામાં આવ્યા હતા. તેમના ઉપર કેટલીક બહેનો કામ કરતી હતી. મૃણાલિની, હેમલતા, માયા હાથથી જ ઝપાટાબંધ ટાંકા મારતાં હતાં. સીવેલાં કપડાં અને બીજાં કપડાંનું વર્ગીકરણ કરીને જુદી જુદી ગાંસડીઓ બાંધી રાખવાનું કામ રામદાસ અને બીજા સ્વયંસેવકો કરતા હતા. સ્ત્રીઓનાં કપડાં, નાનાં બાળકોનાં કપડાં, પુરુષોનાં કપડાં, સાધારણ મોટાં બાળકોનાં કપડાં આવા વર્ગો પાડવામાં આવતા હતા. કામ કરતાં કરતાં ગપ્પાં પણ હંકાતાં.

"મૃણાલિની, જરા સારી રીતે ટાંકા માર ને." હેમલતાએ કહ્યું.

"હવે બહુ થયું. રહેવા દે. કપડાંના ઢગલા તો જો, કેટલા પડ્યા છે. આમ બધું બરાબર કામ કરવા જઈએ તો પૂરું યે થાય કે?" મૃણાલિની બોલી.

"અલી, પેલાં ગરીબોનાં શરીર ઉપર ચાર દિવસ તો તે ટકવાં જોઈએ ને?" માયા બોલી.

"કોઈ પણ કામ હોય, તેમાં હૃદય રેડવું જોઈએ. તે મન મૂકીને કરવું જોઈએ. એક ટાંકો મારવાનું કામ હોય કે મહાન ગ્રંથ લખવાનું કામ હોય, ડગલે ને પગલે પરિપૂર્ણતાનું સ્મરણ માણસે રાખવું જોઈએ." હેમલતા બોલી.

"તું તો મોટું ભાષણ જ આપે છે ને કંઈ" મૃણાલિની બોલી.

"કેમ અલી માયા, તું કેવળ ચિત્રકલા જ શીખે છે કે?" હેમલતાએ પૂછ્યું

"બીજું પણ થોડું થોડું શીખું છું. હું મરાઠી ભાષા શીખું છું." માયાએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તે બંગાળીના જેવી મીઠી છે કે અલી?" મૃણાલિનીએ પૂછ્યું.

"તેમનામાંના એક મહાન કવિએ કહ્યું છે કે અમૃતને પણ જીતી લે એવી મારી ભાષા છે." માયા બોલી.

"તેલુગૂ ભાષા વિશેષ નાદમધુર છે એમ પ્રસિદ્ધ પંડિત મૅક્સ-મુલ્લર કહેતા." હેમલતા બોલી.

"બંગાળીની તોલે કોઈ પણ ભાષા આવે નહિ. શરચ્ચંદ્ર, બંકીમચંદ્ર, રવીન્દ્રનાથ, નવીનચંદ્ર, માયકેલ મધુસુદન દત્ત, ડી. એલ. રાય આવાં મહાન નામો કઈ ભાષા ગણાવી શકે છે? આ મહાન સાહિત્યસેવકોએ બંગાળી ભાષાને જગન્મોહક શિખરો અર્પ્યાં છે." મૃણાલિનીએ કહ્યું.

"બંગાળી ભાષાને આવો અહંકાર જો અડશે તો તે પડશે" માયા બોલી.

"માયા, તેં સાથે આણ્યાં છે કંઈ ચિત્રો?" હેમલતાએ સવાલ પૂછ્યો.

"અહીં શું કામ લાવું? પણ મેં કેમેરા આણ્યો છે." તે બોલી.

"ફોટોગ્રાફી પણ શીખી છે શું" મૃણાલિનીએ પૂછ્યું.

"હજી બરાબર નિષ્ણાત નથી થઈ, પણ શીખું છું" માયા બોલી.

એટલામાં રામદાસ, હલધર સીવવાનાં કપડાં લઈ ત્યાં આવ્યા અને સીવેલાં લઈ જવા લાગ્યા.

"માયા, વાતોના તડાકા ન મારતી. જેટલા વેગથી મોઢું ચાલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તેટલા વેગથી હાથ ચાલે તો સારું." રામદાસે કહ્યું.

"જરા સીવી જુઓ તમે. અમારી આંગળીઓએ કાણાં પડ્યાં." માયા બોલી.

"અમને સીવતાં નહિ આવડે એમ ?" તેણે પૂછ્યું.

"સીવશો વાંકાંચૂકાં. સોય કપડામાં પેસવાને બદલે આંગળીમાં પેસશે. અને પછી તમારી જ સેવા કરવાનો વારો આવશે." માયા બોલી.

"તને સેવાનું પુણ્ય મળશે." રામદાસે કહ્યું.

"તમે સિધાવોને તે તરફ. પેલાં સીવેલાં કપડાં લઈ જાઓ" મૃણાલિની જરા ગુસ્સાથી બોલી.

રામદાસ ગયો.

"અલી, એ મહારાષ્ટ્રીય યુવક છે. તેને આમ ગુસ્સાથી કંઈ કહેવાય કે ? પરપ્રાન્તીય સાથે તો વિશેષ નમ્રતાથી વર્તવું જોઈએ. આપણા દરેક શબ્દ ઉપરથી, દરેક કૃત્ય ઉપરથી તે આપણા પ્રાન્તની પરીક્ષા કરતો હોય છે." માયા બોલી.

"મહારાષ્ટ્રમાંથી કંઈ મદદ આવી કે ? મૃણાલિનીએ પૂછ્યું.

"આવી હશે. મહારાષ્ટ્ર ગરીબ હોય તો યે કર્તવ્ય ચૂકતો નથી." માયા બોલી.

એટલામાં બાજુએથી રામદાસ આવ્યો.

"માયા, આ જો મહારાષ્ટ્રની મદદ, મારા ગામની મદદ. મેં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાન્તાને લખ્યું હતું. દયારામ વગેરે મિત્રોને પણ લખ્યું હતું. આ જો તેમનો જવાબ. લખે છે કે કપડાં મોકલ્યાં છે. અને આશ્રમના મિત્રોએ ફાટેલાં કપડાં સીવીને મોકલ્યાં છે." રામદાસ આનંદથી કહેતો હતો.

"તમારા જિલ્લામાં અતિવૃષ્ટિથી દુકાળ પડયો છે ને?" માયાએ પૂછ્યું.

"તોપણ બંગાળના દુઃખનું સ્મરણ તેમણે રાખ્યું છે. ગરીબ મહારાષ્ટ્રે પોતાનું નિર્મળ હૃદય મોકલ્યું છે. આવે છે જોવા તે ગાંસડી?" તેણે પૂછ્યું.

"આવી ગઈ હશે કે?" તેણે પૂછ્યું.

"ઘણા દિવસ પૂર્વે મોકલી છે એવું આ પત્રમાં છે. તો ગાંસડી આવી જ હોવી જોઈએ." તે બોલ્યો.

"તો કોઠારમાં તે પડી હશે" માયા બોલી.

"ચાલ, તે આપણે શોધી કાઢીએ." રામદાસ બોલ્યો.

કોઠારમાં ગામેગામની ગાંસડીઓ આવીને પડી હતી. માયા અને રામદાસ રામપુરની ગાંસડી શોધતાં હતાં. છેવટે જડી ખરી.

"આ જો. મહારાષ્ટ્રની ગાંસડી જડી હો" તે બોલી.

"છેવટે મહારાષ્ટ્રનું હૃદય તને જ પ્રથમ જડયું" તે બોલ્યો.

"ગાંસડી છોડવી કઠણ છે" તે બોલી.

"સોનું મેળવવું કઠણ જ હોય છે. હીરા કંઈ સપાટીએ મળતા નથી. ઊંડું ખોદવું પડે છે" તે બોલ્યો.

તે બંનેએ તે ગાંસડી છોડી. હેમલતા, મૃણાલિની પણ ત્યાં આવ્યાં. ગાંસડી છૂટતાં જ મીઠી સુગંધ આવી. મીઠી મીઠી સુગંધ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શાની વાસ આ ?" મૃણાલિનીએ પૂછ્યું.

"મહારાષ્ટ્રીય આત્માની" માયાએ કહ્યું.

તે કપડાંના ઢગલામાં અત્તરની એક નાનકડી શીશી હતી. કપડાં કાઢતાં કાઢતાં તે મળી આવી.

"આ જુઓ શું જડયું તે" માયા બોલી.

"શું છે અલી માયા" હેમલતાએ પૂછ્યું.

"અત્તરની શીશી" માયાએ કહ્યું.

"અહીં તે કંઈ કોઈનું લગ્ન છે ? દુષ્કાળમાં, મહાપૂરમાં સપડાયેલાં દુઃખી પીડિત લોકો, તેમને તે કંઈ અત્તર ગુલાબ હમણાં સૂઝે ? તેમના પેટમાં નથી કોળિયો. આ મહારાષ્ટ્રીય લોકોને વખત-કવખત સમજાતો જ નથી. મરણનો પ્રસંગ છે અને આમને એમાં ગંમત લાગે છે. જાણે કે વરરાજાને કપડાં મોકલવાનાં હોય" મૃણાલિની બોલી.

"મૃણાલિની, તને કંઈ સમજાતું નથી. આ નાનકડી શીશીમાં મહારાષ્ટ્રે પોતાનો મીઠો આત્મા મોકલ્યો છે. અમારાં કપડાં થોડાં છે, આ નાનકડી ગાંસડી છે, પરંતુ તેમાં હૃદય રેડેલું છે એવો આ શીશીનો અર્થ છે. જે આપવું હોય તેના ઉપર હૃદયમાંનો પ્રેમ સીંચીને આપવું એટલે તે સાદી વસ્તુ સ્વર્ગીય બને છે. સુદામાના પૌંઆ પૃથ્વીને તોલે આવે છે. વિદુરની ભાજી અમૃતના કરતાં પણ મીઠી લાગે છે. એક રીતે આ લગ્ન જ છે. મહારાષ્ટ્રના આત્માનું અને બંગાળના આત્માનું લગ્ન જ થાય છે. દૂરનાં હૃદય નજીક આવે છે. લગ્ન એટલે અલગ ન રહેતાં સલગ થવું." હેમલતા બોલી.

"તમારી આંખે ચક્ષ્માં છે. મને ય એક આપો. એટલે મને પણ આવા અર્થ વાંચતાં આવડશે." મૃણાલિની બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આવા ચશ્માં બજારમાં મળતાં નથી હોતાં. બજારમાં નજીકનું જોવાનાં અને દૂરનું જોવાનાં ચશ્માં મળે છે. પણ અંતર્દષ્ટિનાં ચશ્માં મળતાં નથી. ક્ષ કિરણોથી શરીરની અંદરના ફોટા પણ લેવાય છે. પણ અંતરંગના ફોટા કોણ કેવી રીતે લે?" હેમલતા બોલી.

"આ એક કપડું જુદું જ કેમ વારુ બાંધેલું છે?" માયાએ પૂછ્યું.

"ઊભી રહે, હું છોડું છું" રામદાસે કહ્યું.

તેમાં એક નાનકડી ચિઠ્ઠી હતી તે વાંચી.

"એક મીલમજૂરની પાસે બે જ પહેરણ હતાં. તેમાંથી એક તેણે આપ્યું છે, જે વધારે સારું હતું તે તેણે આપ્યું છે. બંગાળ વસ્ત્રહીન હોય ત્યારે બે પહેરણ વાપરવાં એ પાપ છે એમ તેણે કહ્યું. તેણે પોતાનું નામ આપ્યું નથી. હું એક મજૂર છું આટલું જ તે બોલ્યો.

માયાએ તે પહેરણ માથે ચડાવ્યું. હેમલતાની આંખમાં ઝળઝળિયાં આવ્યાં. મૃણાલિની ગંભીર થઈ. હલધર, શશાંક, હેમંતકુમાર બધા ત્યાં આવ્યા. તે ચિઠ્ઠી વાંચીને બધા ગદ્‌ગદિત થયા.

"બંગાળ વસ્ત્રહીન થયો છે એ જોઈને કેટલા બંગાળીઓએ એક જ પહેરણ રાખીને બાકીનાં મોકલી આપ્યાં હશે વારુ?" હેમલતા બોલી.

"મહારાષ્ટ્રે મહાકાવ્યો નહિ લખ્યાં હોય, હૃદયને હલાવી મૂકનારી રોમાંચકારી નવલકથાઓ નહિ લખી હોય, વંદેમાતરમનો મંત્ર નહિ આપ્યો હોય પણ વંદેમાતરમનો આ આત્મા મહારાષ્ટ્રમાંથી આવ્યો છે. મહાકાવ્યો ફિક્કાં પડી જાય એવું આ મહાન કાવ્ય આ નાનકડા પહેરણમાં લખીને મોકલવામાં આવ્યું છે." માયા બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાપૂરને કારણે ભારતવર્ષનાં આ બાલુડાં એકમેકની નજીક આવતાં હતાં. સમભાવ, પ્રેમભાવ જન્મતો હતો. સ્વયંસેવકોનું કામ ચાલતું હતું. પણ બંગાળમાંનો મોટો તહેવાર એટલે પૂજાના દિવસો પાસે આવ્યા હતા. નવરાત્ર એ બંગાળનો રાષ્ટ્રીય મહોત્સવ. તે વખતે ઇષ્ટમિત્રો અરસપરસને ભેટો આપે છે. બધે જ ઉત્સવ હોય છે. ઘેરઘેર ઉત્સવ હોય છે. સ્વયંસેવક અને સેવિકાઓને ઘેર જવાની ઉત્સુકતા હતી.

“આવો છો કે મારે ઘેર, જઈ આવીએ ચાર દિવસ” માયાએ કહ્યું.

“તારે ઘેર મારી પિછાનનું કોણ છે?” રામદાસે કહ્યું.

“એકની ઓળખાણ હોય એટલે બધાની થાય છે. મારે ઘેર તમને બધાં ઓળખે છે. મારા ગામના લોકો પણ ઓળખે છે. તમારી કેટલીયે વાતો હું કહેતી હોઉં છું.” માયા બોલી.

“મારાં ક્યાં કારસ્થાનો કહેતી હોય છે?” તેણે પૂછ્યું.

“એક બંગાળી રત્નને મહારાષ્ટ્રમાં ચોરીને લઈ જવાનું કૃષ્ણ કારસ્થાન” તે બોલી.

“કૃષ્ણ કારસ્થાન એટલે રુક્મિણીની બાબતમાં કૃષ્ણે કર્યું તેજ કેની? અને તું રત્ન એમ? પોતાનાં જ વખાણ કરે છે.” રામદાસે કહ્યું.

“પણ મેં મારું નામ ક્યાં ઉચ્ચાર્યું છે? હું ધૂળ છું. રત્ન કોણ તે તો તમે જાણો. મને તેના ઠામ કે ઠેકાણાની શી ખબર? કાને જરા વાત આવી છે એટલે કહું છું” માયા બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"માયા, તમારા મહોત્સવના દિવસો એ તો જાણે ખરી વાત. પણ આ દુ:ખી પીડિત લોકોને આજે શો આનંદ ? આપણે બધાં ચાર દિવસ જઈશું તો અહીં કોણ કામ કરશે ? ઉઘાડાં અનાથ માણસો બસ આવ્યા જ કરે છે. કોઈ એક માતા ઉઘાડા બાળકને લઈ ને આવશે અને કહેશે કે આને આંગડી આપો. પણ અહીં કોઈ જ નહિ હોય તો ? તમે પૂજા ઊજવશો પણ પગે ચાલીને આવેલી તે માતા નિરાશ થશે, તેની ધીરજ ખૂટશે. માયા, આ દુ:ખી બહેનભાઈઓની સેવા એટલે જ ખરી પૂજા. નવરાત્રમાં આપણે દેવીની પૂજા કરીએ છીએ. અમારી તરફ અરાડ હાથની માતા હોય છે. આ કયી માતા ? અરાડ વર્ણના લોકો તે જ આ હાથ; આવા હાથવાળી હિંદમાતા તે જ આપણી માતા. તે હિંદમાતાની પૂજા એટલે જ દેવતાપૂજન. દુષ્કાળમાં, મહાપૂરમાં સપડાયેલાં હિંદુમુસલમાનો અહીં આવશે. તેમને સહાનુભૂતિ અને સહાય આપવા વાસ્તે અહીં રહેવું એટલે જ નવરાત્ર." રામદાસે કહ્યું.

"હું એકલી કાંઈ ઘેર જતી નથી. તમારું પણ કહેવું સાચું છે. પ્રેમથી કદીક કર્તવ્યનું ભાન થાય છે તો પ્રેમથી જ કદીક તેની વિસ્મૃતિ થાય છે." તે બોલી.

"પ્રેમ વધારીએ એટલે આવું થતું નથી. પ્રેમ મોટો હોય એટલે મોટું કર્તવ્ય કયું એ સમજાય છે"

ત્યાંના કાર્યાલયના મુખ્ય વ્યવસ્થાપક હેરંબચરણ ઘેર ગયા નહિ. માયા ઘેર ગઈ નહિ. રામદાસ પણ ત્યાં જ હતો. બીજા પણ કેટલાક સ્વયંસેવકો રહ્યા.

"મારી પાસે સીવતાં શીખો" માયાએ કહ્યું.

"મને સીવતાં આવડે છે. સીવી બતાવું ?" રામદાસે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બતાવો જોઈએ" તે બોલી.

"ત્યાં બહાર ચાલ" તે બોલ્યો.

"ચાલો" તેણે કહ્યું.

બંને બહાર આવ્યાં. "આ લ્યો સોય, સીવો" તે હસીને બોલી.

"તું નાસ" તે બોલ્યો.

"કેમ, પાસે હોઉં એટલે શરમ આવે કે? ટાંકો બરાબર ન પડતાં આંગળીમાં જાય તો હું નહિ હસું; આંગળીમાંની સોય કાઢવા આવીશ" તે બોલી.

"તે દહાડે પોતાના જ પગમાં પેઠેલો કાંટો કઢાતો નહોતો, મને હાંક મારી. અને હવે બીજાની આંગળીમાંની સોય કાઢવાની, એમ? ઠીક, એ વાત જવા દે. તું નાસ જોઈએ" તે બોલ્યો.

"ખરેખર નાસું?" તેણે પૂછ્યું.

"દોડી જા" તે બોલ્યો.

માયાએ ખરેખર નાસવા માંડ્યું. રામદાસ એકદમ ધીમે રહીને પાછળ પાછળ દોડતો ગયો. તેણે એકદમ માયાની પીઠને હાથ અડકાડ્યો. તેણે ગભરાઈને પાછળ જોયું તો રામદાસ.

"કેમ ગઈને આંગળીમાં સોય?" તેણે પૂછ્યું.

"પણ સીવી (અડકી) બતાવ્યું ને? ગમે તેમ હોય" તે બોલ્યો.

"એટલામાં સીવી રહ્યા?" તેણે હસીને પ્રશ્ન પૂછ્યો.

"હા." તે બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બતાવો જોઈએ" તે બોલી.

તેણે ફરીથી બરડાને હાથ અડકાડયો.

"બતાવો ને?" તે બોલી.

તેણે તેના હાથને સ્પર્શ કર્યો.

"બતાવતાં શરમાઓ છો ને?" તેણે પૂછ્યું.

"હું ઉપરાછાપરી સીવ્યા (અડક્યા)જ કરું છું. તને દેખાતું નથી, સમજાતું નથી. હું શું કરું?" એમ કહીને તે હસ્યો.

"હસીને ફજેતી છુપાવી નથી શકાતી" તે બોલી.

"અલી ગાંડી, મહારાષ્ટ્રમાં રમતમાં કોઈ એક નાસવા માંડે અને આપણે તેને પકડીએ એટલે તે તેને "સીવ્યો" (અડકયો) એમ કહે છે. તે પકડાપકડીની રમત હોય છે. તે તને શીખવાડી અને એક શબ્દ પણ શીખવ્યો." રામદાસ બોલ્યો.

શીખવવાની આ પ્રત્યક્ષ પદ્ધતિ કે શું?" તેણે હસીને પૂછ્યું.

એક દિવસ એક માતા પોતાનાં બે બાળકોને લઈને ત્યાં આવી. બાળકો ઉઘાડાં હતાં. તે કપડાં માગતી હતી.

અહીંયાં કપડાં નથી આપતા. અહીં તો કેવળ કોઠાર જ છે. વહેંચવાનું પેલું કેન્દ્ર છે ત્યાંથી લઈ જાઓ." માયા બોલી.

"પણ આ બાળકોને લઈને ક્યાં જાઉં? તમે જ આપોને" તે બોલી.

"હું પૂછી આવું છું હં" માયા બોલી.

માયા હેરંબકુમારને પૂછવા ગઈ. રામદાસ અને તે હિસાબ કરતા હતા." પૂજાના તહેવારોને લીધે બીજાં કેન્દ્રો પણ બંધ છે. અહીંથી જ તેને આપો કપડાં" હેરંબકુમારે કહ્યું.

સુશિક્ષિત અને શહેરી લોકોનાં છોકરાંઓનાં કપડાં હતાં. પેલી કિસાન માતા પોતાનાં બાળકોને તે બરાબર પહેરાવી શકતી નહોતી. એટલામાં રામદાસ ત્યાં આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઊભાં રહો, હું એમને પહેરાવી દઉં છું હં" તે બોલ્યો.

"સ્ત્રીઓનું કામ તમે કેમ કરો છો ?" માયાએ કહ્યું.

"સ્ત્રીઓ મજા જોતી ઊભી રહે તો પછી પુરુષોએ ન કરવું કે ?" તે બોલ્યો.

"તમે રોજ થોડા જ કંઈ તે છોકરાંઓને કપડાં પહેરાવવા જવાના છો ? તેની માને જ શીખવા દો." માયા બોલી.

"પણ શીખવવું તો જોઈએ ને ? કે હસતાં ઊભા રહેવાનું ?" તે બોલ્યો.

"ગુસ્સે થયા કે શું ? પુરુષો જરા વારમાં ગુસ્સે થઈ જાય છે. હું આ ચાલી" એટલું કહીને તે ગઈ. પણ તરત જ પાછી આવી.

"અમે જરા જરામાં ગુસ્સે થઈ જઈએ છીએ અને તમે ?" તેણે પૂછ્યું.

"હવે પેલા બીજા બાળકને પણ પહેરાવો" તે બોલી.

"ચીડવતી નહિ મને. મને કંઈ શરમ આવતી નથી. જો આ પહેરાવું છું." એમ કહીને રામદાસ પેલા બીજા બાળકને કપડું પહેરાવવા લાગ્યો.

"સ્ટેડી પ્લીઝ" માયા બોલી.

"હું ક્યાં ધાંધલ કરું છું" તે બોલ્યો. તેણે ઉપર જોયું.

"માયા આમ ચોરીને ફોટો પાડવો સારું કહેવાય ?" તે બોલ્યો.

"આગળ ઉપર કોઈ વખતે કોઈ તમને છોકરાને ઝભલાં ટોપી પહેરાવવાનું કહે અને આ તો સ્ત્રીઓનું કામ કહીને તમે તુચ્છતાથી નકાર ભણો તો આ ફોટો લીધેલો હોયે તો સારું" માયા બોલી.

"આગળ શું થવાનું છે કોને ખબર ?" તે બોલ્યો.

"સંન્યાસી થવાના કે શું ?" તેણે પૂછ્યું.

"મનમાં એવું થાય છે" તે બોલ્યો.

૧૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમે સંસારમાં યે સંન્યાસી થશો. ગરીબ માતાઓનાં બાળકોને જે પ્રેમથી સજાવે તે સંસારમાં રહીને પણ મુક્ત થશે." માયાએ પ્રેમભક્તિથી કહ્યું.

"માયાને તરી જવી કઠણ હોય છે. માયાને જીતવી ભારે" તે બોલ્યો.

"જનતામાં જનાર્દનને જોનારા તે તરત જ તરી જાય છે" તે બોલી.

"જ્ઞાનેશ્વરીમાં આવું જ એક ચરણ છે" તે બોલ્યો.

"કહોને મને, માયાને તરી જવાનું ચરણ" તે બોલી.

× येथ एकचि लीला तरले । जे सर्वभावे मज भजले ।
तयां एलीचिकडे सरले । मायाजळ

આ ઓવી તેણે ગાઈ બતાવી. માયાને મોઢે ચડી જતાં સુધી તે બોલ્યો. "કેટલીવાર બોલું ? એક પાઠી કેમ ન થઈ ?" તે બોલ્યો.

"એક–પાઠી જ છું, બીજી પાઠ (પીઠ) બતાવો જોઈએ." તે હસીને બોલી.

કેટલાક દિવસ પછી માયા અને રામદાસ પાછાં શાંતિનિકેતનમાં આવ્યાં. મહાપૂર આવ્યું અને ગયું. પણ માયાના અને રામદાસના હૃદયમાં આવેલું પ્રેમનું મહાપૂર ગયું નહિ, તે વધતું જ ગયું. મહાપૂરના નિમિત્તથી ભગવાને તેમને વધારે નજીક આણ્યાં. ભગવાનના હેતુ અતર્ક્ય હોય છે.

★

× જેઓ મને પૂરેપૂરા ભાવથી ભજે છે તેઓ ભવસાગરને તરી જાય છે. તેમને માટે તો ભવસાગરને આ કાંઠે જ માયા છૂટી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫ ઘરનો તાર

તે દિવસે મકરસંક્રાન્ત હતી. રામદાસ બધાને હલવો વહેંચતો હતો. "तिळ घ्या गुळ घ्या, गोड बोला" એમ બધાંને કહેતો હતો. માયા હમણાંની તેની સાથે બોલતી નહોતી. કોઈક વખત એકમેક તરફ જોઈને બંને મંદહાસ્ય કરતાં. પણ ખીલવા માંડેલું હાસ્ય તરત જ બિડાઈ જતું. બહાર આવું આવું કરતા હાસ્યને બંને જણ અંદર સંતાડતાં. હૃદયમાંનું હાસ્ય હૃદયમાં ગુંગળાતું. તે હાસ્યને હોઠ ઉપર આવીને હાસ્ય કરવાની છૂટ નહોતી.

રામદાસે બધાને તલગોળ વહેંચ્યો. એકલી માયા રહી. તેને તેણે તલગોળ આપ્યો નહિ. તેને માયા પાસે જવાનું વારે વારે મન થતું. પણ છેવટે તે ગયો નહિ. પોતાની ઓરડીમાં તે દિલરુબા વગાડતો બેઠો. પણ તાર તૂટ્યો. સંગીત બંધ થયું. તારને બાંધવામાં રામદાસ તલ્લીન થઈ ગયો.

"તાર તૂટ્યો ને ? સારું થયું". આવીને માયા બોલી.

"તને બીજાના દુઃખથી જ આનંદ થાય છે" રામદાસ બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમને બીજાનું અપમાન કરવામાં આનંદ થાય છે" તે બોલી.

"મેં કોનું અપમાન કર્યું ?" તેણે પૂછ્યું.

"માયાનું" તે બોલી.

"માયાને માન આપનાર ફસાય છે. માયાને કાઢી મૂકવી જોઈએ. આમામાં ફસાવું સારું નહિ" તે બોલ્યો.

"આ તમારું ચિત્ર, આ તમારો મેં લીધેલો ફોટો, આ બધું લો. તમારું મારી પાસે કંઈ ન જોઈએ." તે બોલી.

"તું જ તેને દિવાસળી ચાંપ" તે બોલ્યો.

"દિવાસળી પણ તે જ ચાંપે છે કે જેનો કંઈકેય સંબંધ હોય છે. જે પ્રેમ કરશે તેજ અગ્નિસંસ્કાર કરશે" તે બોલી.

"માયા, હું શું કરું?" તેણે પૂછ્યું.

"મને ભૂલી જાઓ" તે બોલી.

"અશક્ય છે" તેણે જવાબ આપ્યો.

"આજે જ ભૂલી ગયા, આખી દુનિયાને મીઠા બોલ કહ્યા, પણ મારી પાસે આવ્યા જ નહિ. આખી દુનિયાને તલગોળ આપ્યો, મને માત્ર અપમાનનું – ઉપેક્ષાનું વિષ" તે બોલી.

"માયા, તું જુદી છે કે ? તું અને હું અક્ષરશઃ એક રૂપ છીએ. 'માયા, આ હલવો લે, મીઠું બોલજે હં, એમ મેં મને પોતાને જ કહ્યું અને પોતે જ ખાઈ ગયો. તને તે પહોંચ્યો નહિ ?" તેણે પૂછ્યું.

"આ તો અમસ્તો દેખાડો છે. તમે મારાં બારણાં સુધી આવ્યા હતા પણ પાછા ગયા. તમે અંદર આવશો એમ માનીને મેં ખોટો ઊંઘતો ઢોંગ પણ કર્યો, પણ પગલાં પાછાં ફર્યાં; તમારા અહંકારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમને આવવા દીધા નહિ. પણ ધ્યાનમાં રાખજો કે નિરહંકારી થયા વિના માયાને જીતી શકાશે નહિ." તે બોલી.

"માયા, હું તારા બારણાં સુધી આવ્યો એટલું યે નિરહંકારીપણું શીખ્યો ને? તે દિવસે તું જે શબ્દો બોલેલી તે સાંભળ્યા પછી કોણ તારા બારણાં સુધી યે આવ્યો હોત? હું કૂતરાના જેવી ખુશામત કરું છું ને? લાવ, તેને ખંખેરી નાખું. સારું થયું તેં મને જાગ્રત કર્યો. રામદાસ હવે પછી કૂતરો થવાનો નથી. ધીરગંભીર મૃગેન્દ્ર થવાની તે મહેનત કરશે." રામદાસ બોલ્યો.

"દુનિયાનો પ્રેમ અંતે તો કાચનું વાસણ. તેને ટચલી આંગળીનો માર પણ સહન થતો નથી. આ પ્રીતિના રસના પ્યાલા હળવે રહીને ઉપાડવા પડે છે. શ્વાસોચ્છવાસથી યે તેમના ટુકડા થઈ જાય, ફૂંકથી ફૂટી જાય." માયા બોલી.

"સ્વાભિમાન જેવું કંઈ છે કે નહિ?" રામદાસે પૂછ્યું.

"તે જો હોત તો તમારા બારણાંમાં મેં પગ મૂક્યો હોત કે?" માયા બોલી.

"ચિત્રો પાછાં આપવા આવી હતી?" તે બોલ્યો.

"હૃદયમાં જડી દેવા આવી હતી" તે બોલી.

"માયા" તેણે ઉત્કટતાથી હાંક મારી.

"શું" તેણે કોમળ ભાવથી પૂછ્યું.

"આપણે પરસ્પરને જોયાં અને એકદમ વાતો કરવા લાગ્યાં. કદી સંકોચાયાં નહિ, શરમાયાં નહિ. જાણે અજાણ્યા જેવું કંઈ જ નહોતું. જાણે સો જન્મનું આપણું ઓળખાણ હતું, ખરું કે નહિ?" તે ભાવનાના ઊભરાથી બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકમેકને જોયાં, અને જાણે કે પહેલેથી જ હૃદયમાં હતા તે સૂક્ષ્મ ફોટાઓ એકદમ વિકસિત થયા. પહેલાંનાં જ બીજને જાણે અંકુર ફૂટ્યા " માયા બોલી.

"આ લે તલગોળ, થયું ને બધું મીઠું ? તેણે પૂછ્યું.

"મારા હૃદયનો તાર તોડ્યો, તેથી તમારા દિલરુબાનો પણ તાર તૂટ્યો." તે બોલી.

"મારા જીવનમાંનું તું સંગીત છે" તે બોલ્યો.

"મારા જીવનમાંના તમે કલા-મૂર્તિ છો" તે બોલી.

"સંયમ વિના સંગીત નથી. પોલી ભૂંગળીમાંથી સૂર નથી નીકળતો, પણ સંયમી વાંસળીમાંથી નીકળે છે" રામદાસ બોલ્યો.

"પ્રમાણ વિના કલા નથી" માયા બોલી.

"માયા આ તાર બાંધ જોઈએ. હલકે હાથે પણ મજબૂત બાંધજે." તે બોલ્યો.

"અમારા હાથ હળવા હોય છે, સુકુમાર હોય છે. પણ અમે પુરુષોને મજબૂત બાંધી રાખીએ છીએ." માયા બોલી.

"સ્ત્રીઓ એટલે પુરુષના જીવનવૃક્ષનાં મૂળિયાં. મૂળિયાં ઝાડને પકડી રાખે છે, તેથી તો વૃક્ષનું માથું ઊંચું ચડે છે, તે ફળફૂલથી શોભે છે. મોટું પૂર આવે તો આજુબાજુની માટી નીકળી જાય છે, પણ મૂળિયાં છૂટાં પડતાં નથી. તે છેવટ સુધી વળગેલાં જ રહે છે" રામદાસ બોલ્યો.

"વૃક્ષો પણ કૃતજ્ઞતાથી પોતાનાં ફૂલ, પેલો પુષ્પ કિરીટ મૂળિયાંને અંતે અર્પણ કરે છે. મૂળિયાંના ચરણ ઉપર તેઓ પુષ્પવૃષ્ટિ કરે છે." માયા બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"માયા, ગામડાં એટલે હિંદુસ્તાનનાં મૂળિયાં. બધાએ પોતાનો વૈભવ આ મૂળિયાંને ચરણે ધરી દેવો જોઈએ. શ્રીમંતોએ પોતાની શ્રીમંતાઈ, બુદ્ધિમાનોએ પોતાની બુદ્ધિ, કલાવાનોએ પોતાની કલા, આ ગામડાંઓને ચરણે ધરવી જોઈએ." રામદાસ બોલ્યો.

હું ગામડાંનું જીવન ચિત્રોમાં આલેખીશ અને દુનિયાની સહાનુભૂતિ ગામડાં માટે મેળવી આપીશ." માયા બોલી.

"હું ગામડાંની જનતામાં જઈશ અને તેને સંગીત સંભળાવીને ક્ષણભર દુઃખને ભુલાવીશ" રામદાસ બોલ્યો.

"માયા, તું ગરીબાઈમાં આનંદ માનીશ?" તેણે એકદમ નવો જ પ્રશ્ન પૂછ્યો.

"તમારા હૃદયના જેવું શ્રીમંત હૃદય જો મળશે તો હું કુબેરની સંપત્તિ પણ તુચ્છ લેખીશ" માયા બોલી.

"કોઈ કોઈ વાર મારા મનમાં આવે છે કે બાપુની પછી મને જે એસ્ટેટ મળવાની છે તે બધી આપી દેવી. ગરીબોનું ગરીબોને જ મળી જાય. અમારી મોટી હવેલી છે, તેનું સુંદર આરોગ્યધામ બનાવીશું, ત્યાં રોગીઓને માટે ખાટલા રાખીશું, પ્રસૂતિસદન રાખીશું. ડૉક્ટર અને નર્સો પણ રહેશે. બાપુની બધી ધનદોલત આ કામે વાપરવી. મારે એક ઝૂંપડીમાં રહેવું અને જીવનમાંના ત્યાગનું સંગીત અનુભવવું." રામદાસ ભવિષ્યની યોજના કહેતો હતો.

"માયાને જીતનાર રામદાસ બંગલામાં નહોતો જ રહેતો. તે ગુફામાં રહેતો હતો." માયા બોલી.

"તને શું થતું હોય છે?" તેણે પૂછ્યું.

"હું સદા કાગળ ઉપર સુંદર રંગ પૂરતાં શીખી છું, સાદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોલસાના ટુકડાથી નયનમનોહર મૂર્તિ દોરતાં હું શીખી છું." માયા બોલી.

"માયા, મારે જવાનું છે. ફુણીબાબુએ આજે રસગુલ્લાં ખાવા તેમની ઓરડીમાં બોલાવ્યો છે" રામદાસ બોલ્યો.

"ખાજે એકલા એકલા" તે હસતાં હસતાં બોલી.

"તને યાદ કરીને ખાઈશ" તે બોલ્યો.

"મારું પેટ ભરાશે." તે બોલી.

રામદાસ ગયો, માયા ગઈ, તેમનો અબોલો પૂરો થયો. તલ-ગોળથી બધું મીઠું થઈ ગયું. રૂસણાં વિના મજા નથી હોતી. અનુ-રાગને વચમાં વચમાં ગુસ્સાનો લાલ રંગ જોઈએ. સતારના તારને આમળવા પડે છે, તબલાંને વચમાં વચમાં ઠોકવા પડે છે. ગંમત ખાતર પણ તબલચી વચમાં જરા હથોડી ઠોકે છે, પણ પછી કહે છે "પહેલાં જ સારા વાગતાં હતાં, નકામો ઠોક માર્યો." પછી બીજા ચાર ઠોક લગાવવા પડે છે અને મીઠા બોલ ફરીથી નીકળવા લાગે છે. પ્રેમની મિજલસમાં આવું જ હોય છે. કોક કોક વાર એક-મેકના કાન આમળવા પડે છે, કોઈ કોઈ વાર એકમેકને નાજુક પ્રહાર કરવાનું મન થઈ આવે છે, તેનાથી વાજું વધારે જ બગડે છે, પણ ફરીથી બધું સુધરે છે.

બે ચાર દિવસ પસાર થયા, અને અકસ્માત બાબુને તાર મળ્યો. તેના નવા પિતા ગોવિંદરાવ બીમાર હતા. તાર બનાવટી તો નહિ હોય ને? લગ્નનો ઘાટ તો નહિ ઘડ્યો હોય ને, એવી શંકા તેના મનમાં આવી. પણ તે ક્ષણ પૂરતી જ રહી. ઘેર એકદમ બોલાવ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપુનું ચિત્ત જરા ચકડોળે ચડ્યું, ગભરાયો. તેના તારની ખબર બધે પહોંચી. મિત્રો આવીને પૂછપરછ કરી ગયા. માયા પણ આવી.

"તમારે જવું જ જોઈએ" તે બોલી.

"હા, પણ જરા ગભરાટ થાય છે" તે બોલ્યો.

"કેમ વારુ?" તેણે પૂછ્યું.

"કંઈ વત્તું ઓછું થશે તો? પછી મારાથી અહીં ફરીથી આવી શકાશે કે નહિ ભગવાન જાણે. ઘરનું બધું જોવું પડશે. અત્યાર સુધી હું છૂટો હતો, પણ પછી બધો સંસાર માથે પડશે. બધી જવાબદારી આવશે. લેણદેણ, લખાણો, દસ્તાવેજો, ખતપત્રો, સત્તરસો વાતો; હું આ બાબતોમાં સાવ અજાણ્યો. જે થશે તે ખરું" તે બોલ્યો.

"ચાર દિવસ ઉપર જ તમે કહ્યું હતું કે આગળ ઉપર આ એસ્ટેટ જ્યારે મારા તાબામાં આવશે ત્યારે તે દરિદ્રી જનતાને આપી દઈશ. ભગવાને જાણે તમારો નિશ્ચય સાંભળ્યો." તે બોલી.

"હું એસ્ટેટનો ભૂખ્યો નથી, બાપુજીને આરામ થાય તો સારું. તેમની સેવા કરીશ. તે એસ્ટેટ વહેંચી દેવાના શ્રેયને ખાતર હું બાપુના મરણની ઇચ્છા થોડો જ કંઈ કરું? ના ના, એવું મારા મનમાં કદી આવ્યું નથી." રામદાસ બોલ્યો.

"મારા કહેવાનો એવો હેતુ નહોતો, પણ પરમદિવસના શબ્દો અચાનક યાદ આવ્યા." તે બોલી.

રામદાસ બિસ્તરાપોટલાં બાંધવા લાગ્યો. માયાએ તેનો બિસ્તરો બાંધ્યો. "આ શાલ બહાર જ રહેવા દો, તમને ગાડીમાં કામ આવશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માયા બોલી.

"બહાર નહિ, તે ટ્રંકમાં મૂકી દે. તારા હાથના સુતરની તે શાલ છે. હીરા માણેકની જેમ તેને તાળામાં જ મૂકવા દે." તે બોલ્યો.

"ટ્રંક કોઈ વાર ચોરાઈ જાય, તો શરીર ઉપરની શાલ તો રહેશે? તમારી આંખમાં કચરો જાય તો આ શાલ તે કાઢી નાખશે, પવન વાશે તો તમારું તેમાંથી રક્ષણ કરશે, ગાડીમાં કંટાળો આવશે તો આ શાલ કેટલીયે વાતો કરશે, તે પ્રદ્યોતની હકીકત કહેશે, અક્ષયબાબુની નિરાશાની વાત કરશે. આ શાલ ઉપર જ રહેવા દો ને?" તે બોલી.

રામદાસે બધાની વિદાય લીધી. કાલીચરણબાબુ, ફણીબાબુને ત્યાં પણ એ જઈ આવ્યો.

"રામદાસ, તારા બાપુને આરામ થાઓ. પાછો આવજે, તબિયત વિશે લખજે. તારે લીધે મુકુંદરાવ પણ અહીં આવ્યા, વિચારોની મિજબાની મળી. તારો સ્વભાવ પણ મીઠો, પરોપકારી." ફણીબાબુ બોલ્યા.

"મહાપૂરના વખતમાં તેં બહુ સારું કામ કર્યું હતું એવું ખાસ લખાઈને આવ્યું છે. પેલા મહારાષ્ટ્રીય મજૂરના પહેરણની સત્ય કથા વાંચીને ગુરુદેવની આંખોમાંથી ઝળઝળિયાં આવ્યાં." કાલીચરણે કહ્યું.

રામદાસના મિત્રોએ તેને ચાપાણી કર્યાં. ગિરીશે કહ્યું "રામદાસ આ કંઈ આનંદનો વખત નથી. તું ચિંતામાં છે, પણ કોને ખબર શું થશે તે. કંઈ વાંકુંચૂકું થાય અને તું પાછો ન આવી શક્યો તો? તેથી આ મેળાવડો કર્યો છે."

ચાપાણી થયાં. રામદાસે બધાની વિદાય લીધી. તે માયાની ઓરડીમાં ગયો. માયા રડતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"રામદાસ, ફરીથી તું ક્યારે મળીશ ?" તેણે પૂછ્યું.

"ભગવાનની ઇચ્છા હશે ત્યારે" તે બોલ્યો.

"હું તને શું આપું ?" તેણે પૂછ્યું.

"આપવાનું કંઈ બાકી રહ્યું નથી. આપણે એકમેકને બધું આપી દીધું છે." તે બોલ્યો.

"ખરેખર ?"

"હા."

"બંગાળ અને મહારાષ્ટ્ર વચ્ચે કેટલું અંતર છે ?" તેણે પૂછ્યું.

"અનંત" તે બોલ્યો.

"અનંત ?" તેણે દુઃખપૂર્વક પૂછ્યું.

"માયા, અનંત એટલે શૂન્ય. બ્રહ્માને બંને વિશેષણો લગાડે છે" તે બોલ્યો.

"પુરુષોને શ્લેષ ગમે છે. સ્ત્રીઓને નથી ગમતા. અમને તો સાદો સીધો જવાબ જોઈએ. આડપડદો નહિ" તે બોલી.

"માયા" તેણે હાંક મારી.

"શું ?" તેણે પૂછ્યું ?

"હું બંગાળનો આત્મા લઈને જાઉં છું. દેહ પાછળથી આવશે." તે બોલ્યો.

"આત્માને જરૂર જણાશે તો. આત્મા જો અનંતમાં ડૂબી જાય તો દેહની શી પરવા ?" તે બોલી.

"માયા, હું તારો છું ને ?" તેણે પૂછ્યું.

"હા, અને હું કોની ?" તેણે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામદાસે તેનો હાથ પોતાના હાથમાં પકડ્યો, અને તેના ઉપર લખ્યું " મારી. "

" ફરીથી લખો, સમજાયું નહિ. " તે બોલી.

તેણે તેનો હાથ દબાવ્યો. " હવે સમજાયું ? પ્રેમને પ્રકટ ભાષા સહન થતી નથી. તે તેને સમજાતી પણ નથી. તેને તો મૌન ભાષા ગૂઢ ભાષા ગમે છે. " તે બોલ્યો.

રામદાસ ગયો. વિશ્વભારતીમાંથી ગયો.. તેણે ત્યાં પોતાના જીવનનું સંગીત મેળવ્યું અને બીજાના જીવનમાં પણ રેડયું. બંગાળ અને મહારાષ્ટ્રનું તેણે એક પ્રકારનું લગ્ન જ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬ પિતાની ઇચ્છા પૂર્ણ કરી

રામદાસ પિતાની પાસે બેઠો હતો. ગોવિંદરાવ અત્યંત ક્ષીણ થયા હતા. તેમનાથી બહુ બોલાતું પણ નહોતું. પણ જ્યારે જ્યારે બોલતા ત્યારે બધું લેણદેણ વિશે જ બોલતા. મરણ તરફ જતાં જતાં પણ પૈસાનું જ સ્મરણ થતું હતું. આખો જન્મારો તેમણે જે દેવતાની ઉપાસના કરી, તેનું જ સ્મરણ તે કરતા હતા. રાત ને દિવસ ચાવીઓ તેમની કેડે રહેતી. ચાવી એટલે પરમેશ્વર, ચાવી એટલે પંચપ્રાણ. તે એક નાનકડી ચાવી હતી! પણ કેટલા જણના પ્રાણ તેણે તિજોરીમાં પૂરી રાખ્યા હતા. ગામડાંમાંના સેંકડો કિસાનોનાં જીવન તે ચાવીએ તાબામાં આણી મૂક્યાં હતાં. તે ચાવી એટલે વિષવલ્લી જ હતી.

"બાપુ, પેલી ચાવીઓ કેડે ખૂંચતી હશે, હવે તેમને જરા દૂર રાખો ને?" રામદાસ બોલ્યો.

"હું કંઈ એટલામાં મરવાનો નથી. ડૉક્ટરે શું કહ્યું? હજી ત્રણચાર મહિના કાઢશે એવું કંઈક કહ્યું ને? પેલી પ્રોમિસરીની મુદત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીતી જશે હં ! પેલા મુનીમજીનું ધ્યાન નથી હોતું. જા, તેમને યાદ આપ. અહીં મારી પાસે શું કરવા બેઠો છે ? હું જીવતો છું ત્યાં સુધી બધું બરાબર સમજી લે, બરાબર કારભાર કરવા લાગ; એટલે હું સુખેથી મરીશ. ” ગોવિંદરાવ બોલ્યા.

“ બાપુ, હવે રામરામ બોલો ને, જરા ભગવાનને યાદ કરો ને ? સંસારને ભૂલો. ” રામદાસે પ્રેમથી કહ્યું.

“ કર્તવ્ય કરતાં કરતાં મરવું એમ તમે જ લોકો કહો છો ને ? કહો છો કે ફલાણો મરતી વખતે ‘ મારો દેશ, મારો દેશ ’ કરતાં મર્યો. હું યે મરતી વખતે ‘ મારો પૈસો, મારો પૈસો ’ કરતો મરું તો તેમાં ખરાબ શું છે ? દરેકનું જીવનકાર્ય જુદું હોય છે. તેમાં મરતાં સુધી દરેકે દક્ષ રહેવું જોઈએ. રામદાસ, તારાં લક્ષણ સારાં નથી ” ગોવિંદરાવ બોલ્યા.

“ શું કરું બાપુ ? ” તેણે પૂછ્યું.

“ તું પેલા મુકુંદરાવની સોબત છોડી દે. તે ખેડૂતોને ઉશ્કેરે છે. ખેડૂતો માતતા જાય છે. દાણા આપતા નથી, વ્યાજ ભરતા નથી. મુકુંદરાવ એટલે શાહુકારોનું—જમીનદારોનું મરણ ! ” તે બોલ્યા.

“ અને શાહુકાર તથા જમીનદાર એટલે કરોડો કિસાનોનું મરણ ! બાપુ, એક મરો પણ લાખો જીવો, એમ આપણે નથી કહેતા ? મૂઠી-ભર શાહુકારોએ, જમીનદારોએ, શ્રીમંતોએ મોજ ઉડાવવી, અને તે મોજ ચાલુ રહે તે માટે લાખોએ રાત ને દિવસ ભૂખ્યા મરવું ? મુકુંદરાવ ખેડૂતોને સાચો ધર્મ શીખવે છે. વાંદાઓને પોષવા એ અધર્મ છે. ” રામદાસ બોલ્યો.

“ અમે વાંદા એમ ? ” પિતાએ પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"નહિ તો શું? વૃક્ષોના રસ ઉપર વાંદાઓ પોષાય છે, અને વૃક્ષોનો નાશ કરે છે. પણ વૃક્ષ જો મરી જશે તો આપણે પણ મરી જઈશું એ તેમના ધ્યાનમાં આવતું નથી. ગરીબોની મહેનત ઉપર આપણે જીવીએ છીએ. આપણે પરિપુષ્ટ થઈએ છીએ." રામદાસ બોલ્યો.

એવામાં બહાર ઓટલા ઉપર ઘોંઘાટ થતો સંભળાયો. રામદાસ ઊઠીને બહાર ગયો.

"અંદર પિતાજી બીમાર છે. આ શી બૂમાબૂમ છે? તમારાથી જરા ધીમેથી નથી બોલાતું કે?" રામદાસે મુનીમને પૂછ્યું.

"આ લોકો ધીમેથી બોલ્યે સાંભળવાના છે કે? અહીં દિલરુબા બજાવવાનું નથી, અહીં તો ઢોલ બજાવવાનો છે. આમની સાથે ધીમેથી બોલીશ, મીઠું બોલીશ તો આ લોકો માથે ચડી બેસશે. ધીમેથી બોલવાને તેઓ નિર્બળતા માને છે. જે શાહુકાર મોટેથી બોલે છે તેની સાંથ વસૂલ થાય છે. ધીમેથી બોલનારો રડે છે" મુનીમજી બોલ્યા.

"પણ એનું કહેવું શું છે?" રામદાસે પૂછ્યું.

"કહે છે કે ઓણસાલ ક્યાંથી વ્યાજના પૈસા લાવું? ઓણસાલ જરાએ પાક્યું નથી. ઘરમાં ભરી રાખે છે અને શાહુકારને ના સુણાવે છે. એ કંઈ નહિ ચાલે. આની ઉપર ફરિયાદ જ માંડવી જોઈએ. શેઠજી કહેતા હતા."

"ઓણસાલ અતિવૃષ્ટિથી પાક ધોવાઈ ગયો. લાખો ખેડૂતોએ ભેગા થઈને જે કહ્યું તે ખોટું છે? તમે જાતે પોતાની આંખે નથી જોયું? સરકાર તો માનો કે પારકી છે. પણ આપણે તો અહીંના જ છીએ ને? આપણા જ લોકોને આપણે વદવું શું? તેમની મહેનત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર આપણે જીવીએ છીએ. તેમનું અપમાન કેવી રીતે કરાય? એ કૃતઘ્નતા જ છે. શું છે તમારું નામ?" તેણે પેલા ખેડૂતને પૂછ્યું.

"હું સોનખેડીનો જ છું. મારું નામ ગણબા. ઓણસાલની દશા બહુ ખરાબ છે મારા રાજાઓ! ઘેર છોકરાંના જીવને ચેન નથી. બૈરી ખાટલામાં પડી છે. ખેડૂતનું આ દુનિયામાં કોઈ નથી." તે બોલ્યો.

"શાની બીમારી છે?" તેણે પૂછ્યું.

"ભૂખમરાની. ખેડૂતને બીજો રોગ નથી. પેલા ગ્રામોદ્ધારવાળા વાતો હાંકવા આવે છે. સરકારી અમલદારો આવે છે. પણ ખેડૂતોના ખરા રોગ ઉપર કોઈ કંઈ કહેતું નથી. ખેડૂતને પેટ ભરીને ખાવા મળશે તો જ બીજી બાબતો તરફ તેનું ધ્યાન જશે. કહે છે કે રસ્તા બનાવો. શું કરવા બનાવો? શાહુકારની ગાડી જપ્તી કરવા આવી શકે તે માટે? ને પોલીસ મોટર લઈને આવે તે માટે? અમે ગામના લોકો જ અમારી મેળે રસ્તો બનાવીએ. પણ અમારો માલ અમારી પાસે રહેવાનો હોય તો તે રસ્તો બનાવવાનો અમને ઉત્સાહ રહેશે. ભૂખમરાનો રોગ જ પહેલો દૂર થવો જોઈએ. હવા સારી મળે, પ્રકાશ ઘરમાં પૂરતો આવે, રસ્તો સારો થાય, પણ પેટને કોળિયો નહિ હોય તો પછી તેનો શો ઉપયોગ? ખેડૂતના મડદાને લઈ જવાને માટે સારો રસ્તો થાય, એટલું જ. બીજું શું?" ગણબાએ કહ્યું.

એટલામાં ફળોના કરંડિયા લઈને સ્ટેશન ઉપરથી માણસ આવ્યો.

"દ્રાક્ષ ન આવી કે?" મુનીમજીએ પૂછ્યું.

"મોસંબી અને દાડમ જ આવ્યાં" પેલા માણસે કહ્યું.

"ઊભો રહે. અહીં જ તોડીએ. ગણબાના છોકરાંને એ દાડમ આપીએ, ચાર મોસંબી આપીએ." રામદાસે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એક દિવસ આપશો. રોજ થોડા જ કંઈ આપવાના છો ?" મુનીમજીએ પ્રશ્ન પૂછ્યો.

"અપાશે ત્યાં સુધી આપીશું. ક્રાન્તિ થશે એટલે રોજ બધાને મળશે." રામદાસે શાંતિથી કહ્યું.

કરંડિયામાંથી ફળ કાઢીને રામદાસે આપ્યાં. ગણુબાએ છેડે બાંધી લીધાં.

"ગણુબા, તું જા. કશી ફિકર ન કરતો. આનો કાગળ ક્યાં છે?–" તેણે મુનીમજીને પૂછ્યું.

"આ રહ્યો. મુદત પણ પૂરી થવા આવી છે. નવું લખાણ કરાવી લેવું જોઈએ." મુનીમજીએ કહ્યું.

"ગણુબા, આજ સુધી કેટલું વ્યાજ ભર્યું ?" રામદાસે પૂછ્યું.

"મારા હિસાબે બસોની ઉપર અપાયું. આ અમારો કપાસ લઈ જાય છે અને ભાવ ઓછો મૂકે છે. આમ હિસાબ થાય છે. પૈસા મેં લીધેલા તેના કરતાં વધારે એમને મળ્યા છે. પણ મુદ્દલ તો જેમનું તેમ જ રહ્યું છે !" ગણુબાએ રડતાં રડતાં કહ્યું.

રામદાસે તે પ્રોમિસરીના ટુકડેટુકડા કરી નાખ્યા અને બહાર નાખી દીધા.

"ઓ ભગવાન આ શું ! અમે તમારા પૈસા આપીશું. નરકમાં નથી જવું." ગણુબાએ રડતાં રડતાં કહ્યું.

"તું હજી બીજા પૈસા આપીશ તો જ નરકમાં જઈશ. બીજાની મોજને પોષવી એટલે જ પાપ. આળસુ લોકોને પોષવા એટલે જ અધર્મ. ગણુબા, સ્વર્ગ અને નરકના ખ્યાલો હવે બદલો. હવે તમે જરા વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતા થાઓ. આપણી નબળાઈને લીધે આપણે દુષ્ટોને અન્યાય કરવા પ્રવૃત્ત કરીએ છીએ. તેથી તે અન્યાયમાં આપણે પણ ભાગીદાર થઈએ છીએ. ઈશ્વર પૂછશે, 'પેલા પાપીએ તો તારી પાસે અન્યાયથી પૈસા માગ્યા, પણ તેં કેમ આપ્યા? તારો આત્મા ક્યાં ગયો હતો? તેં શાંતિથી પ્રતિકાર કેમ કર્યો નહિ?' જા, ગણુબા તું મુક્ત છે. તારી બીમાર સ્ત્રીને કહે, છોકરાંને કહે કે હવે આપણે જે પકવીશું તે ખાવાનો આપણને હક્ક છે. આ સાંભળીને તેમની બીમારી જશે, જા." રામદાસે કહ્યું.

"તમે આજથી જ શેઠ થયા કે?" મુનીમજીએ પૂછ્યું.

"બાપુ બીમાર છે. એટલે મારે વહેવાર ન જોવો જોઈએ કે? તેમને આ કડાકૂટ સંભળાવશો નહિ. તેમને રામરામ બોલવા દો." રામદાસે કહ્યું.

પિતાએ રામ કહેવું જોઈએ એમ ઇચ્છનારો સ્વર્ગમાં જાય ખરો?" મુનીમજી બોલ્યા.

"પિતા રામ કહેવાના છે એ નક્કી છે. તે સારી ઇચ્છાની વાત નથી. તમારી પણ નહિ. હવે મરતી વખતે તો તેમને ગરીબોના આશીર્વાદ મળવા દો. એટલે તે આશીર્વાદ તેમને ભગવાનની પાસે લઈ જશે. મરણોન્મુખ પિતરોને દુઃખી ભાઈબહેનોના આશીર્વાદ મેળવી આપે તે જ ખરો સુપુત્ર." રામદાસે કહ્યું.

"આ વહેવાર? ભવિષ્યમાં આવો જ કારભાર ચલાવવાના?" મુનીમજીએ પૂછ્યું.

"આવો જ સચ્ચાઈનો કારભાર." રામદાસે કહ્યું.

"તો પછી કારભાર જલદી પૂરો થઈ જશે. આવા કારભારને મુનીમજીની જરૂર નથી, કોર્ટ-કચેરીની જરૂર નથી." મુનીમજીએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શેઠ ગભરાય છે; ચાલો જલદી." નોકરે આવીને કહ્યું.

મુનીમજી જતા રહ્યા. રામદાસ ઘરમાં આવ્યો. તે ફરીને પિતાના ઓશીકા પાસે બેઠો. તેણે ધીમે ધીમે પવન નાખ્યો. છાતી ઉપર હાથ ફેરવ્યો, પિતા જરા શાંત થયા. આંખો મીંચેલી હતી. વચમાં હોઠ જરા હાલતા હતા. ગોવિંદરાવની પત્ની પણ પાસે હતી. તે ચિંતાતૂર દેખાતી હતી.

"મા, તું ચિંતા ન કરતી. હું છું." રામદાસે લાગણીથી કહ્યું.

"તું છે તે નથી જોવો, સગો છોકરો થોડો જ તું છે ? પેટના ગોળા પણ હમણાં પૂછતા નથી. પારકા તે શું પૂછવાનો ?" તે બોલી.

"હું પારકાની જેમ વર્તું છું કે ? બાપુનો તાર મળતાં જ ન આવ્યો ?" તેણે પૂછ્યું.

"એસ્ટેટને માટે દોડી આવ્યો." તે બોલી.

"મા, હું સોગન ખાઇને કહું છું કે મને આ એસ્ટેટની ઇચ્છા નથી." તે બોલ્યો.

"જોઇશ આગળ ઉપર." તે બોલી.

પિતાએ આંખો ઉઘાડી. તે કંઇક બોલવા માગતા હતા.

"રામદાસ, આને મહિને પચીસ રૂપિયા આપતો જજે. હા કહે." ગોવિંદરાવ બોલ્યા.

"તમારી ઇચ્છા પ્રમાણે થશે." તે બોલ્યો.

"વચનનો શો ભરોંસો ?" તે બોલી.

"તો શું કરું મા ?" રામદાસે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"લખાણુ હોય તો થોડી ખાતરી" તે બોલી.

"આસન્નમરણ પિતાની આગળ આપેલું વચન હું નહિ પાળું ?" તેણે દુઃખથી પૂછ્યું.

"બધી એસ્ટેટ તું વેડફી નાખવાનો; મને પચીસ રૂપિયા ક્યાંથી આપવાનો ? થોડા વખત ઉપર પેલો ગણબા આવ્યો હતો તેની પ્રોમિસરી નોટ ફાડી નાખી." મા બોલી.

"શું પ્રોમિસરી ફાડી નાખી ?" એકદમ ઊઠીને ગોવિંદરાવે પૂછ્યું.

"બાપુ, શાંત પડ્યા રહો." રામદાસે તેમને સુવાડ્યા.

"શાંત કેવી રીતે પડી રહું ? પેલું પ્રોમિસરીનું પડીકું અહીં લાવ. મારા ઓશીકા પાસે મૂક, તું તે ફાડી નાખીશ. તું બધી એસ્ટેટ વેડફી નાખવાનો." બાપ બોલ્યો.

શ્રમને લીધે પિતાને ફરીથી ગ્લાની આવી. પત્ની ત્યાંથી ઊઠી ગઈ. રામદાસ બેઠો હતો. કોઈ કોઈ ખબર પૂછવા આવતા હતા અને ડોક હલાવીને જતા રહેતા હતા.

"આણ્યું પડીકું ? ક્યાં છે ?" પિતાએ પૂછ્યું.

"રામ રામ, રામ રામ." રામદાસ બોલવા લાગ્યો.

"દામ એ જ મારો રામ. લાવ પેલું પડીકું." પિતાએ બૂમ પાડી.

"તે તમારે તમારી સાથે લઈ જવું છે બાપુ ?" રામદાસે દુઃખ અને સંતાપથી પૂછ્યું.

"હા. લઈ જવું છે. સ્વર્ગમાં ફરિયાદો માંડીશ. મરી ગયા પછી બધા ત્યાં આવશે. ત્યાં તેમને પૂછીશ કે પૈસા આપ્યા કે નહિ ?" બાપ બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બાપુ, તે પડીકું હું તમારી સાથે આપીશ." રામદાસ ગંભીર થઈને બોલ્યો.

"છેલ્લી ઇચ્છા પૂછો." કોઈકે કહ્યું.

"કંઈ કહેવુંકરવું નથી તે? વહેવાર હોય છે." બીજું કોઈ બોલ્યું.

"પૈસા પૂરીને રાખ્યા હશે. રામદાસ, પૂછી લીધું છે ને?" ત્રીજાએ કહ્યું.

રામદાસ રામ રામ કહેતો હતો.

"બાપ મરી જાય તે માટે છોકરો પ્રાર્થના કરે છે." બહાર કોઈક બોલ્યું અને બાકીના બધા હસ્યા.

ગોવિંદરાવે દેહ છોડ્યો. સ્મશાનયાત્રામાં કેટલા યે માણસો હતા.

"અલ્યાઓ, લાકડાં બરાબર ગોઠવો. ચિતા ઢસળી પડશે તો સ્વર્ગ નહિ મળે." લાકડાં ગોઠવનાર કહેતા હતા.

"સ્વર્ગ લક્ષાધીશને નહિ મળે તો શું ભિખારીને મળશે?" બીજો બોલ્યો.

"અપ્સરા અને અમૃત, ફળફૂલના નંદનવનમાંની વાડીઓ શ્રીમંતોને જ મળશે." ત્રીજો બોલ્યો.

"કલ્પવૃક્ષોની વાડીઓ ગરીબોને નથી મળતી હોતી. મનમાં આવ્યું કે મળ્યું એ તો શ્રીમંતોના જ ભાગ્યમાં. બીજાઓને દુકાળ અને તંગી. શ્રીમંતોની વાડી હમેશાં ફળેલી અને ફૂલેલી હોય છે. ગોવિંદરાવને જે જોઈતું હતું તે મળતું હતું. કેરીગાળો નહોતો તોયે તેમને ત્યાં કરંડિયો આવ્યો હતો." ચોથો બોલ્યો.

ચિતા ખડકાઈ. માથાતળે મજબૂત લાકડું મૂક્યું હતું. રામદાસ ત્યાં કંઈક કરતો હતો.

"હવે હલાવશો નહિ. ઢસડી પડશે." બધાએ સલાહ આપી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"નહિ ઢસડી પડે. મજબૂત કરું છું." રામદાસ બોલ્યો.

પ્રોમિસરી નોટો અને ખાતાંનું એ પડીકું હતું. તે તે સાથે લાગ્યો હતો. ખાદીના કકડામાં વીંટેલું હતું. રામદાસે તે પિતાના ઓશીકા આગળ મૂક્યું.

"ખાદીનું ઓશીકું લાગે છે." કોઈકે પૂછ્યું.

"એમાં શું છે?" બીજા એકે પ્રશ્ન પૂછ્યો.

"બાપનું પાપ." એક જણે જવાબ આપ્યો.

રામદાસ કંઈ બોલ્યો નહિ. અગ્નિ દેવામાં આવ્યો. ચિતા સળગી. ચંદન, કપૂર, તુલસીનાં લાકડાં સળગ્યાં. ચંદનની જેમ દેહ ઘસાયો નહિ હોય તો યે છેવટને વખતે તો ચંદન આવ્યું જ. કપૂરના જેવી નિર્મળ કીર્તિ મેળવી ન હોય તો પણ છેવટે કપૂર આવ્યું. જીવતાં સંસાર ઉપર તુલસીપત્ર મૂકતાં નહિ આવડયું હોય પણ મરતાં તો તુલસીકાષ્ઠ મળ્યું જ.

"ખરેખર તે કાગળો જ હતા. જુઓ, પેલા બળે છે." જોનારા બોલ્યા.

"રામદાસ આ શું કર્યું?" લોકોએ પૂછ્યું.

"પિતાની ઇચ્છા પૂર્ણ કરી. પ્રોમિસરીનાં પડીકાં એમને સતત દેખાતાં તે તેમની સાથે મોકલી દીધાં." રામદાસે શાંતિથી કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭ દીનબંધુ :

રામદાસની દત્તકના સંબંધવાળી મા જુદી રહેવા લાગી. તેને તે દર માસે પચીસ રૂપિયા આપવાનો હતો. રામદાસે જે પ્રોમિસરીઓ, જે ખાતાં બાળ્યાં તેમની તેની પાસે બરાબર નોંધ હતી. તેણે બધાં કાગળપત્ર બરાબર તપાસીને મૂક્યાં હતાં. ગરીબ ખેડૂતોને તેણે મુક્ત કર્યા હતા. શ્રીમંત લોકોનાં કરજ–તે કાગળો–તેણે બાળ્યાં નહોતાં. તેમની સાથે બાંધછોડ કરીને આ લેણદેણના પ્રશ્નમાંથી તે મુક્ત થવા માગતો હતો. સોનખેડી, શિવતર વગેરે અનેક ગામના ખેડૂતોને રામદાસે મુક્ત કર્યા. તેઓ તેને દેવ માનવા લાગ્યા. કિસાનોએ તેને દીનબંધુ નામ આપ્યું.

રામદાસ એક દિવસ સોનખેડી ગયો હતો. રામદાસના આશ્રમમાં તેણે મુકામ કર્યો હતો. ભવિષ્યના જીવન વિશે વાતચીત ચાલતી હતી. રામદાસના મનમાં હતું કે સોનખેડીમાં જ ક્યાંક એક નાનકડું મકાન બાંધીને રહેવું. તેને થતું હતું કે પોતાનો દિલરુબા ગામડાંમાંનાં દુઃખી માબહેનોને સંભળાવવો. કિસાનોના જીવનમાં પ્રેમભક્તિનું સંગીત રેડવા તે ઇચ્છતો હતો. દીવાનખાનાના સંગીતને, રાજાઓના રાજમહેલમાંના સંગીતને તે તૂટીફૂટી ઝૂંપડીમાં લાવવા માગતો હતો. તે ભગીરથનું કામ હતું. સ્વર્ગમાંથી ગંગાને ભૂતલ ઉપર લાવીને ભગી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રથે માનવોને મોક્ષ આપ્યો. માનવોની અન્નની ભૂખ દૂર કરી. ગંગાને કાંઠે કેટલી સમૃદ્ધિ છે! જમીનદારોએ આ સમૃદ્ધિ પોતાની તિજોરી-ઓમાં પાછી આણી મૂકી એ વાત જુદી! ક્રાન્તિ થશે અને ફરીથી દીવાનખાનામાંની સમૃદ્ધિ આમજનતાની થશે. કલાઓ પણ દીવાન-ખાનામાં આવીને બેઠી છે. તે વાડામાં સપડાઈ છે. તેને જનતાની બનાવવાની છે. જનતાને મોક્ષ આપનારી, દુઃખમાંથી મુક્ત કરનારી, સુખનો સ્પર્શ કરાવનારી તે થવી જોઈએ. દીનબંધુ રામદાસ તેવું કરવા માગતો હતો.

"संगीतसे उध्धार होगा आपका अरु लोकका" સંગીતથી પોતાનો પણ ઉદ્ધાર થાય છે અને લોકોનો પણ થાય છે. સંગીત લોકોને એક ઉચ્ચ વાતાવરણમાં લઈ જાય છે. સંગીત ચરાચરમાં વ્યાપેલું છે. સંગીતથી પશુપક્ષી લુબ્ધ થાય છે. હરણ ગાંડાં થાય છે, ગાયો થોભી જાય છે, નાગ ડોલવા લાગે છે. સંગીતથી અખિલ ચરાચરનું ઐક્ય થાય છે. તેથી જ સંગીતને વેદ કહે છે. તેથી જ "ધન્ય તે ગાયની કળા" એમ સમર્થ રામદાસ કહેતા.

"દયારામ, અહીં આવીને હું રહેવાનો છું. તમારા આશ્રમની હદની પાડોશમાં આવીને રહેવાનો છું. અહીં એક નાનકડી ઝૂંપડી બંધાવવાનો વિચાર કરું છું." રામદાસે કહ્યું.

"આશ્રમમાં જ કેમ નથી રહેતો?" દયારામે પૂછ્યું.

"હું આજે એકલો છું. કાલે એકલો જ રહીશ એવું નથી. સમજ્યોને? હું લગ્ન કરવાનો છું, સંસારમાં પડવાનો છું." રામદાસ બોલ્યો.

"અહીં રહે. અમને આશરો મળશે. દીનબંધુ નજીકમાં હોય પછી બીજું શું જોઈએ?" દયારામે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું વિશ્વભારતીમાં ગ્રામોદ્ધાર વર્ગમાં જોડાયો હતો. ગામડાંની પુનરરચનાનો અભ્યાસ કર્યો. તે અભ્યાસ મને બીજે શું કામ આવવાનો છે? અહીં ગામડામાં જ રહીને જે કંઈ કરી શકાય તે કરવું." રામદાસે કહ્યું.

"અને હવે તો તું જે કહીશ તે લોકો કરશે. તેઓ ખરેખર કહે છે કે રામદાસ દેવ છે. તું તેમને કાંતવાનું કહીશ તો તેઓ કાંતશે. ગંદકી કરશો નહિ એમ કહીશ તો તેવું કરશે. તેમનું સંગઠન પણ થશે. મુકુંદરાવ કિસાનોનું સંગઠન કરે છે, તું હવે તેમને જઈને મળ. સંગઠન ઝપાટાબંધ વધશે. રામદાસે ખેતરો પાછાં આપ્યાં. બાકીના શાહુકારોએ કેમ ન આપવાં? જેમને મુદ્દલ રકમ વ્યાજ તરીકે મળી ગઈ, તેમનાં કરજ ફીટયાં એમ સમજવું જોઈએ. વાસ્તવમાં તો ખેડૂતોનો જ પૈસો ખેડૂતોને કરજ તરીકે આપવામાં આવે છે. શાહુ-કારોએ તે ગાદલા ઉપર આળોટીને થોડો જ કંઈ મેળવ્યો હતો? તે ખેડૂતોની જ થાપણ હતી ખેડૂતોની થાપણ સંભાળીને તેમને તે વખતોવખત આપવાના કામનો થોડો મોબદલો ભલે તેઓ લેતા. તેનું જ નામ વ્યાજ. પણ શાહુકારીનો અર્થ તો એ થયો છે કે ખેડૂતના ગળામાં ફાંસી બાંધવી. ખેડૂતો બધું ગુમાવીને બેઠા છે. સૂતરનો તાર તે કેટલું રક્ષણ કરશે? ખેડૂતની માતા ભૂમાતા તેને પાછી મળવી જોઈએ. ખેડૂતોનું પ્રચંડ સંગઠન તેટલા જ માટે જોઈએ. આ મહાન કામ છે. રામદાસ તું હવે તે કામ ઉપાડ. તે કામમાં પડવું કઠણ છે. હાથમાં માથું લેવાનું છે. સરકાર રોષે ભરાશે. પણ એ બધું કરવું જોઈએ. તું નહિ કરે તો કોણ કરશે?" દયારામ કહેતો હતો.

"હું કરીશ તે કામ. એક નમ્રસેવક તરીકે આ કામમાં પડીશ. આ કામ એક જણનું નથી. જિલ્લેજિલ્લે જ્યારે હજારો યુવકો આનું વ્રત લઈને કામ કરવા માંડશે ત્યારે જ રંગ આવશે. પણ ત્યાં સુધી ઠેકઠેકાણે શરૂઆત તો થઈ જવી જોઈએ. વાટ જોઈને થોડું જ બેસાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે ? ક્રાંતિને અનુકૂળ સમય આવે છે. આ જ વખતે કામ શરૂ કરવું જોઈએ." રામદાસ બોલ્યો.

"ત્યાં સંયુક્ત પ્રાન્તમાં, બિહારમાં કેટલું બધું સંગઠન છે. મુકુંદરાવ બધું જોઈ આવ્યા. ત્યાંની હકીકત તે કહેવા માંડે છે એટલે સાંભળીને આપણને પણ જુસ્સો ચડે છે, પ્રેરણા મળે છે. આપણે ત્યાં પણ એમ થવું જોઈએ એમ લાગે છે. શહેરોમાં કામદારોનું સંગઠન, ગામડાઓમાં કિસાનોનું સંગઠન; આ બંને સંગઠનો જો એક વાર મજબૂત પાયા ઉપર થઈ જાય એટલે થયું. પછી તણખો ઊડવાની જ વાર." દયારામ બોલ્યો.

"મોહન ધનગાંવમાં કામદારોનું સંગઠન કરે છે. તે તેમના વર્ગ ચલાવે છે. ત્યાંના કામદારોની તેના ઉપર ભક્તિ છે. મોહન કેટલું બધું કામ કરે છે. તેની સેવા જોઈને હું તો ઝાંખો જ પડી ગયો. હું તેને પ્રણામ કરીને આવ્યો. મુનિની જેમ એક ઝૂંપડીમાં રહે છે. બપોરે કામદારોની સ્ત્રીઓને ભણાવે છે, તેમનાં સુખદુઃખની તપાસ કરે છે. રાત્રે કામદારોને ભણાવે છે. સાંજે યુનિયનના કાર્યાલયમાં જઈને ફરિયાદો સાંભળે છે. સવારે ફરિયાદો લઈને મિલમાં જાય છે. મૅનેજર વગેરે પાસેથી દાદ મેળવવાની મહેનત કરે છે. વખત મળે એટલે વાંચે છે. જ્ઞાન મેળવે છે. દુનિયામાંના કામદારોને ક્યાં ક્યાં સુખ અને સગવડો છે તે તેણે યુનિયનના કાર્યાલયમાં નોંધી રાખ્યું છે.

કાર્યાલય સુંદર છે. કાર્યાલય બોલે છે. કાર્યાલયમાં પેસતાં જ ભીંત ઉપરના આંકડા, ભીંત ઉપરનાં પત્રકો, નકશા, બધું આપણી સાથે બોલવા માંડે છે. દયારામ, મોહનનું કામ મૂંગું ચાલે છે, તે બી વાવે છે." રામદાસે કહ્યું.

"રામદાસ, મોહનને સાચવવો જોઈએ. સેવા કરી શકાય તે માટે તબિયતની સંભાળ રાખવી એ પણ ધર્મ છે. સેવકે શરીર પ્રત્યે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેદરકાર રહેવું એ ગુનો છે. તે પાપ જ છે. મોહન અતિ શ્રમ કરે છે. તે પણ એક જાતની આસક્તિ જ છે. તેને કહે કે તબિયતને સાચવ. તું જીવીશ તો કામદારોની હિલચાલ જીવશે." દયારામે કહ્યું.

"મોહનની ચિંતા રાખનાર માણસ જોઈએ. તે લગ્ન કેમ કરતો નથી?" રામદાસે પૂછ્યું.

"તે લગ્ન કરવાનો નથી. જેની સાથે તે પરણશે તે પણ મરશે એમ તેને પણ લાગે છે." દયારામે દુઃખપૂર્વક કહ્યું.

"મારી શાંતાનો તેના ઉપર પ્રેમ છે. શાંતા ભણે છે. હજુ બે વરસ સુધી તે ભણશે, પણ મને તો લાગે છે કે તેણે ભણવાનું બંધ કરીને મોહનની સંભાળ રાખવા આવવું. મોહન એકલો રહેશે તો બે વરસેય જીવશે નહિ." રામદાસે કહ્યું.

"પણ ભણતર અધૂરું મૂકીને આવવું? સત્ર તો પૂરું કરે? તું દવાખાનું કાઢવાનો છે ત્યાં શાંતા કામ કરશે." દયારામે સૂચવ્યું.

"દવાખાનું રામપુર નીકળશે. રામપુરમાં મકાન છે. મોહન ધનગાંવમાં કામ કરવાનો." રામદાસે કહ્યું.

"માનો, કે અહીં રામપુરમાં શાંતા ન આવે તો યે ધનગાંવમાં તે કામ કરશે. સુયાણીનું કામ શીખી આવશે તો પેટિયું તો કમાશે. મોહનની સંભાળ રાખશે." દયારામ બોલ્યો.

"હું શાંતાને પત્ર લખું છું." રામદાસે કહ્યું.

મિત્રો આવી રીતે યોજનાઓ ઘડતા હતા. સોનખેડીમાં રામદાસની ઝૂંપડી બંધાવા માંડી. તે નાનકડી પણ સુંદર હતી. દયારામ તે બંધાવતો હતો. હીરાલાલ સૂચનાઓ કરતો. રામદાસ મુકુંદરાવની સાથે અનેક સ્થળે હરવાફરવા લાગ્યો. તેનું ઠેકઠેકાણે રાજાની જેમ સ્વાગત કરવામાં આવ્યું. ત્યાગનું તેજ અપૂર્વ હોય છે. શિવતર તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનું મૂળ ગામ. ત્યાં તેનાં માબાપ હતાં. રામદાસે પોતાને જ ઘેર મુકામ કર્યો હતો. સ્ત્રીઓ સતત ત્યાં આવતી અને તેની સ્તુતિ કરીને જતી.

"રામદાસ, શ્રીમંતને ત્યાં દત્તક ગયો અને પાછો ભિખારી થયો ?" માએ કહ્યું.

"મા આવો વૈભવ શ્રીમંતોને મળે છે કે ? ગરીબોનું શોષણ કરનારો રામદાસ અહીં આવ્યો હોત તો માણસોની આવી ભીડ અહીં થઈ હોત કે ? મેં કેટલાક કાગળ બાળ્યા, લખાણ બાળ્યાં અને આ વૈભવ મળ્યો. આ અમૂલ્ય હૃદયો મેળવ્યાં." રામદાસ બોલ્યો.

"તું યે શાંતાની જેમ એકલો જ રહેવાનો કે ?" માતાએ પૂછ્યું.

"શાંતા એકલી રહેવાની નથી. તેનું લગ્ન મેં નક્કી કર્યું છે." તે બોલ્યો.

"તેને બંગાળ મોકલવાનો કે શું ?" તેણે પૂછ્યું.

"મા, મોહન સાથે શાંતાનું લગ્ન નક્કી થયું છે." તે બોલ્યો.

"મોહન, પેલો વાનર, પેલો ભિખારી ?" મા બોલી.

"મા, મોહન તો એક રત્ન છે. તેના ચરણ આગળ અમે તો આળોટીએ. મોહનનો આત્મા મહાન છે. તમને તેની પરીક્ષા નથી." તે બોલ્યો.

"શાંતાનું લગ્ન એક મજૂરની સાથે ?" તે બોલી.

"મા, મહેનત કરીને જીવનારો મજૂર એ બેડોળ કુબેરના કરતાં વધારે આબરૂદાર છે. શ્રીકૃષ્ણ ભગવાન તો ગાયો ચારતા, પણ રાજા-મહારાજાઓ તેમના પગ ઉપર માથું મૂકતા. મોહનની યોગ્યતા એવી છે કે બધા તેને ચરણે માથું મૂકે." રામદાસ બોલ્યો.

"તમે જે કહેશો તે ખરું. અને તું લગ્ન કરવાનો કે નહિ ? ત્યાંનું ભણતર તો પૂરું થયું ને ?" માતાએ પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મા, એક બંગાળી છોકરી સાથે હું લગ્ન કરું તો ચાલશે કે નહિ? બંગાળી વિદ્યા મેળવી, બંગાળી કન્યા પણ મેળવું." રામદાસે હસીને કહ્યું.

"જે કરવું હોય તે કરો. સંસાર માંડો એટલે બસ. વાંકું પગલું ન ભરતા એટલું જ કહેવું છે." મા તેની પીઠ ઉપર હાથ ફેરવતી બોલી.

શિવતરમાં મુકુંદરાવ અને રામદાસનું મોટું સરઘસ કાઢવામાં આવ્યું. સુંદર રથ શણગારવામાં આવ્યો. તેને કેળના થાંભલા બાંધવામાં આવ્યા. તોરણો લટકાવ્યાં હતાં. ત્રિરંગી અને લાલ ઝંડા ફરકતા હતા. વાદ્યો વાગતાં હતાં. લેજીમનો ખણખણાટ–ઝણઝણાટ થતો હતો. ક્રાન્તિનાં ગીત ગવાતાં હતાં. ઇન્કિલાબની ગર્જના થતી હતી. "દીનબંધુ રામદાસકી જય" એવો જયજયકાર થતો હતો. "દીનબંધુ રામદાસ ઝિન્દાબાદ" એવો ઘોષ પણ થતો હતો. વાટેવાટે રથ જાય, સુવાસિનીઓ આવીને ઓવાળે, રામદાસને કપાળે ચાંલ્લો કરે. રામદાસ પ્રણામ કરે. રામદાસના ઘર પાસે રથ આવ્યો, તેની મા તેને ઓવાળવા આવી. રામદાસ નીચે કૂદી પડયો. તેણે માતાને ચરણે મસ્તક મૂકયું. નજર ન લાગે તેથી માએ ટચાકા ફોડયા. "દીર્ઘાયુ થજે!" એવો આશીર્વાદ માતાએ આપ્યો.

સરઘસમાં સ્ત્રીઓ પણ જોડાઈ. ગીતા ઇન્કિલાબ ઝિન્દાબાદ એ ગીત ગવડાવતી હતી. એટલામાં બીજી એક બહેન જુદું જ ગીત ગવડાવવા લાગી. એ ગીત કોણે બનાવ્યું? કોણે રચ્યું? ગીતાના વર્ગમાંની એક બહેને જ તે બનાવ્યું હતું. ખેતરોમાં કામ કરનારી સ્ત્રીઓ ક્રાન્તિનાં ગીત રચવા લાગી. ધાન પેદા કરનારીઓ વેદ રચવા લાગી. એ વેદ સાંભળો. કિસાન ક્રાન્તિની એ ઋચા સાંભળો:—

किसानांच्या बाया, आम्ही शेतकरी बाया
नाहीं आम्ही राहणार आतां दीनवाणी गाया ॥ ध्रु० ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सरकारला सांगु आम्ही
सावकारला सांगु आम्ही
पोराबाळां हत्रें आमुच्या पोटभर खाया
पोटभर खाया ॥ नाहीं० ॥

आज वरी खाल्ल्या लाथा
आतां करूं वर माथा
लुटारूंची दुनिया आतां पडेल अमुच्या पाया
पडेल अमुच्या पाया ॥ नाहीं० ॥

उन्हानें शेतांत मेलों
भुकेनें घरांत मेलों
क्रान्ति करूं आतां आम्हीं मिळवुं थोडी छाया
मिळवुं थोडी छाया ॥ नाहीं० ॥

खपेल तो आधीं खाईल
नवीन हा धर्म येईल
जाळुं खोटया धर्माची घटोत्कची माया
घटोत्कची माया ॥ नाहीं० ॥

अडाणी न राहुं कोणी
सा-या आम्हीं होऊं ज्ञानी
ज्ञान हवें जरि हवी दीन दशा जाया
दीन दशा जाया ॥ नाहीं० ॥

कामाची दिवसा पाटी
ज्ञानाची रात्रीं पाटी
अधीर झालों आम्ही आतां सत्ता हातीं घ्याया
सत्ता हातीं घ्याया ॥ नाहीं० ॥

कडेवर मुलें घेऊं
क्रान्तींत सामील होऊं

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लाठी खाऊं गोळी खाऊं अर्पुं आम्ही काया
अर्पुं आम्ही काया ॥ नाहीं० ॥

અમે કિસાનોની સ્ત્રીઓ છીએ, અમે ખેડૂત સ્ત્રીઓ છીએ. હવે અમે ગરીબડી ગાયો નથી રહેવાની.

અમે સરકારને કહીશું અને શાહુકારને કહીશું કે અમારાં બાળબચ્ચાંને પેટભરીને ખાવાનું જોઈએ છે.

આજ સુધી લાતો ખાધી, હવે માથું ઊંચું કરીશું. લૂટારુઓની દુનિયા હવે અમારે પગે પડશે.

તાપથી ખેતરમાં મરતાં હતાં, ભૂખથી ઘરમાં મરતાં હતાં, હવે અમે ક્રાન્તિ કરીશું અને થોડો છાંયડો મેળવીશું.

મહેનત કરશે તે પહેલો ખાશે, એ નવો ધર્મ આવશે. જૂના ધર્મની ધટોતકચી માયાને બાળી મૂકીશું.

અમે કોઈ અણઘડ નહિ રહીએ, અમે બધાં જ્ઞાની થઈશું. દીનદશાને ટાળવી હોય તો જ્ઞાન જોઈશે.

દિવસે કામની (સ્લેટ)–પાટી ને રાત્રે જ્ઞાનની પાટી, હવે અમે સત્તાને હાથમાં લેવાને અધીરાં થયાં છીએ, અધીરાં થયાં છીએ.

કેડે છોકરાં લઈશું અને ક્રાન્તિમાં સામેલ થઈશું. લાઠી ખાઈશું, ગોળી ખાઈશું ને અમે કાયા અર્પીશું.

આવું એ નવું ગીત ગવાયું. તાલીના તાલ પર ગવાયું. શહેરોમાંના ઊર્જળિયાત કવિયો કિસાનોને સમજશે અને કિસાનોને ખડા કરે એવાં ક્રાન્તિગીતો રચશે ત્યારે ખરા. પણ ગામડાંમાંની કિસાન સ્ત્રીઓને જરૂર જણાઈ. તેમને વેદનાઓ થવા માંડી અને તેમાંથી આ સહેલાં, સુંદર અને તેજસ્વી ગીતબાળકો જન્મવા લાગ્યાં. ક્રાન્તિ જ જન્મતી હ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરઘસ પૂરું થયું. ચિક્કાર સભા ભરાઈ. વ્યવસ્થા સુંદર હતી. એક તરફ સ્ત્રીઓ બેઠી હતી. એક તરફ પુરુષો બેઠા હતા. ક્રાન્તિ કરનારાઓ વ્યવસ્થા રાખવાની તાલીમ લેતા હતા. કિસાન સ્વયંસેવકો અને સ્વયંસેવિકાઓનાં દળ ચોતરફ ઊભાં હતાં. દૃશ્ય સુંદર હતું.

મુકુંદરાવે રામદાસ વિશે બે શબ્દ કહ્યા. તે બોલ્યા, "આજે રામદાસ દીનબંધુ થઈને તમારી સેવા માટે આવ્યો છે. જેને કંકણ હાથે ધારણ કરવું હોય તેણે પ્રથમ પોતાના સંસાર ઉપર પૂળો મૂકવો પડે છે. ક્રાન્તિ પોતાનાથી જ શરૂ કરી હોય તો સારી. રામદાસ મારો વિદ્યાર્થી હતો, તેની આ ત્યાગવૃત્તિ જોઈને મને કૃતાર્થતા થાય છે. તે બહુ ફર્યો છે. અનુભવ લઈને આવ્યો છે. ત્યાં બંગાળમાં ભણતો હતો ત્યારે ત્યાંના ખેડૂતોની યે તેણે સેવા કરી હતી. સેવા એ જ તેનો આનંદ છે. તમે બધા આ ત્યાગી અને તેજસ્વી યુવકની પડખે ઊભા રહી સંગઠન કરો. હુકમ થતાં જ કૂચ કરો. આજે આપણે સત્યાગ્રહ મોકૂફ રાખ્યો છે. આપણે પ્રચંડ આંદોલન કર્યું. થોડું ફળ મળ્યું. ઓણસાલ થોડી છૂટ મળી. અધીરા ન થશો. આજનાથી બધું પૂરું થયું એમ ન સમજતા. આજે મળેલી ફત્તેહ ઉપરથી આપણે વધારે સંગઠિત થઈએ, અને આખરી સંગ્રામ માટે તૈયાર થઈએ. આજે વરાળને જરા પૂરી રાખીએ. શક્તિનો સંચય કરીએ. કાલે વખત આવતાં જ એટલી જબરી વરાળ છોડીશું, એટલા બધા વેગથી કિસાનોની ગાડી છોડીશું કે વિરોધ કરનારા જે સામા આવશે તેમનો નાશ જ થશે."

પછી રામદાસ થોડું બોલ્યો. તે બોલ્યો, "ભાષણની કલા હું શીખ્યો નથી. તમારું સંગઠન જોઈને મને આનંદ થાય છે. માબહેનોનો ઉત્સાહ જોઈને તમારી મુક્તિનો સમય નજીક આવ્યો, ગ્રહણ વહેલું જ છૂટશે એવું મને લાગે છે. આપણે હજી પણ તૈયારી કરીએ. આ તૈયારીની સાથેસાથ સ્વાવલંબી થવાનું શીખો. ગામમાંનો પૈસો બહાર જાય નહિ એવું કરો. કાપડ ઘેર જ બનાવી લો. ફુરસદને સમયે થોડું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંતો. ઘરનો રોટલો અને ઘરનું કાપડ આ બે બાબતોમાં આપણે પરાવલંબી ન રહેવું જોઈએ. ગામમાંના કેટલાક માણસો સોનખેડી જઈને વણાટ શીખી આવો. ગામમાં સાળો ચલાવો. પતિ સૂતર કાંતે અને તેનું કપડું પત્નીને આપે. પત્ની સૂતર કાંતે અને તેનું કપડું પતિને આપે. બહેને ભાઈ માટે કાંતવું અને ભાઈએ બહેન માટે કાંતવું. તે પ્રેમનું વસ્ત્ર જરા જાડું અને ખડબચડું હોય તો પણ વાપરવામાં કેવો આનંદ આવે છે! જાણે કે પ્રેમનું કવચ. તે જ પ્રમાણે તમે ગામમાંના અસ્પૃશ્ય ભાઈઓને અપનાવો. જૂનો ખોટો ધર્મ છોડો. પ્રેમનો ધર્મ શીખો. બધા ગરીબો એક નહિ થાય ત્યાં સુધી આપણો ઉદ્ધાર નહિ થાય. શાહુકાર તમને પજવે છે, તમે હરિજનોને પજવી તે જ પાપ કરો છો. માણસને પશુના કરતાં હલકો ન માનો. અસ્પૃશ્ય ભાઈઓ સમાજની સેવા જ કરે છે. આમ આપણે સારી રીતે વર્તવા માંડીએ એટલે જ ક્રાન્તિ. આ ક્રાન્તિ શતમુખી છે. સામાજિક, રાજકીય, ધાર્મિક, શૈક્ષણિક, ઔદ્યોગિક—બધી જાતની ક્રાન્તિ. બધી જાતની ગુલામીનો નાશ કરવો છે, એ ભૂલશો નહિ. તમે મારું સ્વાગત કર્યું, હું તમારો આભારી છું. મને ઓવાળ્યો, મારા કપાળે ચાંલ્લો કર્યો એનો અર્થ તો એ છે કે ક્રાન્તિને કારણે માથે લાઠી પડે અને મારું માથું લાલ થાય. મારા પંચપ્રાણથી મારે ક્રાન્તિને ઓવાળવી જોઈએ. મારામાં તે હિંમત આવો અને બધી શ્રમજીવી જનતા એક દિવસ સુખી થાઓ! બીજું શું?"

દીનબંધુ રામદાસનો આવો પ્રવાસ બધે થયો. વાતાવરણ બરાબર જામ્યું ગામડાંમાંનો વિરોધ ઊડી ગયો. આડા લોકો જરા સીધા થયા. તે રામદાસના ત્યાગનું બળ હતું. જે ચળવળમાં સંન્યાસ છે, ત્યાગ છે, તે જ ચળવળ સફળ થવાનો સંભવ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮ : શાંતાનો સંસાર

રામદાસનો પત્ર મળ્યો ત્યારથી શાંતા અસ્વસ્થ થઈ હતી. વિદ્યા કે લગ્ન એ તેની સામે પ્રશ્ન હતો મોહન પોતાની તબિયતની બિલકુલ દરકાર કરતો નહોતો. પ્રેમનું માણસ પાસે ન હોય ત્યાં સુધી તે દરકાર કરે એ શક્ય પણ નહોતું. મોહન ન હોય તો મારે ભણીને શું કરવું છે ? મોહન ન હોય તો શો આનંદ, શો ઉત્સાહ અને શાની પ્રેરણા ? શાંતાના જીવનનું જીવન મોહન હતો. તેણે છેવટે વિદ્યાને વિદાય આપવાનું નક્કી કર્યું. તે ધનગાંવ ચાલી આવી.

બપોરને વખતે મોહન પોતાની ઝૂંપડીમાં વાંચતો પડયો હતો. તેવામાં શાંતા ત્યાં આવી. તે ઊભી રહી. મોહન તરફ જોતી ઊભી રહી.

" શાંતા, કેટલા હળવા પગે તું આવી ? મારા તરફ આવતાં તું દોડીને કેમ ન આવી ? એકદમ આવીને ભેટી કેમ ન પડી ? મને ભેટવું એટલે મરણને ભેટવું એમ તને લાગે છે ને ? તેથી બીતી બીતી આવી, દબાતી અચકાતી આવી ? બેસ મારી પાસે. " મોહન બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તું પડી રહે મોહન, તારી આંખો કેટલી બધી ઊંડી ગઈ છે. તું તારી દરકાર કેમ રાખતો નથી?" તેણે પૂછ્યું.

"શાંતા, કેટલા ય કામદારોની આંખો મારા કરતાં યે ઊંડી ગઈ છે. તેમનાં બાળકોનાં મોઢાં સુકાઈ ગયાં છે. કામદારોનાં ભયાનક ઘરસંસાર જોઈને મારી આંખો ઉપર કેવી રીતે આવે? મારી આંખો હસે કેવી રીતે? આનંદથી નાચે કેવી રીતે? તેમની દુર્દશા જોઈને આંખો મીંચાઈ જાય તો સારું, એમ થાય છે." તે બોલ્યો.

"પણ આમ કરવાથી તેમની સ્થિતિ થોડી જ કંઈ સુધરવાની છે? આંખો ઉઘાડી રાખીને તેમનું સંગઠન કરવું જોઈએ. લડતો કરવી જોઈએ. તેમાંથી જ આગળ જતાં સારા દિવસો આવશે. તેને ખાતર જીવવું જોઈએ. તબિયતની દરકાર કરવી જોઈએ. મોહન, હવે હું કહું તે તારે માનવું જોઈશે." તે બોલી.

"તું ફરીથી ભણવા માટે જવાની નથી?" તેણે પૂછ્યું.

"ના. મારું ભણતર પૂરું થયું. હવે એ ભણતરનો પહેલો પ્રયોગ તારા ઉપર; મહિના–માસમાં તારું વજન વધવું જોઈએ." તે બોલી.

"તારા હાથનું ભોજન મળશે તો બે જ દિવસમાં વજન વધશે. તારું દર્શન થયા કરશે તો ઝપાટાબંધ વજન વધશે. શાંતા, હું ક્યારનો યે મરી ગયો હોત. પણ કેવી રીતે જીવ્યો તે જાણે છે?" તેણે પૂછ્યું.

"કેવી રીતે?" તેણે પૂછ્યું.

તેણે ઓશીકે મૂકેલો શાંતાનો ફોટો કાઢ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આ ફોટાએ મને બચાવ્યો. હું તે ઓશીકા પાસે રાખું છું, હૃદય સાથે રાખું છું." તે બોલ્યો.

"મારા કરતાં મારો ફોટો જ તને વધારે ગમે છે." શાંતા બોલી.

"આ જન્મે તો તારા ફોટાથી જ સંતોષ." તે બોલ્યો.

"કેમ વારુ ?" તેણે પૂછ્યું.

"હું શું કહું ?" તે ખિન્ન થઈને બોલ્યો.

"મોહન, તારી પત્ની થવા માટે હું આવી છું. રાત ને દિવસ તારા ઓશીકા પાસે બેસીશ. મારાથી કંટાળતો નહિ એટલે બસ !" તે બોલી.

"મારી પત્ની થવા ? મારી સાથે લગ્ન કરવા ?" તેણે પૂછ્યું.

"હા." તે બોલી.

"શાંતા, મરણની સાથે લગ્ન ન કરતી. આવતે જન્મે આપણે પતિપત્ની થઈશું. આ જન્મે મારા તરફ દૂરથી જો. તું મારી સાથે પરણીશ તો જીવીશ નહિ." તે બોલ્યો.

"હું વિદ્યા ભણીને આવી છું. સંજીવની મંત્ર ભણીને આવી છું. મોહન, હું મરવાની નથી અને તને પણ મરવા દેવાની નથી." તે બોલી.

બંને શાંત થયાં. શાંતા મોહનના વાળમાં હાથ ફેરવતી હતી. તે બંને જણ કેટલાં પ્રેમોત્કટ અને ભાવપૂર્ણ દેખાતાં હતાં.

"મોહન, હું તને તપાસું; તપાસું ?" તેણે પૂછ્યું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તપાસ. મારું હૃદય મજબૂત છે કે નહિ જો. મોહનનો પ્રેમ ખરો છે કે ઉપલકિયો છે તે પણ જો. બધું જો." તે બોલ્યો.

શાંતાએ પોતાનો સામાન અંદર આણ્યો, તેણે પોતાની ટ્રંક ઉઘાડી. તેમાંથી તેણે પેલી લાંબી નળી કાઢી. મોહનની છાતીના ધબકારા તે ગણવા લાગી.

"મોહન, જરા ઉધરસ ખા જોઈએ." તે બોલી. મોહને ઉધરસ ખાધી. પછી હાથમાં નાડી લઈને જોવા લાગી. નાડી તપાસી લીધી.

"જરા ઊંધો સૂઈ જા. પીઠ તપાસવાની રહી." તે બોલી. મોહન ઊંધો સૂઈ ગયો. પીઠ તપાસાઈ. આંગળીથી તેણે ટકોરા મારી જોયા. પછી થર્મોમિટરથી તાવ છે કે કેમ તે જોયું. તેણે મોહનની જીભ તપાસી, આંખો જોઈ.

"દરદી જીવશે કે?" મોહને હસીને પૂછ્યું.

"આટલો મોટો ડૉકટર હવે દવા આપવાનો છે. પછી દરદી કેમ નહિ જીવે?" શાંતાએ કહ્યું.

"તમારી બધી કસરત કરતાં કરતાં જ દરદીનો અર્ધો જીવ જતો રહે છે." મોહન બોલ્યો.

એટલામાં રામદાસ આવીને બારણામાં ઊભો રહ્યો.

"કેમ શાંતા, દરદીને તપાસે છે શું?" તેણે પૂછ્યું.

"ભાઈ, આમને દરદી નથી કહેવાના હાં કે. દરદી દરદી કહીશું તો દરદી થશે, આમને રોગબોગ કંઈ નથી. જરા સારી રીતે રહેશે તો બધું સારું થઈ જશે, રહેશો ને?" શાંતાએ પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મને તમે કહીને બોલાવીશ તો રોગ કેમ કરીને જવાનો છે ?" તેણે પૂછ્યું.

"મોહન, તે હવે તારી પત્ની થવાની છે. પતિનો દરજ્જો મોટો હોય છે." રામદાસે કહ્યું.

"ભૂલથી તમે કહેવાઈ ગયું, હું મોહન જ કહીશ. મારો મોહન. મોહન હવે બરાબર વર્તીશ ને ? જે દવા આપું તે લઈશ ને ?" શાંતાએ પૂછ્યું.

"શાંતા, એક વખત કોઈ સારા ડૉકટર પાસે આમને તપાસાવવા એમ મને લાગે છે." રામદાસે કહ્યું.

"ભાઈ, આમનું લગ્ન થઈ ગયા પછી જો કેવા સુધરે છે તે. તેમની દવા તે જ છે." તે બોલી.

"તે તારા હાથમાં છે." રામદાસે કહ્યું.

"રામદાસ, શાંતાએ મારી સાથે લગ્ન ન કરવું જોઈએ. બીજો જન્મ હશે તો અમે તે વખતે લગ્ન કરીશું. મને મારી બીક લાગે છે." મોહન બોલ્યો.

"આવી ક્ષુદ્ર વાતો ઉપર તું યે વિશ્વાસ રાખે છે ? ગાંડો છે. અરે મરણ તો આવવાનું હોય ત્યારે આવે તેને તું શું કરે ?" રામદાસે કહ્યું.

"ભાઈ, દયારામના આશ્રમમાં અમારું લગ્ન કરીએ. મુકુંદરાવ લગ્ન કરાવશે. બાને અને બાપુજીને પણ બોલાવ. તું બોલાવીશ તો તેઓ આવશે. મારી ઉપર તેમનો ગુસ્સો છે. ક્યારે અમારું લગ્ન કરાવી આપે છે ? કયો દિવસ સગવડ ભરેલો છે તે કહે." તેણે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ દિવસ પછી વસંતપંચમી આવે છે તે દિવસે લગ્ન રાખીએ." રામદાસે સૂચવ્યું.

"સુંદર મુહૂર્ત. વસંતપંચમીને દિવસે શાહજી અને જિજિબાઈ રંગ ખેલેલાં. પછી આગળ જતાં તેમને પેટે શિવ છત્રપતિ અવતર્યા." શાંતા બોલી.

"અને તમારે પેટે?" રામદાસે પૂછ્યું.

"મારે પેટે પ્રતાપી ક્રાન્તિ અવતરશે." શાંતા બોલી.

"શાંતિને પેટે કદી ક્રાન્તિ આવે છે કે?" રામદાસે સવાલ પૂછ્યો.

"શાંતિને રસ્તે જે ક્રાન્તિ આવશે તે જ શાંતિ દેનારી થશે. શાંતિ એટલે નિષ્ક્રિયતા નહિ. શાંતિ એટલે ક્રાંતિ કરતાં કરતાં શાંતિથી મરવું. અહિંસક રીતે ક્રાંતિ કરવી." શાંતા બોલી.

"થા, ક્રાંતિની જનની થા." રામદાસે કહ્યું.

"ક્રાંતિની જનની થવા માગનારે ઘરસંસારમાં પડવું ન જોઈએ. તેણે મુક્ત રહેવું અને બીજાને મુક્ત કરવા. મોહનના મોહમાં વીંટળાએલી શાંતા ક્રાંતિની માતા કેવી રીતે થાય? તે તો મોહનની સેવાચાકરી કર્યા કરશે. કામદારોની લડત શરૂ થશે અને શાંતા મોહનનો હાથ હાથમાં પકડીને બેસશે. શાંતા, આ મોહમાં પડીશ નહિ." મોહન બોલ્યો.

"મોહમાં પડીને પણ હું મોહથી દૂર રહીશ. દુનિયામાં મહાન ક્રાન્તિકારો થઈ ગયા. તે શું એકલા હતા? બધા યે પરણેલા હતા. તેથી જ તેઓ વધારે બળવાન અને ગંભીર થયા. લગ્નને લીધે તેમના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિશ્ચય ચંચળ થવાને બદલે વિશેષ દૃઢ થયા. લગ્ન કર્યા પછી જેમને પોતે નકામા થયા એમ લાગે છે, તેમના હાથે તો તેઓ એકલા હોત તો યે કંઈ થઈ શકત નહિ." શાંતા બોલી.

"શાંતા, આપણે બધાં જ સોનખેડી જઈએ." રામદાસે કહ્યું.

"યુનિયનનું કામ કોણ સંભાળશે?" મોહને પૂછયું.

"બે દિવસ જઈ આવું છું અને કામ કરવા એક બીજું માણસ લઈ આવું છું એમ કહેજે એટલે થયું." રામદાસે કહ્યું.

"યુનિયનમાં જઈને હું કહી આવીશ." શાંતા બોલી.

છેવટે રામદાસ, શાંતા, મોહન બધાં સોનખેડી ગયાં. મોહન અને શાંતા બંનેનાં માબાપ આવ્યાં. શાંતાની બહેનપણી ગીતા આવી. મુકુંદરાવ આવ્યા. સોનખેડી અને શિવતરમાંનાં ઘણાં માણસો આવ્યાં હતાં. લગ્ન તદ્દન સાદાઈથી થયું. મોહન અને શાંતા સવારથી સૂતર કાંતતાં હતાં. બંને વ્રતસ્થ હતાં. બંનેએ મૌન લીધું હતું. બંનેએ કાંઈ ખાધું નહોતું. તેમણે રેંટિયાનું સંગીત ચલાવ્યું હતું. સાંજ પડી. કાંતેલા સૂતરના હાર તૈયાર થયા. મુકુંદરાવે લગ્નના મંત્રોનો મરાઠી અર્થ સમજાવ્યો. ત્યાર પછી વરકન્યાએ પરસ્પરને સૂતરના હાર પહેરાવ્યા. માતાપિતાના આશીર્વાદ મેળવ્યા. ત્યાર પછી મુકુંદરાવે નાનકડું પ્રવચન કર્યું. તેમણે કહ્યું, "લગ્ન એ વિઘ્ન નથી પણ સંરક્ષણ છે. લગ્ન એટલે આલંબન છે. લગ્ન એટલે નાવડી તણાઈ ન જાય તે માટેનું લંગર છે. વિવાહ થયો. ગૃહસ્થાશ્રમ શરૂ થયો. હવે સ્વચ્છંદ વર્તન નહિ ચાલે. હવે અન્યની ચિંતા કરવાની શરૂઆત થાય છે. હું બરાબર નહિ ચાલું તો સામી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યક્તિનું શું થશે એ વિચાર હવે મનમાં આવે છે. પતિ જમ્યો નહિ હોય તો પત્ની જમશે નહિ. પત્ની રિસાઈ હશે તો પતિ દુઃખી થશે. અરસપરસનું અદ્વૈત જન્મે છે. રોજની પ્રત્યક્ષ સેવાને કારણે પ્રેમ પકવ થતો જાય છે, તેમાં મીઠાશ આવતી જાય છે. વેદનો એક મંત્ર છે કે 'વહુ એટલે પૃથ્વી અને વર એટલે આકાશ.' આકાશમાં તોફાન જાગે છે પણ પૃથ્વી ક્ષમાશીલ હોય છે. આકાશના બધા રંગઢંગ તે શાંતિપૂર્વક સહન કરે છે. તેને ખબર હોય છે કે આ બધા ચંચળ રંગોની પાછળ એક અભંગ વાદળી રંગ છે. પૃથ્વી પણ કોઈ કોઈ વાર ગુસ્સે થાય છે. ધરતીકંપ થાય છે. ફેંકાફેંક થાય છે પણ તે વખતે આકાશ શાંત રહે છે. પૃથ્વી અને આકાશ એમ એકબીજાથી દૂર હોય છે અને એમ જોઈએ તો ક્ષિતિજની પાસે સદાએ એકમેકને અડકેલાં હોય છે. તે પ્રમાણે પતિ જો દૂર કામ કરતો હોય અને પત્ની દૂર હોય તો પણ તેમનાં હૃદયો ભેગાં અડકેલાં જ હોય છે. આત્મા આત્માને મળેલો જ છે. આ એક મોટું કાવ્ય છે. જીવનનું કાવ્ય. ગૃહસ્થાશ્રમ એટલે મહાકાવ્ય. ગૃહસ્થાશ્રમ એટલે શાળા. આ શાળામાં માણસ સંયમ શીખે છે. કોઈ બીમાર પડ્યું હોય તો તેની શાંતિપૂર્વક શુશ્રૂષા કરવી પડે છે. બાળબચ્ચાં થાય તો તેમની સંભાળ રાખવી પડે છે. રાત દહાડો ઉજાગરો કરવો પડે છે. કેટલી સહનશીલતા અને શાંતિ જોઈએ. આખો દિવસ કામ કરવાનું અને ઘેર આવીએ તો કોઈ બીમાર હોય, રાત્રે ઉજાગરો થાય અને તો યે આનંદ માનવાનો, શાંતિ રાખવાની એ કંઈ સહેલું નથી. છોકરાં જરા રડ રડ કરે તો તેમને ધોલધાપટ કરનારાં માબાપ હોય છે. રાત્રે બાળક જરા રડે તો 'મૂઆ'ને ગાળો પડે છે. આમ કરવાથી ઘરસંસાર સુખી નથી થતો. સંસાર કરવો એટલે કામ અને ક્રોધના વેગને સંયમમાં રાખતાં શીખવું. ધીમે ધીમે શાંત થવું. ગૃહસ્થાશ્રમમાં મેળ, સમન્વય, ડગલે ને પગલે આવે છે. ગૃહસ્થાશ્રમમાં જેઓ પડે છે તેઓ જ સારા કાર્યકર્તા થાય છે. તેઓ બાવાઓની માફક તડ ને ફડ કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોડી નહિ દે. સાર્વજનિક જીવનમાં સંયમ, મર્યાદા, સહકાર, બાંધછોડ અને મેળની વૃત્તિની ખૂબ જરૂર હોય છે. એક ઘા અને બે કકડા એ રીતે કામ ચાલતું નથી. પતિને પત્નીનું મન સાચવવું પડે છે અને પત્નીને પતિનું. મારું તે જ ખરું એવો આગ્રહ કોઈ રાખે તો નહિ ચાલે. આજે મને ગમતું શાક કરું તો કાલે તમને ગમતું. પરસ્પરના આનંદમાં આનંદ માનતાં શીખવાનું. આને માટે ત્યાગવૃત્તિ જોઈએ. નિરહંકારી થવું પડે છે. કીમતી સદ્ગુણો સંસારની શાળામાં ભણવા પડે છે. શાંતા અને મોહનનો ગૃહસંસાર સુખી થાઓ તે સંસાર પડોશીઓને સુખકારી થાઓ. પોતાની પાસે હોય તે આપવું, મીઠું બોલવું અને વખત આવ્યે ઉપયોગી થવું. જ્યાં હો ત્યાં ચંદનની માફક ઘસાજો અને આજુબાજુનાને સુગંધિત કરજો. લડવાડ નહિ. ખૂસાખૂસ નહિ. વાજાના જુદા જુદા સૂરમાંથી કુશળતાથી સંગીત પેદા કરી શકાય છે, તેમ આપણી જુદી જુદી વૃત્તિયોના વત્તાઓછા દાબથી સંગીત પેદા કરો. ભગવાન તમને આનંદમાં રાખે, સન્માર્ગે રાખે અને તમારાં જીવન કૃતકૃત્ય કરે."

બધાંને ફૂલ વહેંચવામાં આવ્યાં અને ગોળ વહેંચવામાં આવ્યો. મોહન અને શાંતાનો ગૃહસંસાર સુવાસિત નીવડે, મધુર નીવડે એમ બધાએ કહ્યું. શાંતા અને મોહને ભોજન કર્યું, પારણાં કર્યાં. રાત્રે પ્રાર્થના પછી રામદાસે દિલરૂબા વગાડ્યો. લગ્ન એટલે દિવ્ય સંગીત, સ્વર્ગીય તલ્લીનતા, દિલ સાથે દિલનું મિલન એવો સંદેશ જાણે તે સંગીતમાંથી મળતો હતો.

શાંતા અને મોહન ધનગાંવ આવ્યાં. પતિ-પત્ની તરીકે રહેવા લાગ્યાં. અંતરનું લગ્ન તો કેટલા યે વખતથી થયેલું હતું. હવે બાહ્ય ઔપચારિક લગ્ન થયું. શાંતાએ મોહનની નાનકડી કોટડી શણગારી. બધું વાળીઝાડીને સાફ કર્યું. સ્ત્રી એટલે સ્વચ્છતા, સુઘડતા. સ્ત્રી એટલે સૌંદર્યકુશળતા. વાસણ પુરુષે માંજ્યું છે કે સ્ત્રીએ એ તરત જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓળખાઈ જાય છે. પથારી સ્ત્રીએ બિછાવી છે કે પુરુષે એ તરત જ ઓળખાઈ જાય છે. સ્ત્રીઓને આ કામો નજીવાં નથી લાગતાં. આવાં નાનાં નાનાં કામોમાં પણ તેઓ આત્મા રેડે છે અને તે નાનકડા કર્મને પણ કમળની જેમ ખીલવે છે.

મોહનનું ઘણું કામ હવે શાંતા કરતી. યુનિયનનો હિસાબ તે રાખતી. પત્રવહેવાર કરતી. છાપાંમાંની મહત્ત્વની ખબરો શાંતા યુનિયનના ભીંતપત્ર ઉપર લખતી. આટલા સુંદર અક્ષરે આજ સુધી કોઈએ ભીંતપત્ર લખ્યું નહોતું, હવે તે ભીંતપત્ર તરફ જોવાનું બધાને મન થતું. બપોરને વખતે તે કામદારોની ચાલીઓમાં જતી, તેમનાં મંડળોમાં ભળતી, તેમની બીમારી વગેરેની પૂછતાછ કરતી, તેમને ભણાવતી અને માહિતીઓ આપતી. તેણે સીવણનો વર્ગ ઉઘાડયો. યુનિયનની સિલકમાંથી એક મશીન મંગાવ્યું. તેના ઉપર સ્ત્રીઓ અને છોકરીઓ સીવવા લાગી. ફુરસદને વખતે પોતપોતાનાં કપડાં સીવવા લાગી. શાંતાએ કામદારોની ચાલીઓમાં ચેતન આણ્યું. એક દિવસ બપોરે શાંતા ફિનાઇલ લઈ આવી. ત્યાં મ્યુનિસિપાલિટીએ એક બીજું પીપ મૂકવું જોઈએ એવી યુનિયન મારફત અરજી કરાઈ. કામદારો કામ ઉપરથી આવ્યા ત્યારે તેમને બધે પ્રસન્ન વાતાવરણ દેખાયું.

કામદાર સ્ત્રીઓ શાંતાની આગળ પોતાની ફરિયાદો ખુલ્લા મનથી કહેવા લાગી. આટલા દિવસ તેઓ જરા અતડી રહેતી, પણ હવે પોતાની જાતિનું માણસ મળ્યું તેથી તેમને આનંદ થયો. સ્ત્રીઓને કારખાનામાં કેવી કેવી મુશ્કેલીઓ વેઠવી પડે છે તે શાંતાને સમજાવા લાગ્યું.

મોહનને સારી પેઠે આરામ મળવા લાગ્યો. તેના મોઢા ઉપર તેજ આવ્યું. આંખો પ્રસન્ન દેખાવા લાગી. તે શિવતરના ખેતરમાં જેવો દેખાતો તેવો હવે ફરીથી દેખાવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમારો લગ્ન પૂર્વેનો ફોટો હોત અને આજે નવો પડાવ્યો હોત તો તેમાં જમીન–અસ્માનનું અંતર દેખાયું હોત." શાંતાએ કહ્યું.

"તેં મને ફરીથી તમે કહ્યું." મોહને કહ્યું.

"બહાર એમ બોલવું પડે છે. 'તમે' કહેવાથી પ્રેમ થોડો જ કંઈ ઓછો થાય છે?" શાંતાએ પૂછ્યું.

"લગ્ન એટલે જાદુ. લગ્ન કરો અને હૃષ્ટપુષ્ટ થાઓ એમ હવે હું કહેતો ફરવાનો છું." મોહને કહ્યું.

"પેલો નવો ઈસમ કોણ આવ્યો છે? કહે છે કે હું અહીં યુનિયનમાં કામ કરીશ, કિસાનોમાં કામ કરીશ. દેખાય છે મીઠો અને બોલે છે પણ મીઠું. તેની ચર્યામાં જ ખિન્નતા અને ઉદાસ વૃત્તિ દેખાય છે, પણ પોતાના મધુર હાસ્યથી તે તેને છુપાવે છે." શાંતા બોલી.

"તેનું લગ્ન નહિ થયું હોય. તેને કોઈની સાથે પરણાવી દે." મોહને કહ્યું.

"તેને આપણા કામમાં રોકીએ. રાત્રિના બીજા વધારે વર્ગો કાઢવાની જરૂર છે. તે એકાદ વર્ગ ચલાવશે. તેને પૂછીશ." શાંતા બોલી.

એટલામાં તો પેલા નવા માણસ ત્યાં આવ્યા. "આવો, બેસો." શાંતાએ કહ્યું.

"તમારી આ નાનકડી કોટડીમાંના અનંત આનંદનો સંસાર જોઈને ઈર્ષ્યા ઉત્પન્ન થાય છે." તે યુવક બોલ્યો.

"તમારું નામ શું?" મોહને પૂછ્યું.

"મારું નામ? શું કહું મારું નામ? જ્યાં જાઉં છું ત્યાં લોકો મને વિવિધ નામોથી બોલાવે છે." તે હસીને બોલ્યો.

"તમે હમેશાં ફર્યા જ કરો છો?" શાંતાએ પૂછ્યું.

"હા, મને હમેશાં નવું ગમે છે." તે બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તો અહીં કામ કેવી રીતે કરશો ? આજે કરશો ને કાલે જતા રહેશો ? ઝાડને જો રોજ રોપીને ઉખેડી નાખીએ તો તે વધે કેવી રીતે, બીજાને છાંયડો આપે કેવી રીતે અને ફળફૂલથી શોભે કેવી રીતે ?" મોહને પૂછ્યું.

"નદી જો એક જગાએ સ્થિર થઈ જાય તો તેનું ખાબોચિયું બને, નદી જો ખળખળ વહ્યા કરે, સતત ગતિમાન રહે, અહીંથી ત્યાં, ત્યાંથી આગળ એમ વહ્યા કરે તો જ તેનું જીવન સ્વચ્છ રહે, તેનો વિકાસ થાય, આજુબાજુના લોકોને તે ઉપયોગી થાય અને એક દિવસ સાગરને ચરણે પહોંચીને કૃતાર્થ થાય. મારું જીવન વૃક્ષના જેવું નથી, પણ નદીના જેવું છે." તે તરુણે કહ્યું.

"તમે ક્યાં રહો છો ?" શાંતાએ પૂછ્યું.

"એક બાજુએ એક કોટડી રાખી છે. સ્વતંત્ર છે." તે બોલ્યો.

"તમારે બીજું કોઈ નથી ? તમે એકલા જ છો ?" શાંતાએ ફરીથી પ્રશ્ન પૂછ્યો.

"હમણાં એકલો જ ફરું છું." તે બોલ્યો.

"અહીં કેટલા દિવસ રહેશો ?" મોહને પૂછ્યું.

"કદાચ મરતાં સુધી પણ રહું. અહીં જો આનંદ મળશે તો અહીં રહીશ. જ્યાં મને આનંદ નથી મળતો ત્યાંથી હું તરત જતો રહું છું. હું આનંદનો શોધક છું, આનંદનો ઉપાસક છું." તે યુવક મીઠું હસીને બોલ્યો.

"અહીં તે આનંદ મળશે ? શકયતા છે ?" શાંતાએ પૂછ્યું.

આનંદની સુગંધ આવે છે, ક્યાંકથી પણ સોડમ આવે છે એમ લાગે છે. આ ભ્રમ છે કે સત્ય છે, મોહ છે કે માયા છે તે તરત જ સમજાશે. એટલું ખરું કે આ પ્રદેશમાં આવ્યા પછી એક જાતની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar .

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનન્ત પ્રસન્નતાનો અનુભવ મનને થાય છે." તે યુવક આંખો મીંચીને બોલ્યો.

"આંખો મીંચીને કોને જુઓ છો?" શાંતાએ પૂછ્યું.

"આનંદને, શાંતિને, સંતોષને, પ્રેમને, ત્યાગને, મરણને–બધું એક ક્ષણમાં જોઈ લીધું." તે ગૂઢ રીતે બોલ્યો.

"તમે શું કામ કરશો?" મોહને પૂછ્યું.

"કહેશો તે." પેલા યુવકે કહ્યું.

"તમે પ્રૌઢશિક્ષણનો વર્ગ ચલાવશો?" શાંતાએ પૂછ્યું.

"હા. ઘણી ખુશીથી." તેણે કહ્યું.

"દિવસે ગીતો ગાતા ગાતા ખાદી વેચો. ધનગાંવમાં ફરો. પાસેના ગામડે જાઓ. તમને સાયકલ ઉપર બેસતાં આવડે છે?" શાંતાએ પૂછ્યું.

"હા, પણ સાયકલના કરતાં ઘોડો સારો. ઘોડો જ્યાં જોઈએ ત્યાં જઈ શકે છે. એકાદ નાનકડો ઘોડો લાવી આપશો? તેની પીઠ ઉપર ખાદી નાખીશ, હાથમાં ઝંડો લઈશ અને ગામેગામ રખડીશ. રાત્રે અહીં વર્ગ ચલાવવા પાછો આવીશ. મજાનું કામ." તે યુવકે ઉત્સાહથી કહ્યું.

"પણ ઘોડો ખરચ ખાશે, તેને બાંધશો ક્યાં, રાખશો ક્યાં? જગા જોઈએ ને?" મોહને પૂછ્યું.

"હું રહું છું ત્યાં ઘણી જગા છે. ઘોડો બાંધી શકાશે. ચોમાસામાં પતરું નાખી શકાશે." યુવકે કહ્યું.

"તમારું જમવા–કરવાનું? તમને કેટલો ખરચ આવશે?" શાંતાએ પૂછ્યું.

"મારો ખરચ હું કરીશ." તે બોલ્યો.

"નહિ તો અમારે ત્યાં જ જમવા આવતા જજો." શાંતા બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું હમેશાં ફરતો ફરવાનો, જમવાનું કેવી રીતે ફાવશે? કદીક આવતો જઈશ. તમારા પવિત્ર આનંદમાં ભાગ પડાવીશ. તો નક્કી થયું, હવે એક ઘોડો ખરીદી લાવો." યુવકે કહ્યું.

"ભાઈને પૂછીશું, ભાઈની પાસે ઘોડો હશે પણ ખરો. મુકુંદરાવ ફર્યા કરતા હોય છે ને, તેમને પણ પૂછીશું." શાંતાએ કહ્યું.

તે યુવક ગયો. રામદાસે ખરેખર એક ઘોડો મોકલી આપ્યો. પેલો યુવક આનંદ પામ્યો. તેનો કાર્યક્રમ શરૂ થયો. આખો દિવસ તે ફરતો, ગામેગામ જતો, ખાદીનાં મધુર ગીત ગાતો અને લોકોને ખાદી લેવાનું કહેતો. તેની આસપાસ ટોળાં જામતાં. તેને વિશે લોકોના મનમાં એક જાતનું કુતૂહલ જાગ્યું. તે પાયજામા પહેરતો, શરીર ઉપર એક જાડો લાંબો કોટ પહેરતો, તેની ગળપટ્ટીથી જ તેને બટન હતાં. માથે સુંદર ફેંટો બાંધતો અને તેનો છેડો પીઠ ઉપર લટકતો.

"ત્યારે કોઈ ખાદી નથી જ લેતા? મારો ફેરો ફોગટ ગયો? આ ગામમાં કોઈ સાત્ત્વિક, ત્યાગી કે બંધુપ્રેમી નથી? આખું ગામ નકામું છે કે?" એમ તે લાગણીપૂર્વક અને પ્રેમથી પૂછતો.

"નિરાશ ન થશો. મને એક પહેરણની બે વાર આપો." કોઈક એકદમ આગળ આવીને કહેતું.

"મને એક ટોપી આપો." કોઈ છોકરો આગળ આવીને કહેતો.

"તમને ના કહેવી ગમતી નથી, મને એક ધોતિયું આપો." કોઈક પ્રૌઢ ખેડૂત કહેતો.

નિરાશ યુવક હસવા માંડતો. તેની આંખમાં એક મંગલ પ્રેમમય તેજ પ્રકટતું.

"અમને ગીત ઉતરાવો." છોકરા છોકરીઓ પૂંઠ પકડતા.

"થોડી ખાદી લ્યો પછી ગીત ઉતારી આપું." આપણો આ ઘોડેસવાર કહેતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“ફરીથી આવશો ત્યારે ખાદી લઈશું. આજે ગીતો આપો.” છોકરાં કહેતાં.

“આજે ગીત આપું છું, આગળ જતાં ખાદી આપીશ. છેતરશો નહિ હં. નાનાં છોકરાં છેતરે નહિ.” તે હસીને કહેતો.

“અને છેતરીએ તો ?” છોકરાં હસીને પૂછતાં.

“તો પછી હું અહીંયાં રડતો બેસીશ.” તે કહેતો.

“નહિ છેતરીએ તો ?” છોકરાં હસીને પૂછતાં.

“તો પછી નાચતો નાચતો જતો રહીશ.” તે પણ હસીને કહેતો.

તેનો ફેરો ફોગટ જતો નહિ. ગામેગામ ખાદી ખપતી. તે સુંદર ગીત ગાતો. લોકો તેની રાહ જોતા બેસતા. ‘પેલો ખાદીવાળો ન આવ્યો, મીઠાબોલો ખાદીવાળો ન આવ્યો. ખાદીવાળો ન આવ્યો, મીઠો દેખાતો ખાદીવાળો ન આવ્યો’ એમ છોકરાં કહેતાં. નાનાંમોટાં કહેતાં.

ખાદીવાળો રાત્રે ધનગાંવમાં રહેતો. કામદારોનો વર્ગ ચલાવતો. તેનો વર્ગ ભરેલો જ રહેતો. મીઠી વાર્તાઓ કહેતો, થાકેલા કામદારોને હસાવતો. એકાદ કરુણ કથા કહેતો અને તેમને તે રડાવતો. એકાદ અન્યાયની કથા કહેતો અને તેમને તે સળગાવતો. હસતાંખેલતાં જ્ઞાન આપતો. હસતાંરમતાં ભણાવતો.

કોઈક વાર રાત્રે તે શાંતાને ત્યાં જતો. વર્ગ પૂરો થયા પછી જતો અને બારણામાં ઊભો રહી, ‘રોટલો આપશો કે બહેન’ એમ કહેતો.

“ભિખારીને રોટલો નહિ મળે.” શાંતા કહેતી.

“હું ભિખારી નથી. ભાઈ છું હું બહેન. ભાઈને માટે પણ રોટલો બંધ છે કે ?” તે કહેતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ભાઈ ભલે અંદર આવે. ચૂલા પાસે બેસીને ખાય. ભાઈ બહાર નથી ઊભો રહેતો." શાંતા કહેતી.

પછી તે અંદર જતો. શાંતાને ત્યાં વધેલું હોય તે આનંદથી ખાતો.

"જમવા આવીશ એમ પહેલેથી કેમ કહેવડાવતા નથી તમે?" શાંતા પૂછતી.

"આમ વધેલું જ મને મીઠું લાગે છે." તે કહેતો.

"હું રોજ રાખતી જઈશ." શાંતા કહેતી.

"ખાસ રાખતાં નહિ. મારે ખાતર ખાસ કોઈએ કંઈ કરવું નહિ. સહજપણામાં મજા છે. બહેન, તમારો સંસાર કેટલો સુખ-ભર્યો, કેટલો પ્રેમભર્યો, કેટલો સેવામય. મને તમારી મીઠી ઈર્ષા આવે છે." તે કહેતો.

"તમને પરણાવી દઉં?" શાંતા પૂછતી.

"ફકીરની સાથે કોણ પરણે? હું પરણેલો છું બહેન." તે હસીને કહેતો.

"કોની સાથે?" તે પૂછતી.

"કોની સાથે વારુ? ખરેખર કોની સાથે? મને યાદ નથી આવતું બહેન. નથી કહેતો તમને બહેન. એક દિવસ કહીશ." તે કહેતો.

શાંતા અને મોહનના સંસારમાં પેલા ખાદીવાળાએ અજાણ્યે એક પ્રકારની વિશેષ મીઠાશ આણી. બંનેને તેને વિશે આસ્થા હતી, પ્રેમ હતો, આકર્ષણ હતું. પણ બીજી એક વસ્તુ તેમના સંસારમાં આવતી હતી. શાંતા તે વસ્તુને વિકસાવતી હતી. તે વસ્તુને તેણે પેટમાં સંતાડી રાખી હતી. એક દિવસ તે વસ્તુ દુનિયાને દેખાવાની હતી. શાંતાના જીવનમાં તે ક્રાન્તિ કરવાની હતી. શાંતાને નવો અનુભવ, નવું પવિત્ર જ્ઞાન મળવાનું હતું. શાંતા માતા થવાની હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯ માયા

માયા રામદાસની વાટ જોતી હતી, ઉનાળાની રજાઓ પડી. માયા ઘેર ગઈ. વસંત ઋતુ પૂર બહારમાં ખીલી હતી. કોયલનો કંઠ ગાજવા લાગ્યો હતો. પણ માયા મૂંગી હતી. તે રેંટિયા ઉપર સૂતર કાંત્યા કરતી.

"માયા, તને શું થાય છે?" મા પૂછતી.

"માયા, તું બીમાર છે કે?" પિતા પૂછતો.

"બધું તમે જાણો છો, પછી મને કેમ પૂછો છો? મારો આનંદ મહારાષ્ટ્રમાં ગયો છે. મારું સંગીત ત્યાં ગયું છે. તે આનંદ મને આપો. તે સંગીત મને આપો." તે કહેતી.

એક દિવસ અક્ષયકુમાર માયાને ત્યાં આવ્યા હતા. માયા પોતાની ઓરડીમાં બેઠી હતી. તેણે ત્યાં પોતાના હૃદયદેવની કેટલી યે છબિયો મૂકી હતી. ઘડીકમાં આ ઉપાડતી, ઘડીકમાં પેલી ઉપાડતી. ઘડીમાં હૃદય સાથે ચાંપતી, ઘડીમાં પાલવમાં સંતાડતી. તે છબિયો સાથે તે રમતી હતી, હસતી હતી, વાત કરતી હતી, પણ વિશ્વભારતીમાં ઝાડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચે દોરેલું પેલું પહેલું ચિત્ર? તેની તોલે તો શું આવે? કેમેરાના ફોટા એટલે નિર્જીવ ફોટા; અને પેલું તો પોતાના હાથથી દોરેલું ચિત્ર–તેને હૃદય સાથે ચાંપતી અને તેના ઉપર પોતાનું માથું નમાવતી.

બારણે કોઈએ ટકોરો માર્યો. માયાએ નિઃસંકોચપણાથી બારણું ઉઘાડયું. અક્ષયકુમાર અંદર આવ્યા. માયાએ બારણું ઠાલું વાસી લીધું.

“ બેસોને અક્ષયબાબુ. ” તે બોલી.

“ તેં આ બધા ફોટા પાડ્યા? સરસ પાડે છે ને? અને આ હાથે ચીતરેલું ચિત્ર! સુંદર ચીતર્યું છે. ” તે બોલ્યા.

“ તમને આ ફોટાઓમાંથી કયો ગમે છે? ” તેણે પૂછ્યું.

“ આ મીંચેલી આંખોવાળો–સમાધિવાળો. ” તે બોલ્યા.

“ મને આંખો મીંચેલો નથી ગમતો. આંખો શું કામ મીંચવી? મને આ હસતી આંખોવાળો ગમે છે. કેટલો મધુર છે, નહિ? ” તેણે પૂછ્યું.

“ આ બધા એક જ જણના ફોટા છે? ” તેમણે પૂછ્યું.

“ હજુ હું બીજા કોઈના પાડવાનું શીખી નથી. હૃદયની બધી કલા આ એક જ ઉપર હું રેડું છું. ” માયા બોલી.

“ માયા, પ્રદ્યોત ઉપર તારો ખરેખર પ્રેમ નથી? તે તો તારું રટણ કરે છે. તેને શું કહું? કેવી રીતે સમજાવું? તું ત્યાં દૂર મહારાષ્ટ્રમાં જવાની?” તેમણે પૂછ્યું.

“ પ્રેમ સાથે હોય એટલે બધે આનંદ જ છે. પ્રેમને નજીક શું અને દૂર શું? ” તે બોલી.

“ પતિનો ગમે તેટલો પ્રેમ મળે તો યે પિયરના પ્રેમનું સ્મરણ થયા વિના રહેતું નથી. તું આટલી દૂર જઈશ તો પછી પિયરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યારે આવીશ ? મહારાષ્ટ્રમાં પછી રહીશ, આટલી દૂર અમસ્તી આવી એવું થશે." અક્ષયકુમારે કહ્યું.

"અક્ષયબાબુ, સાવિત્રીએ પતિ અલ્પાયુષી છે એ જાણ્યું હતું છતાં તે તેને વરી તે વરી જ. હું કેવળ પિયેરની આશામાં મનમાંના પ્રેમને ભૂલું ? તે શક્ય છે કે ? આકાશમાં ચંદ્ર નથી ત્યાં સુધી જ બીજા તારાઓને સ્થાન. પૂર્ણ ચંદ્ર પ્રકાશવા માંડે એટલે બસ તેનો જ પ્રકાશ. આપણા હૃદયમાં નાનામોટા પ્રેમના નિષ્કલંક તારાઓ અનંત હોય છે. પણ પતિપ્રેમના પૂર્ણ ચંદ્રની આગળ બધા પાછા પડે છે. ચંદ્રને જરા કલંક હોય તો પણ તે ચંદ્ર છે. તારાઓ ગમે તેટલા નિર્મળ હોય તો પણ તારા તે તારા. તેઓ ચંદ્રનું સ્થાન લઈ શકતા નથી. હૃદયમાંનો અંધકાર દૂર કરી શકતા નથી. ભાઇબહેનોનો પ્રેમ, માતાપિતાનો પ્રેમ, મિત્રોનો પ્રેમ, માતા-પુત્રનો પ્રેમ, બધા જ પ્રેમ. પણ જીવનમાં પતિ-પત્નીનો જે પ્રેમ હોય છે તે અનંત છે, અપાર છે. આ પ્રેમ ઉપરાંત બીજા પ્રેમ મળે તો अधिकस्य अधिकं फलम्. પણ આ પ્રેમ મળતો ન હોય અને બીજા મળતા હોય તો તેમાં કંઈ જીવ નથી." માયા પ્રેમ-મીમાંસા કરતી બોલી.

"માયા, હું તને નિરાશ કરવા માગતો નથી, પ્રદ્યોત ઉપર તારો પ્રેમ નહિ હોય તો તમારો ગૃહસંસાર પણ સુખનો નહિ થાય. તને કૂવામાં પડવાનું હું કેવી રીતે કહું ? પણ મને ડોસાને દુઃખ છે. પ્રદ્યોતની નિરાશા તેને બાળશે. તે હમણાંનો ઓરડીમાં બેસી રહે છે. પણ તેમાં આપણે યે શું કરીએ ?" અક્ષયબાબુએ કહ્યું.

"મને તમારી આશિષ આપો." માયા બોલી.

"તું યે મારા મિત્રની દીકરી. તારો સંસાર સુખી થાઓ. તારું હું શુભ જ ઇચ્છીશ." તે બોલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અક્ષયબાબુ જતા રહ્યા. માયાએ તે બધા ફોટા, તે ચિત્રો ભેગાં કરી લીધાં એટલામાં તેના નામનો પત્ર આવ્યો. તે પત્ર લઈને તે દોડતી આવી. તે પત્ર લઈને પોતાના પલંગ ઉપર બેઠી. તેનાથી પત્ર ખૂલે નહિ. તે મહારાષ્ટ્રમાંનો પત્ર હતો. કલ્પનામાં આનંદ હોય છે. પત્રમાં શું શું હશે તેની કલ્પનામાં જ તે તલ્લીન થઈ ગઈ. છેવટે તેણે હલકે હાથે તે પત્ર ખોલ્યો. વાંચ્યો.

"પ્રિય માયા,

તું માયા નથી પણ મહામાયા છે. ત્યાં દૂર રહીને પણ તું મારી આસપાસ જાળ ગૂંથે છે. ધીમેથી તું મને અહીંથી ત્યાં ખેંચે છે. માયા, મને તારી રઢ લાગી છે. તારા બાપુજીને મારા ઉપર પત્ર લખવા કહે. એટલે હું આવીશ. નહિ તો કેવી રીતે આવું?

તારે માટે મેં એક નાનકડું ઘર બંધાવ્યું છે. તું આવ અને તેને શણગાર. ઘરની આસપાસ મેં ફૂલના છોડ રોપ્યા છે. તું આવીશ એટલે તેઓ તારું સ્વાગત કરશે. તારે તેમને પાણી પાવું પડશે. હું પણ તને તેમાં મદદ કરીશ. બંને મળીને ફૂલ ખીલવીશું. સંસારને સુખમય કરીશું.

શાંતા પૂછે છે: "ભાઈ, મારાં ભાભી ક્યારે આવશે?" હું હસું છું અને કહું છું: "ભાભી કંઈ આવવાની નથી. તારો ભાઈ હવે સંન્યાસી થશે." માયા, સંન્યાસી થાઉં? પણ ના. તું પછી રડ્યા કરીશ. મને હવે લોકો શું કહે છે તે જાણે છે કે? તારા રામદાસને "દીનબંધુ" એ નામ મળ્યું છે. માયા, દીનબંધુની વહુ થવા તૈયાર છે કે? હું હવે લક્ષાધીશ નથી, હું ગરીબ થયો છું. બધું આપી દીધું. બાપુજીની સંપત્તિ ગરીબોને આપી દીધી. મારી સંપત્તિ તને આપી. હવે મારી પાસે શું રહ્યું. એમ કહીએ તો બધું છે; અને નહિ તો કશું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારો દિલરુબા હમણાંનો બરાબર વાગતો નથી. તેના તાર ચડાવવા વહેલી આવ. તું ત્યાં શું કરે છે? વખત કેવી રીતે પસાર કરે છે? મારા ફોટા લઈને તેમને મેલા કરતી હોઈશ, અશ્રુથી તેમની પૂજા કરતી હોઈશ, ખરું ને? કાલે મને જ લઈને આમ ન બેસીશ હં! મને છૂટો રહેવા દેજે. મુકુંદરાવની સાથે હું બધે ફરું છું; તારા રામદાસનું કેવું ભવ્ય સ્વાગત થાય છે, કેટલાં મોટાં સરઘસો નીકળે છે! આ સ્વાગત શાથી? હું ગરીબોને માટે મરું તે માટે. માયા, છેવટે તો આ જીવન દુનિયાનું દુઃખ દૂર કરવામાં, દુનિયામાંના અન્યાય દૂર કરવામાં કામ આવવું જોઈએ. ફૂલને ખીલવીને તે ભગવાનને જ ચરણે ધરવાનું હોય છે. સંસારમાં પવિત્ર અને શાંત થતાં થતાં છેવટે દરિદ્રનારાયણને ચરણે પ્રાણ અર્પણ કરવાના.

તેં આપેલી શાલ પ્રવાસમાં મેલી થઈ હતી. ગઈ કાલે હું તે ધોતો હતો. હવે સ્વચ્છ કરીને તેની ઘડી કરી રાખી છે. તારે ગામ આવીશ ત્યારે તે ઓઢીશ.

તું ફરવા જાય છે કે નહિ? વાંસના જંગલમાં જાય છે કે નહિ? વાંસમાંનું સંગીત સાંભળીને મારો દિલરુબા યાદ આવે છે કે નહિ? સંભાળજે હં, બંગાળમાં સાપ બહુ હોય છે. જંગલમાં જઈશ અને સાપ કરડશે, જંગલમાં જઈશ અને વાઘ ખાશે, જંગલમાં એકલાં ન જવું. સાથે રામદાસ હોય તો જ મજા.

હમણાં ઉનાળો બહુ જ છે, પણ તેથી તો ચોમાસું વહેલું આવશે એ નિશ્ચિત છે. તપીને સૂકી થઈ ગયેલી ભૂમિ વરસાદની વાટ ઉત્કંઠાથી જુએ છે. પોતાના ઊના નિસાસા ઉપર મોકલે છે. વચમાં વચમાં વાદળાં આવવા માંડ્યાં છે. પૃથ્વીને આશાનો સંદેશો આપી તે સફેદ વાદળાં પાછાં જતાં રહે છે. દૂર દૂર જતાં રહે છે.

માયા, તારું ઘર તારી વાટ જુએ છે. તે ઘરમાં હું એકલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવી રીતે જાઉં ? તે ઘરમાં તું અને હું સાથે જ પ્રવેશ કરીશું. ક્યારે આવું તે લખ. જલદી લખ. બધાને સપ્રેમ પ્રણામ.

—તારો રામદાસ"

માયાએ પિતા આગળ વાત કરી. રમેશબાબુના મનમાં પણ એવા જ વિચાર ઘોળાતા હતા. માયાને હવે પરણાવવી જોઈએ એ તેમણે જાણ્યું. બધું સમયસર થાય એટલે તેમાં મીઠાશ રહે છે. નકામું લંબાવવામાં શો અર્થ ?

" માયા, તેમને અહીં બોલાવવાને બદલે આપણે જ ત્યાં જઈએ. પ્રદ્યોતની નજર બહાર સારું. આપણે પ્રથમ તો કોઈને જણાવવું પણ નહિ. એક દિવસ નીકળવું અને જવું. તેમના પેલા આશ્રમમાં લગ્ન કરીશું. ચાલશે ને ?" રમેશબાબુએ પૂછ્યું.

" બાપુ, તમે કહેશો તે યોગ્ય જ હશે. ક્યાંક પણ અમારો હસ્તમેળાપ કરાવો અને આશીર્વાદ આપો. અમારી ગાડી પાટા પર ચડાવી દો. અમારી સહયાત્રા શરૂ થવા દો. હવે એકલાં પ્રવાસ નથી કરી શકાતો. હાથમાં હાથ હોય એટલે હિંમત આવશે. આગળ પ્રવાસ કરવાની હિંમત આવશે. પરસ્પરને આધાર થશે." માયા બોલી.

" તું અને હું બે જ જણ જઈશું એટલે પ્રદ્યોતને શંકા નહિ આવે. ખર્ચ પણ બહુ નહિ થાય." પિતા બોલ્યા.

માયા કાંઈ બોલી નહિ. રમેશબાબુએ રામદાસને પત્ર લખ્યો. આવીએ છીએ એમ જણાવ્યું. નક્કી દિવસ જણાવ્યો. માયાએ પણ એક પત્ર લખ્યો.

" મહામાયાના મહાદેવ.

તું ત્યાં દીન-બંધુ થયો, પણ આ સખીને ભૂલી ગયો એમ લાગ્યું. પણ તેવામાં પેલો પત્ર આવ્યો. સંયમી પત્ર. તેમાંથી તારા નિઃશ્વાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંભળાયા. તારા હૃદયની અકળામણ સંભળાઈ. હવે હું તને મળવા આવું છું, તને કાયમની મળવા આવું છું. આ બંગાળી છોકરી આવે છે. પોતાનું ઘરબાર, પિયર, માબાપ, મિત્રો, સાથીઓ, બધું છોડીને આવે છે. આ સખીને સંભાળ. પ્રેમની ભૂખી તે આવે છે. તેને ખૂબ પ્રેમ આપ. આ છોકરીને પ્રેમસિંધુમાં ડુબાડ, પ્રેમના આકાશમાં ઉડાડ. પ્રેમનું સંગીત સંભળાવ અને ડોલાવ.

પ્રાણજીવન, હું તને ગુલામ નહિ બનાવું. તું ઊંચે જાય એ જ હેતુથી તને જરા પકડીશ. પતંગ આકાશમાં ઊંચે ઊડે છે. પેલી દોરી તેને ઊંચે ચડાવવા માટે જ હોય છે. તે પતંગનું બંધન છે કે? તે બંધન ઊંચે ઉડાડવા માટે છે. નાનકડો પતંગ, પણ પેલી દોરીને લીધે તે ઊંચે જાય છે. પેલી દોરી તેને જરાક ખેંચે છે, જરાક આંચકા મારે છે, પણ તે પ્રેમના આંચકા હોય છે. તેને લીધે જ દોરી શોભે છે. પેલી પાતળી દોરી આંખને પણ દેખાતી નથી. દેખાય છે પેલો સુંદર પતંગ, આકાશમાં વિહરનારો રંગીન પતંગ. પણ પેલો ઝીણો ધાગો નહિ હોય, મજબૂત ધાગો નહિ હોય તો પતંગ તરી શકશે? અનંત આકાશમાંની નિર્મળ હવા ખાઈ શકશે? મેઘની સાથે કાનગોષ્ટી કરશે? ઘરમાંની પત્ની, તેનો તે સૂક્ષ્મ પ્રેમમય ધાગો, તેનું દર્શન દુનિયાને નથી હોતું. પણ પતિનો પતંગ તેને લીધે જ ઊંચે સારી રીતે જાય છે, ખરું કે નહિ?

હૃદય-દેવ, બીશ નહિ. આસક્તિના કીચડમાં હું તને સપડાવવાની નથી. સંપત્તિની હું ભૂખી નથી, તારા પ્રેમની ભૂખી છું. તું જ્યાં જઈશ ત્યાં હું આવીશ. તું આગમાં કૂદી પડીશ તો ત્યાં હું પણ કૂદી પડીશ. તું જ્યાં હોઈશ ત્યાં મારું સ્વર્ગ, ત્યાં મારું પરમ સુખ. આપણે આપણાં જીવનનાં ફૂલ ગરીબોની સેવામાં અર્પીશું. તેમની સેવા કરી શકાય તે માટે ખીલવીશું. અથવા એમ કહું કે તેમની સેવા કરવાથી જ ખીલીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારું નાનકડું ઘર મેં ક્યારનુંયે રંગ્યું છે, શણગાર્યું છે. મારા આ હૃદયમંદિરમાં પ્રેમમૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા મેં ક્યારની યે કરી છે. ત્યાં હું કલાકોના કલાક પૂજા–અર્ચા કરતી બેસું છું. મારા આ નાનકડા ઘરમાં મીઠો મધૂરો પ્રકાશ ભરેલો છે, મીઠું મધુરું સંગીત ભરેલું છે, પ્રસન્ન પરિમલ મહેકયા કરે છે. દેવ, આ નાનકડા ઘરમાંના ગર્ભદ્વારની અંદર તને મેં બેસાડ્યો છે, એની તને પણ હજી ખબર નથી ને?

તમારો દિલરુબા બરાબર વાગતો નથી. કેવી રીતે વાગે? તારને ખૂબ વળ ચડાવતા હશો, ખૂબ ખેંચી ઝાલતા હશો, અથવા ઢીલો છોડતા હશો. હું આવીશ એટલે વ્યવસ્થિત કરી આપીશ. જીવનનું સંગીત એકલાને સિદ્ધ થતું નથી. નકામો રોફ ન કરતા. હું ખરું કહું કે? પુરુષ એટલે એકલા તાર. સ્ત્રીઓ એટલે તૂંબડાં–પોલાં તૂંબડાં. સ્ત્રીઓ પતિના જીવનમાં પોતાનું સર્વસ્વ રેડે છે, પોતાને માટે તે જાણે કે સ્વતંત્ર વ્યક્તિત્વ રાખતી જ નથી. પતિની આંખે જુએ છે, પતિની જીભે ખાય છે, પતિને હાથે ધર્મકર્મ કરે છે. સ્ત્રીઓ આવી નિરહંકારી નિર્મળ હોય છે. તેમના જીવનના પોલા તૂંબડા સાથે જ્યારે પુરુષોના તાર પવિત્ર સંયમથી અને પ્રેમથી બંધાય છે ત્યારે સંગીત શરૂ થાય છે. એકલાં તૂંબડાં, તે ગમે તેટલાં નિરહંકારી હોય તો પણ તેમાંથી સંગીત પેદા થતું નથી. એકલા તાર તે પણ મૂંગા જ હોય છે. સંગીતની શક્યતા બંનેમાં હોય છે. પણ બંને એકઠાં થાય તો જ તે પ્રગટ થાય અને બંનેને ધન્યતાનો અનુભવ થાય. પછી બંને પરસ્પરને કદી છોડશે નહિ, પરસ્પરનું કદી અપમાન કરશે નહિ દહાડે ને દિવસે પરસ્પર પ્રત્યેના પ્રેમમાં અને આદરમાં વૃદ્ધિ જ થતી જશે. સંગીતનાં મધુર બિંદુનો સિંધુ થશે અને રાત ને દિવસ તે જીવનમાં ઉભરાઈ આવશે. અખંડ ચંદ્રદર્શન અને અખંડ ભરતી! અખંડ તાન અને અખંડ ગાન!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંડી માયા મહારાષ્ટ્રમાં આવે છે. બંગાળની ભક્તિભાગીરથી મહારાષ્ટ્રની ચંદ્રભાગાને મળવા માટે આવે છે. નીતરતી ભાવના સંયમી વિચારને ભેટવા આવે છે. આ ભારતીય ભાવનાનું ભારતીય વિચારની સાથે લગ્ન છે. વિચારનું ભાવનાની સાથે લગ્ન ન થાય ત્યાં સુધી ક્રાન્તિ જન્મતી નથી, ખરું ને? મંગલ, મંગલ લગ્ન, ત્રિવાર મંગલ લગ્ન.

દયારામના આશ્રમમાં આપણે ગૃહસ્થાશ્રમની દીક્ષા લઈશું. ગૃહસ્થાશ્રમનેજ ખરો આશ્રમ બનાવીશું. પવિત્ર અને પ્રેમમય કરીશું. સેવામય અને આનંદમય કરીશું.

મારા હાથ ઉપર તમે જે લખેલું તે હજુ ભૂંસાયું નથી, અને કદી પણ ભૂંસાશે નહિ. શાહીથી લખેલું ભૂંસાઈ ગયું હોત, પરંતુ હૃદયના ખડિયામાંની પ્રેમની શાહીમાં ભાવનાની આંગળી બોળીને તમે મારા ગોરા રાતા હાથ ઉપર જે લખ્યું તે કદી ભૂંસાવાનું નથી હો. તે જન્મેજન્મ રહેશે. તમારા પત્રો આવે કે ન આવે, તે સુંદર અને મીઠો પત્ર મારી પાસે સદાએ છે. તે પત્ર હું મારા હૃદયની પાસે રાખું છું. તે પત્ર સદાએ "તું મારી, મારી" એમ કહીને મારા ઊછળતા હૃદયને શાંત પાડે છે. તે હાથ જાણે કે મારો રહ્યો નથી, તમારો છે એવું મને લાગે છે. કાગળ ઉપર જેનો પત્ર હોય તેનો જ તે કાગળ હોય છે.

તમારા ફોટા હું બેગમાંથી કેટલી યે વાર કાઢું છું. મારા પલંગ ઉપર ગોઠવી મૂકું છું. એકાદને ઝડપથી ઉપાડી લઉં છું અને મારા હૃદય સાથે ચાંપું છું. બીજો એકાદ ઉપાડી એકાએક પાલવની નીચે ઢાંકું છું. ત્રીજાને મારા ખોળામાં રાખી થાબડું છું. ચોથો માથે લઈને હું નાચું છું. પાંચમાને આંખની સામે રાખીને તેને આરોગવા માંડું છું. આ નાનકડી બેગમાંના ફોટા મને કેટલો વખત ચાલે? હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધા તે બૅગમાં રાખીને બૅગને પૂછું છું: "અલી બૅગ, રોફ ન મારીશ. તારી અંદર હૃદયદેવના ૧૦–૨૦ જ ફોટા છે; પણ મારી આ હૃદયની બૅગમાં, ચેતનમય બાગમાં અનંત રંગના અનંત ફોટા છે. ક્ષણે ક્ષણે હૃદયને ધબકારે ધબકારે ફોટો પડે છે. સમજી ને? ગર્વથી તું આટલી ફુલાઈશ નહિ. ચેતનમય હૃદયના બાગની આગળ ચામડાની બૅગે ડંફાસ ન હાંકવી. બહારના ફોટા મેલા થાય છે, ફાટે છે. પણ અંદરના ફોટા દહાડે ને દિવસે ઉજ્જવલ થતા જાય છે, વિશેષ જ દૃઢ થતા જાય છે. જીવનના દીવાનખાનામાં, સંયમના સુંદર ચોકઠામાં, પવિત્રતાનો કાચ લગાવી તમારા પ્રેમમય ફોટા મેં ટિંગાડી મૂક્યા છે. અભંગ ચિરમંગલ ફોટા.

હું બાપુજીની સાથે આવું છું. આ સંસારયાત્રા સુખકર નીવડે તે માટે માતાએ આપેલા અનંત આશીર્વાદનું ભાથું લઈને હું આવું છું. પ્રદ્યોતના પિતાના મંગળ આશીર્વાદ લઈ ને હું આવું છું. મારી બહેનપણીઓની શુભેચ્છા લઈ ને હું આવું છું. મારા ગામના વાંસના વનનું સંગીત અને વનદેવતાના આશીર્વાદ લઈ ને હું આવું છું.

મને જોઈ ને તમે હસશો. જરા આઘા ઊભા રહીને વાત કરશો. એકાએક નીચે જોશો. પાછા ઊંચે જોશો. જરા મજાનો ગભરાટ તમને થશે, નહિ? સંસારમાં પણ એમ જ રહેવું જોઈએ.

જરા પાસે, જરા આઘે. ચિત્રકાર બંને રીતે ચિત્ર જુએ છે. જરા પાસે રાખીને જુએ છે; જરા દૂર રાખીને જુએ છે. ગમે તે રીતે જોઈએ તો તે મધુર દેખાવું જોઈએ.

હવે હું તમારાં શાંતાબહેનને જોઈશ. તેમનો ઘરસંસાર તો શરૂ પણ થયો. તરતમાં જ પ્રસિદ્ધ થનારા 'સ્ત્રી-જીવન' એ પુસ્તકનો 'મન્વન્તર' માસિકમાં આવેલો ભાગ તમે મને બતાવ્યો હતો. તેમાંની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓવીઓ મારી માને, મારી બહેનપણીઓને કેટલી બધી ગમેલી. તે ઓવીઓમાં એક ઓવી આવી છે :

पाउस पडतो मृगा आधीं रोहिणीचा
पाळणा हालतो भावाआधीं बहिणीचा

(મૃગ નક્ષત્રના પહેલાં રોહિણી નક્ષત્રનો વરસાદ વરસે છે; અને ભાઈની પહેલાં બહેનના વરનું પારણું હીંચાય છે.)

ભાઈના સંસારની પહેલાં બહેનનો સંસાર. બહેનનો ગૃહસંસાર બરાબર ગોઠવી આપીને પછી ભાઈ પોતાનો ગૃહસંસાર શરૂ કરે છે. શાંતાબહેનને આ ઓવી હું ગાઈ બતાવીશ. મારા મરાઠી ઉચ્ચારને તે હસશે. મજા આવશે.

હું કેટલું બધું લખતી બેઠી. પુરુષોનો પત્ર ટૂંકો ને મુદ્દાસર હોય છે. સ્ત્રીઓનો મોટો પસારો. તમે હમેશાં કહેતા હતા કે માયાનો પસારો. હવે આ માયાનો પસારો સંકેલી લઉં છું અને એ બધાને એક વાક્યમાં સમાવી દઉં છું. તમે મારા અને હું તમારી કોણ ?

—ગાંડી માયા"

રામદાસના લગ્નની ખબર બધે ફેલાઈ. બધાને આનંદ થયો. દયારામ વરકન્યાને પોતાના હાથનાં બનાવેલાં કપડાં આપવાનો હતો. તે ખૂબ જતનથી સૂતર કાંતતો હતો. અખંડ તાર, ન તૂટેલા તારનો તાકો તે વણવાનો હતો. સૂતર કાંતવા બેસે ત્યાર પહેલાં પ્રેમલ દયારામ રેંટિયામાં તેલ આંજતો, બધું ઠીકઠાક કરતો. સ્વચ્છ પૂણીઓને ખૂબ સાફ કરીને લેતો. પછી પરમેશ્વરનું સ્મરણ કરીને કાંતવા માંડતો. તાર એક પણ વાર તૂટ્યો નહિ. હળવા પણ દૃઢ હાથે, એકાગ્રતાથી તે કાંતતો હતો. તેના સૂતરની આંટી તરફ જોયા જ કરીએ એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતું. તે સૂતર કેટલું મીઠું અને સ્નેહાળ દેખાતું હતું ! તે સૂતર કેટલું નિર્મળ અને સમાન હતું !

પાર્થે તે વણ્યું પણ હળવે જ હાથે. અને ત્યાં સુધી તાર તૂટે નહિ, સૂતર તૂટે નહિ તેથી તેણે પણ સંભાળ રાખી. આવી રીતે આ લગ્નમંગળ અને વિવાહઉપસ્કર નિર્માણ થતાં હતાં. દીનબંધુ રામદાસનું લગ્ન હતું. ગામડાંમાંનાં સ્ત્રીપુરુષો આનંદ્યાં. રામદાસને લગ્નની ભેટ આપવા ઉત્સુક થયાં.

માયા ઊપડી. સાથે તેના પિતા પણ ઊપડ્યા. માએ આંસુ સારતાં કહ્યું; "સંભાળજે હં બેટી " બંગાળ છોડીને નીકળી. સસ્યશ્યામલ હરિતમનોહર બંગાળ, હિમાલય ઉપરથી આવનાર પવિત્ર પવનને લીધે પુલકિત થનારો બંગાળ, સાગર ઉપરથી આવનારા શીતલ અને ભીના પવનોથી સંપન્ન થનારો બંગાળ, પવિત્ર નદીઓથી નાહી–ધોઈને પુષ્ટ થયેલો બંગાળ, બાંબુઓના વનમાંના સંગીતથી નાદમધુર થનારો બંગાળ, કમળોનો રમણીય બંગાળ, સેંકડાં જાતનાં વિહંગોના કલરવથી મધુર લાગતો બંગાળ, કલાવાનોનો, ધીમાનોનો, વિજ્ઞાનશાસ્ત્રીઓનો બંગાળ, હુતાત્માઓનો બંગાળ, ત્યાગમય ધર્મમય, પ્રેમમય, સ્નેહમય, જ્ઞાનમય, આનંદમય બંગાળ ! માયા આવો બંગાળ છોડીને જતી હતી. પણ તેનાથી તે કેમ છોડાય ? તે તેના જીવનમાં વ્યાપેલો હતો. તેણે પોતાના નાનકડા જીવનમાં આ અનંત બંગાળને ભક્તિથી સમાવી લીધો હતો. તે બંગાળને મહારાષ્ટ્ર સાથે મિલાવવા તે ઊપડી.

મર્યાદિત બંગાળ પૂરો થયો અને તેણે અશ્રુપૂર્ણ પ્રણામ કર્યો. આંખો મીંચીને ફરીથી એક વાર તેણે તે ભૂમિ નિહાળી. આંખો ખોલીને ફરીથી એક વાર દૂર સુધી તેણે તે જોઈ લીધી.

માયા મહારાષ્ટ્રમાં આવી. બંગાળ મહારાષ્ટ્રમાં આવ્યો. ચૈતન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામદેવને ભેટવા આવ્યા. કૃતિદાસનું રામાયણ શ્રીધરના રામવિજયને ભેટવા આવ્યું. બંગાળનો કાલિદાસ મહારાષ્ટ્રના ભવભૂતિને ભેટવા આવ્યો. નૈયાયિક ગદાધર વૈયાકરણ ભટ્ટોજી દીક્ષિતને ભેટવા આવ્યા. વિશાળ નદીઓ ઊંચા પર્વતના પગ પખાળવા માટે આવી.

માયા અને રમેશબાબુ સોનખેડીને સીમાડે આવ્યાં ત્યાં પુષ્પમાળાઓથી, લત્તાપલ્લવોથી, સૂતરના હારથી, રાષ્ટ્રધ્વજોથી સજેલો સુંદર રથ હતો. વધૂનો વરઘોડો ઊપડ્યો. બંગાળના બલિદાનોની જાણે મહારાષ્ટ્ર પૂજા કરતો હતો. માર્ગમાં લોકોએ ફૂલ વધાવ્યાં. સુવાસિનીએ ઓવાળ્યાં. રમેશબાબુ મુકુંદરાવની સાથે ચાલતા હતા, તેમની આંખો પ્રેમથી ભરાઈ આવી. રાષ્ટ્રીય એકતાનો વિજય હો, સંપૂર્ણ સ્વાતંત્ર્યનો વિજય હો, ક્રાન્તિ ચિરાયુ થાઓ, આવા જ જયઘોષ આ વરઘોડામાં થતા હતા. નવા ઘોષ નહિ, નવાં ગીતો નહિ. લગ્ન કરો કે ન કરો, ધ્યેય તો નિશ્ચિત જ છે. તે ધ્યેયનું કદી પણ વિસ્મરણ ન થવું જોઈએ માયાની આંખો સામે વિવાહનું મંગળ દેખાતું હતું કે ક્રાંતિનો સંઘર્ષ? ખરું મંગળ ક્રાન્તિમાંથી જ આવશે; ત્યારે જ બધાને મંગળ લાભશે, એવો અર્થ આ ઘોષોમાંથી, આ ગીતોમાંથી તેને મળતો હતો.

મંડપ સુંદર હતો, ખાદીનાં સુંદર તોરણો લટકાવ્યાં હતાં. દેશભક્તોના ફોટા હતા. હજારો કિસાન સ્ત્રીપુરુષ ભેગાં થયાં હતાં. છોકરાછોકરીઓની ઠઠ જામી હતી. દયારામે વરકન્યાને નવાં વસ્ત્રો આપ્યાં.

“ આ દયારામ હાં કે. રેંટિયા ઉપર એક પણ તાર તૂટવા દીધા વિના કાંતેલા અખંડ સૂતરનાં આ વસ્ત્રો છે.” રામદાસે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અખંડ પ્રેમબંધન રહેશે." માયા બોલી.

મુકુંદરાવે મંત્રોચ્ચાર કરીને મરાઠીમાં અર્થ કહ્યો. પછી વર-કન્યાએ પરસ્પરને સૂતરના હાર પહેરાવ્યા. તાળીઓનો ગડગડાટ થયો. બધાંએ ફૂલ વધાવ્યાં. વરવધૂ મોટેરાઓને પગે પડ્યાં. માયાએ પોતાનાં સાસુસસરાને જોયાં. તેમને પગે તેણે પોતાનું માથું મૂક્યું. તેમણે તેને પાસે લઈને આશીર્વાદ આપ્યા. રમેશબાબુએ પોતાનો પ્રેમપૂર્ણ હાથ તે બંનેનાં વિનમ્ર મસ્તક ઉપર મૂકયો. કેટલા યે કિસાનોએ વરવધૂને હાર પહેરાવ્યા. કિસાન સ્ત્રીઓએ પણ પહેરાવ્યા.

રાત્રે બધાંને સાદું પણ સ્વાદિષ્ટ ભોજન આપવામાં આવ્યું. માયા અને રામદાસ જમવા પાસે પાસે બેઠાં હતાં. ભોજન પૂરું થયું. બધાં માણસો ફરીથી મંડપમાં ભેગાં થયાં. રામદાસ દિલરુબા વગાડ-વાનો હતો.

"માયા, દિલરુબા બરાબર ઠીકઠાક કરીને આપ. તારો કોમળ હાથ અડતાં જ તે સારો થશે. તેનામાંનો વિરોધ ઊડી જશે." રામ-દાસે આ મીઠા બોલ કહ્યા.

માયાએ દિલરુબા હાથમાં લઈને હૃદય સાથે ચાંપ્યો. હૃદયના અનંત તારોનું સંગીત તે દિલરુબાને તેણે સંભળાવ્યું અને તેને તેણે મનમાં ને મનમાં કહ્યું, "તેમના હાથમાં જા અને આ દિવ્ય સંગીત સહુને સંભળાવ." તેણે તે દિલરુબાને ચુંબન કર્યું.

"આ લો. હવે કામ સુંદર થશે, મીઠું થશે." તે બોલી.

"હું વગાડીશ. તું શું કરીશ ?" તેણે પૂછ્યું.

"મને એક જ ગીત આવડે છે તે હું ગાઈશ. છેવટે ગાઈશ." તે બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કયું ગીત?" તેણે પૂછ્યું.

"વંદે માતરમ્." તે બોલી.

બંનેએ ભારતમાતાને હાથ જોડ્યા.

"માયા, તું કોની?" તેણે પૂછ્યું.

"તમારી તમારી." તે બોલી.

"માયા, હું કોનો?" તેણે પૂછ્યું.

"મારા મારા." તે બોલી.

"આપણે બંને કોના?" તેણે પૂછ્યું.

"દરિદ્ર નારાયણનાં, ભારતમાતાનાં, ભગવાનનાં." તે બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦ વિદ્યાર્થી–સંઘ

કામદાર–સંઘટન અને કિસાન–સંઘટન દેશમાં ઊભું થયું. હવે વિદ્યાર્થી–સંઘટનની જરૂર હતી. શહેરમાંના કામદારો અને ગામડામાંના કિસાનોને જોડનાર અંકોડો એટલે વિદ્યાર્થી. હિંદુસ્તાનમાં લાખો વિદ્યાર્થીઓ ભણે છે. કારખાનાં ગામેગામ નથી, પણ નિશાળો હજારો જગાએ છે. પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, મહાવિદ્યાલયો, બધે વિદ્યાર્થીઓનું સંગઠન થવું જોઈએ. એકાદ દિવસ ઊજવવાનું નક્કી થાય તો લાખો શાળાઓમાંના લાખો વિદ્યાર્થીઓને ઉત્સાહ આવવો જોઈએ. તેમનું પ્રચંડ સરઘસ નીકળવું જોઈએ. જયઘોષ અને ગીતોનો અવાજ ગગન સુધી ગાજવો જોઈએ. આ બધી નાનીમોટી વાનરસેના લંકાની હોળી કરવા ઊઠવી જોઈએ. સામ્રાજ્યવાદ અને મૂડીવાદની સોનાની લંકા કિસાન–કામદારરૂપી વિભીષણને સોંપાવા માટે ઊઠવી જોઈએ.

હવે આ કામ આનંદમૂર્તિને બતાવવું એમ મુકુંદરાવ વિચારતા હતા. આનંદમૂર્તિ મુકુંદરાવના બોલને વેદવચન માનતા. આજ સુધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ખાદી વેચતા. તાપ હોય, વરસાદ હોય તેમણે તેમના આ વ્રતમાં અંતરાય આવવા દીધો નહોતો. છોકરાઓમાં તે પ્રિય થઈ પડ્યા હતા. તેમનું મીઠું બોલવું, મીઠું હસવું, સુંદર ગાવું એની બધા ઉપર જાદુઈ અસર થતી. ઘોડા પાસે ઊભેલા, સુંદર ફેંટો પહેરેલા એવા તેમના કેટલા યે ફોટા લોકોએ પાડ્યા હતા. તેમણે લોકોને ખાદીનું ગાંડપણ લગાડ્યું; કારણ કે લોકોને તેમનું ગાંડપણ લાગ્યું હતું. કોઈ કોઈ વાર ખિસ્સામાં ખાવાનું લઈ જઈને ગામડાંનાં છોકરાંને વહેંચતા. કોઈ કોઈ વાર ટાઢિયા તાવની ગોળીઓ સાથે લઈ જતા. શાંતાએ તેમને કેટલીક દવાઓ બતાવી હતી. લોકોને તે બતાવતા અને લોકોને આરામ થતો. કોઈક વાર કોઈક ગામે તે જઈ ચડે તો સ્ત્રીઓ તેમને પગે પડવા દોડી આવતી.

"મારે પગે શું કામ પડો છો?" તે હાવરાબાવરા થઈને પૂછતા.

"તમારી દવાને લીધે મારા છોકરાને આરામ થયો." કોઈક માતા કહેતી.

"તમારી દવાથી મારી સ્ત્રીને હવે સારું લાગે છે." બીજો કોઈ કહે.

"ભગવાનની મહેરબાની. તેને યાદ કરો." આનંદમૂર્તિ કહેતા.

"અમારા ભગવાન તમે. પેલા એક દીનબંધુ રામદાસ છે. બીજા તમે આવ્યા છો." કોઈ ડોસો કહેતો.

"અને અમને દેવત્વ અપાવનાર પેલા મુકુંદરાવ, તે તો દેવોના દેવ મહાદેવ છે." આનંદમૂર્તિ કહેતા.

"ખરી વાત છે. એ મુકુંદરાવને સહુની ચિંતા." એકૂતો કહેતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમનું આનંદમૂર્તિ નામ કામદારોએ પાડયું હતું. કામદારો તેમની પાસે હોંશથી ભણતા. સૂરજ આવે એટલે અંધારું જાય, દીવો આવતાં જ પ્રકાશ આવે તેમ આનંદમૂર્તિ આવતાં જ બધાને થતું. બધાની આંખોમાંથી ચિંતા, કપાળ ઉપરની કરચલી, મોઢાનો તોબરો તેમને જોતાં જ નાસી જતાં.

આજે સોનખેડીના આશ્રમમાં મુકુંદરાવે તેમને બોલાવ્યા હતા. તે વાટ જોતા હતા. છેવટે તે ઊઠયા અને માયાને ઘેર ગયા. માયા ફૂલછોડને પાણી પાતી હતી.

“માયા, આનંદમૂર્તિ નથી આવ્યા તે?” મુકુંદરાવે પૂછ્યું.

“આવવાના છે કે શું?” તેણે પૂછ્યું.

“હા, પણ વખત તો થઈ ગયો.” તે બોલ્યા.

“રસ્તે ઘોડો અટકી પડ્યો હશે.” તે બોલી.

“તેમનો ઘોડો કદી અટકતો નથી, ખટકતો નથી. કૃષ્ણ ભગવાન ગીતા કહેતા ત્યારે અર્જુનના ઘોડા પણ નાચતા, રથના અણુ-પરમાણુ પણ રોમાંચ અનુભવતા; તેમ આનંદમૂર્તિને જોતાં જ, તેમના બોલ સાંભળતાં જ, તેમનો સ્પર્શ થતાં જ ઘોડો નાચવા લાગે છે.” મુકુંદરાવે કહ્યું.

“તે સ્વામી રામતીર્થના જેવા દેખાય છે. રામતીર્થના મુખ ઉપર આવું જ મીઠું અદ્વિતીય સ્મિત ફરકતું હતું. તેમની સાથે વાદ-વિવાદ કરવાના હેતુથી લોકો જતા, પણ તેમના મોઢા ઉપરનું હાસ્ય જોઈને વાદવિવાદ કરવાનું ભૂલી જતા. પ્રણામ કરીને પાછા આવતા.” માયા બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં ઘોડો આવ્યો.

"ઘોડેસવાર આવ્યો, વિશ્વાસરાવ આવ્યા" મુકુંદરાવે કહ્યું.

"તમે બીજું નામ પાડયું છે કે શું? ખરેખર વિશ્વાસરાવ જ છે. તેમના ઉપર બેધડક વિશ્વાસ મૂકવો." માયા પ્રેમળ ભાવથી બોલી.

"વિશ્વાસરાવ પણ આવા જ સુંદર હતા. પાણિપતના સંગ્રામમાં તે પડ્યા. તેમનું પવિત્ર પ્રેત જોઈને, તે સુંદર રૂપ જોઈને શત્રુઓ પણ રડેલા. વિશ્વાસરાવ અને જનકોજીનાં નામો યાદ આવતાં હૃદયમાં સેંકડો ભાવનાઓ જાગે છે; કરુણ વીર ભાવનાઓ." મુકુંદરાવ જાણે કે ઇતિહાસના તે યુગમાં તલ્લીન થઈ જઈને તન્મયતાથી બોલ્યા.

"ચાલો અંદર બેસીએ. માયાના દીવાનખાનામાં." આનંદમૂર્તિએ કહ્યું.

"ચાલો." મુકુંદરાવે કહ્યું.

બંને અંદર ગયા. ત્યાં ગામડાંઓમાંના હાથે કાંતેલા સૂતરના ઢગલા પડ્યા હતા. બંને બેઠા. આનંદમૂર્તિ તરત જ રેંટિયા ઉપર કાંતવા લાગ્યા. મુકુંદરાવ તકલી ઉપર કાંતવા લાગ્યા.

"મને કેમ બોલાવ્યો?" આનંદમૂર્તિએ પૂછ્યું.

"તમને અખિલ વિદ્યાર્થી-સંઘ સ્થાપવાનું કામ સોંપવું છે. પહેલાં તમારી સાથે આ વિષે વાત કરી હતી. તમે વિચાર કર્યો?"

"હા કર્યો. કેટલાક શાળા-સંચાલકોને પણ વાત કરી છે. છોકરાઓ સાથે પણ ચર્ચા કરી. છોકરા તૈયાર છે. પણ કોઈ કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકા ઉઠાવે છે. વિદ્યાર્થી-અવસ્થા પૂરી થયા પછી આ ભાંજગડમાં પડીએ એમ કેટલાક કહે છે. વિદ્યાર્થીઓએ વિદ્યા મેળવવી, રાજકારણમાં પડવું નહિ એમ કહે છે. સંઘનું ધ્યેય શું છે એમ પૂછે છે." આનંદમૂર્તિએ કહ્યું.

"મનુષ્યના ધર્મ બે છેઃ નિત્ય ધર્મ અને નૈમિત્તિક ધર્મ. વિદ્યાર્થીઓને નિત્યકર્મ તરીકે રાજકારણ ન હોય, પણ નૈમિત્તિક તરીકે રાજકારણ છે." મુકુંદરાવે કહ્યું.

"એટલે શું?"

"તેનો અર્થ આમ છે: સ્વાતંત્ર્યદિન આવે તો તેમાં બધા વિદ્યાર્થીઓ સામેલ થાય. રાજકીય કેદીદિન આવે તો તેમાં સામેલ થાય. કિસાનોની પ્રચંડ ચળવળ શરૂ થાય તો સહાનુભૂતિ તરીકે એકાદ દિવસ હડતાળ પાડે. કામદારોની હડતાળ ચાલુ હોય તો તે તરફ સહાનુભૂતિનો ઠરાવ કરીને મોકલી આપે. આવાં કામો રોજનાં નથી હોતાં. આવા પ્રસંગો કોક કોક વાર આવે છે. તે દિવસે માણસ માત્રનું કંઈક પણ કર્તવ્ય હોય છે. વિદ્યાર્થી પણ અંતે તો માણસ જ છે. મોટા પ્રસંગો આવે છે ત્યારે નાનામોટા બધા ઊઠે છે. વરસાદ પડે નહિ ત્યારે શંકરને પૂરી રાખે છે. તે વખતે મોટા માણસો હાંડા ભરીને પાણી રેડે છે. નાનાં છોકરાં લોટા વડે રેડે છે. પણ અમે નાનાં છીએ એમ કહીને બાળકો ઘેર બેસે તો માબાપોને તે ગમે નહિ. આગ લાગી હોય તો છોકરાં પણ દોડી જાય છે. મારામારી ચાલતી હોય ત્યારે તરુણ વિદ્યાર્થીઓ સ્વયંસેવક થશે. આ માણસાઈનો નૈમિત્તિક ધર્મ છે. કાલે સ્વાતંત્ર્યનો સંગ્રામ શરૂ થાય તો તેમાં બધાએ પડવું જોઈએ. સત્ત્વપરીક્ષામાં બધાએ ઊભા રહેવું જોઈએ. હરિશ્ચંદ્રની પાછળ પાછળ તારામતી અને બંનેની મોખરે રોહિદાસ. શ્રિયાળની પૂંઠેપૂંઠે ચાંગુણા અને તે બંનેની આગળ કેકડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારતો નાનકડો ચેલૈયો. કાલે ભારતની સત્ત્વપરીક્ષાનો અવસર આવે તો સ્ત્રીઓ, પુરુષો, બાળકો બધાંએ ખડાં થઈ જવું જોઈએ.

વિદ્યાર્થીઓની વિદ્યાર્થી–અવસ્થા પૂરી થયા પછી એકદમ અપરિચિત દરીઆમાં આવી પડ્યો એમ તેમને ન થવું જોઈએ. આજુ-બાજુ સામાજિક, રાજકીય, ધાર્મિક વગેરે વિચારોમાં જે પ્રક્ષુબ્ધ મોજાં ઊછળતાં હોય છે, તેમની સાથે તેમનો થોડોઘણો પરિચય કરાવી આપવો જોઈએ; નહિ તો તેઓ ગભરાઈ જાય. તેથી આવા પ્રસંગો આવે ત્યારે સરઘસ વગેરેમાં તેમને ભેળવવા જ જોઈએ. ગીતો, ઘોષો, તેમને કાને પડવાં જોઈએ. આમ કરવાથી તેમના આત્માને જરા આની હવા મળે છે. સમજ્યા ?" મુકુંદરાવે પૂછ્યું.

"નૈમિત્તિક રાજકારણનો ખ્યાલ આવ્યો. હવે વિદ્યાર્થી-સંઘનો નિત્યધર્મ કયો તે કહો." આનંદમૂર્તિએ પૂછ્યું.

"નિશાળમાં જે શિક્ષણ મળતું નથી તે તેઓ પોતાનાં અભ્યાસી મંડળોમાંથી મેળવે. જુદાં જુદાં વર્તમાનપત્રોમાંની માહિતીઓની કાપલીઓ કાપીને તેઓ કાપલીબૂકો બનાવે. જ્ઞાન કેમ મેળવવું તે શીખે. દેશના વિવિધ ક્ષેત્રોમાં કામ કરનારા કાર્યકર્તાઓના ફોટાઓનાં આલ્બમો તૈયાર કરે. દેશમાંનાં સુંદર દૃશ્યો ભેગાં કરે. છુટ્ટીના દિવસોમાં ગામડાંમાં જાય. ત્યાં ગામડાંના લોકો સમજે એવા ઉત્સવો અને સંવાદો ભજવે. તે દ્વારા તેઓને નવા રાષ્ટ્રીય વિચારો આપે. ત્યાંના લોકોના જીવનનું અવલોકન કરે. તેમના જીવન સાથે ઓતપ્રોત થાય. કોઈ મોટી રજાઓમાં કોઈક ગામનો રસ્તો બનાવે. શહેર અને ગામડાં વચ્ચે આજે પ્રેમનો સંબંધ નથી. આવો રસ્તો એ સહાનુભૂતિની પ્રેમની નહેર જ થશે. કોઈક વાર જુદા જુદા વિષયો ઉપર બોલનારા વક્તાઓને બોલાવી વ્યાખ્યાનમાળાઓ ગોઠવે. ભીંતપત્રો ઉપર સમાચાર લખે. ફીમાં ઘટાડો કરવો પરીક્ષાના પ્રશ્નપત્રો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતૃભાષામાં જ નીકળે, માતૃભાષા દ્વારા જ બધું શિક્ષણ મળે, પરીક્ષાનાં મથકો વધે, ઔદ્યોગિક શિક્ષણ મળે આ બાબતો વિશે પણ ચળવળ કરે. શાળાનો અભ્યાસ સંભાળીને આવી અનેક વાતો કરી શકાય.” મુકુંદરાવે કહ્યું.

“વિદ્યાર્થી-સંઘની પ્રાણભૂત કલ્પના શી?”

“વિદ્યાર્થી માત્ર એક એ ભાવના જાગ્રત કરવી. આજે કોમીવાદ ખૂબ મચ્યો છે. મહાન ભારતની મશ્કરી થાય છે. બ્રાહ્મણ બ્રાહ્મણેતર, સ્પૃશ્યાસ્પૃશ્ય, હિંદુ-મુસલમાન એવા ટુકડા પડ્યા છે. આ ટુકડા કોણ સાંધશે? નૂતન ભારતને નિર્માણ કરનારા તરુણોએ તો અખંડ ભારત નજર સામે રાખવો. આ હિંદમાતાએ બધાને પાસે લીધા. પ્રાચીન કાળથી સેંકડો જાતિયો અને જમાતો આવી. આ હિંદી મહાસાગરમાં એ મોજાં ભળી ગયાં. મુસલમાન અમારા જ છે, અમારા આ જ દેશના લાખો ગામડાંઓમાં તેઓ સુલેહસંપથી રહે છે. ત્યાં આપણે શું દ્વેષ ફેલાવવો? આજે નાનાં બાળકોનાં મનમાં દ્વેષ ભરવામાં આવે છે. બધા વિદ્યાર્થીઓએ ઊઠવું. એક ઘોષ કરવો. આ આગેવાનોને સંભળાવવું કે: “તમારા ઝઘડા તમારી પાસે રાખો. અમે નવ ભારતના ભાગ્યવિધાતાઓ નવી, ભવ્ય અને દિવ્ય દૃષ્ટી લઈને સહુને ભેગાં રાખવાનો પ્રાચીન મહાન પ્રયોગ નજર સામે રાખીને ભારતનું તે દૈવદત્ત ધ્યેય પ્રાપ્ત કરીશું. તેને જ ખાતર આ ભારત જીવ્યો છે, ટક્યો છે.” ‘બધા ધર્મોવાળા, બધી સંસ્કૃતિયોવાળા લોકોને હું સહકાર અને પ્રેમથી કેવા રાખું છું તે જુઓ; એકતાનો ગોફ કેવો વણું છું તે મારાં બાલુડાં તમે જુઓ; વિવિધતામાંથી એકતાનું સંગીત કેમ નિર્માણ કરું છું તે જુઓ; શત રંગનો શત ગંધનો બગીચો કેવો ખીલવું છું તે જુઓ શત રંગનો ગાલીચો કેમ વણું છું તે જુઓ’, એમ હિંદમાતા દુનિયાને કહેશે. દુનિયાનાં રાષ્ટ્રો આ માતાની પાસે આવીને પાઠ શીખશે. ભારત ફરીથી જગદ્‌ગુરુ થશે. “ચાળીસ ચાળીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરોડ ભિન્ન ભિન્ન લોકોને એકત્ર રાખવાનો મહાન પ્રયોગ, ભારત માતા, તેં કેવી રીતે કર્યો તે કહે" એમ લડીલડીને થાકી ગયેલાં રાષ્ટ્રો આવીને પૂછશે. આ માતા દુનિયાની અન્નદાત્રી છે. જ્ઞાનદાત્રી અને પ્રેમદાત્રી પણ થશે. વિદ્યાર્થીઓએ આ ધ્યેય નજર સામે રાખવું. આ છે પ્રાણભૂત કલ્પના. મારા પોતાના અંતરંગમાંની વિદ્યાર્થી-સંઘની પ્રાણભૂત કલ્પના તો આ છે. આનંદમૂર્તિ, તમે આ સંદેશો લઈને જાઓ. મારા ખ્યાલો તમારા હોઠમાંથી વધારે મીઠા થઈને બહાર પડશે. તમે મારી વીણા છો, મોરલી છો. મારા જીવનમાંના વિચારો અને ભાવનાઓ બધે ફેલાવનારા પાવન પવન તમે થાઓ. મારા સદ્વિચારોનો બધે વરસાદ વરસાવનારા તમે ગંભીર ઓતપ્રોત થયેલા મેઘ બનો. જાઓ, તમારા મુખ ઉપરનું મીઠું હાસ્ય ભારતમાતાને હસાવો; ભારતની નવી પેઢીને પ્રેમધર્મ શીખવો; ત્યાગધર્મ, સંયમધર્મ શીખવો; ભારતનો ધ્યેયધર્મ શીખવો—" મુકુંદરાવ અટક્યા.

સાંભળતાં સાંભળતાં આનંદમૂર્તિનો બહારનો રેંટિયો અટક્યો. હૃદયનો રેંટિયો શરૂ થયો. આંખોમાંથી પાણી ટપકવા લાગ્યું. તે આંખો મીંચીને સામે બેઠા. જાણે કે અંતરબાહ્ય પોલા થઈને મુકુંદરાવના વિચારવાયરા પોતાના જીવનમાં ભરી લેતા હતા. તે સમાધિમાં લીન થઈ ગયા હતા.

મુકુંદરાવે સામે જોયું તો અદ્દભુત દેખાવ નજરે પડ્યો. જાણે કે હિમાલય ઉપરનો શિવશંકર જ ઝમે છે. તે પાવન સમાધિનો ભંગ તે કરી શક્યા નહિ, તે પોતે પણ સમરસ થઈને શંત બેઠા. આનંદમૂર્તિએ આંખો ઉઘાડી. શાંત પ્રેમથી તે સામે જોતા હતા.

"તમારી વીણા બનવાનું મારું ભાગ્ય છે? તમારા હોઠમાંથી પવિત્ર ઉદાત્ત વિચારો ગંગાની જેમ ધોધો કરતા નીકળે છે. તે ભાગ્યશાળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોઠની સાથે સમરસ થવાનું ભાગ્ય મારા દૂબળા હોઠનું છે? તમારા હોઠમાંના વિચારો મારા હોઠમાંથી બહાર નીકળશે?" આનંદ-મૂર્તિએ પૂછ્યું.

"નીકળશે, વિશેષ સુંદર અને પવિત્ર થઈને બહાર નીકળશે." મુકુંદરાવે કહ્યું.

"તમારા પ્રેમપ્રસાદની કૃપાથી તેમ થાઓ. મારું જીવન કૃતાર્થ થાઓ. તમારી ચરણ-રજ થવું એ જ મારી અભિલાષા છે. આ હાથ આ ક્ષુદ્ર જીવન તમારી ઇચ્છાઓ પ્રમાણે કરે, એ જ મારી રાત ને દિવસની ઉત્કૃષ્ટ ઇચ્છા છે." આનંદમૂર્તિએ કહ્યું.

"આ દૂધ લ્યો." માયા બોલી.

"ગાય દૂધ દે છે કે?" મુકુંદરાવે પૂછ્યું.

"પથ્થરને પ્રેમ આપીએ તો તે ય પલળે છે. તો પછી ગાય કેમ પલળે નહિ? કેમ દૂઝે નહિ? બંગાળમાં ગામડાંઓમાં ભેંસનું દૂધ પીવું નિષિદ્ધ માનવામાં આવે છે. અહીં તો ગાયનું જ દૂધ પીવાના ઉપયોગમાં લેવામાં આવે છે." માયા બોલી.

"ગાયનો મહિમા તમે શીખવો. ક્રાંતિ કરો" મુકુંદરાવે કહ્યું.

"જ્યાં ને ત્યાં તમારી ક્રાન્તિ." માયા બોલી.

"ક્રાંતિ વિના તેમને શાંતિ નથી મળતી." આનંદમૂર્તિએ કહ્યું.

"તમે તેમને એક ખરા ફકીર મળ્યા છો." માયાએ કહ્યું.

"ફકીર થવાનું ભાગ્યમાં જોઈએ છે." આનંદમૂર્તિએ કહ્યું.

"ઘરસંસારમાં પડવાનું ભાગ્ય નહિ મળ્યું હોય તેથી આમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેતા હશો. સંસારમાં રહીને ફકીર થવાનું સૌથી મોટું ભાગ્ય છે." માયા બોલી.

"ક્યાં યે જાઓ. ભગવાન નજીકમાં અંતરમાં છે એવો અનુભવ થશે." મુકુંદરાવે કહ્યું.

"જે ઈશ્વર સ્વર્ગમાં છે તે જ નરકમાં પણ છે." આનંદમૂર્તિએ કહ્યું.

"મને નરક મળે તો હું ત્યાં યે નંદનવન બનાવીશ. કહીશ કે અહીંયાં ખૂબ સોનખડી છે. બાગો ખીલવીશ. વાડીઓ ખીલવીશ. નરકમાં પણ દેવ છે એ સિદ્ધ કરીશ. માંગલ્ય અનુભવવાનું શાસ્ત્ર જાણતા હોઈએ એટલે બધે મંગલમૂર્તિ જ દેખાય. ડામરમાંથી સુંદર રંગ અને ગળી ખાંડ બનાવે છે. પણ મનુષ્યમાંનું માંગલ્ય બહાર કાઢવાનું હજી લોકો શીખતા નથી. એકમેકને ગાળાગાળી જ કરે છે. સંતોએ એ શોધ કરી હતી." મુકુંદરાવે કહ્યું.

"વિશ્વભારતીમાંના વ્યાખ્યાનમાં તો તમે કહેલું કે મહારાષ્ટ્રીય સંતો પ્રેમની પણ મર્યાદા આંકશે. તેઓ કાંટાઓને નહિ પંપાળે, છૂંદશે." માયા બોલી.

"માયા, એ સંતોનું છૂંદવું છે. માતાના હાથનો એ માર છે. તમારું અને અમારું છૂંદવું જુદું અને સંતોનું જે તે જીવના કેવળ કલ્યાણને અર્થે છૂંદવું જુદું. શબ્દ એક પણ બંનેની પાછળના હેતુઓમાં બે ધ્રુવનું અંતર છે. તુકારામનું ઉદાહરણ લઈને અમે છૂંદવાનું સ્વીકારીશું. પણ સંતોએ પ્રથમ દુનિયા ઉપર પ્રેમ કરવાનો હક મેળવ્યો, પછી મારવાનો હક મેળવ્યો. તમે–અમે તો ફક્ત મારવાનો હક મેળવવા માટે જ ઉધમાત કરીએ છીએ." મુકુંદરાવે કહ્યું.

"તમારા મહારાષ્ટ્રીય સંસ્કૃતિ વિશેના વ્યાખ્યાનનો આવો સૂર નહોતો." માયા બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કદાચ નહિ હોય. મનુષ્ય હમેશાં વિકાસ પામે છે. ગઈ કાલના કરતાં આજે નવીનતા દેખાય છે. સાપ કરડે તો પણ તેને રૂપે આવીને ઈશ્વર કરડી ગયો એમ કહેવું એ જ પરમોચ્ચ માનવધ્યેય છે. દુર્બળતાને લીધે તે આચરી શકાતું ન હોય તો યે તે ધ્યેયની મજાક ન ઉડાવવી જોઈએ. તે ધ્યેયને કોટિ કોટિ પ્રણામ જ કરવા જોઈએ," એમ કહીને મુકુંદરાવ ઊઠીને જતા રહ્યા. તેમને તે ચર્ચા અસહ્ય થઈ હશે? ક્રાંતિકારક બંગાળમાંની માયા તેમને પકડવા માગતી હતી?

"હું જાઉં છું." આનંદમૂર્તિએ કહ્યું.

"આજે કયે ગામ ખાદીફેરી?" તેણે પૂછ્યું.

"હવે વિદ્યાર્થીઓમાં ફેરી. હવે વિદ્યાર્થીઓનો વડવાનલ પેટાવવાનો, તેમનામાં રામ રેડવાનો. કિસાન-સંગઠન, કામદાર-સંગઠન, વિદ્યાર્થી-સંગઠન એ ત્રણે છેવટે તો એક સ્વાતંત્ર્ય સંગ્રામમાં જ હોમવાનાં છે. તે હોમમાંથી મંગળ ક્રાન્તિનો જન્મ થશે," એમ કહીને ઘોડા ઉપર છલંગ મારી તે મધુર પણ તેજસ્વી ઘોડેસવાર પવનની જેમ દોડતો જતો રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧ અમર દિવસ

કિસાનોમાં, કામદારોમાં, વિદ્યાર્થીઓમાં બધે નવચેતન સંચરવા લાગ્યું. નવો રાષ્ટ્રીયધર્મ આવવા લાગ્યો. ખરા સ્વાતંત્ર્યની સ્વચ્છ અને સ્પષ્ટ કલ્પનાઓ આવવા લાગી. પણ આને લીધે મુકુંદરાવ ઉપર અનેક લોકો રોષ કરવા લાગ્યા. પહેલાં જેઓ તેમને ભજતા તેઓ જ હવે તેમનાં નામથી ખિજાવા લાગ્યા. મિત્ર હતા તેઓ પણ શત્રુ થવા લાગ્યા. ઊજળિયાતોની સહાનુભૂતિ છેવટે શ્રમજીવીઓ તરફ જતાં ઓછી થઈ જાય છે. શ્રમજીવી લોકો ચળવળ કરવા માંડે એટલે એમને એમાં હિંસા દેખાવા લાગે છે. આ સ્વજનો પણ પારકી સરકારની જેમ બોલવા માંડે છે. મુકુંદરાવને ખેદ થતો. પણ છેવટે પોતાના હૃદયને પ્રમાણ માનીને તે કામ કરતા હતા. 'सत्या असत्यासि मन केलें ग्वाही' (સત્યાસત્યની બાબતમાં મનને જ પ્રમાણ ગણ્યું.) એ તુકારામનું ચરણ યાદ કરીને તે વર્તતા હતા.

તે દિવસે મુકુંદરાવ ધનગાંવમાં પોતાની ઓરડીમાં હતા. તે ઓરડી એક બાજુએ એકલી હતી. આસપાસ ઘર નહોતાં. તે ઓરડીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે કામળા હતા. એક રેંટિયો હતો. સૂતર ઉતારવાનો એક ફાળકો હતો. એક ડોલ હતી. એક પાણીનું માટલું હતું. એક લોટો અને બે પવાલાં હતાં. એક તરફ થોડાંક પુસ્તકો બરાબર ગોઠવેલાં હતાં. વર્તમાનપત્રો હતાં. ઓરડીમાં બે કબાટ હતાં. તેમાં કેટલાંક કપડાં હતાં. કેટલાંક પુસ્તકો હતાં. કેટલીક નોટબૂકો હતી. તે ઓરડી ખૂબ સ્વચ્છ હતી. કંઈ પણ નહોતું એ જ ત્યાંનું સૌંદર્ય હતું. સ્વચ્છ પ્રકાશ એ જ ત્યાંની શોભા હતી.

મુકુંદરાવ શાંતિથી રેંટિયા ઉપર કાંતતા હતા. મુખેથી અભંગ ગણગણતા હતા.

एक वेळ करी या दुःखावेगळें ।
दुरिताचें जाळें उगवावें ॥
आढवीन पाय हा माझा नवस ।
पुरवावी आस पांडुरंगा ॥

આ તુકારામનું ચરણ ઘોળીઘોળીને તે બોલતા હતા. તે શું દુનિયાથી કંટાળી ગયા હતા? નિરાશ થયા હતા? આ દુનિયામાં દંભ છે તેનો તેમને ખેદ થતો હતો?

તેમની ઓરડીનું બારણું વાસેલું હતું. કોઈકે ટકોરા વગાડયા. મુકુંદરાવનું ધ્યાન નહોતું. ફરીથી કોઈકે ટકોરા માર્યા. "બારણું ઉઘાડો, ધક્કો મારો, સાંકળ નથી." મુકુંદરાવે કહ્યું.

દગડૂશેઠ, ચંદનમલશેઠ, ત્રિબંકરાવ વગેરે તેમને મળવા આવ્યા હતા. મુકુંદરાવે બીજો એક કામળો પાથર્યો. બધા બેઠા.

"શું કામ છે?" મુકુંદરાવે નમ્રતાથી પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" તમારી સાથે કંઈક વાત કરવા આવ્યા છીએ. ખુલ્લા દિલથી વાત કરવાની ઇચ્છા છે." દગડૂશેઠે કહ્યું.

" બેધડક વાત કરો. મારી પાસે અંદર એક બહાર બીજું એવું કંઈ નથી." મુકુંદરાવે કહ્યું.

" મુકુંદરાવ, હમણાંનો તમારો જે પ્રચાર ચાલે છે તેની અમને બીક લાગે છે. શાંતિને રસ્તે કામ કરવાની આ રીત નથી. ખેડૂતો અણઘડ હોય છે. આ ભૂતોને જગાડશો પણ કાલે તેમને વશ કરી શકાશે નહિ. પહેલાં તમે ખાદી વગેરે ઉપર ભાર દેતા હતા. પણ હવે કિસાન–સંગઠન તરફ તમે વળ્યા છો. તમે ભાષણોમાં શાહુકારોને ગાળાગાળી કરો છો. શાહુકારોનાં ખેતરો વગેરે કપાઈ જવાં લાગ્યાં છે. વખતસર સાવધ થઈ જાઓ. સંભાળીને ચાલો. હિંસાને રસ્તે સ્વરાજ્ય નહિ મળે. તમે તો હિંસા વાવો છો, ઇરાદાપૂર્વક દ્વેષ ફેલાવો છો. અમારા મનમાં તમારે માટે માન છે. અમારે તમને કંઈ કહેવાનું ન હોય." ચંદનમલે કહ્યું.

" કામદારોમાં પણ તેવો જ પ્રચાર થાય છે. પરમ દિવસે જ મિલમાં ગડબડ થવાની હતી, પણ રહી ગઈ. ક્યારે ભડકો થશે એનો નિયમ નથી. ગાળો તેમના ધ્યાનમાં રહે છે. મૂડીદારોને ગાળો ભંડાય એટલે કામદારોને આનંદ થાય છે. પણ તેમને જ લીધે પોતાને ખાવાનું મળે છે એ ભૂલી જાય છે. કાલે યુનિયનવાળા બેકારોને કામ આપવાના છે કે? કામદારો પાસેથી પૈસા ઉઘરાવીને આ ચળવળવાળાઓ મોજ ઉડાવે છે. મુકુંદરાવ, આ ભૂત તમે અહીં લાવ્યા. તમારે લીધે બીજા કામદાર કાર્યકર્તાઓ અહીં આવવા લાગ્યા. કામદારોનાં મનને સળગાવવા લાગ્યા. આને માટે જવાબદાર તમે છો." ત્રિંબકરાવે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"નિશાળોના સંચાલક પણ આમ જ કહેતા હતા છોકરા ઉદ્ધત થતા જાય છે. માસ્તરોને કોઈ ગાંઠતું નથી. તમે છોકરાઓને બેધડક કહો છો કે હડતાળ પાડો. ઘેર માબાપ હોય છે. કોઈ સરકારી નોકરો હોય છે. સંસ્થાઓના સંચાલકોને સંસ્થાઓ ચલાવવાની હોય છે. નાનાં છોકરાંને થોડી જ કંઈ અક્કલ હોય છે? તેઓ સજ્ઞાન જ ક્યાં હોય છે? તેમને શું, જેમ વાળશો તેમ વળશે." દગડૂશેઠે કહ્યું.

મુકુંદરાવ સૂતર કાંતતા હતા. સાંભળી લેતા હતા. તેમની આંગળીઓ ધ્રૂજતી હતી. હોઠ હાલતા હતા, કાંપતા હતા. તે પોતાની લાગણીઓને દાબતા હતા. સૂતર તેમને સંયમ શીખવતું હતું.

"તમે કંઈ જ બોલતા નથી. તમારે વિશે અમને માન છે. પણ હમણાંની આ રીતભાત જરા ગેર છે. તમને અમે અમારા માનતા હતા. સત્ય અને અહિંસાના માર્ગવાળા માનતા હતા. તમારું પગલું ભૂલભરેલું પડે, તમારે મુખેથી ગાળો નીકળે, એ સારું લાગતું નથી. બીજાઓની વાત જવા દો." ચંદનમલ બોલ્યા.

મુકુંદરાવનું કાંતવાનું અટક્યું. તે બોલ્યા: "તમને મારે માટે માન થાય છે તેથી હું તમારો આભારી છું. તમે મને પોતાનો માનતા હતા તે સાંભળીને સારું લાગ્યું. હું આજ સુધી ગાળાગાળી કરતો નહોતો અને હવે જ કેમ કરવા લાગ્યો તેનું તમને આશ્ચર્ય થાય છે. પણ તમે પોતે જ મનમાં કેમ વિચારતા નથી? આજ સુધી ગાળો ન દેનારો ગાળો કેમ દેવા લાગ્યો? આજ સુધી શાંત રહેનારો અશાંત કેમ થયો? આજ સુધી મીઠું મધુર બોલનારો હવે આગ કેમ કાઢે છે? આનો તમે મનમાં વિચાર કર્યો છે? અતિવૃષ્ટિ થઈ હતી. પાક નાશ પામ્યો હતો. સરકારે મહેસુલ માફ કરવું એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રચંડ ચળવળ શરૂ થઈ. થોડી ફત્તેહ પણ મળી. પણ સરકાર તો પારકી છે એમ માનો. પણ તમે-અમે તો આપણા લોકોના જ છીએ ને ? આ વરસે તો ખેડૂતો ઉપર જપ્તી વગેરે ન લઈ જવી જોઈએ, તેમને ત્યાં હરાજી ન કરવી જોઈએ, તેમની આબરૂ સાવ ધૂળભેગી ન કરવી જોઈએ એમ નહોતું વિચારવું જોઈતું ? પણ હરસાલના કરતાં આ વરસે વધારે ફરિયાદો. વધારે જપ્તીઓ. આ વરસે વધારે હરાજીઓ. માબહેનો આવીને મારી આગળ રડી પડે છે. ગામેગામથી સેંકડો ખેડૂતોની કરુણકથાઓ મારી પાસે લખાઈને આવી છે. તેમની સ્ત્રીઓનાં અપમાન થયાં છે. પેલે ગામ ખેડૂત ખેતરમાં ગયો હતો. તેની સ્ત્રી ઘેર હતી. પારણામાં નાનું બાળક હતું. તે સ્ત્રીએ કહ્યું: 'એમને ઘેર આવવા દો.' શાહુકારના ગુમાસ્તાએ કહ્યું: 'તું જા બોલાવી લાવ.' તે બોલી, 'ભાઈ, પારણામાં છોકરું બીમાર છે.' તો પેલો માતેલો ગુમાસ્તો બોલ્યો, 'છો મરે છોકરું. જા તેને બોલાવી લાવ.' તે બાઈ બાળકને લઈને બહાર નીકળી. તાપમાં પાલવની નીચે તે કળીને લઈને ઉઘાડે પગે તે માતા ચાલી. ગુમાસ્તો ઘરને તાળું વાસીને ચાલ્યો ગયો. આ કેવી વાતો છે ? આ જૂઠી નથી. આવી તો કેટલી યે વાતો છે. ખેડૂતોનાં છોકરાં ભલે મરે, અને તમારાં જ જીવવાં જોઈએ એમ ? ખેડૂતો ક્યાં સુધી ધીરજ રાખીને બસે ? કહે છે કે અમારાં ખેતર કાપી નાખવા માંડ્યાં. તો પછી તેણે ઘરમાં ભૂખ્યાં જ મરવું ? એ ખેતર મૂળ કોનાં હતાં ? આજે કોનાં થયાં ? રાતદહાડો મરે છે. રણનું નંદનવન બનાવે છે. તેને ખાવાનું રહે છે કે નહિ તે કદી જુઓ છો કે ? આ વરસે તો તમારા જેવા ખાદી પહેરનારા શાહુકારોએ તો જપ્તીવોરંટ ફરિયાદ, હરાજી નહોતાં કરાવવાં ? તમારે બીજાને દાખલો બેસાડવો જોઈતો હતો. તમારે બીજા શાહુકારોને સંબોધીને એવી પત્રિકાઓ કાઢવી જોઈતી હતી. મને ઉપદેશ કરવા આવ્યા છો ? ખેડૂતોએ ખેતર કાપવા માંડતાં જ તમને તેમાં હિંસા દેખાવા લાગી. તેમનાં બાળબચ્ચાં ભૂખ્યાં મરે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં હિંસા નથી કે ? તમે વિરાટ હિંસા વાવી તેનાં આ ફળ છે. ખેડૂતોને હિંસક ન કહેશો. આટલા બધા દિવસ તે શાંત કેમ રહ્યો, હજી પણ સળગી કેમ ઊઠતો નથી તે જુઓ અને તેને અહિંસાનું પ્રમાણપત્ર આપો. આપણે બધાએ એ કિસાનોને ચરણે બેસીને શાંતિના પાઠ શીખવાના છે. ઢીંચણ જેટલા કાદવ અને કાંટામાંથી જાય છે. ટાઢમાં કે તાપમાં ખેતરમાં અને ખળામાં વાસો જાય છે. નથી જોતો સાપ કે નથી જોતો વીંછી. અને આટલું કરીને યે ઘરમાં ધાન નથી, લૂગડું નથી. છોકરાં માંદાં અને ભૂખ્યાં. બૈરીના શરીર ઉપર સોનાની રતી પણ નથી, પૂરું લૂગડું યે નથી. અને તો યે શાહુકાર આવી ચડે તો તેને આદરપૂર્વક ગોદડી પાથરી આપે છે. આવા ખેડૂતને પગે પડો. તેની પાસે અહિંસા શીખો અને કહો: 'આજ સુધી અમે રાક્ષસ હતા, હિંસક હતા, તમારું લોહી ચૂસી ચૂસીને તમને માર્યા. હવે પછી આવું પાપ નહિ કરીએ. ખેડૂતબાપા, અમને માફ કર.' ખેડૂતની ક્ષમાવૃત્તિને કંઈ સીમા છે કે નહિ ? આજે ખાદી ધારણ કરીને તમે તમારી લૂંટ અકબંધ રાખવા માગો છો. ખાદીનું બખતર પહેરીને તમારી શોષણ-વૃત્તિને અમર કરવા માગો છો. પણ સત્ય બહાર તરી આવશે. ખાદી એટલે ગરીબોનું સ્મરણ. તમને તેવું સ્મરણ થાય છે? તમને તેમનું મરણ દેખાય છે? ગાંધીજીએ એક વાર નરકેસરી બે. અભ્યંકરને કહેલું, 'અભ્યંકર, તમને હજી પેટ ભરીને ખાવાનું મળે છે. જે દિવસે તમને પેટ ભરીને પણ ખાવાનું નહિ મળે તો યે તમે દરિદ્રનારાયણની સેવા કર્યા જ કરો છો એવું હું સાંભળીશ, તે દિવસે હું આનંદથી નાચી ઊઠીશ.' તમે ગાંધીજીના હોવાનો દાવો કરો છો, પણ તેવી તમારી તૈયારી છે કે? ગાંધીજી એટલે યજ્ઞકુંડ છે. ત્યાં યજ્ઞ કરવો પડે છે. દરિદ્રનારાયણને ખાતર બંગલાનો યજ્ઞ કરવો પડે છે. ખાદીનું ગાદી સાથે નહિ બને. કિસાનોની આવી દુર્દશા છે, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામદારોની પણ એવી જ છે. આ ત્રિંબકરાવ કામદારો વિશે વાત કરે છે. તેમને કહો કે કામદારોની ચાલીઓમાં જે કૂવો છે તેમાં કેટલાં જીવડાં પડ્યાં છે તે જરા જોઈ આવો. એમને જ્યારે એ કૂવો સમારવાનું કહેવામાં આવ્યું ત્યારે કહેવા લાગ્યા કે અમે થોડાં જ કંઈ બંધાએલા છીએ? ત્યારે તમે કામદારોને નીચોવી કાઢવા બંધાએલા છો ખરું ને? પેલે દહાડે પેલા એક કામદારે માસ્તરની પગચંપી ન કરી એટલે એને કાઢી મૂકવામાં આવ્યો. સ્ત્રીઓ પાસેથી સુંવાળી સેવાઓ તો હમેશાં લેવાય છે. પરમદિવસે પેલા વીસ વર્ષથી કામ કરનારને કાઢી મૂક્યો; કારણ કે તે યુનિયનનું કામ કરતો હતો. તેણે જવું ક્યાં? તમારા કરતાં તો પારકી સરકાર સારી. તે થોડું પેન્શન, પ્રોવિડન્ડ ફંડ આપે છે. પણ તમો શેઠ લોકોને તો તમારી ઝેરી લહેર એટલે બધું આવી ગયું. લહેરમાં આવે તો કામદારને કાઢી મૂકો. લહેરમાં આવે તો ખેડૂતને કાઢી મૂકો. તમારી આ લહેરને કોણ સાચવે? લાખો લોકોનાં જીવન તમારી લહેર ઉપર લટકતાં રાખવાં, એમ? નિશાળોમાં પણ એ જ ગુલામી છે. કંઈક કરીશ તો માફી બંધ કરીશું. નિશાળમાંથી હાંકી મૂકીશું. છોકરાં એટલે જાણે મેંઢાંબકરાં. છોકરાંને મન જેવું કંઈ છે કે નહિ? કહે છે કે તેમને પોતાને કંઈ અક્કલ જ નથી હોતી. જેમ હાંકીએ તેમ હંકાય, તો તમે કહો છો તે તરફ કેમ જતા નથી? બાળકોનાં મન નિર્મળ હોય છે તેમને વધારે સારું દેખાય એટલે તરત જ તે તરફ જાય છે. ઘણી વાર છોકરાં જ વધારે સમજુ હોય છે. ઉંમરે પહોંચેલા તો ખાઈબેઠેલા હોય છે. નાનાં બાળકોને ઈશ્વર તરત જ મળે છે. સત્યના સૂર્યનો પ્રકાશ તેમના ઉપર જલદીથી પડે છે. વિદ્યાર્થીઓએ રાજકારણમાં ભાગ લેવો કે નહિ એવી ચર્ચાઓ તો અમારા કમનસીબ દેશમાં જ ચાલે છે. ગુલામ રાષ્ટ્રમાં તો બધાનું એક જ કામ છે કે ગુલામી દૂર કરવામાં મદદ કરવી. મિત્રો, પોતાનો દામ સાચો કરો. આપણે મોટા માણસો જ હિંસક છીએ. શ્રમજીવી જનતા તો અહિંસક છે. હજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી તો અહિંસક છે જ. પણ તેમની અહિંસાની બેહદ કસોટી કરશો તો છેતરાશો. પેલો ઋણરાહતનો નાનો કાયદો આવવાનો છે, તેનો તમે વિરોધ કરો છો. નાનકડો ખેડૂત કાયદો—સાંથનો કાયદો થવાનો છે તેનો પણ તમે વિરોધ કરો છો. કામદારો પ્રત્યે જરા માણસાઈ બતાવવાની આવે તેમાં યે તમારો વિરોધ; જો આમ જ ચાલવાનું હોય તો ચેતજો. અસંતોષનો અગ્નિ તમને સ્વાહા કર્યા વિના નહિ રહે. ગાંધીજી જેવો યુગપુરુષ આજે એ દાવાનળને થોભાવી રાખે છે, પરંતુ તેમણે પણ એક વાર એક જમીનદારને કહેલું કે—'તમારું જીવન યા મરણ એ તમારા કાર્ય ઉપર અવલંબેલું છે.' સર્વોદય થાય, બધા હળીમળીને સુખે રહે, બધાએ થોડો થોડો ઘસારો વેઠીને મહાન ઇમારત ઊભી રાખે એમ તે મહાપુરુષને લાગે છે. કિસાન કામદારો તો ઘસાતા જ જાય છે. હવે તમે પથરા જરા ઘસાઓ, પલળો. તમે જો જમાનાને ઓળખીને નહિ ચાલો તો મરશો. ગાંધીજી કહે છે 'તમે પૂંજીપતિઓ ગરીબોના ટ્રસ્ટી બનો.' ટ્રસ્ટી એટલે નાગદેવ નહિ. કિસાનો અને કામદારો જે કંઈ આશરો માગે તે તેમને વગર આનાકાનીએ આપવો એ જ તેનો ખરો અર્થ છે. તમે મને કહેવા આવ્યા એ તો સારું. મારા જીવનમાં સંપૂર્ણ અહિંસા અનન્ત જન્મ પછી આવશે. તે આવે એવી મારી ઇચ્છા છે. મારા મોંમાંથી કઠોર શબ્દ નીકળે છે, ધીરગંભીર શાંત પર્વત પણ કોઈ કોઈ વાર જ્વાળામુખી થઈને આગ વરસાવે છે, તો પછી અમારા જેવાની તો વાત જ શી કરવી ? કિસાન અને કામદારોનો પક્ષ લેતાં મારા મોઢામાંથી ગુસ્સાના બોલ નીકળે તો પરમેશ્વર મારા ઉપર ક્રોધે ભરાશે એવું મને લાગતું નથી. તેવા બોલ ન નીકળી જાય તેવો હું પ્રયત્ન કરીશ. બીજું તો શું કહું ?"

તે માણસો ઊઠી ગયા. મુકુંદરાવે પ્રણામ કર્યા. બારણું વાસીને તે પાછા પોતાના કામળા ઉપર આવીને બેઠા. તે ઊભા થયા અને બારીની પાસે ઊભા રહ્યા. તે કોના તરફ જોતા હતા ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમની આંખોમાંથી આંસુ વહેવા માંડ્યાં. તેમના આંસુનું પૂર રોકાતું નહોતું. દગડૂશેઠ જેવા મને સત્ય અને અહિંસાનો ઉપદેશ કરે? ખરું ખોટું કરવામાં રીઢા થઈ ગયેલા લોકો મને હિંસક ઠરાવે? પણ મારે અભિમાન શું કામ કરવું? હું તેમના તરફ શું કામ જોઉં? મારે પોતે જ આત્મશુદ્ધિ કરવી જોઈએ. તેમના મનમાં કેટલા બધા વિચાર ઊઠતા હતા. ચોમાસામાં પર્વત ઉપરથી જેમ સેંકડો પ્રવાહ વહે છે તેવા મુકુંદરાવ દેખાતા હતા, પણ તે શાંત પડ્યા. તે ફરીથી રેંટિયા ઉપર કાંતવા બેઠા. તે કેટલો વખત કાંતતા બેઠા તેનું તેમને ભાન ન રહ્યું. સૂર્ય આથમી ગયો હતો, તેનો લાલ રંગ બધે ફેલાયો હતો. ઓરડીમાં જરાક સૌમ્ય પ્રકાશ પ્રસર્યો હતો. પ્રકાશ ગયો. હવે અંધારું થવા લાગ્યું. મુકુંદરાવ અંધારામાં પ્રકાશ દેનારી પ્રાર્થના બોલવા લાગ્યા. એક અભંગમાં તે તલ્લીન થઈ ગયા.

एसें भाग्य कधीं लाहता होईन ।
अवघें देखे जन ब्रह्मरूप ॥
मग तया सुखा अंत नाहीं पार ।
आनंदे सागर हेलावती ॥

આ ચરણ તે ગાતા હતા. ચરાચર માત્રમાં માંગલ્ય જોવાની ઝંખના તે ઉદ્ગારોમાં પ્રકટ થતી હતી. મુકુંદરાવના અવાજમાંથી પણ તેની પ્રતીતિ થતી હતી.

બારણું ઉઘાડીને પેલા બે જણ કોણ અંદર આવ્યા છે? આમ ચોરની જેમ કેમ ઊભા છે? તેમની આંખો આવી કેમ છે? તેમના હાથમાં પેલું શું છે? તે મારાઓ છે? મુકુંદરાવની ઉપર મારાઓ? પ્રેમ ઉપર મારાઓ?

એક અભંગ ઉપરથી મુકુંદરાવ બીજા અભંગ ઉપર ગયા. તેમને બીજું એક મધુર ચરણ યાદ આવ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तुझी करीन भावना। परोपरीं नारायणा ॥
आपण बसूं एकेठायीं । तुझें पाप माझी कोई ॥

જુદા જુદા અભંગોમાંનું જુદું જુદું ચરણ હતું. પણ એક જ ભાવનાનું, તેમને પ્રિય એવું તે ગાતા હતા અને ડોલતા હતા. પેલા બે જણ એકદમ આગળ વધ્યા. તેમણે મુકુંદરાવને નીચે પાડ્યા, એક જણ છાતી ઉપર ચડી બેઠો. બીજાએ મોઢું દાબી રાખ્યું. મુકુંદરાવે આ પ્રેમળ ભાવથી જોયું. તેઓ એકમેક તરફ કેટલા વખત સુધી જોતા હતા. છેવટે મુકુંદરાવની આંખમાંની પ્રેમશક્તિને લીધે છાતી ઉપરનો યુવક પીગળ્યો. મોઢું દાબનાર પણ પીગળ્યો. તે બંને જણ દૂર ખસી ગયા.

"મને મારવો છે? તેમ કરવાથી દુનિયાનું કલ્યાણ થવાનું હોય તો ખુશીથી મારો. અચકાશો નહિ. મારા દેહનું સાર્થક્ય થશે." મુકુંદરાવે શાંતિથી કહ્યું.

"અમે હજી પૂરેપૂરા હેવાન નથી બન્યા. શું કરીએ, હજી અમે હિંદુઓ જ છીએ." એક યુવક બોલ્યો.

"એટલે શું?" મુકુંદરાવે પૂછ્યું.

"અમે બેધડક છરા ભોંકી શકીએ એમ થવું જોઈએ. લાઠી મારી શકીએ એમ થવું જોઈએ. નહિ તો હિંદુઓનું સંગઠન થવાનું નથી. મુસલમાન ચડી વાગ્યા છે. હિંદુઓએ પણ બળવાન બનવું જોઈએ." બીજો યુવક બોલ્યો.

"પણ તમારે તો હેવાન થવું છે! તમારે હેવાનોનું સંગઠન કરવું છે કે હિંદુઓનું? હજી તમે હિંદુ છો, તે હિંદુત્વ તમારે ભૂલી જવું છે? પોતાના સદ્‌ગુણો જ ગુમાવવા છે?" મુકુંદરાવે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મુસલમાનો ઉપર અમને ચીડ ચડે છે. તેઓ અમારી સ્ત્રીઓને નસાડે છે અને તેમની લાજ લૂંટે છે." એક યુવક બોલ્યો.

"પંઢરપુરના અનાથાશ્રમમાં જાઓ એટલે આ બાબતમાં હિંદુઓ પણ કેટલા પરાક્રમી છે તે દેખાશે. મિત્રો, કોઈ આખી કોમ જ ખરાબ હોય છે? જેઓ ખરાબ હોય છે તેમને ખરાબ કહો. બધાને ખરાબ ન કહો. મુસલમાનોમાં પણ ભલા લોકો છે. તેમનામાં માણસાઈ છે. મહાયુદ્ધમાં દુશ્મનના માણસો સાથે સારામાં સારું વર્તન તો માત્ર તુર્કસ્તાને જ રાખેલું એવો યુરોપે અભિપ્રાય આપ્યો છે. ગામડાંઓમાં તેમની સાથે કેવા મીઠા સંબંધો છે. મુસલમાન મા–બહેનો દળતાં દળતાં ગંગા–જમનાનાં ગીત ગાય છે. મક્કા–મદિનાનાં નહિ. કેટલાક બેકાર ગુંડાઓ અને નોકરી માટે તલસતા લોકો જ ઝઘડા ઊભા કરે છે. આ ઝઘડા કંઈ હિંદુ અને મુસલમાન વચ્ચે જ છે એવું નથી. બ્રાહ્મણ બ્રાહ્મણેતર વચ્ચે પણ છે. એ બધા નોકરીઓના ઝઘડા છે. ગુલામીને લીધે બીજા બધા પુરુષાર્થ બંધ પડ્યા છે. સ્વરાજ્ય એક વાર આવશે એટલે અનંત કર્મક્ષેત્રો ખુલ્લાં થશે. ઝઘડા એમની મેળે જ બંધ પડશે. આપણે એ સ્વરાજ્ય ઉપર એકાગ્ર થવું જોઈએ. અર્જુને કહેલું છે કે, 'પક્ષીની ડોક અને તીરનું અણિયું એ સિવાય મને બીજું કંઈ દેખાતું નથી.' આપણું પણ એમ જ થવું જોઈએ. આપણી બધી ચળવળની નેમ પ્રથમ તો પરસત્તા મટાડવાની હોવી જોઈએ. હિંદુ–મુસલમાનોએ પેટ ભરીને ઝઘડવું હોય તો સ્વરાજ્ય આજે નહિ આવે. તમને થોડા ઝઘડવા દેવામાં આવે છે અને પછી સામ્રાજ્યવાદનું લશ્કર બંનેને મારવા માટે આવે છે. ઝઘડવા માટે પણ પ્રથમ સ્વતંત્ર થવું જોઈએ; અને સ્વતંત્ર થઈશું એટલે ઝઘડા બંધ પડશે. આજે અંધારામાં ઝઘડીએ છીએ, સ્વતંત્રતાનો પ્રકાશ આવશે એટલે આનંદ થશે. અને દોસ્તો, ધર્મના પાયા ઉપર સંઘટન થઈ શકતું નથી. હિંદુ અને મુસલમાન જમીનદારો તો ભેગા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ થઈ જાય છે. હિંદુ અને મુસલમાન ખાતેદારો ભેગા થઈ જાય છે. જેમનો અર્થ-ધર્મ સમાન છે તે જ છેવટે એક થઈ જાય છે. ચીન અને જાપાનનો એક જ ધર્મ છે, પણ તેમનો આર્થિક ધર્મ એક નથી. તેથી તો ત્યાં હત્યાકાંડ ચાલે છે. ગરીબોનો પક્ષ લો. પછી તે ગરીબ ગમે તે હોય, ભગવદ્‌ગીતાએ સ્વજન અને પર-જનોનો ભેદ નથી પાડ્યો. તેણે સુજન અને દુર્જનનો ભેદ પાડ્યો છે. બધા સુજનો એક થાય. પછી તેમાં હિંદુ યે આવે અને મુસ-લમાને ય આવે. દીનબંધુ એન્ડ્રુઝ પણ આવશે. આવી શાસ્ત્રીય દૃષ્ટિ કેળવો. ભારતમાતાની મહત્તા ઓળખો. પારકી સત્તા આપણામાં ભેદ પાડે છે. આપણે પણ જો એમ જ કરીશું તો આપણે પણ સ્વદેશને ગુમાવી બેસીશું. હિંદુસ્તાનમાંના કેટલાક અરાષ્ટ્રીય મુસલ-માનોને મિસર પેલેસ્ટાઇન વગેરે દેશોના આગેવાનો હસે છે. હિંદુ-સ્તાનમાંના મુસલમાનો પણ શહીદ થયા છે. સામ્યવાદી મુસલમાનોને કાળા પાણીએ મોકલવામાં આવે છે. અહરારો કેવળ રાષ્ટ્રીય જ છે. સરહદના પ્રાંતમાં રાષ્ટ્રીયતા જ ગાજે છે. સત્યાગ્રહની પાછલી એક લડતમાં એકલા સરહદ પ્રાંતમાંથી જ પંદર હજાર ઉપર સત્યાગ્રહીઓ જેલમાં ગયેલા. તેમના ઉપર તો આપણા ઉપર નહિ થયો હોય તેટલો અત્યાચાર થયેલો. તેઓ પણ જાગ્યા છે. મુસલમાનો હવે આ દેશના જ વાસી છે. આપણે સેંકડો વર્ષ લડીને સુંદર સંબંધ પેદા કરતા હતા. ભારતવર્ષનું મહાન ધ્યેય સિદ્ધ કરવા માગતા હતા. પણ એવામાં દૂર દેશની પારકી સત્તા આવી; અને ધ્યેય દૂર જતું રહ્યું. તે ધ્યેય પ્રાપ્ત કરવા માટે ફરીથી સજ્જ થઈએ. બધા જ મુસલમાન જો ખરાબ હોય તો આપણે જ ખરાબ છીએ એવું સાબિત થાય. આપણામાંથી જ ઘણા એ ધર્મમાં ગયેલા છે. કોંકણમાં ગોડબોલે, તાંબે એવી તેમનામાં પણ અટકો છે. ઇતિહાસમાંના માંગલ્યને લઈને આગળ ધપીએ. હૈદર હિંદુઓનો દશેરાનો ઉત્સવ ઊજવતો. ગાયકવાડ મુસલમાનોના તાજીઆ બેસાડે. આવો પ્રયોગ આપણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતી ય જ છે. ટિપૂ હિંદુઓના દેવોની માનતા માનતો અને હિંદુઓ મુસલમાન સંતોની કબરો આગળ માનતાઓ માને છે. આવો આપણો પ્રયોગ છે. પૂર્વજોનો આ પ્રયોગ આપણે શ્રદ્ધાપૂર્વક આગળ ચલાવીએ. કેટલાક મુસલમાનો ખરાબ છે તેથી આપણે પણ ખરાબ થવું ? બીજો છોકરો અભ્યાસ ન કરતો હોય તેથી કોઈ પિતા પોતાના છોકરાને પણ અભ્યાસ ન કરવાનું કહે છે કે ? બીજો ખરાબ હોય તો પણ તું સારો રહે. તું યે જો ખરાબ થઈશ તો બે ખરાબ થશે. તે પશુ અને તું પણ પશુ. પશુપતિ કોણ થાય ? પશુતામાંથી મનુષ્ય તરફ જવાનું છે. તમે તો ફરીથી પશુતાને વરવા માગો છો. ના. એવું ન કરો. હું શું કરું ? હું ક્ષુદ્ર છું. આ નાનકડા હૃદયમાં આગ સળગે છે મિત્રો—! ”

મુકુંદરાવ અટક્યા. તેમનાથી બોલાતું નહોતું. “ અમને કોઈ કહેતું નથી. અમારા અભ્યાસી મંડળમાં મુસલમાનોના અત્યાચારની વર્તમાનપત્રોમાંની કાપલીઓ જ માત્ર વાંચવામાં આવે છે. ” એક જણે કહ્યું.

“તમે આવા અંધ ન બનશો. બુદ્ધિની આંખ ન મીંચશો. આપણી પ્રાર્થના તો એવી હોય છે કે મારી બુદ્ધિ સૂર્યની જેમ સ્વચ્છ અને નિર્મળ થાઓ. આપણો ગાયત્રીમંત્ર પણ આવો જ હોય છે. બુદ્ધિને જ જો હણીશું તો પછી વેદધર્મ ક્યાં રહ્યો ? વેદધર્મ એટલે વિચારધર્મ, વ્યાપક વિચાર ઉપર ઊભો થયેલો ધર્મ. વિચાર વિકસતો જ રહે છે. મારો ધર્મ પણ નવા વિચારો ગ્રહણ કરીને વિકસશે. મહાન થાઓ. દુનિયામાંના વધારેમાં વધારે પ્રગતિશીલ વિચારો હૃદયમાં ધારણ કરો. ” મુકુંદરાવે કહ્યું.

“ હૈદરાબાદ સત્યાગ્રહ એ ગેરવ્યાજબી હતો ? ” બીજાએ પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અરે ભાઈ, પ્રથમ ઓછા ગૂંચવાડાવાળા રાજ્યમાં પ્રયોગ કરીએ. જે રાજ્યોમાં પહેલેથી જ સેંકડો સત્યાગ્રહીઓએ પ્રચાર કર્યો છે, જે રાજ્યો નાનાં, એક જથામાં છે, જ્યાં એક જ ભાષા છે ત્યાં ચળવળ કરવી જોઈએ. આ ચળવળની અસર બીજાં મોટાં રાજ્યો ઉપર થાય છે. માથામાંની જટાઓ છૂટી પાડવી હોય તો સ્ત્રીઓ થોડા થોડા વાળ હાથમાં લઈને નીચેથી ધીમેધીમે કાંસકી ફેરવે છે. એકદમ ઉપરથી કાંસકી ફેરવતાં નથી. નાની ગૂંચો પહેલી ઉકેલીએ. પછી મોટી ગાંઠ જરા ઢીલી પડશે. નિઝામના રાજ્યમાં મરાઠી, તેલુગૂ, તામીલ, કાનડી અને ઉર્દૂ એમ પાંચ ભાષાઓ છે. અત્યાર સુધી ત્યાં કંઈ પ્રચાર નથી થયો. ગામડાં સાથે સંપર્ક નથી થયો. તેથી ગાંધીજીએ કહ્યું કે 'રચનાત્મક કાર્યક્રમ કરો, ખાદી લઈને ગામડાંઓમાં ફરો, સફાઈકામ કરો અને પ્રૌઢ શિક્ષણનો પ્રચાર કરો.' આને લીધે આમવર્ગ સાથે સંબંધ બંધાય છે. તેમનામાં વિચારોનો પ્રચાર થાય છે. ચેતન આવવા માંડે છે. તમને હૈદરાબાદ–સત્યાગ્રહ જોઈતો હતો, પણ કોલ્હાપુર–સત્યાગ્રહ શરૂ થયો ત્યારે તમે નિષેધદર્શક તાર કર્યા કે છત્રપતિના રાજ્યમાં સત્યાગ્રહ નહિ થવો જોઈએ. આનો શો અર્થ ? તમે કેવળ અન્યાયની સામે નથી. અમે તો ગમે તે અન્યાય કરે તેને દૂર કરવા ઇચ્છીએ છીએ. કહે છે કે ગાંધીજીએ રાજકોટમાં આમરણ ઉપવાસ કર્યા. એ મહાપુરુષને કંઈ આસક્તિ છે ? તેમને હવે ક્યાં યે મોહ રહ્યો નથી. આંધ્ર પ્રાંતમાં પ્રવાસ કરતા હતા ત્યારે એક ચિત્રકારે તેમને તેમના હસ્તાક્ષરવાળી છબિ આપી. ગાંધીજીએ કહ્યું, "આને ક્યાં ટિંગાડું ? મારા દેહનું ખોળિયું જ હવે મને ભારરૂપ લાગવા માંડયું છે. આ છબિ ક્યાં ટિંગાડું ?" તુકારામ મહારાજે કહ્યું હતું કેઃ—

उद्योगाची थांव बैसली आसनीं ।
पडलें नारायणीं मोटळें हें ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ આ દેહ હવે પરમેશ્વરને ચરણે પડે, દરિદ્રનારાયણની સેવા કરતાં કરતાં પડે એમ જેને લાગે છે, તેને આસક્તિ કેવી? અરે, જેણે હિંદુસ્તાનનું મસ્તક ઉન્નત કર્યું, હિંદુસ્તાનમાં મનુષ્યો વસે છે એમ દુનિયાને બતાવ્યું, લાખો બેકારોને કામ આપ્યું, કેળવણીની નવી દિશા બતાવી, રાષ્ટ્રભાષાને ઉત્તેજન આપ્યું, હરિજનોને અપનાવ્યા, સ્ત્રીઓનો આત્મા જાગ્રત કર્યો, ગામડાંઓમાં ચેતન રેડ્યું. તેના ઉપકારોની કેટલી વાત કરીએ? આપણી ચામડીના જોડા સિવડાવી તેને પગે પહેરાવીએ તો યે એ ઋણ ફીટવાનું નથી. પૂજ્ય વિભૂતિની પૂજા ન કરવાથી આપણું શ્રેય દૂર જાય છે. મિત્રો, મોટા મનના થાઓ. પામરતા છોડો. પ્રાંતિક ભેદ છોડો. ભારતવર્ષમાં ક્યાં યે નેતા હોય તો તે આપણો જ નેતા છે. આખો ભારત દેશ મારો—હું કેટલું કહું!"

મુકુંદરાવ ફરીથી શાંત રહ્યા. પણ તેમને ફરીથી ઉમળકો આવ્યો અને તે બોલ્યા: "અમારા તો ભાષાના પણ ઝઘડા. હિંદી સંસ્કૃતપ્રચૂર જોઈએ કે ઉર્દૂ શબ્દોવાળી જોઈએ. ભલા આદમી, સામો આદમી સમજે એવી જોઈએ. સરહદ પ્રાંતમાં જાઓ તો ઉર્દૂ વધારે વાપરો. ગંગાતટે ઓછી વાપરો. બહુ જનસમાજને તો ઉર્દૂપ્રચૂર કે સંસ્કૃતપ્રચૂર બંને સમજાવાની નથી. પરમેશ્વરે હાસ્ય અને અશ્રુની વિશ્વવ્યાપી ભાષા પેદા કરી છે. અશ્રુએ નથી ઉર્દૂ કે નથી સંસ્કૃત. હાસ્ય લૅટિન નથી કે ગ્રીક નથી. આપણો દેશ વિશાળ છે. ચાળીસ કરોડનો. બેચાર ભાષાઓ શીખો. જુદી જુદી ભાષાઓના શબ્દો શીખો. બે લિપિઓ પહેલાં હતી કે નહિ? ભલે રહી. આપણો ઘરસંસાર મોટો છે. અભિમાન હોય તો મોટું કુટુંબ ચાલે નહિ. આપણે સંયુક્ત કુટુંબપદ્ધતિનો પ્રયોગ કરીએ છીએ. બધા પ્રાન્તો એટલે ભાઈઓ, બધા ભેગા જ રહીશું. ભાઈભાઈ વચ્ચે જે મેળ રાખે તે મોટો. તેમાં ઓછું કંઈ નથી. તેમાં શરણાગતિ જેવું પણ નથી. ઈંગ્લેંડમાં પ્રતિનિધિમંડળો મોકલ્યા કરવાં એમાં જ અલ્પતા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની આપણને શરમ આવવી જોઈએ. જેઓ મારા દેશમાં વસ્યા છે તેમની સાથે ફરી ફરીને બોલવુંચાલવું એમાં અલ્પતા તે શું છે?"

પેલા બંને યુવકો સાંભળતા હતા. બંને જેમ ટેવું પલળે તેમ પલળ્યા. મુકુંદરાવે ફરીથી કહ્યું, "તમે કવાયત કરો. સીધા ઊભા રહો. શિસ્ત વધારો. શરીર કસો. પણ બુદ્ધિને કોમીદ્વેષથી પોષશો નહિ. તમારામાંના કેટલાક 'તું મનુષ્ય છે કે મુસલમાન છે' એવો શબ્દ-પ્રયોગ કરવા લાગ્યા છે. 'મનુષ્ય છે કે જાનવર છે' એમ કહેવાને બદલે આવો પ્રયોગ કરે છે! અલ્યા, બધા જ મુસલમાનો જાનવરો છે કે? કેટલો દ્વેષ, કેટલો અધઃપાત! તમે યુવકો છો. નિર્મળ મનના અને નિર્મળ દિલના. આ બધા લેપ ફગાવી દઈને નવભારતનું ઉજ્જવલ ભવિષ્ય નજર સામે રાખીને ઊભા રહો."

પેલા યુવકો પ્રણામ કરીને ઊઠયા. મુકુંદરાવે તેમના વાંસા ઉપર હાથ ફેરવ્યો. જતી વખતે કોઈ બોલ્યું નહિ. તેમણે મુકુંદરાવ તરફ જોયું અને મુકુંદરાવે તેમના તરફ જોયું. વિચારોને લીધે મસ્તકને વિનમ્ર કરીને જીવનથી ભરેલા મેઘની જેમ તેઓ તરબોળ થઈ ગયા. મુકુંદરાવ બહાર આવીને અનંત આકાશની નીચે ઉચ્ચ વિચાર અને ઊંચી ભાવનાઓમાં તરબોળ થઈને ઊભા રહ્યા હતા. તેમને થયું કે આજનો દિવસ અમર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨ રામદાસ ગિરફતાર

માયા અને રામદાસનો સુખનો નવો ઘરસંસાર શરૂ થયો હતો. રામપુરમાંની પોતાની હવેલીને રામદાસે સાર્વજનિક દવાખાનામાં ફેરવી નાખી. તે એક સુંદર સંસ્થા થઈ. સંસ્થા માટે તેણે કાયમી ફંડ પણ કરી મૂક્યું. સંસ્થા તરફથી એક ફરતો દાક્તર રાખવામાં આવ્યો હતો. તેને રવિવારે છુટ્ટી મળતી. બાકીના છ દિવસ તેને ગામડાંઓમાં રખડવાનું અને મફત દવાઓ આપવાની. ખેડૂતોને મોટી મદદ મળી. દીનબંધુ રામદાસને દુવાઓ મળવા લાગી.

રામદાસ પોતે ગામડાંઓમાં ફરતો. ખેડૂતોનાં સુખદુઃખોની તપાસ રાખતો. તે તેમનું સંગઠન કરતો હતો. ગામેગામ અસ્પૃશ્યતાનિવારણનું કામ કરતો હતો. ગામોમાંની પક્ષાપક્ષી દૂર કરતો હતો. તે કોઈ એક ગામે જઈ ચડતો. આગેવાનોને ભેગા કરતો. તેમની નાની નાની તકરારો સાંભળી લેતો. તેમની સાથે ખુલ્લા દિલથી વાત કરતો, ચર્ચા કરતો. સૂતર કાંતવાનું કહેતો. ઘેરઘેર જઈને માબહેનો સાથે વાત કરતો, નિશાળમાં જઈને છોકરાઓને એકાદ વાર્તા કહેતો. ક્યાંક કૂવો સમરાવી આપતો. ક્યાંક ગામમાંના લોકોમાં સ્વમાન અને સહકારવૃત્તિ પેદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીને તેમની પાસે રસ્તા સુધરાવતો. કોઈ કોઈ વાર તેની સાથે માયા પણ જતી. માયાની આસપાસ છોકરીઓ ભેગી થતી. તે તેમને એકાદ ચિત્ર દોરી તેમને હસાવતી. એક વખત એક જગાએ એક ડોશી ઘંટીએ દળતી હતી. રામદાસ ચોરામાં આગેવાનો સાથે વાતો કરતો હતો. માયા ગામમાં આંટો મારતી હતી. તેણે પેલી ડોશીને દળતી જોઈ. એકલી દળતી હતી. ઘંટી ભારે ફરતી હતી. માયા ત્યાં ગઈ. "હું દળવા લાગું છું. તમે ઓવીઓ ગાઓ" એમ કહીને ખરેખર દળવા લાગી. "ના, મા, તું શું કરવા દળે છે." એમ ડોશીએ કહ્યું. "મારી મા તું છે. મારી મા હજારો માઈલ ઉપર દૂર છે. અહીંની મા તમે જ છો. માને મદદ કરું છું." માયાએ કહ્યું. ડોશી ઓવીઓ ગાવા મંડી. રામસીતાની ઓવીઓ ગાતી હતી. માયા આનંદ લૂંટતી હતી. આજુબાજુની સ્ત્રીઓ જોવા આવી, એટલામાં રામદાસ ત્યાં આવ્યો.

"તને તે કેટલી શોધવી ? મને લાગ્યું કે બંગાળમાં નાસી ગઈ કે શું ?" રામદાસે હસીને કહ્યું.

"ચાલ, રસ્તો ખોદવા." તેણે કહ્યું.

"ચાલો, ખોદી બતાવું" એમ કહીને માયા ઊઠી. ડોશી પણ ઊઠી. માયાના કપાળે પરસેવો બાઝયો હતો. ડોશીએ તે પોતાના પાલવથી લૂછી નાખ્યો.

"તમે દેવલોક છો." તે બોલી.

"ખરા દેવલોક તો તમે જ છો. તમારી પૂજા કરીને, સેવા કરીને અમે પાવન થઈએ છીએ." માયા બોલી.

રામદાસ અને માયા ઊપડયાં. માયાને હસ્તે ગામનો રસ્તો સમારવાને મેળાવડો થવાનો હતો. ગામના જુવાનો ત્યાં ભેગા થયા હતા.

"આ કોદાળી લે અને ચાર ઘા માર." રામદાસે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માયાએ પાલવ બાંધ્યો, કછોટો માર્યો અને કોદાળી લઈને તે ખોદવા લાગી. રસ્તો કઠણ હતો, તે શાનો ખોદાય ?

"બસ કરો હવે. અમે કામ કરીએ છીએ. તિકમથી ખોદવું પડશે." એક યુવક બોલ્યો.

"આ કંઈ રસોડું નથી. અહીં કંઈ કડછી હલાવવાની નથી. ચાલ હવે." રામદાસે કહ્યું.

આવી સુંદર રીતે બંનેનો વખત પસાર થતો હતો. કોઈક વાર માયા ચિત્ર દોરતી બેસતી. તે બંગાળી માસિકોમાં સુંદર ચિત્રો મોકલતી. મરાઠી 'કલા' નામના માસિકમાં પણ તેનાં બે ચિત્રો પ્રસિદ્ધ થયાં હતાં. ગ્રામજીવન વિશે તે કેટલાંક ચિત્રો દોરવા માગતી હતી. રામદાસ કોઈ કોઈ વાર સાયંપ્રાર્થના પછી દિલરુબા બજાવતો. સ્ત્રી-પુરુષો સાંભળવા આવતા. તેમને મજા પડતી. દુઃખ જરા ભુલાઈ જવાતું.

ચોમાસું શરૂ થયું હતું. બંગાળમાં તો અપાર વરસાદ પડે. આ તરફ વરસાદ ઓછો પડે. તો પણ કાદવ બહુ થતો. કાદવમાંથી જતાં કોઈ કોઈ વાર કાંટા વાગતા. તે કાઢી પણ શકાય નહિ. એટલો બધો કાદવ પગ ઉપર બાઝતો. માયા કાદવથી કંટાળતી; પણ ખેડૂતો અને તેમની સ્ત્રીઓ તેમાં કામ કરે છે એ જોઈને માયા શરમાઈ જતી ચોમાસામાં બહુ હરાતુંફરાતું નહિ. તે વખતે માયા સૂતર કાંતતી. રામદાસ ધીમે રહીને પાછળથી આવીને તેની આંખો દાબતો.

"આંખો મીંચીને પણ હું સૂતર કાંતું છું. મને ટેવ છે. શાંતાની આંખો મોહન બહુ દાબે છે. તમે આ મોહનની પાસે શીખ્યા કે શું ?" માયા કહેતી.

"એમાં શીખવાનું શું છે ? આટલી સાદી વાત પણ મને કરતાં નહિ આવડતી હોય ?" રામદાસ કહેતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દિવસ રામદાસ વરસાદમાંથી આવ્યો. નેવાં પડતાં હતાં, તેનું પાણી હાથમાં ઝીલીને તે તેણે માયા ઉપર છાંટ્યું. માયા ચિડાઈ. "આ શું બન્યું? ગાંડા તો નથી થયાને?" તે બોલી. "તું ચિડાય છે એટલે સારું લાગે છે. પણ બહુ ન ચિડાઈશ હં; નહિ તો રસોઈ મારે કરવાની આવે." તે બોલ્યો. માયા એકદમ ગંભીર થઈ. તેનું ધ્યાન ક્યાંક દૂર ગયું. રામદાસ તેના મોં પરનો ફેરફાર જોતો હતો.

"શું થયું માયા?" તેણે પૂછ્યું.

મને પ્રદ્યોત યાદ આવ્યો. એક દિવસ તેણે આવી જ રીતે મારા શરીર ઉપર પાણી છાંટ્યું હતું. મેં તેને કમળની દાંડીથી માર્યો હતો. પ્રદ્યોત ગાંડો છે. તે ગાંડો થયો હશે? દુનિયામાં જે એકનું સુખ છે તે બીજાનું દુઃખ કેમ થતું હશે? એકના એક છોકરાને દુઃખી અને નિરાશ જોઈને અક્ષયકુમારની યે શી દશા થતી હશે? એ પ્રેમળ પિતૃ-હૃદયમાં કેવી વેદના થતી હશે? કોઈક વાર આ બધું યાદ આવે છે એટલે મને દુઃખ થાય છે. હું જન્મી ન હોત તો સારું થાત એમ લાગે છે." માયા બોલી

"માયા, તું મહારાષ્ટ્રમાં આવી તેથી તને ઓછું આવે છે?" રામદાસે પ્રશ્ન પૂછ્યો.

"આવું શું પૂછો છો? તમે પુરુષ બહુ કઠોર હો છો. પ્રદ્યોત યાદ આવ્યો તે પાપ છે કે? હું માણસ નથી? ભાઈ મને યાદ ન આવ્યો હોત કે? ઘરની ઓશરીમાં બધાં આવીને કેવાં બેસે છે? દીવાનખાનામાં પણ કેવા આવીને બેસે છે? ઘરનો કેટલોક ભાગ એવો હોય છે કે જ્યાં બીજું કોઈ આવતું નથી. ત્યાં આવે તો આપણે સહન ન કરીએ. ત્યાં તો કેવળ તમે ને હું, હું ને તમે. ત્યાં આપણું અદ્વૈત." માયા બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામદાસ જરા ખિન્ન અને ગંભીર થઈને ચાલ્યો ગયો. માયા પણ આંસુ પાડતી બેઠી. રામદાસે ધીમેથી આવીને આંખો લૂછી. "શું કરવા લૂછો છો આંખો ? પહેલાં રડાવવી અને પછી આંખો લૂછવી. ખરા પ્રેમનું કોઈ નથી, કોઈ નથી." આટલું કહીને તેને વધારે ડૂસકાં આવ્યાં. તેણે પોતાની ડોક રામદાસને ખભે નાખી. તેણે તેને શાંત પાડી.

વરસાદથી ખેતી થાય છે. વચમાં વચમાં આવાં સરવરિયાં આવે છે અને જીવનમાં મીઠાશ લાવે છે, એક જાતનો સ્વાભાવિક રંગ આવે છે.

માયા મરાઠીનો વધારે અભ્યાસ કરવા લાગી. રામદાસ તેની સાથે વાંચતો તેણે પણ માયાની પાસે બંગાળીનો વધારે પરિચય કરવાનો શરૂ કર્યો. આમ આ સહકાર ચાલતો હતો. જીવનની આમ-રાઈ મહોરતી હતી, પૂર બહારમાં ખીલતી હતી. સંસ્કૃતમાં આમ્ર-વૃક્ષને સહકાર પણ કહે છે ! કેટલું મીઠું નામ છે ! સહકાર વિના શીતળ છાયા નથી મળતી, સુંદર મોર નથી મળતો, રસાળ ફળ નથી મળતાં. તેથી જ સહકારવૃક્ષનાં પાન બધાં ધર્મકાર્યોમાં પવિત્ર ગણીને લાવવામાં આવે છે. જીવનમાં સહકાર કરો એવું જાણે કે આપણા સંસ્કૃતિના સ્થાપકો શીખવવા માગતા હતા.

તે દિવસે રામદાસ બહુ દૂર સુધી ફરી આવ્યો હતો. જમીને તે આડો પડ્યો. પણ તેના પગ ખૂબ બળતા હતા. બધું કામ પર-વારીને માયા આવી અને જોયું તો રામદાસની આંખો ઉઘાડી !

"હમેશાંની જેમ શરીર ઉપર શાલ ઓઢાડવા આવી હતી. આજે ઊંઘ નથી આવતી કે શું ?" તેણે પૂછ્યું.

"ઊંઘમાં હોઉં તો જ શાલ ઓઢાડવી અને જાગતો હોઉં તો નહિ એવો બંગાળી કાયદો છે કે શું ? " તેણે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બંગાળી કાયદો મહારાષ્ટ્રમાં કોણ ચાલવા દે ?" તે બોલી.

"માયા, પગે થોડું દૂધ ચોળે છે ? ખૂબ બળે છે !" તે બોલ્યો.

"ચોળું છું હું" એમ કહીને માયા ગઈ. તે દૂધ લઈ આવી. રામદાસના પગને ખોળામાં લઈને તે દૂધ ચોળવા લાગી.

"દૂધ કેવું ઝડપથી પચી જાય છે ? પગમાં કંઈ પહેર્યું નહોતું કે શું ? પગમાં પહેર્યા વિના જશો નહિ એવું કેટલી યે વાર કહ્યું. પણ બહુ હઠીલા છો તમે." તે બોલી.

"તો પછી મને માર." તે બોલ્યો.

"નાના હોત તો માર્યું હોત." તે બોલી.

"હવે વહેલો જ નાનો થવાનો છું. બીજા ચારપાંચ મહિના પછી. પછી તારા પગ ઉપર આળોટીશ, હાથમાં રમીશ. આ મોટા રામદાસ ઉપર ગુસ્સે થઈ હોઈશ એટલે પેલા નાના રામદાસના ગાલ ઉપર તમાચા પડશે એટલે તે લાલ થશે." રામદાસ બોલ્યો.

"ગમે તેમ બોલો છો." તે બોલી.

"ગમે તેમ નહિ. તદ્દન ખરું છે. પતિ પત્ની ઉપર ગુસ્સે થયો હોય તો તે પણ નાના બાળકોને જ પ્રસાદ આપે છે. પત્ની પતિ ઉપર ગુસ્સે થઈ હોય તો તે પણ તેને જ મારે છે. નાનું બાળક માબાપના ગુસ્સાને શાંત પાડવા વાસ્તે પોતાનું બલિદાન આપતું હોય છે." રામદાસ બોલ્યો.

"હું મારા બાળને કદી આંગળી પણ અડકાડીશ નહિ." માયા બોલી.

"ત્યારે હમેશાં મને જ લેવા કહીશ કે શું ?" તે બોલ્યો.

"હું નહિ મારું અને તમને પણ નહિ મારવા દઉં." તે બોલી.

"મારો હક્ક કેમ છીનવી લે છે ? છોકરા ઉપર ગુસ્સો નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાનો એટલે તારા ઉપર ગુસ્સો કરવાનો હક્ક પણ ગયો એમ ને ?" તેણે પૂછ્યું.

"આપણે કદી પણ એકબીજાના ઉપર ગુસ્સે થવાનું નહિ. આજે સવારે દૂધ પીધા વિના ગુસ્સે થઈને ગયા અને ભટકી આવ્યા. નીકળ્યા ત્યારે પગ ઝાલી રાખવા જોઈતા હતા." તે બોલી.

"ગુસ્સે થવાનું નહિ એમ કહે છે અને હવે તું જ ગુસ્સો કરે છે." તે બોલ્યો.

"ગુસ્સે થઈ હોત તો આમ દૂધ ચોળતી બેઠી હોત કે? ખોળામાં પગ લઈને બેઠી હોત કે? હું દૂધ ચોળું છું તે ગુસ્સે થયેલા માણસનું ચોળવું છે કે પ્રેમળ માણસના હાથનું ચોળવું છે? ખરું કહો હં?" તે બોલી.

"અહીં આવ એટલે કહું છું." તે બોલ્યો.

"હજી આ દૂધ ચોળવાનું છે." તે બોલી.

"જો બોલાવું છું તો આવતી નથી. તું હજી ગુસ્સામાં જ છે." તે બોલ્યો.

"ત્યાંથી જ કહો ને." તે બોલી.

"કાનમાં કહીશ." તે બોલ્યો.

"તે દહાડે કર્યું હતું તેમ કાનમાં મોટેથી કુર્ કરવાના હશો. બહેર મારી જાય છે." તે હસીને બોલી.

"કુર્ નહિ કરું." તે બોલ્યો.

પોતાનો કાન તેના મોં પાસે લઈ જઈને માયાએ કહ્યું: "કહો શું કહેવું છે તે." રામદાસે એકદમ તે મોં પોતાના મોં સાથે અડકાડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શું કહ્યું ?" તેણે પૂછ્યું.

"તમે મહારાષ્ટ્રીય લોકો કાવતરાંબાજ છો. ધૂર્ત અને લબાડ. બધે જ મુત્સદ્દીપણું." તે બોલી.

"મુત્સદ્દીગીરી વિના જે જોઈએ તે મળતું નથી. કાવતરું કરીને તને મારીબારી તો નથી ને ?" તેણે હસીને પૂછ્યું.

"મારી નહિ તો શું ? ખૂબ ગુંગળાવી નાખી. પછી મારવાનું તે શું બાકી રહ્યું ?" તે બોલી.

"પણ આ ગુંગળાવું એ મરણ છે કે જીવન ? કહે. આ ગુંગળાવું એટલે અમૃત પીવું, જીવનમાં પ્રેમને અમર કરવો. તને આ મજા નથી ગમતી ?" તેણે પૂછ્યું.

"બીજું દૂધ ચોળું ?" તેણે પૂછ્યું.

"ના. પછી તારા હાથ દુખવા માંડશે અને મારે તે ચોળવા પડશે." તે બોલ્યો.

"તમારું ચોળવું એટલે જાણે રોટલો ચોળવો. લગાવું કે હજી ? બરાબર કહો." તેણે ફરીથી પૂછ્યું.

"હાથ થાક્યા ન હોય તો લગાડ વધારે." તે બોલ્યો.

"તમારા ચરણની સેવાથી તો હાથ ઊલટા મજબૂત થશે. હાથનો થાક જશે. ગરીબોને માટે દોડાદોડી કરનાર આ પગ છે. ગરીબોનાં સુખદુ:ખની તપાસ રાખવા માટે રખડનારા આ પગ છે. એવા પગની સેવા કરીને હાથ દુખે કે ? આ ચરણોની સેવા તો હું જન્મોજન્મ કરીશ; તેમને તેલ અને દૂધ લગાડતી બેસીશ" એમ કહીને માયાએ પોતાના ખોળામાંના પગને પોતાનું માથું અડકાડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાનો એટલે તારા ઉપર ગુસ્સો કરવાનો હક્ક પણ ગયો એમ ને ?" તેણે પૂછ્યું.

"આપણે કદી પણ એકબીજાના ઉપર ગુસ્સે થવાનું નહિ. આજે સવારે દૂધ પીધા વિના ગુસ્સે થઈને ગયા અને ભટકી આવ્યા. નીકળ્યા ત્યારે પગ ઝાલી રાખવા જોઈતા હતા." તે બોલી.

"ગુસ્સે થવાનું નહિ એમ કહે છે અને હવે તું જ ગુસ્સો કરે છે." તે બોલ્યો.

"ગુસ્સે થઈ હોત તો આમ દૂધ ચોળતી બેઠી હોત કે? ખોળામાં પગ લઈને બેઠી હોત કે? હું દૂધ ચોળું છું તે ગુસ્સે થયેલા માણસનું ચોળવું છે કે પ્રેમળ માણસના હાથનું ચોળવું છે? ખરું કહો છું ?" તે બોલી.

"અહીં આવ એટલે કહું છું." તે બોલ્યો.

"હજી આ દૂધ ચોળવાનું છે." તે બોલી.

"જો બોલાવું છું તો આવતી નથી. તું હજી ગુસ્સામાં જ છે." તે બોલ્યો.

"ત્યાંથી જ કહો ને." તે બોલી.

"કાનમાં કહીશ." તે બોલ્યો.

"તે દહાડે કર્યું હતું તેમ કાનમાં મોટેથી કુર્ર કરવાના હશો. બહેર મારી જાય છે." તે હસીને બોલી.

"કુર્ર નહિ કરું." તે બોલ્યો.

પોતાનો કાન તેના મોં પાસે લઈ જઈને માયાએ કહ્યું: "કહો શું કહેવું છે તે." રામદાસે એકદમ તે મોં પોતાના મોં સાથે અડકાડયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શું કહ્યું ?" તેણે પૂછ્યું.

"તમે મહારાષ્ટ્રીય લોકો કાવતરાંબાજ છો. ધૂર્ત અને લબાડ. બધે જ મુત્સદ્દીપણું." તે બોલી.

"મુત્સદ્દીગીરી વિના જે જોઈએ તે મળતું નથી. કાવતરું કરીને તને મારીબારી તો નથી ને ?" તેણે હસીને પૂછ્યું.

"મારી નહિ તો શું ? ખૂબ ગુંગળાવી નાખી. પછી મારવાનું તે શું બાકી રહ્યું ?" તે બોલી.

"પણ આ ગુંગળાવું એ મરણ છે કે જીવન ? કહે. આ ગુંગળાવું એટલે અમૃત પીવું, જીવનમાં પ્રેમને અમર કરવો. તને આ મજા નથી ગમતી ?" તેણે પૂછ્યું.

"બીજું દૂધ ચોળું ?" તેણે પૂછ્યું.

"ના. પછી તારા હાથ દુખવા માંડશે અને મારે તે ચોળવા પડશે." તે બોલ્યો.

"તમારું ચોળવું એટલે જાણે રોટલો ચોળવો. લગાવું કે હજી ? બરાબર કહો." તેણે ફરીથી પૂછ્યું.

"હાથ થાકયા ન હોય તો લગાડ વધારે." તે બોલ્યો.

"તમારા ચરણુની સેવાથી તો હાથ ઊલટા મજબૂત થશે. હાથનો થાક જશે. ગરીબોને માટે દોડાદોડી કરનાર આ પગ છે. ગરીબોનાં સુખદુ:ખની તપાસ રાખવા માટે રખડનારા આ પગ છે. એવા પગની સેવા કરીને હાથ દુખે કે ? આ ચરણોની સેવા તો હું જન્મોજન્મ કરીશ; તેમને તેલ અને દૂધ લગાડતી બેસીશ" એમ કહીને માયાએ પોતાના ખોળામાંના પગને પોતાનું માથું અડકાડયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"માયા, બસ. કોઈક બોલાવે છે. જા, બારણું ઉઘાડ." તે બોલ્યો.

માયા બહાર આવી. તેણે બારણું ઉઘાડ્યું તો ત્યાં કેટલાક પોલીસ અને ફોજદાર ઊભેલા. માયા નવાઈ પામી.

"કોનું કામ છે?" તેણે પૂછ્યું.

"દીનબંધુ રામદાસ." ફોજદારે કહ્યું.

"કાંઈ કામ છે? ઠીક નથી એટલે જરા સૂતા છે." તે બોલી.

"તેમના પર વૉરંટ છે. તેમને ગિરફતાર કરવાનું કડવું કામ મારે કરવાનું છે. મારા હાથ કમનસીબ છે." તે બોલ્યો.

પોલીસ અને ફોજદાર આવ્યાની ખબર ગામમાં તરત જ ગઈ. ગામમાંનાં સ્ત્રી, પુરુષ અને બાળકોની ત્યાં ભીડ થઈ. આશ્રમમાંથી દયારામ, પાર્થ, ચુડામણ ત્યાં આવ્યા. રામદાસ પણ ઊઠીને બહાર આવ્યો. ફોજદાર પોલીસોને લઈને અંદર બેઠા. રામદાસે વૉરંટ જોયું. રાજદ્રોહ, ખૂન ઇત્યાદિ કલમો હેઠળ ગિરફતારી કરવાની હતી.

"આ શી ભાંજગડ છે?" રામદાસે પૂછ્યું.

"અમને પણ શી ખબર?" ફોજદાર બોલ્યો.

"ખેડૂતોના રસ્તા બાંધનારાને, તેમના કૂવા કરાવી આપનારાને, તેમની જમીનો પાછી આપનારાને, તેમને માટે દવાખાનાં કાઢનારાને પકડો છો? તે ગુનેગાર છે?" ગામમાંના વૃદ્ધ ચિત્રાઆપ્પા બોલ્યા.

"સરકારને જમીનદારો પ્રિય હોય છે, જમીન આપનારા નહિ." દયારામ બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વારુ. ચાલો ઊપડો." ફોજદારે કહ્યું.

"આમને ખરેખર પકડી જાઓ છો?" માયાએ રડતાં રડતાં પૂછ્યું.

"અમે હુકમના ચાકર." ફોજદારે કહ્યું.

"આ બંગાળી બાધા છે. બંગાળી છોકરીને લીધે સરકારને શંકા આવી. બ્રિટીશ સરકાર અમને સુખેથી લગ્ન પણ નહિ કરવા દે? હમેશાં બંગાળની પૂઠે આદુ ખાઈને ધાશે? મારો દુર્ભાગી બંગાળ!" તે દુઃખપૂર્વક બોલી.

"ભાગ્યશાળી બંગાળ." દયારામે કહ્યું.

"માયા, રડીશ નહિ. બંગકન્યાને રડવું છાજતું નથી. સ્વાતંત્ર્યપ્રિય મહારાષ્ટ્રને પણ તે શોભતું નથી. આખા દેશને જ ગ્રહણ લાગ્યું છે. જ્યાં સુધી પરતંત્રતા છે ત્યાં સુધી સુખેથી સંસાર કરવાનો શાનો હોય? ત્યાં સુધી સુખેથી સંસાર કરવા જવું, સુખી સંસારની ઇચ્છા કરવી એટલે જ પાપ છે. આપણને એ બોધ આપવા માટે જ આ આફત ઊતરી છે. સેવા કરતાં સત્ત્વપરીક્ષા થતી હોય છે. તેમાં આપણે ઉત્તીર્ણ થવું જોઈએ. માયા, ધીરજ રાખજે. શાંત રહેજે. તને ધીરજ આપવા રેંટિયો તો છે જ. રેંટિયો એટલે ગાંધીજી, રેંટિયો એટલે પૂજ્ય વિનોબાજી, રેંટિયો એટલે વૃદ્ધ પ્રફુલ્લચંદ્ર રાય. આ બધા તારી પાસે રેંટિયારૂપે આશ્વાસન આપવા માટે છે. દયારામ, તું તો છે જ. મુકુંદરાવ, મોહન એમને પણ ખબર મળશે જ. શિવતર જઈને બાપુજીને અને બાને તું આશ્વાસન આપજે. માયા, તું ઘેર વિસ્તૃત પત્ર લખજે. ચિત્રાઆપ્પા વગેરે પણ અહીં છે જ. આ માબહેનો છે. છાની રહે. રડીશ નહિ. ચાલો, ફોજદાર સાહેબ!" રામદાસે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દયારામે ચરવડાચક્ર અને સુંદર પૂણીઓ આણી આપી. માયાએ ઘરમાંથી કપડાં આણી આપ્યાં. કામળો વગેરે બધું આવ્યું.

"આ શાલ ઓઢી લેજો હં." તે ડૂસકાં ભરતાં બોલી.

"હા, તે સંરક્ષણ છે, સર્વસ્વ છે." રામદાસ બોલ્યો.

ફોજદાર અને પોલીસો રામદાસને લઈ ગયા. દયારામ થોડા વખત પછી આશ્રમમાં ગયો. માયા શૂન્ય નજરે જોતી બારી પાસે ઊભી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩ અમર રાત્રિ

તે દિવસે મુકુંદરાવ મંગરૂળ ગામે હતા. એક ગરીબ ખેડૂતને ઘેર જપ્તી આવવાની હતી. એ શાહુકાર તદ્દન લાગણી વિનાનો હતો. તેને ન્યાયનીતિની પડી નહોતી. મુકુંદરાવ તેને મળ્યા હતા. તેમણે તેને ખેડૂતની બધી પરિસ્થિતિ જણાવી હતી. પણ શાહુકાર તો ખાલી હસ્યો. મરણ આવે તો ભલે પણ આ જપ્તી નહિ જ થવા દેવી એવો મુકુંદરાવે મનમાં નિશ્ચય કર્યો હતો.

તે પેલા ખેડૂતના બારણામાં રામનામનો જાપ કરતા બેઠા. જપ્તીવાળા આવ્યા. મુકુંદરાવ તેમને અંદર જવા દે નહિ. તેઓ ત્યાં થોભી ગયા.

"અરે ભાઈ આ કાયદો છે. કાયદો હશે ત્યાં સુધી આમ જ ચાલવાનું. તમે ક્રાંતિ કરો, કાયદાઓ ફેરવો. ખસી જાઓ. તમે સમજુ માણસ. તમારે લોકોના નેતા થવું છે ને? તો પછી આમ કર્યે કેમ ચાલશે?" કારકુન બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુકુંદરાવ બેસી જ રહ્યા. મુખી વગેરે તેમને ઢસડવા માંડ્યા. મુકુંદરાવ પ્રતિકાર કરવા લાગ્યા.

"તમે કેવું છોકરવાદપણું ચલાવ્યું છે? આ એક જપ્તી નહિ થાય તેથી દેશમાંની લાખો જપ્તીઓ થોડી જ કંઈ અટકવાની છે?" શાહુકારનો ગુમાસ્તો બોલ્યો.

"आधीं बीज एकले" (પહેલાં તો એકલું બી હતું.) મુકુંદરાવ બોલ્યા.

"જાઓ છો કે નહિ અહીંથી બધા હરામખોરો? મુકુંદરાવના શરીરે આંગળી અડકાડશો તો ખબરદાર." એક તેજસ્વી જુવાન આગળ આવીને બોલ્યો.

"જેલમાં જવું છે કે?" મુખીએ પૂછ્યું.

"ફાંસીએ ચડવું છે." તે બોલ્યો.

બીજા બે ખેડૂતો આવ્યા. ત્યાં ભીડ થવા લાગી.

"તમે બધા શાંત થઈ જાઓ." મુકુંદરાવ બોલ્યા.

"તેમને શાંત થવાનું કહો છો અને તમે અહીં અડબંગપણું કરો છો."

"કોને અલ્યા અડબંગ કહે છે?" દોડતાં આવીને એક યુવકે પૂછ્યું.

"તમે મને ચાહતા હો તો બધા દૂર ઊભા રહો. જે કંઈ થાય તે શાંતિથી જુઓ. આપણે ગાળો આપવી નથી, મને ઢસરડીને ભલે લઈ જાય, મારે તે જ જોઈએ છે." મુકુંદરાવ બોલ્યા.

ગુમાસ્તો જરા ગુંચવાયો મામલો કદાચ વધારે બગડશે એ તેણે જોઈ લીધું. તેણે સાથેના સરકારી માણસો સાથે દૂર જઈને કંઈ મસલત કરી. બધું મંડળ વિખરાયું. હસતું હસતું ચાલ્યું ગયું.

પણ મુકુંદરાવ થોડા જ કંઈ એ ગામે કાયમ રહેવાના હતા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને તો સત્તર ઠેકાણે કામ હોય તેમને બધે ફરવાનું. પ્રચાર કરવાનો. એક વખતનું મરણ જરા દૂર ઠેલાયું. તે મરણ ટળવાનું થોડું જ હતું? મુકુંદરાવને ગિરફતાર કરે એવો પણ સંભવ હતો.

ખેડૂતો તેમની આસપાસ ઊભા હતા. યુવકો ઊભા હતા. મુકુંદરાવ બોલ્યા: "તમે જપ્તી જોઈ કેમ રહો છો? તેનો શાંતિથી પ્રતિકાર કરવા ઊભા રહેવું જોઈએ. અમને મારો અને પછી અમારા ગામમાંના ખેડૂતોની આબરૂ લ્યો એમ નીડરતાથી કહેવું જોઈએ. સજા થાય તો ભોગવી લેવી. આપણે પ્રાણહીન અને ડરપોક બન્યા છીએ, કાયદાનું નામ સાંભળતાં જ આપણે ગભરાઈ જઈએ છીએ, માણસાઈનો કાયદો એ જ સર્વશ્રેષ્ઠ કાયદો છે, આપણે એ કાયદાનું પાલન કરીએ અને તે કાયદાનો ભંગ કરનારની સામે શાંતિથી પણ અડગ નિશ્ચયથી ઊભા રહીએ."

થોડો વખત અટકીને તે બોલ્યા: "ગામેગામ યુવકમંડળો સ્થાપો. કિસાન-સ્વયંસેવકદળો સ્થાપો. ગામમાં આવી જપ્તી આવે, હરાજી કરવા આવે એટલે તતુડું ફૂંકવું, બધાને સાવધ કરવા. પહેલાંના વખતમાં પિંઢારા દેખાય એટલે ગામમાં નગારું વાગતું; તે પ્રમાણે અંગ્રેજી રાજ્યમાંના આ કાયદેસર પિંઢારા લૂંટવા આવે તો તેમનો શાંતિથી સામનો કરવો, આપણે હાથ ઉગામવો નહિ, ગાળ દેવી નહિ. પણ આપણા દેહની પોલાદી દીવાલ ઊભી કરવી. અમારાં મડદાં ઉપર થઈને જ તમે ખેડૂતોની આબરૂ તરફ જઈ શકશો એવું તેમને નિશ્ચયપૂર્વક કહી દઈએ એટલે થયું."

"તમે દેવ જશો અને પેલા રાક્ષસો પાછા આવશે." ખેડૂતની સ્ત્રીએ આગળ આવીને કહ્યું.

"આ યુવકો મરવા માટે ઊભા રહેશે." મુકુંદરાવે આશ્વાસન આપ્યું.

બપોરે મુકુંદરાવ ગામમાં જ રહ્યા હતા. ત્યાં કેટલાક જુવાનોએ રામદાસને પકડી ગયાની ખબર આણી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કોણે કહ્યું ?" તેમણે પૂછ્યું.

"પેલા સરકારી માણસો જ વાત કરતા હતા. 'પેલા રામદાસને પકડયો. હવે આમને પણ પકડશે. બહુ વાહિયાતપણું ચલાવ્યું છે આમણે.' એમ જોરે વાતો ચાલતી હતી." એક યુવક બોલ્યો.

"ગિરફ્તારી માટે તૈયાર રહો. મરણ માટે તૈયાર રહો. હિંદી યુવકોની સત્ત્વપરીક્ષા ટૂંક સમયમાં જ થશે. તમે ઊણા ન ઊતરશો. ધનગાંવમાં કામદારોમાં અસંતોષ ઘૂમ્યા જ કરે છે. કદાચ હડતાળ પડશે, ગામડાંઓમાંથી કોઈ પણ બેકાર ત્યાં હડતાળ તોડાવવા જાય નહિ એવો તમારે યુવાનોએ બંદોબસ્ત કરવો જોઈએ. કિસાન કામદાર એક છે. કિસાનોની જમીનો જવાથી તેઓ મજૂર થયા. કામદારોની ચળવળ ખૂબ જામે તો બીજી બાજુથી કિસાનોએ મહેસુલબંધીની ચળવળ પણ ઉપાડવી. સરકારે કામદારોની માગણીઓનો વ્યાજબી નિકાલ લાવવો જોઈએ; નહિ તો અમે મહેસુલ નહિ ભરીએ એમ નિશ્ચયપૂર્વક કહી દેવું. આમ લડત જામવી જોઈએ. તેમાં તમારે યાહોમ કરીને પડવું જોઈએ. ભાગ્ય સરજવું જોઈએ. કિસાન મહાન થવો જોઈએ." મુકુંદરાવ ઝપાટાબંધ બોલ્યે જ જતા હતા.

"જીવન ન્યોછાવર કરીશું, સામ્રાજ્યવાદનો ઘડો ફોડીશું."

"તેને તડ તો પડી ગઈ છે, પહેલાં જ કોઈએ તેને કાંકરો ફટકાર્યો છે."

"કિસાન માત્ર ખડો થશે, સ્વાતંત્ર્યનો ગઢ જીતશે."

પેલા યુવકો કવિતા સરજવા લાગ્યા. સ્વતંત્રતાનું સંગીત તેમના રોમેરોમમાંથી ઊઠવા લાગ્યું.

"હું જાઉં છું. ફરીથી ક્યારે મળીશ તે ભગવાન જાણે." મુકુંદરાવે પેલા યુવકોને કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમને મળવા જેલમાં આવીશું, ઉપર સ્વર્ગમાં આવીશું." તેઓ બોલ્યા.

મુકુંદરાવ ઊપડ્યા બળદને આર મારે છે તેથી તેઓ બળદગાડીમાં બેસતા નહિ. "તમે બળદોને ખૂબ આર મારો છો. તમે જ્યાં સુધી બળદોને આર ભોંકશો ત્યાં સુધી સામ્રાજ્ય સરકાર તમને ભોંકશે" એમ તે કહેતા. તે હમેશાં પેદલ જતા પણ આજે લાંબું અંતર કાપવાનું હતું. તે ઝડપથી ચાલતા હતા. ક્રાંતિનાં ગીત ગાતા ગાતા જતા હતા. તે ગીતોની પાંખો ઉપર જાણે તે ઊડતા જતા હતા. તે ચાલતા હતા કે ઊડતા હતા? મુકુંદરાવનો આત્મા ધૂળમાં ચાલવા માટે જાણે કે હતો જ નહિ. તે ચિદંબરમાં ઊડવા માટે જ હતો. તેમના જીવનમાં ખેંચાખેંચ હતી. આત્માનો ઉછાળો ઊંચે હતો. પરંતુ આ દેહનું ખોળિયું નીચે ખેંચતું હતું. આત્મા ઊંચે ઊડવા ઝંખતો હતો. પણ દેહનો બોજો નીચે ખેંચતો હતો. જીવનમાંની આ ખેંચતાણ એ મથામણ તેમની ચાલમાં દેખાઈ આવતી હતી.

તેમણે પ્રથમ રામપુરનો રસ્તો લીધો. પણ કેટલાક માઈલ ચાલ્યા પછી તેમનો મનસૂબો બદલાયો. રામપુરના કરતાં ધનગાંવ જ જવું એમ તેમના મનમાં આવ્યું. રામદાસને પકડીને ધનગાંવ લઈ ગયા હોવાનો વિશેષ સંભવ હતો. રામપુર કે ધનગાંવ? દેહપુર છૂટ્યું નથી ત્યાં સુધી રામપુર કેવું?

તેમણે પગલાં વાળ્યાં. તે ધનગાંવ તરફ ઊપડ્યા. દસ ગાઉ જવાનું હતું. ત્રીજો પહોર થવા આવ્યો હતો. તે ખૂબ ઝડપથી જતા હતા. એકાએક ઠંડો પવન વાવા લાગ્યો. વરસાદનાં ચિહ્નો જણાવા લાગ્યાં. તેમણે ઊંચે આકાશ તરફ જોયું તો વાદળ ચડી આવતું હતું. જાણે કોઈ ભરવાડ હજારો ઘેટાં, બકરાં, મેંઢાં લઈને જતો હતો કે આકાશમાં કોઈ મોટું સર્કસ આવ્યું હતું? કેટલી જાતના જનાવરો હતાં? સિંહ હતા, વાઘ હતા, ઘોડા હતા, હાથી હતા, સસલાં હતાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૂતરાં હતાં. જંગલી અને પાળેલાં બંને જાતનાં જનાવરો હતાં. અને પેલા ભુજંગ? સેંકડો ફેણોવાળા ભુજંગ? તેમની ફેણો ઉપરના મણિ વચમાં જ એકાએક ઝગારા મારતા હતા અને આંખોને આંજતા હતા. સર્કસમાં સાપના પણ ખેલ હોવા જોઈએ! કોઈ મદારી પણ સર્કસમાં દેખાય છે! સાપોને પોતાના શરીર ઉપર રમાડનારો કોઈ અમેરિકન થોરો ઉપરની સર્કસમાં હશે?

ઉપરના દશ્યો જોઈને મુકુંદરાવના મનમાં આવા વિવિધ વિચારો, આવી વિવિધ કલ્પનાઓ આવતી હતી. વરસાદમાં ન સપડાવા માટે તે વધારે ઝડપથી ચાલવા લાગ્યા. દૂરથી વરસાદ પડયાની ગંધ આવવા લાગી. ગંધવતી પૃથ્વીની સુગંધ પવન સાથે આવવા લાગી. મહાન આકાશ પોતાની ધારાઓરૂપી આંગળીઓ વડે પૃથ્વી રાણીને ગલીગચી કરવા માંડતાં જ તેના રોમરોમમાંથી જાણે કે સુગંધ ફૂટે છે. આવશે, વરસાદ આવશે અને મને સપડાવશે એમ મુકુંદરાવને નક્કી જણાયું. તો યે તે દોટો મૂકતા જ હતા. બહાર અંધારું પડવા લાગ્યું. મેઘનું અંધારું અને રાત્રિનું અંધારું. બંનેના મિલનથી વધારે ગંભીર અંધારું ફેલાવાનું હતું.

મુકુંદરાવની છાતીમાં એકાએક દુખાવો શરૂ થયો. ઘણે દિવસે આ દુખાવો થયો. તે એકદમ બાજુ ઉપર બેસી પડ્યા. ભૂમાતાના ખોળામાં આળોટી પડયા. છાતીને મજબૂત દાબી રાખીને તે પડી રહ્યા. વરસાદ જોરથી પડવાનો હતો. ચિંતા કર્યે શું વળશે? મુકુંદરાવ મૂંગે મોઢે આંખો મીંચીને પડી રહ્યા.

દૂરથી ઘોડાની ખરીનો ટપટપ અવાજ સંભળાયો. એ આનંદમૂર્તિ આવતા હતા કે શું? તેમને પણ રામદાસની ગિરફતારીની ખબર મળી હશે અને મારતે ઘોડે આવતા હશે. આવા તોફાનમાં બીજા કોનો ઘોડો હોય? મુકુંદરાવ બેઠા બેઠા જ આ અવાજ સાંભ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ળવા લાગ્યા. અવાજ નજીક આવતો જતો હતો. હા, તે આનંદમૂર્તિ જ હતા. તેમનો મંદિલ પીઠ ઉપર કેવો ઊડે છે! જાણે કે પહેલા બાજીરાવ, જાણે કે વિશ્વાસરાવ!

પાણીનાં ટીપાં ટપટપ પડવા લાગ્યાં. આકાશમાંના સર્કસનો ખેલ જોરથી શરૂ થયો. જંગલી જનાવરો ઘણું કરીને ખળભળી ઊઠયાં. મૅનેજરના હાથમાંનો ચાબુક કડડ કડડ ગાજતો હતો. આકાશમાંના તંબૂમાંના દિવા તો દેખાતા જ નહોતા. સર્કસ અંધારામાં ચાલતું હશે? કે તંબૂનું કાપડ ખૂબ જાડું હોવાથી અંદરના દીવા દેખાતા નહોતા?

ઘોડેસ્વાર એકદમ અટકયો. તે નીચે ઊતર્યો. મુકુંદરાવને જોઈને રાજી થયો, ચકિત થયો.

“ તમે અહીં ક્યાંથી? ” આનંદમૂર્તિએ પૂછ્યું.

“ ધનગાંવ જાઉં છું. રામદાસની ધરપકડ થયાનું સાંભળ્યું. જવું જ જોઈએ. વરસાદ આવશે એ બીકે ઝડપથી જતો હતો. તેથી છાતીમાં દુખાવો થઈ આવ્યો. હમણાં ઘણાં વરસથી આવો દુખાવો થયો નહોતો. પડી રહ્યો ત્યાં ઘોડાના ડાબલાનો અવાજ સાંભળ્યો. મનમાં થયું કે તમે જ હશો. અંધકારમાં પ્રકાશ આવ્યો, આધાર આવ્યો સંકટમાં સહાય આવી. મેં પ્રથમ રામપુરનો રસ્તો લીધો હતો. તે તરફ ગયો હોત તો તોફાનમાં એકલો જ સપડાત. ભગવાને જ જાણે હાથ પકડીને આ રસ્તે વાળ્યો. ” મુકુંદરાવે કહ્યું.

“ હવે દુખાવો કેમ છે? હળવે હાથે છાતીને દાબું કે? જરા સૂઈ જાઓ છો? ” આનંદમૂર્તિએ પૂછ્યું.

“ હવે ઠીક લાગે છે. ” મુકુંદરાવે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમે ઘોડા ઉપર બેસો છો ? તમે બેસીને જાઓ. હું પેદલ આવીશ."

"મને ઘોડા ઉપર બેસતાં આવડતું નથી."

"તમે બેસો. હું તમને ઝાલીને પગે ચાલીશ."

"મને ઝાલીને ઘોડા ઉપર તમે નહિ જઈ શકો ? જલદી જવાશે."

"પણ છાતીમાં ફરીથી દુખાવો થઈ આવશે તો ?"

"હવે નહિ થાય એમ લાગે છે."

"તો બેસો ઘોડા ઉપર. હું દોડાવતો લઈ જાઉં."

આનંદમૂર્તિએ મુકુંદરાવને ઘોડા ઉપર બેસવામાં મદદ કરી. મુકુંદરાવ બંને હાથે ઘોડાને પકડીને બેઠા. પાછળ આનંદમૂર્તિ બેઠા. તેમણે એક હાથે લગામ પકડી અને બીજા હાથે મુકુંદરાવને પકડી રાખ્યા. પછીથી બંને હાથે લગામ ઝાલીને તે હાથ મુકુંદરાવના વક્ષઃસ્થલ ઉપર રાખ્યા.

"ગભરાશો નહિ. મેં બરાબર પકડી રાખ્યા છે. નહિ પડવા દઉં." તે બોલ્યા.

ઘોડો પૂર ઝડપે જતો હતો. ઉપરથી જલધારાઓ પૂર ઝડપે આવવા લાગી. બંને જણ પલળીને લતપત થઈ ગયા.

"રામદાસની ધરપકડ થવાથી આકાશ રડે છે. માયા ઘેર રડતી હશે. શાંતા રડતી હશે. રામદાસનાં માબાપ રડતાં હશે." આનંદમૂર્તિએ કહ્યું.

"નહિ રડે. દેશને ખાતર પકડાયો તેથી સાકર વહેંચશે." મુકુંદરાવે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“સોમદત્ત આવો જ તોફાનમાં સપડાયો હતો.”

“પણ તે બિચારો એકલો હતો.”

“ચારુદત્ત અને વસંતસેના આમ જ વરસાદમાં સપડાયાં હતાં, પણ તેમને તેથી આનંદ થયેલો. જાણે હૃદયમાંના પ્રેમના મેઘ મુક્ત થવા માટે ઊંચે ઊડી ગયાં અને તેમણે તેમના ઉપર સારી પેઠે અભિષેક કર્યો. બંનેને ભેગું પ્રેમસ્નાન કરાવ્યું.”

“બોલશો નહિ. ઘોડાને દોડાવો.” મુકુંદરાવે કહ્યું.

“દુખાવો કદાચ થઈ આવે તેની બીક લાગે છે?” તેમણે પૂછ્યું.

“હવે દુખાવો ગયો. હવે બળ આવ્યું. હવે હું પેદલ પણ દોડી જાઉં.” મુકુંદરાવે કહ્યું.

“વરસાદ બંધ પડતો નથી. જોરથી જ આવે છે.”

“વરસાદની જરૂર જ હતી. ધરતીમાતા વાટ જોતી હતી. હવે પાક બરાબર થશે.”

“પણ પાક હાથમાં આવે ત્યારે ખરો. મહેનત કરીએ, તપશ્ચર્યા કરીએ, પણ અતિવૃષ્ટિથી વહી જાય છે અને અનાવૃષ્ટિથી બળી જાય છે. આમાંથી જો બચે તો બીજા લૂંટારા લૂંટી જાય છે.” આનંદમૂર્તિ બોલ્યા.

“તમને ટાઢ તો નથી લાગતી ને?”

“ના, ના. મને અંદર ખૂબ હૂંફ છે. હું હમેશાં સારી પેઠે કપડાં પહેરું છું. જાડા જાડા હૂંફાળાં કપડાં. ટાઢ હોય કે ન હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીર ઉપર તે કપડાં તો જોઈએ જ. તમને જ ટાઢ ચડી હશે?" આનંદમૂર્તિએ પૂછ્યું.

"તમારા હાથ મારી છાતીસરસા છે તેથી ત્યાં હૂંફ છે. હૃદયને સંભાળીએ એટલે થયું."

"હા. પ્રથમ હૃદય જોઈએ. હૃદય હોય તો બધું છે."

"મારું હૃદય જાણે તમે હાથમાં લીધું છે."

"તમે પોતાનું હૃદય બધાને આપો છો. બધું કૃતિમાં ઉતારો છો. તમે ઉદારોના રાજા છો."

"દોડાવો ને ઘોડાને. ધનગાંવ હજી દૂર છે."

"ધન દૂર જ હોય છે. પાસે હોય તો યે દૂર જ લાગે છે."

"ચોર આવશે, મરણ આવશે એ ય ધનવાનને લાગતું હોય છે."

"હવે ઘોડાને મારી મૂકું છું. સાચવજો." એમ કહીને આનંદમૂર્તિએ ઘોડાને રપેટ્યો. પવનની જેમ તે ઘોડો દોડતો હતો. જાણે પાણીનું પૂર જોરથી જતું હતું. જાણે વીજળી હતી.

"પડીશ, હું પડીશ. મજબૂત ઝાલો." મુકુંદરાવ ગભરાઈને બોલ્યા.

"પડીશું તો સાથે જ પડીશું. પણ હું પડવા નહિ દઉં. હવે પેલા ચઢાણ ઉપર ચડીશું." આનંદમૂર્તિ ધીરજ આપતા બોલ્યા.

દૂરથી ધનગાંવના દિવા દેખાવા લાગ્યા.

"પેલું ધનગાંવ દેખાય. પ્રકાશ દેખાયો." મુકુંદરાવે કહ્યું.

"હવે તમે રાત્રે ક્યાં જશો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" આપણે પ્રથમ મોહનની કોટડી તરફ જઈએ. તેને બધી હકીકત પૂછીશું." મુકુંદરાવે કહ્યું.

" મારી ઓરડીએ આવો છો? કોરું ધોતિયું પહેરજો, કોરું પહેરણ પહેરજો."

" તમે તો પાયજમા પહેરો છો. તમારી પાસે ધોતિયું છે?"

" હા."

" મને બેસે એવું પહેરણ છે?"

" જૂનું છે. થાય છે કે જુઓ."

" તો ચાલો પ્રથમ તમારી ઓરડીએ."

આનંદમૂર્તિએ ઘોડાને ફરીથી દોડાવ્યો. ખૂબ રાત્રિ થઈ હતી. તેમની ઓરડીના રસ્તા ઉપર એક ચકલું યે ફરકતું નહોતું. વરસાદમાં કોણ બહાર નીકળે? મુશળધાર વરસાદની ઘેલછા કોને હોય?

ઓરડી ઉઘાડી. મીણબત્તી સળગાવી.

" તમે મીણબત્તી વાપરો છો કે શું?"

" હા. મીણબત્તી એ મારો આદર્શ છે. મીણબત્તી નાની હોય તો પણ પોતે બળીને ઓગળીને દુનિયાને થોડો પણ પ્રકાશ આપે છે."

" આ લ્યો ધોતિયું."

" અને પહેરણ?"

" તે બહુ જૂનું છે. ઘણાં વર્ષ પહેલાંનું છે. આવી રહે તો લ્યો આ."

મુકુંદરાવે ધોતિયું પહેર્યું. તેમણે પેલું પહેરણ હાથમાં લીધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આનો રંગ ઊડી ગયો લાગે છે ?"

"હા. એક સમયે હું સંન્યાસીના જેવાં ભગવાં વસ્ત્ર પહેરતો હતો, પણ પછીથી છોડયાં. સંન્યાસી–વૃત્તિનું સ્મરણ રહે તે માટે તે સ્મૃતિ મેં રાખી છે." આનંદમૂર્તિ બોલ્યા.

"ઠીક આવી રહ્યું."

"જરા સાંકડું પડે છે નહિ ?"

"છો રહ્યું. રાત્રે પહેરવું છે ને ?"

"તમે કંઈ કોરું વસ્ત્ર પહેરો ને !"

"તમે જરા બહાર જઈને છત્રી લઈ ઘોડાની પાસે ઊભા રહો, ત્યાં સુધીમાં હું કપડાં પહેરી લઉં."

"તમારા તો પાયજમાને ? સંકોચ થતો હશે ?"

મુકુંદરાવ બહાર છત્રી લઈને ઊભા રહ્યા. આનંદમૂર્તિએ બારણું વાસી લીધું. ટ્રંકમાંથી સુંદર વસ્ત્ર કાઢીને તે પરિધાન કર્યાં.

"થયું. આવો અંદર." આનંદમૂર્તિએ ધીમેથી કહ્યું.

મુકુંદરાવ અંદર ગયા તો ત્યાં કોઈ દેખાય નહિ. ત્યાં બારણા પછ્વાડે કોઈક સંતાયું હતું, તે કોણ હતું ? મુકુંદરાવ ચકિત થયા. ધ્યાનસ્થ થયા. અનિમિષ નેત્રે તે જોઈ રહ્યા. છેવટે તેમણે આંખો મીંચી લીધી. તેમણે માથું નીચે ઢાળ્યું. ત્યાં કોણ હતું ? ત્યાં એક દિવ્ય દેવતા ઊભી હતી. શુદ્ધ ખાદીની લીલા રંગની સાડી પહેરીને તે ત્યાં ઊભી હતી. વાળ પીઠ ઉપર છૂટા છોડયા હતા. મોઢા ઉપર અપાર પ્રસન્નતા અને પ્રેમની કુમાશ હતાં.

"આનંદમૂર્તિ, હું જાઉં છું. તું પહેલાંની આનંદમૂર્તિ ફરીથી થા તો જ મને આનંદ મળશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ કહીને મુકુંદરાવ ઘરમાંથી, તે ઓરડીમાંથી બહાર નીકળી ગયા, અને નાસવા જ માંડ્યું. તે મોહનને ત્યાં આવ્યા. તો ત્યાં તાળું! મોહન ક્યાં ગયો? માયાને આશ્વાસન આપવા ગયો હશે?

મુકુંદરાવ ફરીથી નીકળ્યા તો સામેથી મોહન આવતો હતો.

"કેમ મોહન, ક્યાં ગયો હતો?"

"શાંતાને પ્રસૂતિ આવી. પેટમાં દુખવા લાગ્યું તેથી તેને દવાખાનામાં લઈ ગયો. તે ત્યાં જ છે. છોકરી છે."

"ક્રાન્તિનો જન્મ થયો. આજની કેવી કાળરાત્રિ છે? આવી કાળરાત્રિએ જ ક્રાન્તિ જન્મે છે. કાજળકાળી રાત્રિ, જાણે કદી ન પૂરી થનારી અમર રાત્રિ." મુકુંદરાવ બોલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪ તું મારો ભાઈ થા

શું કરવું તેની માયાને સમજ પડી નહિ. ઘેર પિતાને તાર કરવાનો વિચાર તેને આવી ગયો. પણ નકામા ગભરાશે એવો ખ્યાલ કરીને તેણે તાર કર્યો નહિ. તેણે બધી હકીકતનો પત્ર લખ્યો. અહીં આશ્વાસન આપવા માટે મુકુંદરાવ, મોહન, દયારામ, આનંદમૂર્તિ કેટલા યે માણસો છે, ગભરાશો નહિ. પણ ત્યાં તપાસ કરશો. ધરપકડના કારણનો તંતુ ત્યાં કોઈ જણાય છે કે કેમ તેની તપાસ કરશો વગેરે. તેણે લખ્યું હતું.

રામદાસના ગુનાને ભયંકર ગણીને તેને જામીન ઉપર છોડવા સરકાર તૈયાર થઈ નહિ. રામદાસ ધનગાંવના લોકઅપમાં હતો. માયા હવે ધનગાંવ રહેવા આવી. મુકુંદરાવની ઓરડીની નજીકમાં જ તેણે બે ઓરડીઓ રાખી હતી. તે પતિને માટે રોજ ખાવાનું લઈ જતી. તેને દુઃખ થતું. પતિ તેને ધીરજ આપતો. આનંદમૂર્તિ પણ માયાને ખુશમિજાજમાં રાખતા. તેને હસાવતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્ર મળતાં જ ઘેર રમેશબાબુ ચિંતાતુર થયા. બંગાળમાં હતો ત્યારે રામદાસ ક્રાંતિકારીઓમાં સામેલ થયો હતો કે શું? પણ ત્રાસવાદી ક્રાંતિવાદીઓ હવે રહ્યા નહોતા. પહેલાંના ત્રાસવાદીઓ હવે સામ્યવાદી બનીને કિસાનકામદારોમાં કામ કરતા હતા. પણ તેવા વિચારો ધરાવનારા કોઈક હજી હશે, કોને ખબર? માયાની મા તો રડવા લાગી. "છોકરીને મહારાષ્ટ્રી યુવક સાથે લગ્ન કરવાની દુર્બુદ્ધિ કોણ જાણે ક્યાંથી સૂઝી? પ્રદ્યોત હતો; ગામમાંનો જ હતો. દિવસમાં ચાર વખત પિયેર આવજા કરી શકત. પણ નસીબમાં નહિ, બીજું શું?" વગેરે વિલાપ તે કરવા લાગી.

માયાનું લગ્ન થયું છે એ સાંભળ્યું ત્યારથી પ્રદ્યોત ઘરમાંથી ચાલ્યો ગયો. તેનો પત્તો નહોતો. વૃદ્ધ પિતાએ કેટલી યે તપાસ કરી, પણ કંઈ પત્તો જ ન લાગે. તાંતણો જ હાથમાં ન આવે. જેવી ઈશ્વરની ઇચ્છા એમ કહીને તે શાંત રહ્યા. તેમના ખંડમાં પ્રદ્યોતનો મોટો ફોટો હતો. તે ફોટાથી જ સંતોષ માને. શરીર એ શું છે? માટીનો બોલતો–ચાલતો ફોટો જ ને? શરીરનો આ ફોટો માટીમાં મળી જાય છે અને છેવટે કાગળનો ફોટો જ આપણી પાસે રહે છે.

રમેશબાબુ અક્ષયકુમારને ત્યાં આવ્યા. અક્ષયકુમાર ચૈતન્યચરિતામૃત વાંચતા હતા. તેમણે મિત્રને આવકાર આપ્યો. પણ મિત્રનું મોઢું આજે હસતું નહોતું. રમેશબાબુ જરા લહેરી માણસ. મોઢામાં હમેશાં પાન હોય. આનંદી દેખાય. ગાયન ગણગણતા હોય. પણ આજે મોઢામાં પાન નહોતું, હોઠ ઉપર ગાયન નહોતું, મુખ ઉપર આનંદની સહજ છટા નહોતી.

"આજે આવા કેમ વારુ દેખાઓ છો? અને અત્યારે કવેળાએ કેમ વારુ આવ્યા? માયાને ત્યાં બધા કુશળ છે ને? પ્રદ્યોતનો તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્તો નથી. તમારી માયા સુખી હોય તો યે બસ." અક્ષયબાબુ બોલ્યા.

રમેશબાબુએ માયાનો પત્ર જ મિત્રના હાથમાં મૂક્યો. મિત્રે વાંચ્યો. બંને ચકિત અને સચિંત થઈને બેઠા.

"હવે શો ઉપાય? હું જાઉં માયાની પાસે? તેને ધીરજ આપવી જોઈએ. પરપ્રાન્તમાં બિચારી એકલી રડતી હશે." રમેશબાબુ લગભગ રડતાં રડતાં જ બોલ્યા.

"તમે તરત ન જશો. ત્યાં તેને આશ્વાસન આપનાર માણસો છે. પેલા મુકુંદરાવ છે; અને માયા એ ધીર પુરુષની પુત્રી છે. રોતલ હોત તો આટલે દૂર ગઈ જ ન હોત." અક્ષયબાબુએ કહ્યું.

"તો શું નિરાંતે બેસી રહેવું? જે કંઈ થાય તે નસીબને સોંપીને બેસી રહેવું? તમે જ કહો. તમે દુઃખી અને હું પણ દુઃખી." રમેશબાબુ બોલ્યા.

"મારા મનમાં એક વિચાર આવ્યો છે, કલકત્તાની છૂપી પોલીસોના ખાતામાં એક મોટો અમલદાર છે. તે નાનપણમાં અમારી સાથે ભણતો હતો. હું ઘણો આગળ હતો અને તે પાછળ હતો. તો પણ અમે એકમેકને ઓળખતા હતા. તેને જઈને મળીએ. કંઈ થાય તો જોઈએ." અક્ષયબાબુ બોલ્યા.

"કંઈ હરકત નહિ. આજે જ ઊપડીએ." રમેશબાબુ બોલ્યા.

બંને મિત્રો કલકત્તા ગયા. પેલા મોટા અધિકારીના ઘરનું ઠેકાણું મેળવીને સાંજે તેઓ તેને ત્યાં ગયા. તેમણે ઘંટડી વગાડી. એક નોકર બહાર આવ્યો.

"શું જોઈએ છે?" તેણે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આનંદમોહનબાબુ ઘેર છે કે?"

"ના. નવ વાગ્યા પછી આવશે. કંઈ કહેવું છે?"

"તે આવતાં સુધી અમે અહીં જ રોકાઈએ છીએ. હું તેમનો જૂનો મિત્ર છું." અક્ષયબાબુએ કહ્યું.

"હું અંદર પૂછી આવું." એટલું કહીને નોકર ગયો. અને ફરીથી પાછો આવ્યો. "બાઈસાહેબે દીવાનખાનામાં બેસવા કહ્યું છે." તે બોલ્યો.

બંને મિત્રો અંદર આવીને બેઠા. ત્યાં મોટું ટેબલ હતું. તેના ઉપર કાગળોનો ઢગલો હતો. વર્તમાનપત્રો હતાં. રમેશબાબુએ એક ઉપાડયું. રામદાસની ધરપકડની તેમાં ખબર હતી. લાલ પેન્સિલની નિશાનીઓ હતી. એટલામાં બાઈસાહેબ બહાર આવ્યાં. આનંદમોહને લગ્ન બહુ મોટી ઉંમરે કર્યું હતું. "ઘેર આવતાં મોડું થશે. છોકરાં જમે છે. જમી લેવું હોય તો ચાલો." તેમણે કહ્યું. અક્ષયબાબુએ જમવું–કરવું નથી એમ કહ્યું.

"તમે તેમના જૂના મિત્ર, કદાચ સાથે જમશો" એમ જરા હસીને તે બોલ્યાં. પણ હસવાની તેમને ટેવ નહોતી અથવા તેમનું હસવું મરી ગયું હોવું જોઈએ.

એટલામાં અંદર છોકરાનો કજિયો શરૂ થયો અને તે મટાડવા માતા અંદર ચાલી ગઈ. છોકરાં જમીને બહાર આવ્યાં. મહેમાનો તરફ નિહાળીને જોવા લાગ્યાં. નરેન્દ્ર જરા હિંમતવાળો હતો. તે રમેશ-બાબુની પાસે ગયો.

"તમે શું વાંચો છો?" તેણે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ધરપકડ વિશે વાંચું છું." રમેશબાબુએ કહ્યું.

"મહારાષ્ટ્રમાંનો કોઈક પકડાયો છે અને તે બંગાળી છોકરીને પરણ્યો હતો. આ બંગાળી છોકરી ત્યાં કેવી રીતે ગઈ હશે ? કોઈ કાવતરું કરવા ગઈ હશે ?" તેણે પૂછ્યું.

"તેનો તેના પર પ્રેમ હશે." મહેશ બોલ્યો.

"આટલે દૂર પ્રેમ ?" તેણે શંકા ઉઠાવી.

"ચંદ્ર કેટલો બધો દૂર હોય છે, તો યે સાગર ઊછળે છે." રમેશબાબુ બોલ્યા.

"સૂર્ય કેટલો બધો દૂર હોય છે, તો યે પૃથ્વી ઉપરનાં ફૂલ ખીલે છે." અક્ષયકુમારે કહ્યું.

"મા કેટલી બધી દૂર હોય છે, તો યે નિશાળમાં તેની યાદ આવવાથી મહેશ રડે છે." નરેન્દ્રે કહ્યું.

"હવે નથી કંઈ રડતો. નાનપણમાં રડતો હતો." મહેશ રોફમાં બોલ્યો.

"હવે મોટો મુછાળો થઈ ગયો, નહિ ?" નરેન્દ્રે હસીને કહ્યું.

"બાપુજી જ કહે છે કે તું હવે મોટો થયો. હવે હઠ ન કરીએ." મહેશ બોલ્યો.

"નહિ તો પ્રસાદ મળશે." નરેન્દ્રે કહ્યું.

"મોટા થયા પછી પણ પ્રસાદ, નાનપણમાં યે પ્રસાદ." મહેશ બોલ્યો.

"નરેન્દ્ર, મહેશ તમારા ખંડમાં ચાલ્યા જાઓ; નહિ તો સોટી લાવું છું, ચાલો." માએ બહાર આવીને કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મહેમાન આવે તો યે સોટી. મહેમાનના દેખતાં પણ. મા તો મારકણી જ." મહેશ બોલ્યો.

"શું કહ્યું ? મેં સાંભળ્યું હં ? એમને આવવા દે એટલે કહી દઈશ. બહુ ચગાવલો થઈ ગયો છે હમણાંનો. બરાબર યાદ રહી જાય એવો માર જોઈએ છે." માએ મોટેથી કહ્યું.

એ મેંઢાં પોતાના વાડામાં પેસી ગયાં. આ કેદખાનું તો નથી ને, એવું આવેલા મિત્રોને લાગવા માંડયું. જૂનું ઓળખાણ પડશે કે નહિ, બરાબર વાત કરશે કે નહિ એવી શંકા મનમાં ઉત્પન્ન થઈ. છેવટે દેવદર્શન થયું ખરું. આનંદમોહન આવ્યા. પત્ની બહાર આવી. તેણે હાથમાંની હેટ લઈને મૂકી દીધી. તેમણે કોટ ઉતારી આપ્યો તે મૂકી દીધો. તે અંદર ગયા. બધો સાહેબી પોશાક ઉતારીને બંગાળી પોશાકમાં બહાર આવ્યા. છૂટી પાટલીનું ધોતિયું, શરીર ઉપર એક પહેરણ અને ઉપર શાલ, એવી રીતે તે બહાર આવ્યા.

"આવું છું, બેસો હં. હાથમોં ધોઈને આવું છું, એમ કહીને તે અંદર ગયા. સાહેબી પોશાક ગયો અને બંગાળી આવ્યો તેથી મિત્રોને આશા આવવા લાગી. ઘરમાં શિસ્તનું સામ્રાજ્ય વધારે હશે, એટલું જ હવે તેમને લાગ્યું. આનંદમોહન બહાર આવ્યા. આરામ-ખુરશીમાં બેઠા. વીજળીનો પંખો ચાલુ થયો.

"આપ ક્યાંના ?" તેમણે પ્રશ્ન પૂછ્યો.

"ઘણે વર્ષે હું આપને મળું છું. આપણે એક નિશાળમાં હતા. ડિબેટિંગ સોસાયટીમાં હું ભાષણ કરતો. મારું નામ અક્ષયકુમાર. આપણી નિશાળમાં પહેલા એક વિચિત્ર વ્યાયામશિક્ષક હતા. યાદ આવે છે ?" અક્ષયકુમારે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"યાદ આવ્યું. બધું યાદ આવ્યું. તે વ્યાયામશિક્ષકને આપણે રસ્તામાં જયજય કરતા નહિ તેથી તે એક દિવસ ગુસ્સે થયેલા; તેથી બધા છોકરાઓએ રસ્તામાં ને પોળોમાંથી અવારનવાર બહાર આવી 'સાહેબ જયજય, સાહેબ જયજય' કહીને કેવા હેરાન કરી મૂકેલા. મજા હતી. અને પેલી બૉર્ડિંગ ? જ્યાં છોકરાઓને રોજ ચણાની જ દાળ મળતી. તેથી તેઓ એક દિવસ વ્યવસ્થાપક આવ્યા કે તરત જ ઘોડાની જેમ કેવા હણહણવા લાગ્યા; અને આ બધું શું છે એમ તેમણે પૂછ્યું; એટલે ચણા ખાઈને ઘોડા થયા છીએ એવો તેમણે જવાબ આપેલો. બસ મજા જ મજા હતી. અક્ષયબાબુ, આપણે કેટલે બધે દિવસે મળીએ છીએ, અને પેલી નાનપણની દુનિયામાં જઈએ છીએ! નહિ તો આ રોજનું મારું જીવવું, જમના દૂતનું જીવવું છે." તે બોલ્યા.

"આનંદમોહન, આ મારા મિત્ર રમેશબાબુ, અમે એક જ ગામના છીએ. આમને એકની એક છોકરી છે અને મારે એકનો એક છોકરો છે." તે બોલ્યા.

"તો પછી બંનેને પરણાવ્યાં કે શું ?" તેમણે હસીને પૂછ્યું.

"અમારી એવી ઇચ્છા હતી." રમેશબાબુ બોલ્યા.

"પણ છોકરાંએ ન માન્યું એમ ને ? આજકાલનાં છોકરાં બહુ જ ઉદ્ધત હોય છે. મેં મારાં છોકરાંઓને કડક શિસ્તમાં રાખ્યાં છે. ચાં કે ચૂં ન કરે. નાનપણથી જ દાબ હોય તો બધું સીધું સૂતર ચાલે છે." આનંદમોહન બોલ્યા.

"એકની એક છોકરી. લાડ લડાવતો હતો. ભણવા માટે શાંતિનિકેતનમાં મૂકી હતી." રમેશબાબુએ કહેવા માંડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ત્યારે થઈ રહ્યું. શાંતિનિકેતનમાં પૂરેપૂરી સ્વતંત્રતા હોય છે. કહે છે કે કુદરતના પવિત્ર સહવાસમાં છોકરાં શીખે છે, મોટાં માણસોના તરંગો! પહેલાં કોઈ શીખ્યું જ નહોતું કશું કે શું? નવો તરંગ ઉઠાવવો અને તેને ક્રાંતિનું ભારેખમ નામ આપવું." આનંદમોહનનું ભાષણ શરૂ થયું.

"ત્યાં એક મહારાષ્ટ્રી જુવાન હતો, તેના ઉપર તેને પ્રેમ થયો. છેવટે નિરુપાય થઈને તેની સાથે તેને પરણાવી દીધી." રમેશબાબુએ દુઃખપૂર્વક કહ્યું.

"તે જ આ જુવાન કે? તેનું નામ રામદાસ?" સાહેબે પૂછ્યું.

"હા. તેને પકડવામાં આવ્યો છે, તેથી તમારી પાસે આવ્યો છું. ગમે તે કરો પણ છોકરીનું સૌભાગ્ય બચાવો. ઘડપણમાં ન જોવાનું નથી જોવું." રમેશબાબુએ હાથ જોડીને કહ્યું.

આનંદમોહન ગંભીર થયા. તે અવાક્ થઈને બેસી રહ્યા.

"તેમના ઉપર આરોપ શો છે?" અક્ષયબાબુએ પ્રશ્ન પૂછ્યો.

"ભયંકર આરોપ. બ્રિટિશ રાજ્યને ઉથલાવી નાખવાનું કાવતરું; બૉંબ, પિસ્તુલ વગેરે ભેગાં કરવાનું કાવતરું, હું યે શું કરું? કોઈ છોકરીનું સૌભાગ્ય બચાવવાનું પુણ્ય મળતું હોય તો તે હું શું કામ ગુમાવું?" સાહેબે કહ્યું.

"પણ તે જુવાન તેવો નહોતો." રમેશબાબુએ કહ્યું.

"શું કહેવાય?" સાહેબે જવાબ આપ્યો.

"તે ખાદીનો ભક્ત છે. રેંટિયો કાંતે છે. તેના ઘરની પડોશમાં જ સુંદર આશ્રમ છે. તે આશ્રમને તેની જ મદદ હોય છે. આવો જુવાન હિંસાને રસ્તે કેવી રીતે જાય?" રમેશબાબુએ પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અરે, શંકા ન આવે તેથી તો આ બધો ખાદીનો દંભ કરવાનો. આ જુઓ, મારી પાસે પૂરતો પુરાવો છે. બંગાળમાંના ત્રાસવાદીઓ તરફથી તેના ઉપર લખાયેલા પત્રો મારી પાસે છે. તમને બતાવું તો તમે ય નિઃશંક થશો." અધિકારી બોલ્યા.

"પણ તેમના જવાબ આ તરફ કોઈને આવ્યા છે કે? પત્રો અંગ્રેજીમાં છે કે બંગાળીમાં?" અક્ષયબાબુએ શંકા ઉઠાવી.

"અક્ષયબાબુ, તમે મારા નાનપણના મિત્ર છો. બધું તમારી આગળ મૂકું છું" એમ કહીને આનંદમોહને પુરાવાના તે કાગળો તેમની આગળ મૂક્યા.

"આ કામ મારી પાસે જ છે. મારે જ બધો પુરાવો પૂરો પાડવાનો છે. હજી પૂરી તપાસ થઈ નથી." તે બોલ્યા.

બંને મિત્રો તે કાગળો જોવા લાગ્યા. બંગાળથી ગયેલા અને બંગાળ આવેલા પત્રો તેમણે બારીકાઈથી તપાસ્યા. તેમાંના હસ્તાક્ષર વગેરે જોયાં. અક્ષયકુમાર એકાએક ઊઠીને બહાર ગયા.

"છે ને પત્રો?" આનંદમોહને પૂછ્યું.

"પણ આવનારા અને જનારા પત્રોના અક્ષર એક જ દેખાય છે. તમે બરાબર જુઓ. કંઈક ગોટાળો છે." રમેશબાબુએ કહ્યું.

"અક્ષયકુમાર ક્યાં છે? અક્ષયબાબુ–" તેમણે હાક મારી.

અક્ષયબાબુ અંદર આવ્યા, તેમનું મોં ગંભીર હતું.

"તમને શું લાગે છે?" રમેશબાબુએ પૂછ્યું.

"કહો ને. મત આપવામાં શું જાય છે? મને મદદ થશે." સાહેબ બોલ્યા.

"આનંદમોહન, આ બધા પત્રો મારા છોકરાના છે. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હસ્તાક્ષર પ્રદ્યોતના. એમાં જરા યે શંકા નથી. પ્રદ્યોતનો માયા ઉપર પ્રેમ હતો. તેનું આ વેર છે. બધું સ્પષ્ટ થયું. રામદાસ નિર્દોષ છે. મારો છોકરો ગુનેગાર છે." અક્ષયકુમાર અતિ દુઃખથી બોલ્યા.

"વારુ, એક વાર પહેલાં ચાલો આપણે પેટ ભરીને જમી લઈએ; ખાલી પેટે બુદ્ધિ બરાબર નહિ ચાલે. ચાલો, ઊઠો." તે બોલ્યા.

ત્રણે મિત્રો જમવા બેઠા. માયાનું લગ્ન થયું ત્યારથી પ્રદ્યોત કેવો ગૂમ થયો છે, તને હું મરતાં સુધી પજવીશ એવું માયાને કેવું કહ્યા કરતો હતો, એ બધી વાતો જમતાં જમતાં તે મિત્રોએ આનંદમોહનને કહી.

"છોકરીના પતિને જો બચાવાતો હોય તો બચાવજો." પત્ની બોલી.

"તારે ડહાપણ કરવાની જરૂર નથી. તારી બુદ્ધિને ચૂલા પાસે જ રાખ. બહારથી આવું ત્યારે હેટ લઈને મૂકી દેવી, હાથમાંની લાકડી લઈને મૂકી દેવી, આ કામો તારે કર્યા કરવાં. પૂછ્યા વિના પુરુષોને અક્કલ ન શીખવવી." સાહેબ ગુસ્સાથી બોલ્યા.

ત્રણે મિત્રો બહાર આવ્યા. સાહેબ ધૂમ્રપાન કરતા હતા. બંને મિત્રોએ પાન ચાવવા માંડયાં.

"આમ જુઓ. હું ધનગાંવ જાઉં છું. તમને હું તાર કરીશ; નહિ તો પત્ર લખીશ. હું બોલાવું એટલે તમારે આવવું. ગભરાશો નહિ. કેસ મજાનો દેખાય છે." આનંદમોહન બોલ્યા.

"મારા જમાઈને બચાવો અને આમના પ્રદ્યોતને પણ બચાવો." રમેશબાબુએ કહ્યું.

"ઠીક ઠીક. બધું જોઉં છું. તમે અહીં જ સૂશો ને?" તેમણે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અમે હવે જઈએ છીએ. અમને ગાડી મળશે. ઘેર પણ બધાં ચિંતામાં જ પડયાં છે." રમેશબાબુએ કહ્યું.

"તે ય ખરું, તો તમારે ઊપડવાનો વખત થયો. ચિંતા કરશો નહિ. તમારા પ્રદ્યોતને મારી બહેન આપીશું. તે આજે અહીં નથી. એક મિત્રની છોકરી ન મળી, તો બીજા મિત્રની બહેન. મારી સૌથી નાની બહેન. બહુ સુંદર છે. તે પછી જોઈશું." સાહેબ બોલ્યા.

બંને મિત્રો ગયા. સાહેબ થોડુંક વળાવવા જઈ પાછા આવ્યા. ઘણા વખત સુધી તે પેલો પત્રવહેવાર તપાસતા હતા. છેવટે તે ઊઠયા. "મારે હમણાં ને હમણાં જવાનું છે, સમજી કે? મારી તૈયારી કરી આપ. સાંભળ્યું કે? ઊંઘી ગઈ કે શું? સત્તર વખત તો તને કહ્યું છે કે મારા ઊંઘતાં પહેલાં ઊંઘવું નહિ" એમ તે ગુસ્સામાં મોટે મોટેથી બોલવા લાગ્યા. પત્ની આંખો ચોળતી ગભરાતી બહાર આવી.

"ઊંઘી ગઈ'તીને? તે દહાડાની જેમ જરા પ્રસાદ જોઈએ છે તને? મારી તૈયારી કર. બહુ મજાનો કેસ છે. હું હમણાં જ ઊપડું છું. આમ તાકી શું રહી છે? સોટી જોઈએ છે કે શું? બગાસાં ખાય છે! એદી." તે બબડતા હતા.

પત્નીએ બધી તૈયારી કરી આપી. આનંદમોહન ઊપડયા.

"પાછા કયારે આવશો?" તેણે બીતાં બીતાં પૂછયું.

"અમારું કંઈ ઠેકાણું નહિ એમ હજાર વખત તો કહ્યું છે. સાવ ઠોઠ છે, ખાલી લઠ્ઠ છે, ફટકારની પડશે." તે બોલ્યા.

બિચારી પત્ની, તે કંઈ બોલી નહિ. બને ત્યાં સુધી તે કદી પૂછતી નહિ. વત્તુંઓછું કંઈ બોલતી નહિ. પણ કોઈક વાર ભૂલથી મોં ખૂલતું અને ગાળો ખાવી પડતી.

આનંદમોહન ચાલ્યા ગયા.

ધનગાંવની એક ટેકરી ઉપર એક યુવક સાંજ પૂરી થઈને રાત્રિ પડવા માંડી તો યે બેઠો હતો. તે એકાએક બંગાળી ગીત ગાવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આવું છું, તને હું મળવા આવું છું. કોણ તને મારી પાસેથી ઝૂંટવી જશે તે જોઉં છું." આવા ભાવાર્થનું તે ગીત હતું. ગાવાના તાનમાં તેની પાસે બીજું કોઈક આવીને ઊભું છે, તેનું તેને ભાન પણ નહોતું. ગીત પૂરું થયા પછી તેણે જોયું કે પાસે કોઈ છે.

"ગભરાશો નહિ. હું બંગાળનો જ છું. કેટલા યે દિવસે બંગાળી ગીત સાંભળવા મળ્યું. તમે અહીં કયાં આવ્યા છો ?" પેલા ગૃહસ્થે પેલા યુવકને પૂછ્યું.

"હું એક સ્વૈરવિહારી મુસાફર છું. મારા એક મિત્રની અહીં ધરપકડ થઈ છે. તે મિત્ર મહારાષ્ટ્રી છે. તેની પત્ની બંગાળી છે. તેને આશ્વાસન આપવા માટે હું આવ્યો છું." પેલો યુવક બોલ્યો.

"સારું કર્યું."

"હું હવે જાઉં છું, તે એકલી ઓરડીમાં રડતી બેઠી હશે" એમ કહીને તે યુવક ઊઠયો અને ટેકરી ઉપરથી દોડતો જ નીચે ઊતર્યો.

માયા ઓરડીમાં એકલી હતી, આનંદમૂર્તિ હમણાં જ આવીને ગયા હતા. મુકુંદરાવ કામદારોની સભામાં ગયા હતા. શાંતાની છોકરી ક્રાન્તિ જરા બીમાર હતી; નહિ તો તે આવી હોત. માયા આંખો મીંચીને આરામખુરશીમાં પડી હતી. કોઈક ધીમેથી બારણું ઉઘાડી અંદર આવ્યું. તે વ્યક્તિ માયાની આરામખુરશીની પછવાડે ઊભી રહી. માયા ઊંઘી ગઈ છે કે શું તે તેણે વાંકા વળીને જોયું. તેના ઊના શ્વાસોચ્છ્વાસના સ્પર્શથી માયા એકદમ ચમકીને જાગી ગઈ અને જોવા લાગી. તો ત્યાં કોણ ઊભેલું ?

"પ્રદ્યોત, ચોરની જેમ આવીને શું કરવાનો હતો ?"

"ચોર હું નથી. ચોર આ મહારાષ્ટ્રી ભામટો છે. મારું ચોરાયેલું રત્ન હું ફરીથી પકડી પાડવાનો હતો. માયા તું મારી છે, આ તારા ઓઠ મારા છે, આ મારો અમૃતનો પ્યાલો તેણે ચોર્યો." પ્રદ્યોત આગળ ખસવાનું કરતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ખબરદાર પાસે આવ્યો તો. પ્રદ્યોત, પરસ્ત્રીને સ્પર્શ કરતાં શરમ નથી આવતી!" તે ક્રોધથી કંપતી બોલી.

"તું પરસ્ત્રી નથી, તું મારી છે. નાનપણથી મેં મારી મહોર તારા ઉપર મારેલી છે. તું ક્રોધથી જોઈશ તેથી હું બળી જવાનો નથી. પાષાણિ, મારી બધી આશાઓની રાખ કરતાં તને કંઈ થયું નહિ. હજી ક્રોધથી જો, આ પ્રદ્યોત દઝાવાનો નથી. જો, આ પ્રદ્યોત તરફ બરાબર જો. આ પ્રદ્યોતનું જીવન કેવી રીતે માટીમાં મેળવ્યું છે તે જો. મારી આંખો ઊંડી ગઈ, મારા ગાલના ખાડા પડ્યા. હું ભૂતના જેવો બન્યો. ચાંડાલણિ, આ તારું કામ છે. તેં આજે મારું જીવન નિઃસાર બનાવ્યું છે. પ્રદ્યોતને બાજુએ મૂક. બંગાળમાં બીજા યુવકો નહોતા? આખો બંગદેશ ઉજ્જડ હતો? બંગાળ નિર્વીર્ય બન્યો? પથ્થરોના દેશમાંના એક મહારાષ્ટ્રી માકડાને માળા પહેરાવી? તને શરમ નહિ આવી? બંગભૂમિનું તેં અપમાન કર્યું છે. તેં બંગાળી યુવક-યુવતીઓનું અપમાન કર્યું છે. એક બંગાળી કન્યા મહારાષ્ટ્રી યુવકને કોટે વળગે એ અમારાથી જોવાતું નથી. પ્રાણ મૂઠીમાં લેનારા બંગાળી યુવકો—તેમનામાંનો જ હું એક છું. તને હું મહારાષ્ટ્રી ભૂતની સાથે વિલાસચેષ્ટા નહિ કરવા દઉં. તેં પાપ કર્યું. સ્વજનદ્રોહનું પાપ કર્યું. તારા હાથે આ પાપ ચાલુ ન રહે તેથી મેં પેંતરો રચ્યો. તેને પકડાવ્યો. હવે એ માકડું કેદમાં પડશે. માયા, પાછી બંગાળમાં ચાલ. તું મારી થા. સુંદર રૂપાળો બંગાળ, પાવન પુણ્યમય પરાક્રમી બંગાળ! રામકૃષ્ણવિવેકાનંદનો બંગાળ, અરવિંદ દેશબંધુનો બંગાળ, ખુદીરામ કન્હૈયાલાલનો બંગાળ, બંકીમ અને રવીન્દ્રનો બંગાળ, ચાલ, તે વિશ્વભૂષણ બંગભૂમિમાં પાછી ચાલ. આ પ્રદ્યોતને પણ શાંત કર. મને માતૃભૂમિની સેવા કરવાનું શીખવ. આ મહારાષ્ટ્રમાં શું છે? માટી ને પથરા, ન મળે કાવ્ય કે ન મળે શાસ્ત્ર, ન કળા, ન સૌન્દર્ય; ન પરાક્રમ, ન ત્યાગ; ન સ્વાભિમાન, ન જ્ઞાન, બંગભૂમિનાં માણેક-મોતીને છોડીને માટી સાથે પ્રીત કરી? ગાંડી છે. ચાલ, આ પાપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બસ થયું. આ પ્રદ્યોત તને હવે પછી આ પાપ કરવા દેશે નહિ–" પ્રદ્યોત અટક્યો.

માયા આંખોમાંથી જાણે કે અંગાર વરસાવતી હતી. સતી પાર્વતીની જેમ જાણે કોપાયમાન થઈ હતી. તેની લાગણીઓ પણ ઉત્તેજિત થઈ, તેનો જ્વાળામુખી પણ જાગ્રત થયો; અને ગરજવા લાગ્યો.

"માકડ માકડ કોને કહે છે લ્યા? શું એ માકડ છે? તેમનો આત્મા મહાન છે. આખો ભારતદેશ તેમને પોતાનો લાગે છે. બધા પ્રાન્તોના ગુણ લેવા એમ તેમને લાગે છે. તે તમારી બંગભૂમિમાં આવ્યા, તમારી સંસ્થામાં રહ્યા, તમારા ગુણોની કદર કરતા થયા. મહાપૂર વખતે સ્વયંસેવક થયા, પૂજાના દિવસોમાં બંગાળી સ્વયંસેવકો ઘેર ગયા, પણ એ તો કામ જ કરતા રહ્યા. આ ભૂમિને પથ્થરિયા કહીને અપમાનીશ નહિ. પથ્થરમાંથી જ દેવમૂર્તિ થાય છે. અહીંના મજૂરોએ મહાપૂર વખતે પોતાનાં કપડાં બંગાળમાં મોકલ્યાં. તે મજૂરોના પગની ધૂળનો સ્પર્શ કર અને પવિત્ર થા. મહારાષ્ટ્ર–એ ત્યાગભૂમિ છે. પવિત્ર ભૂમિ છે. અહીંની રજેરજ મને પવિત્ર લાગે છે. રામચંદ્રજીના પગનો સ્પર્શ આ ભૂમિને થયેલો. મહારાષ્ટ્રમાં મહાન વિભૂતિયો ક્યાં નથી થઈ? પેલા શાંતિ અને જ્ઞાનના સિન્ધુ ન્યાયમૂર્તિ રાનડે, પેલા સ્વાભિમાનનો જ્યોતિ પેટવનારા વિષ્ણુશાસ્ત્રી, પેલા સરકાર સામે અને દુષ્ટ રૂઢિયો સામે ઝગડનારા ન્યાયમૂર્તિ અને ધૈર્યમૂર્તિ આગરકર, સ્વરાજ્યનો મંત્ર દેનારા ભારતભૂષણ અમર લોકમાન્ય, મહાત્મા ગાંધીજીના રાજકીય ગુરુ મહાન ગોપાળકૃષ્ણ ગોખલે–કેટલી મહાન વિભૂતિયો ગણાવું? અહીં કોઈ શહીદો નથી થયા કે કોઈ ફાંસીએ નથી ગયા? હાથમાં ગીતા લઈને ફાંસીએ ચડનારા ચાફેકર અહીં કંઈ થોડા નથી પાક્યા. મોટરની નીચે ચગદાઈને પ્રાણ પાથરનારા બાબુગણુ અહીં જ નથી પાક્યો કે? અહીં શું નથી? કેટલી મોટી શિક્ષણસંસ્થાઓ અને બીજી સંસ્થાઓ! સ્ત્રી–શિક્ષણ માટે જીવન અર્પણ કરનારા, ત્રણ છોકરીઓથી શરૂઆત કરી, એક ઝૂંપડીમાં ૧૯૦૦માં આશ્રમ સ્થાપી તેમાંથી આજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખા હિંદુસ્તાનમાં અદ્વિતીય એવું મહિલાવિદ્યાપીઠ સ્થાપનારા ઋષિતુલ્ય મહર્ષિ અણ્ણાસાહેબ કર્વે;–અને પેલાં સૂર્યના જેવા તેજસ્વી ઇતિહાસાચાર્ય રાજવાડે, એક લીટી પણ અંગ્રેજીમાં નહિ લખું તેવી તેમની પ્રતિજ્ઞા હતી: જ્યોતિષશાસ્ત્રનો એક હજાર પૃષ્ઠનો ઇતિહાસ લખનારા શંકર બાળકૃષ્ણદીક્ષિત; તેમને ન્યાયમૂર્તિ કહેતા હતા કે "આ ઇતિહાસ અંગ્રેજીમાં લખો, વિશ્વવિખ્યાત થશો." પણ તેમણે જવાબ આપ્યો: "દુનિયાને જ્ઞાન જોઇતું હશે તો તે મારી ભાષા શીખશે." સ્વભાષાનું કેટલું બધું અભિમાન! સ્વભાષાનું આટલું અભિમાન હોવા છતાં મહારાષ્ટ્રી બંધુઓએ બીજી ભાષાઓ તરફ તુચ્છ નજરે ન જોતાં તેમનામાંથી જે લેવા જેવું હતું તે આદરપૂર્વક લીધું. તેમણે તમારા ગ્રંથકારોને મરાઠીમાં ઉતાર્યા; તમે શું કરો છો? મરાઠી જ્ઞાનકોશના પેલા પ્રસ્તાવનાખંડો; પેલા શબ્દકોશો, ચરિત્રકોશો, ધર્મકોશો, વ્યાયામકોશો; મરાઠીમાંની પેલી સુંદર નવલકથાઓ–ઉષ:કાલ, મી (હું), પણ લક્ષાંત કોણે લેતો (પણ ધ્યાનમાં કોણ લે છે), રાગિણી, અજિંક્યતારા, વિંધ્યાચલ, દૌલત, દોન ધ્રુવ (બે ધ્રુવ): આમાંનું કંઈ પણ બંગાળીમાં ઉતાર્યું છે? મરાઠીના મહાન નાટકકારો: ખાડિલકર, કોલ્હટકર, કેળકર, ગડકરી, અત્રે એમનો સ્વાદ બંગાળને ચખાડ્યો છે? તમે તમારા અહંકારમાં પુરાયા છો. મહારાષ્ટ્ર નિરહંકારો છે. તે પોતાની દાંડી પિટાવતો નથી અને બીજાનું ગુણગ્રાહક બુદ્ધિથી લે છે. મહારાષ્ટ્રમાં ધ્યેયનિષ્ઠા છે, અપાર ત્યાગ છે. કોઈની મદદ નથી, પાઈપઈસો મળતો નથી, તો પણ ધ્યેયને વળગી રહી ઠેર ઠેર કામ કરનારા સેંકડો મહારાષ્ટ્રી યુવકો છે. તેમણે જો સ્વાભિમાન છોડ્યું હોત તો તેઓ ઘણો પૈસો મેળવી શકત. પણ આત્માને ન વેચવાને કારણે તેઓ ભૂખ્યા પેટે, પગમાં જોડા વિના હરેફરે છે; અને કામો કરે છે. પ્રદ્યોત, કોઈએ કશાનું અભિમાન ન કરવું. પરમેશ્વર બધે પોતાનું તેજ મૂકતો જ હોય છે. બંગભૂમિ મોટી છે અને મહારાષ્ટ્ર પણ મોટો છે. ગૂજરાત પણ મોટો છે અને મદ્રાસ પણ પૂજ્ય છે. હું મહારાષ્ટ્રી હૃદય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંગાળને આપીશ. મહારાષ્ટ્રી આત્માની પિછાન કરાવી આપીશ. મરાઠીમાંના સુંદર સ્ત્રીગીતો, ઓવિયો, કહાણીઓ બંગાળીમાં ઉતારીશ. આ બંગભૂમિની સેવા નથી? આ વ્યાપક સેવા છે માતાઓની માતા, જે ભારતમાતા, તેની આ સેવા છે. ભારતમાતાનાં બધાં સંતાનોને અરસપરસની પિછાન કરાવી આપવી એ ખરી માતૃસેવા છે. હિંદ-માતાનો વરદ હસ્ત મારા શિર ઉપર છે. તેનો આ છોકરી ઉપર મંગળ આશીર્વાદ છે. પ્રદ્યોત, અહંકાર છોડ, ભ્રમ છોડ. પવિત્ર થા. બંગભૂમિની ખરી સેવા કરવી હોય તો નિર્મળ થા. જે અન્ય માતા-ઓને પૂજે છે તે જ ખરો માતૃભક્ત છે. બંગમાતાનો ખરો ઉપાસક મહારાષ્ટ્ર માતાનો પણ પૂજક થશે. પ્રદ્યોત, હું બંગભૂમિની સેવા કરું છું. તું જ તેને કલંક લગાડે છે. એક ભગિનીને વિટંબના કરીને તું માતૃસેવા કરે છે? એક ભગિનીની આબરૂને તું ધૂળભેગી કરવા માગે છે, તે બંગાળી યુવક–યુવતીઓનું અપમાન જ છે. પરસ્ત્રીને ગમે તેવાં વચનો કહેવાં એ તેમનું ખરું અપમાન છે. તેમને જો આની ખબર પડશે તો તેઓ તારા ટુકડેટુકડા કરશે. બંગાળી યુવતીઓ તને ફોલી ખાશે. પ્રદ્યોત, કેટલું અમંગળ તું બોલ્યો! અને મારા સૌભાગ્ય ઉપર ઘા કરીને તેં શું મેળવ્યું? મારી આંખોમાંથી અખંડ અશ્રુ-ધારા ચાલે એમાં જ તને આનંદ મળે છે કે? શ્રી રામકૃષ્ણ, અર-વિંદ, વિવેકાનંદ, રવીન્દ્ર એમનાં પવિત્ર નામો શું કરવા લીધાં?

પ્રદ્યોત. પ્રદ્યોત, તારાં વચનો મેં સહન કર્યાં; કારણ કે નાનપણથી મેં તને મારો ભાઈ માન્યો છે. તને ખબર નથી, પણ તું યાદ આવે છે ત્યારે મને હમેશાં રડવું આવે છે. મને તારા ઉપર બહુ ગુસ્સો ચડતો નથી. તું મારો ભાઈ કેમ થતો નથી? મારે ભાઈ નથી, પ્રદ્યોત, મારે ભાઈ નથી. થા, તું મારો ભાઈ થા. મારી ચિર ઇચ્છા પૂરી કર. કહે છે કે મહારાષ્ટ્રમાં ભાઈબીજનો મોટો તહેવાર હોય છે. તું મારો ભાઈ બનીને આવતો જા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેં તેમને કેદમાં નંખાવ્યા છે. તું મારો ભાઈ થા. હું એ બધું ભૂલી જઈશ. ભ્રાતૃપ્રેમમાં બધું પાપ ધોવાઈ જશે. તેમના દવાખાનામાં હું સેવિકા થઈશ અને તે છૂટીને આવતાં સુધી તેમનું સ્મરણ કરીને આબરૂભેર રહીશ. મારા પેટમાં બાળક વધે છે. તેના તરફ જોઈને દિવસ પસાર કરીશ. એક દિવસ તે આવશે કદાચ વહેલા આવે. પ્રદ્યોત, તને દયા નથી આવતી, બહેનની કરુણા નથી આવતી? તારે બહેન નથી, મારે ભાઈ નથી. આપણે બહેનભાઈ થઈએ. આવ, પ્રદ્યોત, મારી પાસે આવ અને મને બહેન કહી હાક માર. મારી બહેન માયા એમ બોલ. જો, તારી પેલી આંખો બદલાઈ. તમોગુણને ઠેકાણે સત્ત્વગુણ ચળકવા લાગ્યો. તારી પેલી આંખો જો, ભીની થઈ. ન લૂછતો. ધારાઓ નીકળવા દે. વિકારોની ગંદકી ધોવાઈ જશે. પવિત્ર બંધુપ્રેમથી દૃષ્ટિ ભરાઈ જશે. પ્રદ્યોત, આ આરામખુરશીમાં પડ અને પેટ ભરીને રડ. પ્રદ્યોતનો પુનર્જન્મ થશે. જીવનમાં ક્રાન્તિ થશે. ભર્તા થવા માગનારો ભ્રાતા થશે. પહેલાંનો પ્રદ્યોત મરી જાઓ, નવો પ્રદ્યોત જન્મો."

માયાએ પ્રદ્યોતની પીઠ ઉપર હાથ મૂકયો. તે જાણે કે નિશ્ચળ થઈ ગયો હતો. તેના ખભા ઉપર ડોક મૂકીને તે રડવા લાગ્યો. તેણે તેને આરામખુરશીમાં બેસાડયો. થોડા વખત પછી લાગણીઓ શાંત પડી; પ્રદ્યોત ઊઠયો અને જવા લાગ્યો.

"ક્યાં જાય છે ભાઈ?" માયાએ પૂછ્યું.

"માયા, તારે પગે પડવા દે. મને માફ કર. હું જાઉં છું અને આ જીવન ગંગાને અર્પણ કરું છું." તે બોલ્યો.

"પ્રદ્યોત, ભાઈ થયો ને મરવા માટે? મને ભાઈનો લહાવો આપ. પશ્ચાત્તાપ થાય એટલે પુનર્જન્મ જ થાય છે. આ શરીરને નાખી દેવાની કંઈ જરૂર નથી. મન બદલાઈ જાય એટલે બધું બદલાય. અક્ષયબાબુને આધાર આપ, આનંદ આપ; તેમને કેટલું દુઃખ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમનો તારા ઉપર કેટલો બધો પ્રેમ છે ? ખરું ને ? તારો પત્તો નથી એટલે તે રડતા હોય છે. જા, તેમને શાંત પાડ, ઘેર જા. ભાઈબીજ ઉપર બહેનને ત્યાં આવતો જજે, ગાંડો ન થતો." માયાએ તેને પ્રેમપૂર્વક કહ્યું.

"હું આ મોઢું બાપુજીને કેવી રીતે બતાવું ?" તે બોલ્યો.

"હું તારી સાથે આવી હોત, પણ આ ખટલો અહીં ચાલવાનો. શું કરું ? તે બોલી.

"માયા, હવે તો હું તારા પતિને છોડાવીશ, ત્યારે જ ઘેર જઈશ. એ જ પ્રતિજ્ઞા. તારા અશ્રુ બંધ કરાવીશ, ત્યારે જ મારા પિતાના અશ્રુ હું લૂછી શકીશ. બહેન, હું જાઉં છું." તે બોલ્યો.

"ક્યાં જાય છે ? અહીં જ રહે, જમી લે, બહેનના હાથનું જમ." માયાએ કહ્યું.

"મારે મારી ઓરડીએ જવું જોઈએ, બહેન, તારો પતિ તને લાવી આપીશ; પછી તારા હાથનું જમીશ. મને જવા દે."

પ્રદ્યોત ઊપડયો. ફરીથી તેની આંખો ભરાઈ આવી. તે બહાર ચાલ્યો ગયો, ત્યાં પેલા કાળા લોકો કોણ છે ? પોલીસ ઊભા હતા. સિસોટી વાગી, માયા એકદમ બહાર આવી.

"તમે ગિરફ્તાર છો." અમલદાર બોલ્યો.

"વારુ." પ્રદ્યોતે કહ્યું.

"એમને ગિરફતાર કર્યા, હવે મારા પ્રદ્યોતભાઈ પણ ગિરફતાર ?" માયા રડતાં રડતાં બોલી.

"બહેન, હવે બધું મંગળ જ થશે. હિંમત રાખ." તે બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫ કામદારોની હડતાળ

છેવટે ધનગાંવમાં પગારવધારાની લડત ચાલુ થશે એમ જણાવા લાગ્યું. માલિકો ખૂબ નફો કરતા હતા; તો પણ પહેલાં એક વાર મંદીના સમયમાં જે પગારકાપ થયો તે જાણે મજૂરોને કોટે જ વળગ્યો. કામદાર કાર્યકર્તાઓએ આંકડા આપી આપીને સાબિતિઓ આપી, પણ માલિકો મક્કમ રહ્યા. તેઓ કંઈ પણ વિચાર કરવા તૈયાર નહોતા. કામદારોની હડતાળ ટકશે નહિ એવી તેમને ખાતરી હતી. માલિકોના માણસો ગામેગામથી નવા મજૂર મેળવવા ફરવા લાગ્યા હતા. લડત આપવાની તેમની પણ તૈયારી હતી. બંનેને પોતપોતાની તાકાત અજમાવવાની ઇચ્છા હતી. કામદારોની સભાઓ–સરઘસો ચાલુ હતાં. "પગાર વધારો જલદીથી" એ ઘોષ બધે ગાજી રહ્યો. નિશાળોમાં જતાં નાનાં છોકરાં રસ્તાઓમાં "પગાર વધારો જલદીથી" એમ બોલતાં જતાં હતાં. ઊંઘમાં પણ તેઓ આ જ વાક્યો બોલતાં, વાતાવરણ ગરમ થયું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે નવરાત્રિના આરંભનો દિવસ હતો. ખરું જોતાં કિસાન-કામદારોની ચળવળોમાં ધાર્મિક રૂઢિઓનું કંઈ મહત્ત્વ નથી. કામદારો હિંદુઓ હોય છે અને મુસલમાન પણ હોય છે, બધા ધર્મોના હોય છે. તેમની લડતનો નવરાત્રિ સાથે શો સંબંધ હોય? નવરાત્રિનો સંબંધ લાવવો જ હોય તો એક સામ્રાજ્યસત્તાની વિરુદ્ધ જનતાની શક્તિ તે દિવસે પ્રાચીનકાળમાં ઊઠી હતી. મહિષાસુરને હઠાવી દેવા માટે દરિદ્રી જનતા ઊઠી હતી. મહિષાસુર એટલે કોણ? મહિષ એટલે પાડો. તે બહુ મહેનત કરતો નથી. મફતનું ખાય છે અને માતે છે. અને છેવટે બધાંને શીંગડાં બતાવે છે. મહિષ એટલે સામ્રાજ્યવાદ, મૂડીવાદ, ગરીબોની મહેનત ઉપર પોષાઈ ગરીબોને ધૂળમાં જ રાખનારો બધી સંસ્થાઓ એટલે મહિષાસુરના અવતારો.

ધનગાંવના કામદારો ત્યાંના મહિષાસુરને નરમ કરવા માટે, તેને નાથવા માટે, તેને શરણે લાવવા માટે નવરાત્રિને દિવસે ખડા થયા. ત્યાંની કામદાર-ચળવળનો તે નૂતન દિન હતો, તે નૂતન રાત્રિ હતી. આગલે દિવસે આઠ હજાર કામદારોએ પ્રચંડ મશાલસરઘસ કાઢ્યું. આઠ હજાર કામદારોના ઘરનાં હજારો માણસો તેમાં સામેલ થયાં. ધનગાંવના સેંકડો વિદ્યાર્થીઓ તેમાં ભળ્યા. આજુબાજુના દસ દસ ગાઉ સુધીના હજારો કિસાનો તે સળગતું અને સળગાવતું સરઘસ જોવા આવ્યા. ઇન્કિલાબની ગગનભેદી ગર્જનાઓ થતી હતી. "ભવિષ્યકા રાજ્ય તુમ્હારા માનો." એ ચરણ બોલતી વખતે કામદાર ઊંચો ઊંચો કૂદકા મારતો હતો. જાણે કે ભવિષ્યનું રાજ્ય વર્તમાનમાં લાવવા માટે તે ઊંચો થતો હતો. પેલી સળગતી મશાલો, પેલી જ્વાળાઓ એટલે જાણે કામદારોના તડફડતા આત્માઓ હતા. અમને શાંત કરો; નહિ તો ત્રિભુવનને ભસ્મ કરીશું, એમ જાણે તેઓ ભડભડીને કહેતી હતી. કિસાનો અને કામદારોના પેટમાં આગ સળગી છે. તે આગ હવે બહાર નીકળશે, સાવધાન સાવધાન, એમ પેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મશાલનું સરઘસ જાણે જાહેરાત કરતું હતું. ભારતીય સંસ્કૃતિ કહે છે કે પહેલી આહુતિ અગ્નિને આપવી. અગ્નિહોત્રનું પાલન કરવું. આ અગ્નિહોત્ર ક્યાં છે? આ પવિત્ર અગ્નિ ક્યાં છે? પ્રામાણિક મહેનત કરીને જેમનાં પેટમાં આગ સળગી છે તે આગને શાંત કરવી એટલે જ અગ્નિહોત્રનું પાલન કરવું, એટલે જ અગ્નિને આહુતિ આપવી. શ્રમજીવી જનતાનો અગ્નિ–તેને પહેલાં આહુતિ અર્પો. પછી વધે તે તમે ખાઓ. પહેલો હક તેમનો. પહેલાં તેમનો ધસારો ભરી કાઢો. યજ્ઞ કર્યા પછી, આ આહુતિ આપ્યા પછી, જે યજ્ઞશિષ્ટ વધશે તે ખાઓ એટલે બ્રહ્મપ્રાપ્તિ થશે, પણ કિસાન કામદારોને તૃપ્ત કરતાં પહેલાં જ જેઓ પોતાના જ મોજશોખની સંભાળ રાખે છે તેમને શ્રીકૃષ્ણની ગીતા પાપાત્મા કહે છે.

આવા પાપાત્માઓને સાવધ કરવા માટે તે સરઘસ હતું. આખું શહેર તે સરઘસથી ધમધમી ઊઠ્યું, જાગ્રત થયું. બધાની સહાનુભૂતિ પેલા ભૂખ્યા કામદારો પ્રત્યે વળી. બીજા દિવસથી હડતાળનો આરંભ થયો. હડતાળ ખૂબ વ્યવસ્થિત હતી. પહો ફાટતાં પહેલાં તો હજારો કામદારો મેદાનમાં ભેગા થતા. ત્યાંથી લાલ અને ત્રિરંગી ઝંડા લઈને તેઓ ગામમાં સરઘસ કાઢતા અને પોતપોતાની મિલને ઘેરો ઘાલીને બેસતા. તમારા સ્વાર્થને જરા મર્યાદા બાંધો એમ જાણે તેઓ દર્શાવતા હતા. કોઈ નવો કામદાર ક્યાંયથી પણ અંદર આવે નહિ તેની ખબરદારી રાખતા. મિલના દરવાજાઓમાં બહાદુર કામદારસ્ત્રીઓ બેસતી. ૧૯૧૭માં રશિયામાંના મોસ્કો શહેરમાં સ્ત્રીકામદારોએ ક્રાંતિનો ઝંડો રોપ્યો. આજે હિંદની બહેનો પણ ખડી થઈ છે.

એક દિવસ જરા ગડબડ થવાની હતી. એક મિલના મૅનેજરની મોટર આવતી હતી. કામદારો તેને દરવાજામાંથી અંદર જવા દેતા નહોતા. "અમારી ઉપર થઈને મોટર લઈ જાઓ, બીઓ છો શું કરવા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારાં લોહી ઉપર તો કારખાનાં ચાલે છે, તો બીજું થોડું લોહી રેડાય તો તેમાં બીઓ છો શું? અમને છૂંદી નાખો, મોટર ભોં ભોં કરતી આવવા દો" એમ કામદારો કહેવા લાગ્યા. મોટર પાછી ફરી. કામદારોએ જયઘોષ કર્યો. મૅનેજર પગે ચાલીને મિલમાં જવા માટે આવ્યો. તેને કામદાર ભાઈબહેનોએ શાંતિથી જવા દીધો. પણ એક કામદાર બહેન ખિજાઈને દોડી આવી, વિકટ હાસ્ય કરતી આવી, જાણીબૂઝીને પાન ચાવતી આવી. એકદમ મૅનેજરની પાસે ગઈ અને "થૂ થૂ" કરીને તેણે મૅનેજર ઉપર લાલ પિચકારી મારી. "લાલ ઝંડાકી જય" એવી તેણે ગર્જના કરી. "અમારી આબરૂ લે છે, ખરો કે? ઊભો રહે, ફરીથી થૂંકું છું" એમ તેનો હાથ પકડી, તેને હલાવી ફરીથી તે બોલી. કેટલાક કામદારો દોડી આવ્યા અને તેને દૂર લઈ ગયા. "મને ના ઢસરડો, પેલા ઢેડને ઢસરડો, તેના મોઢા ઉપર બધા થૂંકો" એમ તે બૂમો મારતી જ હતી. એટલામાં પોલીસો આવ્યા. કામદાર–આગેવાનો પણ દોડતા આવ્યા. બધું શાંત થયું. લાઠીમાર ટળ્યો.

આખા ગામની આર્થિક રચના ઊથલી પડી. કેટલાક સિનેમાઓ પણ બંધ પડ્યાં. ત્યાં કોણ જાય? થોડા વિનોદ માટે કામદાર જ ત્યાં જતો હોય છે, બીડી અને પાનની દુકાનો પણ બંધ પડી. અનાજ અને કરિયાણાના વહેપારી પણ ઠંડા પડયા. ગુજરીને દિવસે સેંકડો ગૂણો અનાજ ખપતું તે બંધ પડ્યું. હોટેલો ઉજ્જડ થઈ, બધે સ્મશાન જેવું લાગવા માંડ્યું. આઠ હજાર કામદારોના પગારના પૈસાની બજારમાં દર મહિને હેરફેર થતી. તે બંધ પડી. બજારમાં હમેશાં બેત્રણ લાખની મૂડી બંધ પડી.

કામદારો જીવે કેવી રીતે? તેમને ઉપવાસ થવા લાગ્યા. અનાજ વહેંચાતું હતું. જેમને ખૂબ જરૂર હતી તેમને પહેલું અપાતું હતું. સ્વયંસેવકો દૂધ વહેંચતા. જેમને નાનાં બાળકો હતાં તેમને દૂધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવામાં આવતું. કામદાર પુરુષો એક ટંક જમવા લાગ્યા. એક ટંક રાત્રે કામદારો મેદાન ઉપર ચણામમરા ખાતા અને ક્રાન્તિનાં ગીત ગાતા. કેટલાક વહેપારીઓએ યુનિયનને ઉધાર અનાજ આપવાનું કબૂલ કર્યું. યુનિયન ગૂણો લાવતું અને અનાજ વહેંચતું. જેને આપે તેને નામે લખે.

સમાધાનનો ફરીથી એક વાર પ્રયત્ન કરવો એવો કેટલાકને વિચાર આવ્યો. મોહન યુનિયનનો મંત્રી હતો. તે બીમાર હતો. તો યે કામ કર્યા જ કરતો હતો. એક દિવસ તે માલિકોની ઑફિસે ગયો. તેણે ઉપર ચિઠ્ઠી મોકલી પણ જવાબ મળ્યો નહિ. તેથી તે દાદરો ચડીને ઉપર જવા લાગ્યો. ત્યાં માલિકો, તેમના મૅનેજરો અને બીજા કેટલાક ડાયરેક્ટરો ત્યાં ભેગા થયા હતા. મોહન ત્યાં જઈને ઊભો રહ્યો.

"સાલો બદમાશ. અહીં કેવી રીતે આવ્યો. હાંકી મૂકો આને." એક મૅનેજર બોલ્યો.

"હું તમને કંઈક પૂછવા આવ્યો છું." મોહને શાંતિથી કહ્યું.

"ભૂખે મરવા લાગ્યા ત્યારે હવે અહીં પૂછવા આવે છે. નીકળ અહીંથી. અમને વખત નથી. બહાર કોણ છે? આને હાંકી કાઢો. કૂત્તા, આને ઉપર કેમ આવવા દીધો, ઢસરડી જાઓ આને." પેલો મૅનેજર બબડ્યો.

નોકરો મોહનને ઢસરડી ગયા અને દાદરા પાસે લઈ ગયા.

"ઉપર કેમ ગયો, અમને ગાળો પડે છે ને!" એમ કહીને તેમણે ધક્કો માર્યો. મોહન દાદરા ઉપરથી નીચે ગબડ્યો. તેને ચક્કર આવ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશે ? કે લાગણીઓને લીધે તે બેહોશ થયો હશે ? તે નીચે પડી ગયો એટલું ખરું. પેલા નોકરો જરા ગભરાયા. તેમણે ઉપર જઈને કહ્યું કે "પેલો દાદરા ઉપરથી નીચે ગબડી પડયો."

"મરવા દો એને. અમને વખત નથી." કોઈક બોલ્યું.

મોહન ત્યાં જ પડયો હતો. મુકુંદરાવ, શ્યામરાવ અને અહમદ, મોહન હજી આવ્યો નહિ, તેથી જોવા નીકળ્યા. તેમને મોહન ત્યાં પડેલો દેખાયો. અહીં મોહન કેવી રીતે પડયો હશે ? મુકુંદરાવ ઉપર ગયા.

"યુનિયનનો મંત્રી અહીં પડયો છે તો પણ તમે ઉપર બેસી રહ્યા છો ?" તેમણે શાંતિપૂર્વક કહ્યું.

"અમારે શું કરવું છે ? પડયો હશે. અમને શી ખબર ? યુનિયન જોશે." એક ડાયરેક્ટરે કહ્યું.

મુકુંદરાવ શાંતિથી પાછા ફર્યા. તેવામાં એક નાનો છોકરો ત્યાં આવ્યો અને બોલ્યો:

"આ નોકરોએ આમને ધક્કો માર્યો. પેલી ઑફિસમાંથી કોઈક બોલેલું કે ધકેલી દો કૂતરાને. અને આ લોકોએ તેમને ઢસરડી લાવીને ધક્કો માર્યો."

અહમદ ગયો અને એક ગાડી લઈ આવ્યો. મોહનને દવાખાનામાં લઈ ગયા. તેને એક કોટ ઉપર સુવાડયો. તેની શુશ્રૂષા શરૂ થઈ. મોહનને ધક્કો માર્યાની ખબર વીજળીની જેમ ફરી વળી. તેને કૂતરો કહ્યો તેથી હજારો કામદારો ચિડાયા. વાતાવરણ ગંભીર થયું, પણ કામદારોનો ગુસ્સો મિલો ઉપર ન ઊતરે તેથી "કામદાર–મેદાન ઉપર સભા, કામદાર–મેદાન ઉપર સભા" એમ લાઉડસ્પીકરોથી જાહેર કરવામાં આવ્યું. બધા કામદારો ભેગા થયા. મુકુંદરાવે બધાને શાંત પાડનારું ભાષણ કર્યું. તેમણે કહ્યું: "આપણે ચિડાવું ન જોઈએ. ગુસ્સો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીશું તો બધું બગડશે. મોહનને તેમણે ધક્કો માર્યો તેમ કરીને તેમણે મોહનને નથી ધક્કો માર્યો પણ પોતાના મૂડીવાદને ધક્કો માર્યો છે. કામદારોને હડસેલશો તો જીવશો કોના ઉપર ? બહાદુર કામદારોને બધા જ દેશોમાં આવી પરિસ્થિતિમાંથી પસાર થવું પડયું છે. આપણામાંના ઘણાને મરવું પડશે. આપણા બલિદાનમાંથી ક્રાન્તિ જન્મશે. મોહનના અપમાનનો બદલો મિલ ઉપર પથરા નાખીને લેવાનો ન હોય. જે દિવસે સત્તા આપણા હાથમાં લઈશું તે જ દિવસે ખરો બદલો લીધો ગણાશે. કોઈ વ્યક્તિ સાથે આપણો ઝગડો નથી. જુલમી અને અન્યાયી સમાજવ્યવસ્થા સાથે ઝગડો છે. જ્યાં સુધી આપણે શાન્તિને વળગી રહીશું, ત્યાં સુધી આપણો જય છે. સરકારની લાઠી અને બંદૂક તો રાહ જોઈ બેઠાં છે. ભલે વાટ જોતાં. આપણે લાઠી કે બંદૂકથી બીએ છીએ એવો આનો અર્થ નથી. શાંતિથી સામનો કરતા હોઈએ ત્યારે લાઠીઓ ભલે પડતી, ગોળીઓ ભલે આવતી. બહાદુરોની જેમ આપણે તેમની સામે છાતી ધરીશું. કામદાર ઉપર કરેલો પ્રત્યેક ઘા, મૂડીવાદ ઉપર કરેલો ઘા છે. તેનાથી તો મૂડીવાદના જ ટુકડેટુકડા થશે. મોહન મરણ-શય્યા ઉપરથી તમને શાંત રહેવાનું કહે છે, મોહનના આત્માને ક્લેશ થાય એવું કાંઈ ન કરો. મૂડીવાદે મોહનના દેહને લાતો મારી પણ તમે જો અત્યાચાર કરશો તો મોહનના આત્માને લાતો મારી એમ ગણાશે. મૂડીવાદ મોહનના શરીરનો ભોગ લેશે. પણ તમે જો અત્યાચાર કરશો તો મોહનના આત્માનો ભોગ લીધો ગણાશે. પરમદિવસે એક બહેન મૅનેજર ઉપર થૂંકી. હું તેની મનોવૃત્તિ સમજી શકું છું; પણ આમ કરવાથી લાલ વાવટાનું અપમાન થાય છે. લાલ વાવટો આમ થૂંકશે નહિ. લાલ વાવટો એક મહાન ધ્યેયને માટે ખરો છે. માલિકોના અન્યાય જોઈએ છીએ ત્યારે તમે ગમે તેટલા અન્યાય કરો તો તે એક દષ્ટિએ ક્ષમ્ય ગણી શકાય. પણ આપણે જુદી રીતે લડત ચલાવવી છે. આપણા વાવટાને વધારે ઉજ્જ્વલ કરવો છે. માલિકોનો વાવટો હિંસાવાદી છે; આપણો પણ એ જ કોટીનો રાખવો છે? અ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાવટાને આપણે આપણા લોહી વડે રંગીશું. બીજાના લોહીથી નહિ. આ સાચી ક્રાન્તિ થશે, તે ચિરંજીવ હશે.''

કામદારોની લાગણીઓ જરા શાંત પડી, કંઈ રમખાણ થયું નહિ. આવી રીતે દિવસો પસાર થવા લાગ્યા. કામદારોને મદદની જરૂર હતી. હિંદુસ્તાનમાંના ઠેકઠેકાણેના કામદાર-સંઘો તરફથી સહાનુભૂતિના સંદેશા અને થોડીઘણી મદદ આવી પણ તે કેટલો વખત ચાલે ? દશેરાનો તહેવાર ભૂખે પેટે ગયો. માણેકઠારી ગઈ. કામદાર પ્રક્ષુબ્ધ થવા લાગ્યા. પાણિપતની લડાઈ વખતે મરાઠાઓએ ભાઉસાહેબને કહ્યું હતું: “અમને ભૂખે કેમ મારો છો ? ભૂખે મરવા કરતાં દુશ્મન ઉપર હુમલો કરીને આ પાર કે પેલે પાર કરી દઈએ.” કામદારો આવું જ કહેવા લાગ્યા. સરકાર અને માલિકો શાંત હતા. વાતોચીતો બધું બંધ હતું. દિવાળી પાસે આવતી હતી, પણ કામદારોને ઘેર હોળી હતી. ત્યાં બુમાબૂમ હતી. હોળી પ્રકટી હતી. મુકુંદરાવને ફિકર થવા લાગી બાળબચ્ચાંનો ભૂખમરો કેટલા દિવસ સુધી જોઈ રહેવો ?

“ તમે આજે બહુ ગંભીર દેખાઓ છો ?” આનંદમૂર્તિએ પૂછ્યું.

“ તો શું હસું-રમું ? કામદારોની સહનશક્તિનો છેલ્લો તાંતણો તૂટવાનો વખત આવ્યો છે. શું કરવું ? દિવાળી નજીક આવે છે. બાળબચ્ચાં ભૂખ્યાં છે. ” મુકુંદરાવે કહ્યું.

“ હું ક્યાંકથી મદદ લઈ આવું ? ” તેમણે પૂછ્યું.

“ તમે ક્યાંથી લાવશો ?”

“ ક્યાંકથી લઈ આવીશ, જઈ આવું ? ”

“ જલદી આવજો. અહીં પરિસ્થિતિ વિકટ થતી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામદાસ પણ જેલમાં છે. મોહન મરણશય્યા ઉપર છે. શાંતાની છોકરી પણ માંદી છે. લોકોને શાંત રાખવા જોઈએ. તમારું પ્રસન્ન અને પ્રેમપૂર્ણ મુખ જોઈને લોકો શાંત રહે છે. મદદ લઈને, હૂંફ લઈને વહેલા આવો." મુકુંદરાવ બોલ્યા.

ચાર દિવસ પછી દિવાળી આવતી હતી. પણ ગામમાં કોઈને કંઈ સૂઝતું નહોતું. બધાનાં મન ઊંચાં હતાં. આઠ હજાર કામદારો અને તેમના ઘરનાં માણસો–૨૦ હજાર માણસો શહેરમાં ભૂખ્યાં હોય એ ભારે જોખમ હતું. કયારે લૂંટ થશે, કયારે ભૂખનો અગ્નિ સળગી ઊઠશે એનું ઠેકાણું નહોતું. બધાના પ્રાણ જાણે મૂઠીમાં આવીને બેઠા હતા. તે દિવસે પ્રચંડ સભા ભરાઈ. ઉત્સાહ ટકાવવા માટે સભા–સરઘસો ચાલુ જ હતાં. સભામાં ગીતો ગવાતાં. કાસિમે પોતે રચેલું ગીત ગાયું.

कहां छूपा श्रीभगवान
हम भूके है हैरान् ॥ कहां० ॥
मंदिरमें से नहि कोई आया
मस्जिदमें से कोई नहि आया
लाल झंडेसे आधार पाया
वही झंडा है हमारा प्राण ॥ कहां० ॥

હજારો મજૂર મરતા હતા. પણ તેમનો પક્ષ લઈ ઊઠવું એ ધર્મ છે એવું ન હિંદુસભાને લાગ્યું, ન મુસ્લિમલીગને લાગ્યું. ન ધર્મમાર્તંડને લાગ્યું, ન ધર્મભાસ્કરને લાગ્યું ન વાદ્યો બંધ કરાવનારાઓને લાગ્યું, ન વાદ્યો વગડાવનારાને લાગ્યું. તરસ્યાંને પાણી આપવું અને ભૂખ્યાંને અન્ન આપવું એ પહેલો ધર્મ છે. તેમાં યે શ્રમજીવીઓને પેટ ભરીને અન્ન આપવું એ તો વિશેષ પવિત્ર અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રેષ્ઠ ધર્મ છે; પણ આ ધર્મ જ બધા ભૂલી ગયા છે. ધર્મને નામે બૂમો પાડનારાઓ પેલા કામદારોને ગાળો દેતા હતા અને માલિકોને આશિષ આપતા હતા.

હજારો કામદારો અને તેમનાં આશ્રિત માણસો મરણને દ્વારે ઊભાં હતાં; પણ તે પ્રસંગે કવિઓની પ્રતિભાને જાગ્રત કરી નહિ; તેમની વાગ્વલ્લરીને પલ્લવ ફૂટયાં નહિ. બધા ભણેલાગણેલા ઊજળિયાત કવીશ્વરો અને વાગીશ્વરો મડદાંની જેમ ઠંડા રહ્યા હતા. બધા સાહિત્યસમ્રાટોને–તેમની કલમને આ વિશે કંઈ લખવા જેવું લાગ્યું નહિ. મોટાં મોટાં દૈનિકો અને સાપ્તાહિકો કૉલમોના કૉલમ ભરીને ભવિષ્ય લખતાં હતાં; પણ આવી રહેલો ભવિષ્યકાળ અહીં જીવતો અને જાગતો ઊભો હતો તેની તેમને પરવા નહોતી. બોલપટનાં વર્ણનો અને ફોટા આપનારાં પત્રો આ બાબતમાં મૂંગાં બેસી રહ્યાં હતાં.

ઓ શ્રમજીવી કામદાર તારો કવિ તું જ થા અને ક્રાંતિનાં ગાણાં ગા. ભૂખ ભૂખની બૂમો મારીને સૂતેલાંને જાગ્રત કર. કાસિમ ગા, “ કહાં છૂપા શ્રીભગવાન ” તારું ગીત ગા. છંદશાસ્ત્રીઓ આવશે અને તારા ગીતને ફાડીફાડીને જોશે. પણ તેમને તે ગીતમાંનો અમર અભંગ આત્મા દેખાશે નહિ. કોઈ મુસ્લિમલીગવાળા કહેશે કે અહીંયાં શ્રીભગવાન શબ્દ કેમ મૂકયો, કોઈ હિંદુ મહાસભાવાળા કહેશે કે કે અમારા શ્રીભગવાનને મુસલમાને વટલાવ્યો. કાસિમ, તું ફિકર ન કરતો. આ શબ્દ કોનો એનો ક્ષુદ્ર વિચાર તું ન કરતો. ગરીબોના મરણ વિશે જેઓ બેફિકર છે તેઓ એ વિચાર ભલે કરે. તું ક્ષુદ્ર ધર્મથી પર થઈને માનવ્યનો ઋષિ અને પેગંબર થઈને ઉદાર ભાવનાઓ અને ઉદાત્ત વિચારોથી ભરેલું અકૃત્રિમ ગાન કામદારોને આપે છે. નવભવિષ્યના હે ગાયક! તને મારા સેંકડો પ્રણામ છે! તારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પવિત્ર પ્રતિભાનો અલ્પ જેટલો સ્પર્શ જો મારી વાણીને થશે તો હું મારી જાતને કૃતાર્થ માનીશ.

હજારો ભૂખ્યા જીવ કાસિમના ગાયનથી મંત્રમુગ્ધ થઈ ગયા. તેમનાં મોઢાં સતેજ થયાં. ભૂખ્યાં મોં ઊજળાં થયાં. નિસ્તેજ અને ઊંડી ગયેલી આંખો ચમકી ઊઠી. પોતાનો વાગીશ્વર તેમને મળ્યો હતો. પોતાના મનની લાગણીઓને બોલી બતાવનારો નિર્મળ અને જીવંત શાહીર તેમને મળ્યો હતો. તેનો તે આનંદ હતો. પાર્થિવ આનંદ નહોતો. તે અપૌરુષેય આનંદ હતો. ચિદાનંદ હતો.

બીજાં ભાષણો થયાં. પણ એક કામદાર બહેન બોલી: "એમને કહો કે હવે અમારાં હાડકાં મિલમાં પૂરે. સોંઘાં મળશે. બાળબચ્ચાં મરે છે. મજૂરો મરે છે. કહો કે મિલને એનું બળતણ મળશે. કામદારોના પ્રાણના કોલસા તારી ભઠ્ઠીમાં નાખ અને તેમાંથી કાજળકાળો ધુમાડો કાઢ—હજારો સંસારોની ખાખનો એ ધુમાડો હશે. અમારા પ્રાણોનું પેટ્રોલ નાખીને તારી મોટર ચલાવ અને તેને ભોં ભોં બોલાવ. અમારા પ્રાણના પથરા પાયામાં નાખીને બંધાવ તારા બંગલાઓ—ભૂત બંગલાઓ અને ચલાવજે ત્યાં તારાં ગાણાં, ચલાવજે તારા નાચરંગ. દિવાળી આવે છે. અમારા પ્રાણોનું બાકી રહેલું તેલ લે અને પ્રકટાવ તારા દીવા, કર તારી દિવાળી, કર તારું લક્ષ્મીપૂજન! અમારું મરણ તે આમનું જીવન—ભયાનક રાક્ષસોનું જીવન. આગ લાગો તે જીવનને."

આવાં ભાષણો થવા લાગ્યાં. લાગણીઓ ઉશ્કેરાવા લાગી. છેવટે તેમને શાંતિ કરનારી મુકુંદ-વીણા ચાલુ થઈ. એટલામાં આનંદ-મૂર્તિ આવ્યા. મદદ લઈને આવ્યા. આનંદમૂર્તિકી જય, ઇન્કિલાબ ઝિન્દાબાદની ગર્જનાઓ થઈ. મુકુંદરાવે તેમને બોલવાની વિનતિ કરી. આનંદમૂર્તિની મધુરી મૂર્તિ ઊભી થઈ. બધાને આનંદ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌંદર્ય થોડો વખત ભૂખને ભુલાવે છે. આનંદમૂર્તિ બોલ્યાઃ "હડતાળને છેવટ સુધી શાંતિથી ચલાવો. આપણે મરીશું પણ હારીશું નહિ. આપણા મરણમાંથી આવતી કાલના કામદારોને સુખનું સ્વમાનવાળું જીવન મળશે, દિવાળી આવે છે. દિવાળીને દિવસે દરેક કામદારને એક એક રૂપિયો આપવામાં આવશે મારા એક મિત્રે તમારે માટે દસ હજાર રૂપિયાની મદદ આપી છે. દિવાળી ગળી કરો." તે શબ્દો કાને પડતાં જ તાલીઓનો ગડગડાટ થયો. ઉત્સાહ ફેલાયો અને તે ઉત્સાહમાં જ સભા પૂરી થઈ.

આ ઐતિહાસિક હડતાળ આવી રીતે ચાલતી હતી, પણ તે કેટલા દિવસ ચાલે? તેને કોઈ હદ હતી કે નહિ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬ છુટકારો

રામદાસનું ખાવાનું માયા જ મોકલતી. પહેલાં તે પોતે લઈ જતી. રામદાસના ખુશીસમાચાર પૂછી શકતી. પણ પછી તે બદલાયું. માયા રામદાસની નજરે પડી શકતી નહિ. સિપાઈ આવતો અને ડબો લઈને આપી આવતો. માયા બહાર બેસતી. પ્રદ્યોત સંબંધેના સમાચાર રામદાસને મળ્યા નહિ. વકીલ નથી જોઈતો, પછી જોઈ લેવાશે, એમ રામદાસ કહેતો.

આનંદમોહન કેટલાક સમયથી ધનગાંવમાં જ હતા. તેમણે રમેશબાબુ અને અક્ષયકુમારને ત્યાં આવવા જણાવ્યું. તેમનો માયા ઉપર પત્ર આવ્યો કે આવીએ છીએ. દયારામ સોનખેડીથી આવ્યો હતો. રમેશબાબુ સાથે તેને પરિચય હતો. માયાના લગ્ન સમયે એ પરિચય થયો હતો. દયારામ સ્ટેશન ઉપર ગયો. તે બન્નેને માયાની ઓરડીએ લઈ આવ્યો. માયા રડી પડી. રમેશબાબુએ તેને શાંત પાડી. માયાએ પ્રદ્યોતની બધી હકીકત ઘેર જણાવી જ હતી. આનંદમોહને પ્રદ્યોત અને માયા એ બે વચ્ચેની વાતચીત, પ્રદ્યોતનું પરિવર્તન એ બધું બહારથી જોયું હતું. તેમણે પણ સમગ્ર હકીકત અક્ષયબાબુને લખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાવી હતી. અને અંતે બધું સારું થશે એવું ભવિષ્ય ભાખ્યું હતું.

"માયા, પ્રદ્યોતને છેવટે તેં મુક્ત કર્યો. ગાંડપણમાંથી મુક્ત કર્યો. અમારા ઉપાય હાર્યા હતા, પણ તારું પુણ્ય કામમાં આવ્યું." અક્ષયબાબુએ કહ્યું.

"મારું પુણ્ય નહિ અક્ષયકાકા, આ તો તમારું પુણ્ય પોતાના પુત્રની નિરાશા દેખાતી હતી છતાં તમે મને આગ્રહ કર્યો નહિ. મારા લગ્નને આશિષ આપી. તારો સંસાર સુખી નીવડો એવું મોટા મનથી કહ્યું. તે આશિષને બળે આ બધું થાય છે. તે આશિષને લઈને આ સંકટો અમે તરી જઈશું." માયા બોલી.

એટલામાં આનંદમોહન ત્યાં આવ્યા. બંને મિત્રોએ તેમને આવકાર આપ્યો.

"માયા, આ આનંદમોહન, મારા જૂના મિત્ર. આમના પ્રયત્નથી જ આ બધાનો અંત મીઠો આવવાનો છે. આમની જ મદદ." અક્ષયકુમારે કહ્યું.

"માયા, મારી બહેનની સાથે છેવટે પ્રદ્યોતને પરણાવી આપજે હું કે! તું તો ન પરણી, પણ તેને બીજી સ્ત્રી લાવી દઈશ કે નહિ? મૃણાલિની સારી છે. તને પસંદ પડશે." આનંદમોહને કહ્યું.

"મૃણાલિની કોણ, મહાપૂરને વખતે તે સ્વયંસેવિકા થઈ હતી કે?" માયાએ પૂછ્યું.

"હા, થઈ હતી. તેના મામાની સાથે ગઈ હતી. તેના મામા મહાપૂર–સહાયક–સમિતિમાં હતા." આનંદમોહને કહ્યું.

"મૃણાલિનીને હું ઓળખું છું. પહેલાં તેને ને મારે લડવાડ થતી. તેને બંગાળનું ભારે અભિમાન. મહારાષ્ટ્રીઓને હસતી. પણ પછી તેનો મત બદલાયો. તે અને હું સખીઓ થયાં. એક મહારાષ્ટ્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજૂર તરફથી આવેલ એક ખમીસે તેના વિચારમાં ક્રાન્તિ કરી. મૃણાલિની સુંદર છે. બાપુજી, તમારી માયાના કરતાં તે કેટલી યે સુંદર છે. પ્રદ્યોતને બંગાળનું અભિમાન છે, મૃણાલિનીને પણ તેવું જ અભિમાન છે. બંનેના ગ્રહો જાણે મળ્યા. પણ પ્રદ્યોતનું મૃણાલિની સાથે લગ્ન થાય ત્યાર પહેલાં હું એક શરત કરીશ. તે પાર પાડવી જોઈએ." માયા બોલી.

"નોકરી છોડવા સિવાયની બીજી ગમે તે શરત કરજે." આનંદમોહને કહ્યું.

"જોઈશું." એટલું કહીને માયા હસતી હસતી અંદર ગઈ.

આનંદમોહને મસલત કરી. અક્ષયકુમાર અને રમેશબાબુની જબાનીઓ થવાની હતી. તે કેવી રીતે આપવી તે નક્કી થયું. માયાની જબાની પણ થવાની હતી. પ્રદ્યોત પોતાની જબાની આપવાનો હતો. આનંદમોહને રામદાસની પણ મુલાકાત લીધી હતી.

ખટલાની સુનાવણીની તારીખ આવી. આજે હજારો કિસાનો ને કામદારો કોર્ટની પાસે ભેગા થયા હતા. તેમણે દીનબંધુ રામદાસને કેટલા યે દિવસથી જોયો નહોતો. માયા, અક્ષયકુમાર, રમેશબાબુ કોર્ટમાં આવીને બેઠાં. આનંદમોહન આવ્યા. પોલીસોના પહેરા તળે રામદાસ પણ આવ્યો. "દીનબંધુ રામદાસકી જય, દીનબંધુ રામદાસ નિર્દોષ છે, દીનબંધુને મુક્ત કરો" આવી બૂમો હજારો કૃતજ્ઞ મુખેથી બહાર પડી. પ્રદ્યોત પણ પાછળ પાછળ પહેરા તળે આવતો હતો.

રામદાસ પ્રત્યેનો જનતાનો આ પ્રેમ જોઈને તેને શું થયું હશે? રામદાસ માકડ નથી પણ મહાન આત્મા છે એમ તેનું હૃદય તેને અંતરમાં કહેતું હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોર્ટ ચિકાર ભરાઈ. રામદાસે પેલા બીજા બંગાળી યુવકને જોયો. પેલો પ્રદ્યોત તે આ જ હશે કે તેની તેને ખબર નહોતી. તેણે પ્રદ્યોતને કદી જોયો નહોતો. પ્રદ્યોતે ઊલટું રામદાસના ફોટા, રામદાસનાં માયાએ ચીતરેલાં ચિત્રો જોયાં હતાં. ન્યાયાધીશ આવ્યા. બધે શાંતિ પથરાઈ સરકાર તરફથી રામદાસ સામેના આક્ષેપો રજૂ કરવામાં આવ્યા. ત્યાર પછી રામદાસે પોતાનું નિવેદન કર્યું. તેણે કહ્યું: "મારે વકીલ આપવો નથી. આ જે કાવતરું કરવામાં આવ્યું છે તેની મને કંઈ માહિતી નથી. આ પત્રો મારા નથી, આવા પત્રો મેં કદી કોઈને લખ્યા નથી, મને કોઈના મળ્યા નથી. મારા હસ્તાક્ષરનો નમૂનો આ મારી નોટબૂકોમાંથી મળશે. જે બંગાળી યુવકોને મેં પત્રો લખ્યા એમ કહેવામાં આવ્યું છે તે બંગાળી યુવકો ક્યાં છે? તેઓ ક્યાં યે મળી આવ્યા છે? તેઓ સત્યસૃષ્ટિમાં છે કે કલ્પનાસૃષ્ટિમાં? તે યુવકોને અહીં રજૂ કરેલા દેખાતા નથી. એક યુવક મને દેખાય છે. મેં તેને પત્ર લખેલા, અને તેથી તેને પકડ્યો છે?

"હું સત્ય અને અહિંસામાં માનું છું. ખાદી મારો પ્રાણ છે. તેની સાથોસાથ કિસાન અને કામદારોનું સંગઠન થવું જોઈએ, એમ પણ મને લાગે છે; પણ આ પ્રશ્નો અહિંસક રસ્તે ઉકેલવા જોઈએ એવો મારો મત છે. હું ગામડાંઓમાં જે કહું છું તેની સરકારને ખબર છે.

"મેં કોઈ પણ ગુનો કર્યો નથી. બંગકન્યા સાથે લગ્ન કરવું એને જો તમે ગુનો ગણતા હો તો તે મેં કર્યો છે ખરો. બંગાળમાં ભણવા જવું એ જો ગુનો હોય તો તે મેં કર્યો છે. બંગાળમાં ક્રાન્તિવાદીઓ ઘણા થયા, તે બંગાળમાંની છોકરી સાથે જો હું લગ્ન કરું તો મહારાષ્ટ્રમાં પણ એવા ક્રાન્તિવાદીઓ પાકશે એવી સરકારને બીક લાગે છે? તેથી મને કાળાપાણીની શિક્ષા થશે, ફાંસીએ ચડા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વવામાં આવશે? સરકારે સમજવું જોઈએ કે ક્રાન્તિવાદીઓ સરકારના જુલમમાંથી જ જન્મે છે. પિસાતી જનતાના આંસુમાંથી અને તેમના રેડાતા લોહીમાંથી તેઓ જન્મે છે. ક્રાન્તિવાદીઓ જો ન જોઈતા હોય તો સામ્રાજ્યવાદ છોડો. બધાનો વિકાસ થવા દો.

" હું બહુ વખત નથી લેતો. આ પત્રો વગેરે બધું કાલ્પનિક છે. કેવળ અસત્ય ઉપર ખડું કરેલું એક કાવતરું છે. આટલા બધા દિવસ મને કેમ પૂરી રાખવામાં આવ્યો, જામિન ઉપર પણ કેમ ન છોડ્યો, તેનું મને આશ્ચર્ય થાય છે."

ત્યાર પછી માયાની અત્યંત મહત્ત્વની જબાની થઈ. તેણે કહ્યું: "સામે ઊભો છે તે બંગાળી યુવક મારા જ ગામનો છે. મારા પિતા અને તેના પિતા પરમ મિત્રો છે. હું પ્રદ્યોતને ઘેર ઘણી વાર જતી. પ્રદ્યોત તોફાન કરી મને હેરાન કરતો. નાનપણમાં અમે અમસ્તી રમતો રમતાં, તેમાં પ્રદ્યોત થતો વર અને હું થતી તેની નાનકડી વહુ. પણ એ બધી રમત જ હતી. પ્રદ્યોત મને ફૂલ લાવીને આપતો. મારે ભાઈ નથી. પ્રદ્યોત મને મારો ભાઈ લાગતો. પણ પ્રદ્યોતના મનમાં જુદા જ વિચાર રમતા હતા. હું તેની પત્ની થાઉં એમ તેને લાગવા માંડ્યું. તેની આ ઇચ્છા મારા જાણવામાં આવી. પહેલાં હું કહેતી કે મારે લગ્ન જ કરવું નથી. મારો ખરેખર એવો વિચાર હતો. પણ શાંતિનિકેતનમાં આ રામદાસ આવ્યા. તેમને મેં જોયા અને મારો વિચાર બદલાવા માંડ્યો. જીવનનું એકાએક નવું, મંગળ, મધુર, ગંભીર એવું પાસું ઊઘડ્યું. તે મારા હૃદયના સમ્રાટ થયા. હું છુટ્ટીમાં ઘેર જાઉં એટલે પ્રદ્યોત મારે ત્યાં આવતો. હું મારા હૃદયદેવનાં ચિત્રો તેને દેખાડું એટલે પ્રદ્યોત તે ફાડી નાખવા કરતો. હું તેને જા, સતાવતો નહિ એમ કહું એટલે તે કહેતો: 'હું તને સુખે નહિ રહેવા દઉં.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી અમારું લગ્ન થયું. પ્રદ્યોતને બહુ નિરાશા ન થાય તેથી તેની નજરબહાર અહીં સોનખેડીમાં આવીને હું લગ્નગ્રંથીથી જોડાઈ. પણ પ્રદ્યોતને આ વાતની ખબર પડતાં જ તે અદૃશ્ય થયો, તેને પકડયો તે પહેલાં અર્ધો કલાક જ તે મને અકસ્માત મળ્યો. તે મને બંગાળમાં ચાલ એમ કહેતો હતો. મહારાષ્ટ્રી સાથે લગ્ન કરવાની જરૂર શી? બંગાળ શું ઉજ્જડ છે? બંગાળી યુવકોનું અપમાન કર્યું છે વગેરે તે બોલી ગયો. મેં પણ તેને ઘણું સંભળાવ્યું અને આંખમાં આંસુ લાવીને મેં તેને કહ્યું, 'પ્રદ્યોત, તું મારો ભાઈ થા. મારે ભાઈ નથી; તારે બહેન નથી. ચાલ આપણે ભાઈબહેન થઈએ.' પ્રદ્યોતને છેવટે પસ્તાવો થયો. તેણે જ નિરાશાને કારણે મારા પતિ ઉપર આ આફત આણી. તેણે તે કબૂલ કરીને કહ્યું: 'તારા પતિને મુક્ત કરીશ ત્યારે જ હવે મોઢું બતાવીશ.' પ્રદ્યોત મારો ભાઈ થયો છે. કાવતરું કે કારસ્થાન કાંઈ નથી. પ્રદ્યોત ગાંડો થયો હતો. નિરાશ થયો હતો. તેણે ગાંડા જેવું ગમે તે કરી નાખ્યું. તેણે પોતાના આંસુથી પોતાનું ગાંડપણ અને પાપ ધોઈ નાખ્યાં છે. ભગવાનના દરબારમાં તે નિર્દોષ ઠરશે, માનવદરબારમાં પણ તે તેવો ઠરો, કોર્ટને મારી દયા આવો, મારો પતિ અને મારો ભાઈ મને પાછો મળો."

પ્રદ્યોતે પોતાની જબાની આપી. તેણે કહ્યું: "માયાએ કહ્યું તે અક્ષરેઅક્ષર ખરું છે. આ પત્રો મેં જ લખેલા. હું અહીં આવીને પત્રો લખતો, અને બંગાળથી લખતો. પણ હસ્તાક્ષર લગભગ એક જ છે તે સરકારના કુશળ મસ્તકમાં સૂઝવું જોઈતું હતું. પણ કાવતરું જેવો શબ્દ દેખાય એટલે સરકારનું મગજ ખસી જાય છે. પછી તેને સાદી વાતો પણ દેખાતી નથી. બધું અશક્ય તેને શક્ય દેખાય છે. પોલીસને મેં જ નનામા પત્રો લખ્યા હતા કે મહારાષ્ટ્રમાંનો રામદાસ બંગાળમાંના ત્રાસવાદીઓ સાથે પત્રવહેવાર ચલાવે છે. તે પત્રવહેવારને પોસ્ટમાંથી જ પકડો: રામદાસને માથે સંકટ ઊતરે, માયાને દુઃખ પડે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમનો સંસાર ધૂળમેગો થાય, એ જ મારો દુષ્ટ હેતુ હતો. રામદાસ પકડાયાની ખબર વર્તમાનપત્રોમાં વાંચી અને હું ખુશી થયો. માયા ઘેર રડતી હશે, તેનું મન ફરીથી ફેરવવું, તેને ગાળો ભાંડવી, તેથી અહીં આવ્યો; પણ માયાનાં પુણ્ય અને પાવિત્ર્યને લીધે હું શુદ્ધ થયો. આ પવિત્ર ભાગીરથીએ આ પતિતનો ઉદ્ધાર કર્યો. મારા જીવનમાં ક્રાન્તિ થઈ. પતિ થવા માગનારો સ્નેહાળ ભાઈ થયો. રામદાસ નિર્દોષ છે. અપરાધી માત્ર હું છું, ગુનેગાર હું છું. હું ક્ષમા નથી માગતો. મને બરાબર શિક્ષા કરો. આ લહેરી અને વિકારી યુવકને કારાગ્રહમાં પૂરો.”

રમેશબાબુની ટૂંકી જબાની થઈ. અક્ષયકુમારની પણ થઈ. અક્ષયકુમારે કહ્યું: ‘પ્રદ્યોત મારો પુત્ર છે, માયા ઉપર તેનો બહુ પ્રેમ, તેને માટે તે ઝૂરતો. માયાનું લગ્ન થયા પછી તે ઓરડીમાં કલાકોના કલાક બેસી રહેતો. બોલે નહિ, હસે નહિ. એક દિવસ તે ચાલ્યો ગયો. અમને પત્તો ન લાગ્યો. અમારી સ્થિતિ શી થઈ હશે તેની તમે કલ્પના કરી શકશો. મારા પુત્રે પોતાનો બધો અપરાધ કબૂલ કર્યો છે. તેને પૂરેપૂરો પશ્ચાત્તાપ થયો છે. તેને શિક્ષા કરીને સરકારે તેના જીવનમાં ફરીથી નિરાશા ન પેદા કરવી જોઈએ. આ દુઃખી અને મસ્ત પિતાનાં આંસુ જોઈને પુત્રને ક્ષમા કરવી જોઈએ, કોર્ટે પિતાની દુવા મેળવવી.”

છૂપી પોલીસના વડા આનંદમોહને પણ પ્રદ્યોતનું પરિવર્તન નજરે જોયું એમ કહ્યું. બીજી બાબતોના પણ તેમણે ખુલાસા કર્યા. પ્રદ્યોતના પિતાએ આ અક્ષર મારા પુત્ર પ્રદ્યોતના છે એમ પ્રામાણિકતાથી એકદમ કેવી રીતે કહ્યું વગેરે બધી બાબતો કહી. સરકાર તરફથી કહેવામાં આવ્યું કે અમે ખટલો પાછો ખેંચી લઈએ છીએ. ન્યાયાધીશે કહ્યું: “રામદાસ નિર્દોષ છે. પ્રદ્યોતે આ કાવતરું કર્યું, પણ સમગ્ર પરિસ્થિતિ જોતાં અને તેનું પરિવર્તન જોતાં તેને પણ છોડી દેવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોગ્ય છે. તેણે આજ સુધી માનસિક શિક્ષા ભોગવી તે બસ છે. માયાનો હું સન્માન કરું છું. અક્ષયકુમારે આ અક્ષર પોતાના પુત્રના છે એમ એકદમ કહ્યું એ તેમની સરળતા માટે મને માન થાય છે. ખટલો જ ખેંચી લેવામાં આવે છે, તો પછી નકામું વધારે શું કરવા બોલું ?"

કોર્ટમાં તાળીઓનો ગડગડાટ થયો, "દીનબંધુ રામદાસ ઝિન્દાબાદ" આવો ઘોષ ગગનને જઈને અડયો પ્રદ્યોત અને રામદાસ રામ અને લક્ષ્મણની જેમ અરસપરસને ભેટયા. તેમની આંખો પ્રેમાશ્રુથી ભરાઈ આવી. રામદાસને અસંખ્ય હાર પહેરાવવામાં આવ્યા. કિસાનસંઘ, કામદારસંઘ, વિદ્યાર્થીસંઘ, કોંગ્રેસ કમિટીઓ, ઠેકઠેકાણેના આશ્રમો, ભગિનીમંડળો, વેપારીમંડળો એમ બધાંએ હાર પહેરાવ્યા. કામદારો અને ખેડૂતોએ રામદાસને સરઘસમાં ફેરવવાની હઠ પકડી. રામદાસ એક મોટરમાં બેઠો. તેની એક બાજુએ માયા બેઠી અને બીજી બાજુ પ્રદ્યોત બેઠો. માયા અને પ્રદ્યોતના પિતા પણ બેઠા હતા. પાછળ એક બીજી મોટર હતી. તેમાં આનંદમોહન, મુકુંદરાવ, દયારામ, આનન્દમૂર્તિ, શાન્તા, રામદાસના માતપિતા વગેરે બેઠાં હતાં. પ્રચંડ સરઘસ નીકળ્યું. સરઘસ પૂરું થયા પછી રામદાસ બોલ્યો: "હજારો કામદારો હડતાળ ઉપર ઊતર્યાં છે, તેઓ ભૂખ્યા છે, તો પણ પોતાની ભૂખને ભૂલી જઈને તેઓ મારું સ્વાગત કરવા દોડી આવ્યા છે. હું તેમનો આભારી છું. તેમની હડતાળ સફળ થાય એવી હું જેલમાં પ્રાર્થના કરતો હતો. તમારી હડતાળમાં ભાગ લઈ શકાય તેથી છૂટવાની ઉત્કંઠા હતી. તમારા ખભે ખભો અડકાડીને હું ખડો થઈશ. પણ આપણે કામ શાંતિથી લેવું જોઈએ. તમે આટલા દિવસ શાંત રહ્યા. ધન્ય છે તમને. અમને બે દિવસના ઉપવાસ થાય છે, તો કેવી અસ્વસ્થતા થાય છે! અમે કેટલા ધમપછાડા મારીએ છીએ! તમારી સહનશીલતાને મારા પ્રણામ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામદાસ બધા મહેમાનો સાથે સોનખેડીને ઘેર ગયો. બધાએ આશ્રમ જોયો. બધાને સંતોષ થયો.

"માયા, પછી શું? મારી પદ્માનું શું?" આનંદમોહને કહ્યું.

"મેં પ્રદ્યોત સાથે વાત કરી છે, તેણે કહ્યું છે કે બહેન, તું કરીશ તે પ્રમાણ. મૃણાલિની સુંદર છોકરી છે, પણ મારી એક શરત છે." માયા બોલી.

"પરઠણ જોઈએ છે? કેટલા હજાર આપું? તેમણે પૂછ્યું.

"પરઠણબરઠણ નથી જોઈતી. પૈસા બહુ હોય તો અમારા આશ્રમને આપો." માયાએ હસીને કહ્યું.

"એટલામાં મહારાષ્ટ્રી વહેવાર શીખી ગઈ કે શું?" પ્રદ્યોતે પૂછ્યું.

"ત્યારે કઈ શરત?" આનંદમોહને ફરીથી કહ્યું.

"કહું? તમે ગુસ્સે નહિ થાઓ ને?" માયાએ પૂછ્યું.

"હું ઘરનાં માણસો ઉપર ગુસ્સે થાઉં છું; બહારનાં ઉપર નહિ." તે બોલ્યા.

"હું તમને ક્રાંતિકારી થવાનું કહેવાની છું." માયા બોલી.

"મારી નોકરી ચાલુ રહેશે?"

"હા, રહેશે."

"તો એવી કઈ ક્રાન્તિ?"

"આનન્દબાબુ, મૃણાલિની પોતાના મનની વાતો મારી આગળ ખુલ્લા દિલથી કહેતી. તમે ઘેર કેમ વર્તો છો તે કહેતી. તમે પત્નીને મારો છો, ગમે તેમ વઢો છો. પત્ની એટલે જાણે ચાકરડી, ચાકરડીને પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાભિમાન હોય છે. તમે તમારાં છોકરાંને પણ બહુ મારો છો. એ બધું બદલો. ઘેર પોલીસ ન બનતા. 'પ્રસાદ જોઈએ છે, ફટકારું'–એ હમેશાં તમારા મોઢામાંના શબ્દો. મૃણાલિની બધું કહેતી. તમે ઘરમાં આવો એટલે બધા ચુપચાપ. જાણે કે ઘરમાં વાઘ આવ્યો! તમને વાઘ માને એમાં તમારી શી મોટાઈ? તમારાં છોકરાં તમારી સાથે પ્રેમથી વાત કરી શકતાં નથી, પાસે બેસી શકતાં નથી, હસી શકતાં નથી. તમારી પત્ની તમારી આગળ કંપતી ઊભી રહે છે. એમાં શી મોટાઈ? મૃણાલિની આ બધી વાતો કહેતાં રડતી. મને પણ ખેદ થતો. આ ક્રાન્તિનો સમય છે. બધી જાતની ગુલામીનો નાશ કરવાનો છે. પારકી સત્તાની જેલ અને ઘરની જેલ બધી તોડી નાખવાની છે. માણસાઈનો પ્રેમળ પ્રકાશ બધે ફેલાવવાનો છે. આનંદબાબુ, ગુસ્સો ન કરશો. હું તમારી દીકરી જેવી છું. તમારાં બાળકોની વતી, તમારી પત્નીની વતી, બહેનની વતી આવી આ ક્રાન્તિની ભિક્ષા તમારાં ચરણો પાસે માગું છું. તે ભિક્ષા આપો તો પ્રદ્યોતની ભિક્ષા હું તમને આપું." માયા ખૂબ લાગણીપૂર્વક બોલી.

આખું વાતાવરણ ગંભીર હતું.

"માયા, તું મારી ગુરુ છે, હું ભણેલોગણેલો છતાં પશુ હતો. બહારનાંની સાથે મીઠો, ઘરનાંની સાથે કડવો. બહારનાંને હસાવતો, ઘરનાંને રડાવતો. સાહેબની આગળ કૂતરો અને ઘરનાંની આગળ વાઘ. માયા, હવેથી હું બદલાઈ જઈશ. તેં પ્રદ્યોતમાં ક્રાન્તિ કરી. આ આનંદમોહનમાં પણ કરી. તારા જેવી સખી મૃણાલિનીને મળી. તે તેનું સદ્ભાગ્ય જ છે. હવે તેને પ્રદ્યોત પણ મળશે. એ વિશેષ સદ્ભાગ્ય." આનંદમોહન ગદ્ગદ થઈને બોલ્યા.

"માયા, પણ મારા લગ્નમાં તારે આવવું જોઈશે. તેં તારા લગ્નમાં કોઈને બોલાવ્યા નહિ. હું બધાને બોલાવવાનો છું, રામદાસ, તમે પણ આવો. મારા બાપુજી બધાને બોલાવશે." પ્રદ્યોતે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" માયાને અત્યારથી જ સાથે લઈ જઈએ તો શું ? આવતા માગશરમાં પ્રદ્યોતનું લગ્ન લઈશું. માયાને દહાડા પણ રહ્યા છે, પહેલી સુવાવડ ઘેર પિયરમાં થશે. પછી માતા અને બાળક પાછાં આવશે." રમેશબાબુ બોલ્યા.

" કેમ માયા, જેવી તારી ઇચ્છા. " રામદાસે કહ્યું.

" જેવી તમારી ઇચ્છા." તે બોલી.

" જેવી વડીલોની ઇચ્છા." પ્રદ્યોત બોલ્યો.

માયાનું જવાનું નક્કી થયું. ભાઈને લઈને બહેન બંગાળ ગઈ. બધાને આનંદ થયો. પણ કામદારોની પેલી હડતાળનું શું થયું ? ભૂખમરામાંથી તેમનો છુટકારો થયો કે નહિ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭ હિંસા–અહિંસા

દવાખાનામાં મોહન મરણશય્યા ઉપર હતો. શાંતાની છોકરી નાની હતી, તો પણ છોકરીને ઘેર મૂકીને તે દવાખાનામાં જતી. શાન્તાએ પોતાની માને બોલાવી. પણ રામરાવ પત્નીને મોકલવા તૈયાર નહોતા. તે શાન્તાના લગ્નમાં જો કે ગયા હતા, તો પણ તેની ઝૂંપડીમાં તેનો ઘરસંસાર જોવા કદી ગયા નહોતા. શાન્તાએ ગીતાને બોલાવી. ગીતા ગઈ. ગીતા નાનકડી ક્રાન્તિને પારણામાં હીંચતી. ગીતા તેને ખોળામાં લેતી, પગ ઉપર સુવાડતી. ગીતાના ખોળામાં, ગીતાના આશ્રયે વધનારી ક્રાન્તિ તે જ ખરી ક્રાન્તિ. તે ક્રાન્તિ મરવાની નહિ. ગીતાના ખોળામાં વધનારી ક્રાન્તિ ત્રિભુવનવ્યાપી થાય.

મોહન સૂઈ રહેતો. વચમાં જ પૂછતો, "હડતાળનું શું થયું?" કોઈક વખત શાંતાને પાસે બેઠેલી જોઈને કહેતો કે "હું નહોતો કહેતો કે ત્યાં કામદારો મરતા હશે ત્યારે તું મારો હાથ હાથમાં લઈને બેસીશ; ઊઠ, જા ત્યાં. મોહન ભલે મરતો, મજૂરોને જિવાડો." શાંતાની આંખોમાં આંસુ આવતાં અને મોહનના હાથમાં તેની અંજલિ તે આપતી. પોતાના પ્રાણનું પાણી આપતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહનની આશા નહોતી. મોહન શ્રમથી થાકી ગયેલો હતો. શાંતાને પરણ્યા પછી જો કે તેની તબિયત જરા સુધરી હતી, તેનું વજન વધ્યું હતું તો પણ તે ખરો સુધારો નહોતો. આ હડતાળમાં તેને બહુ શ્રમ થયા. હડતાળ પહેલાં યે ખૂબ કામ હતું: તેનાથી આ બધા શ્રમ સહન થયા નહિ. આવો ખોખરો દેહ દાદરા ઉપરથી પડે એ કંઈ જેવોતેવો આઘાત ન હતો. તે જ વખતે તેના રામ રમી જાત, પણ મરણ તૈયાર નહોતું. ઉપરથી વૉરંટ આવ્યું નહોતું.

મુકુંદરાવ મોહનની તબિયત જોવા આવ્યા હતા. શાન્તા ત્યાં બેઠી હતી. તેણે મુકુંદરાવને કહ્યું: "આજે કંઈ સારાં લક્ષણ દેખાતાં નથી. આમને ઘેર લઈ જઈએ, અમારી પોતાની ઝૂંપડીમાં લઈ જઈએ. અહીં નથી રાખવા." મુકુંદરાવે "વારુ" કહ્યું. મોહને પૂછ્યું: "હડતાળનું શું થયું?" મુકુંદરાવે કહ્યું: "ચાલુ છે." તે ક્ષીણ અવાજે બોલ્યો. "કામદારો કેટલા દિવસ ભૂખ્યા રહેશે? મારી સામે તેમના ભૂખ્યા મોં મને સતત દેખાય છે. હવે હું ફરિયાદ કરવા દેવ-દરબારે જાઉં છું." શાંતાએ મોહનના મુખકમલ ઉપર હાથ ફેરવ્યો. તેના માથા ઉપર હાથ ફેરવ્યો.

"મોહન, તને ઘેર લઈ જઈએ છીએ." મુકુંદરાવે કહ્યું.

"હા. ઘેર લઈ જાઓ. હવે હું ઘેર જવા ઉત્સુક છું. દેવના દરબારમાં ઝૂંપડીમાંથી જલદીથી પહોંચી જવાય છે. શાન્તાની ગરીબ પવિત્ર ઝૂંપડી. મને ઘેર લઈ જાઓ, લઈ જાઓ." તે બોલ્યો.

એક મોટરમાં મોહનને અધ્ધર ઉપાડવામાં આવ્યો. શાન્તા ખોળામાં તેનું માથું લઈને બેઠી હતી.

"મોટર શું કરવા લાવ્યા? ગરીબોના દેહ ઉપર થઈને જનારી મોટરો. મોટરમાં મારે ઘેર જલ્દી જવાશે એમ?" તેણે પૂછ્યું.

"તમે કંઈ બોલો નહિ." શાન્તાએ દીન સ્વરે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ન બોલું ? જેવી તારી આજ્ઞા. હવે બોલવું બંધ જ થવાનું છે. ભગવાનનો પણ તેવો જ હુકમ છે. 'बोलणेंचि नाहीं ! आतां देवावीण क्कांहीं' (હવે ભગવાનના બોલ સિવાય બીજું કાંઈ બોલવું નથી.) એવો અભંગ દયારામ બોલતો હોય છે." મોહને કહ્યું.

મોટર ઝૂંપડીની પાસે આવી. મોહનને બિછાના ઉપર સુવાડયો. સ્વચ્છ સુંદર બિછાનું હતું. મોટર ગઈ.

તે એક કોટડીમાં જ આખો ઘરસંસાર હતો. પારણું ત્યાં જ હતું. રસોઈ પણ ત્યાં જ, અભ્યાસ પણ ત્યાં જ, બધું ત્યાં જ.

"મોહન કેમ લાગે છે ?" મુકુંદરાવે પૂછ્યું.

"સરસ લાગે છે. આવતી કાલે સુંદર દિવસ ઊગશે. હવે હું સાજો થઈ ગયો. તમે જાઓ. કામદારોને હિંમત આપો. સભા હશે, સરઘસ હશે, જાઓ. તેમને શાંત રાખો. તેમને કહેજો કે મોહને શાંતિ રાખવા કહ્યું છે." તે અટકતો અટકતો ઊંડે સ્વરે બોલ્યો.

મુકુંદરાવ ગયા. શાન્તા પાસે બેઠી હતી. પારણામાં કાન્તિ રડવા લાગી. હિંચાવી તો યે છાની રહેતી નહોતી. શાન્તાએ ધવડાવવા લીધી, તો યે છાની ન રહી. "સૂઈ, હેરાન કરે છે" એમ ગુસ્સાથી બોલીને તેણે બાળકીને પારણામાં નાખી. મોહન આંખો ખુલ્લી રાખીને જોતો હતો.

"શાન્તા, કાન્તિ જરા રડે એટલે તું અશાન્ત થાય છે, તો કામદારો કેવી રીતે શાંતિ રાખે ? કાન્તિને પ્રેમ અને શાંતિથી ઉછેરવી જોઈએ. તો જ તે વધે. તેને ગાળો જ ભાંડવી હતી, તો તેને પેટમાં વધારી શું કરવા ?" તે બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડો વખત અટકીને તે બોલ્યો: " જો જીવતો રહીશ તો શાંતાને છોકરાંની ભૂંજાડ વળગશે, નથી જોઈતી તે ભાંજગડ. એક ક્રાન્તિને નથી સંભાળી શકાતી. બીજી ચાર થાય તો વાત જ ન કરવી. તેથી હું તો જાઉં છું. ભગવાનની પાસે જાઉં છું. ખરી વાત છે શાંતા. ગરીબોને બહુ છોકરાં ન જોઈએ. ત્યાં જો, કામદારોનાં છોકરાં મરે છે. ક્યાંથી ખાવાનું આપે, શું પાય? દવા શાની ને હવા શાની? કલા શાની? કંઈ જ નહિ."

" મોહન, તને મારા સમ છે. શાંત પડી રહે." શાન્તાએ કહ્યું.

" તેં મને પ્રેમથી 'તું' કહ્યો એટલે હવે માનું છું. શાંત રહું છું. શાન્તાનો મોહન શાંત રહેશે. શાન્તા, મારા હાથમાં પારણાની દોરી આપને? મરતાં મરતાં ક્રાન્તિને ગાણું ગાવા દે. ક્રાન્તિને હીંચવવા દે. આપ, આપ, દોરી હાથમાં આપ. હું તારું માનું છું. તું મારું કેમ નથી માનતી? મારા ઉપર તારો પ્રેમ નથી?" તેણે હાથ ધર્યો.

શાન્તાએ પારણાની દોરી પતિના હાથમાં આપી.

" મૂંગા મૂંગા હીંચવવું મને નથી ગમતું." તે બોલ્યો.

" તો ગાણું ગાઓ." તે બોલી.

" ગાઉં ગાણું? જૂનાં ગીત નહિ. નવું ગાઉં છું. મારા પ્રાણનું ગીત ગાઉં છું. ધીમે ધીમે એક એક કડી બોલીશ. હું અટકતો અટકતો બોલીશ હં." મોહન હસીને બોલ્યો.

શાન્તા પતિના શરીર ઉપર હાથ રાખીને બેઠી હતી. ગીતા પાસે, પગ પાસે જ હતી. મોહન ગાવા લાગ્યો. ક્રાન્તિને હાલરડું ગાવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जो जो जो जो रे । जो जो जो जो रे
हे बाळा, पूंजीपतिंच्या काळा ॥ जो० ॥

क्रान्ति तू लहान, किति सान, होशिल परी तू महान,
विश्व व्यापशिल, हें सारें, सुटतिल सुखमय वारे ॥ जो० ॥

संप किसानांचे, मजूरांचे, खेल तुझे साचे
खेलत जा बाळ हे खेल, वाढव नीट स्वबळ ॥ जो० ॥

खेल स्वच्छंदें, आनंदें, लाल तिरंगी झेन्डे
घेऊन निज हातीं, तू ऊठ, थांबव निजजन लूट ॥ जो० ॥

बलिदानामधुन, वाढशिल, लाठी गोळी खाशिल
मरशिल तूं न परी, जगशिल, विश्वविजयी होशिल ॥ जो० ॥
जे तुज मारतील, मरतील, निजपापें पडतील
रडतील जरि हट्ट, धरितील, युगधर्म न भजतील ॥ जो० ॥
सकल जगामधले, श्रमणारे, करितील तव हांकारे
क्रान्ति क्रान्ति असा, जयनाद, उठतिल शत पडसाद ॥ जो० ॥
साम्राज्ये गाडी, तूं मोडी, दुष्ट नष्ट त्या रूढी
बंधन बुद्धिचे, तूं मोडो, ज्ञानविकासा जोडी ॥ जो० ॥
ने अन्नज्ञान, घरोघरीं, सकल-जन-विकास करी
उद्योगी लाव, सर्व जन, कोणि नसो श्रमहीन ॥ जो० ॥
वाढव तूं जगतीं, श्रम महिमा, श्रमुनी चित्सुख निर्मा,
सांग असें जगता, देहाता, मजूर करो वर माथा ॥ जो० ॥
होशिल तूं मोठी, हे क्रान्ति, दूर लूटारू लोटी
सकल श्रमि-दुनिया, धरि पोटीं, घाली अमृत ओठीं ॥ जो० ॥
घे मत्प्राण सरवे, तूं हांसे, त्रिभुवन भर निजवासें
श्रमिजन राज्य करीं, अवनिवरी, सत्सुख सकलां वितरी ॥ जो० ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હે મારા બાળક, હે પૂંજીપતિના કાળ, પોઢો પોઢો !

ક્રાન્તિ, તું નાની છે. તને સાન નથી; પણ તું મહાન થવાની છે. તું આ આખા વિશ્વમાં વ્યાપી જઈશ. અને સુખમય પવન વાશે.

કિસાનોની અને મજૂરોની હડતાળો એ તારી ખરી રમતો, ઓ મારા બાળક, તું રમતી જજે અને તારું બળ બરાબર વધારજે.

આનંદથી અને સ્વતંત્રતાથી તું રમજે. તારા હાથમાં લાલ અને ત્રિરંગી ઝંડા લઈને તું ઊઠજે અને આપણાં માણસોનું શોષણ અટકાવજે.

તું બલિદાનોથી જ વધીશ, લાઠી–ગોળી ખાઈશ પણ તું મરવાની નથી. જીવીશ અને વિશ્વવિજયી થઈશ.

જેઓ તને મારશે તે મરશે. પોતાના પાપે પડશે. હઠ પકડશે અને યુગધર્મ નહિ પાળે તો રડશે.

આખી દુનિયામાંના શ્રમજીવીઓ તારી હાક સાંભળીને ક્રાન્તિ ક્રાન્તિ એવો જયનાદ કરશે અને તેના સેંકડો પડઘા પડશે.

તું સામ્રાજ્યને જમીનદોસ્ત કરીશ, દુષ્ટ અને નષ્ટ રૂઢિઓને તોડીશ, બુદ્ધિનું બંધન છેદીશ અને જ્ઞાનનો વિકાસ શરૂ કરીશ.

અન્ન અને જ્ઞાન તું ઘેરેઘેર લઈ જા. બધા માણસોનો વિકાસ કર. બધા માણસોને કામે લગાડ. કોઈ ધંધા વિના ન રહેવો જોઈએ.

તું–દુનિયામાં શ્રમ–મહિમા વધારજે, શ્રમ કરીને ચિત્સુખ નિર્માણ કરો એવું જગતને કહેજે. મજૂરોનો હાથ પકડજે જેથી તેઓ માથું ઊંચકી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે ક્રાન્તિ, તું મોટી થઈશ, લૂંટારુઓને દૂર કાઢીશ, સમગ્ર શ્રમજીવી દુનિયાને ખોળામાં લઈશ અને તેને અમૃત પાઈશ.

હે સખિ, તું મારા પ્રાણ લે. તું હસ. તારા વાસથી ત્રિભુવન ભરી દે. અવનિ ઉપર શ્રમજીવી માણસોનું રાજ્ય કર અને બધાંને સાચું સુખ આપ.

મોહન એક એક કડી અટકી અટકીને બોલતો હતો. દરેક કડીની સાથોસાથ તેની પ્રાણશકિત ઘટતી જતી હતી. પોતાના જીવનરસમાં બોળી બોળીને તે એક એક કડી દુનિયાને આપતો હતો. અવાજ ઊંડો ઊંડો જતો હતો. છેલ્લી કડીમાં મોહને પોતાના છેલ્લા પ્રાણ ક્રાન્તિને અર્પણ કર્યા. તેણે ક્રાન્તિ તરફ અનન્ત અર્થપૂર્વક, અનન્ત ભાવનાથી અનન્ત પ્રેમથી જોતાં જોતાં આંખો મીંચી દીધી. "ક્રા...ન્તિ, શા...ન્તિ" એ તેના છેલ્લા શબ્દો હતા !

નાનકડી ક્રાન્તિ પારણામાં હસવા-ખેલવા લાગી. પગ હલાવવ લાગી. મોહનની બધી હિલચાલ બંધ પડી હતી. થાકયોપાકયો મોહન અનન્ત નિદ્રા સાથે એકરૂપ થઈ ગયો હતો કે તે અનન્ત ચેતન સાથે એકરૂપ થયો હતો ?

"મોહન" એવી એક જ હાક, તેને વળગી પડીને શાંતાએ મારી. તેણે આંખમાંના ઘડાના પાણીથી તેને છેવટનું સ્નાન કરાવ્યું. ક્રાન્તિને ખોળામાં લઈને શાન્તા ત્યાં ગંભીર અને ખિન્ન શાન્તિપૂર્વક આંખો મીંચીને બેઠી. ગીતા ગીતાઈના શ્લોક બોલતી હતી.

શાન્તા મોહનના શરીર ઉપર ઢળી પડી; મોહન પડખા ઉપર સૂઈ ગયો હતો. શાન્તાની ડોક મોહનના શરીર ઉપર ઢળી પડી. ગીતાનો ગીતાઈ પાઠ આંખો મીંચીને ચાલતો જ હતો. બધું કામ આંખો મીંચીને શાંતિથી ચાલતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી બાજુ રાત્રે પ્રચંડ સભા ચાલતી હતી. માલિકો દૂરદૂરનાં ગામોમાંથી મોટરલૉરીઓ ભરીભરીને હજારો મજૂર લાવવા માગતા હતા. તે લૉરીઓ કાલે આવવાની હતી. મુકુંદરાવ શાંત રહો, કાલે કસોટી છે એમ કહેતા હતા. તે બોલ્યા: "મોહનનું કંઈ કહેવાય નહિ. કાલે પહો ફાટતાં પહેલાં પ્રિય મોહનના પ્રાણ કદાચ ભગવાનના દરબારમાં ઊડી જશે. તેનો છેલ્લો સંદેશો શાંત રહો એ છે. કાલે બીજા મુલકના મજૂરોની લૉરીઓ આવે તો તેમની સામે પહેલો હું ઊભો રહીશ. મારા શરીર ઉપર થઈને લૉરી ભલે જતી. મારા લોહીથી તે લૉરી જો નહિ અટકે તો આનંદમૂર્તિ તેમની આગળ સૂઈ જશે અને પોતાના પ્રાણથી તેમને અટકાવવા મથશે. અને નહિ અટકે તો ? દયારામ આવશે અને બલિદાન આપશે. તો પણ નહિ અટકે તો ? અહમદ આગળ આવશે અને આડો સૂઈ જશે. પાંચમું બલિદાન પાર્થનું. આવતી કાલને માટે આ પાંચ બલિદાન અમે નક્કી કર્યાં છે. આવતી કાલે હથિયારબંધ પોલીસ ફરતા હશે. જ્યાં ને ત્યાં બંદૂકો દેખાશે. શાંત રહેજો. મોહનનો સંદેશો એટલે આપણે માટે હુકમ છે. અનન્ત તરફ જનારનો હુકમ કોણ નહિ માને ? " બધા શાંત રહેશોને ?" હજારો કામદાર સ્ત્રી પુરુષોએ હા કહીને હાથ ઊંચા કર્યા. ઇન્કિલાબ બોલાઈને સભા ગંભીર વાતાવરણમાં પૂરી થઈ.

મુકુંદરાવ, રામદાસ, દયારામ, આનંદમૂર્તિ, અહમદ, નથુ, ગણપત બધા મોહનની કોટડી તરફ વળ્યા. મોહનની કોટડીમાં મંદ દીવો હતો. બારણું ઉઘાડું જ હતું. અનન્ત જીવનનું સ્વાગત કરવા માટે તે ઉઘાડું જ હતું. બધા ધીમેધીમે શાંતિથી ત્યાં આવ્યા. મુકુંદરાવ બારણામાં ઊભા રહ્યા. ત્યાં અંદર અનંતના ઘરનો દેખાવ હતો. ગીતા ગીતાઈનો તેજસ્વી પણ મીઠો મધુર પાઠ આંખો મીંચીને કરે છે. તેના તરફ પૂઠ કરીને: શાન્તા મોહનના પડખા ઉપર ડોક મૂકીને પડી છે. શાન્તાના ખોળામાં નાનકડી ક્રાન્તિ દીવા તરફ જોઈને હસે છે, મૂઠીઓ હલાવે છે, નચાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મોહન" મુકુંદરાવે હાક મારી. બધું શાંત.

"શાન્તા" તેમણે ગદગદ થઈને હાક મારી. બધું શાંત.

મુકુંદરાવ મૂંગા થયા. બધું મંડળ મૂંગું થયું. આંખોમાંથી પાણી નીકળતું હતું. જીભ લૂલી પડી હતી. બધાના હોઠ, હાથની આંગળીઓ લાગણીને લીધે ધ્રૂજતાં હતાં.

"ગયાં, બંને ગયાં." મુકુંદરાવ બોલ્યા.

"તેમનો પરસ્પર ઉપર અપાર પ્રેમ હતો. શાન્તા મોહનનો પ્રાણ હતી અને મોહન શાન્તાનો પ્રાણ હતો." રામદાસ રડતાં રડતાં બોલ્યો.

"આવો પ્રેમ દુર્લભ." આનંદમૂર્તિએ કહ્યું.

"ક્રાન્તિ અનાથ થઈ." દયારામે કહ્યું.

"નાનકડું ઘર મૂકીને તે બહાર આવી. એક માતાને બદલે હવે તેને કરોડો માતાઓ ઉછેરશે, કેડે લેશે, ખભે બેસાડશે. તેને કરોડો માબાપો સંભાળશે અને મોટી કરશે. ક્રાન્તિ મોટી થશે. નાનકડી ચકી, મારી બચુડી ક્રાન્તિ મોટી થશે." મુકુંદરાવે કહ્યું.

આ ખબર બહાર તરત જ ફેલાઈ. હજારો કામદાર સ્ત્રી-પુરુષો કોટડી તરફ આવ્યાં. જાણે કે તેમનો રાજા તે કોટડીમાં હતો. તેમનો જીવનસમ્રાટ તે કોટડીમાં હતો. કોટડી તરફ માણસોની હાર મંડાઈ. મોહન અને શાન્તાનું છેલ્લું દર્શન કરવા પ્રચંડ મેળો ભરાયો. તેમના દેહ, કામદારમેદાન ઉપર બધાને દેખાય એમ મૂકવાનું નક્કી થયું. ગીતાએ ક્રાન્તિને લીધી. ત્રિરંગા અને લાલ ઝંડા તે દેહને લપેટવામાં આવ્યા. બિહારમાંની સતી પાર્વતીની પેલી ડબીમાંના કંકુનો શાન્તાને કપાળે ગીતાએ ચાંલ્લો કર્યો. મોહનના કપાળે પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યો. તે પુણ્યમય દેહો કામદારમેદાન ઉપર લાવવામાં આવ્યા. વિશાળ આકાશની નીચે ભગવાનના તે બે બાળકો થાકીને પોઢી ગયાં હતાં.

ગામેગામ વીજળીની જેમ ખબર ફેલાઈ ગઈ. સોનખેડી, શિવતર, મંગરૂળ, સાળવે, વાઘોડ, મારવડ, ખિરોદે, અસોદે એમ સેંકડો ગામોમાંથી સ્ત્રીપુરુષો કીડિયારાની જેમ ઉભરાયાં. ધનગાંવમાં મોટો મેળો થયો. મોહન અને શાન્તાનું મહાન નિર્વાણ હતું, મહાપ્રસ્થાન હતું. તેમની મહાન યાત્રા શરૂ થઈ.

આજે બીજા મુલકના મજૂરોની લૉરીઓ આવવાની હતી. આજના સૂર્યનારાયણ શું શું જોશે તે તો ભગવાન જાણે. સૂર્ય ઊગે એટલે ફૂલ આંખો ઉઘાડે છે. આજે ધનગાંવમાં કેટલાં બધાં ફૂલ આંખો મીંચવાનાં હતાં તે ભગવાન જાણે. આખું શહેર અસ્વસ્થ હતું. કંપતું હતું. લાગણીઓનાં મોજાં ઉપર ઝૂલતું હતું, ઉપર-નીચે થતું હતું.

લૉરીઓ આવતી નથી એવી ખબર આવી. હજારો મુખમાંથી " ક્રાન્તિનો જય હો " એવો ઘોષ નીકળ્યો. કદાચ સ્મશાનયાત્રા પૂરી થતાં સુધી લૉરીઓ ન લાવવી એવો સરકારી હુકમ હશે. બધું શક્ય હતું. મૃતદેહોને હજારો હાર પહેરાવવામાં આવ્યા. ફૂલોના ઢગલા થયા. હારોના ખડકલા રચાયા. શાંતાનું પતિવ્રતાના જેવું ઇચ્છામરણ હતું, તેની સૌના મન ઉપર ભારે અસર થઈ હતી. બધી કોમની અને ધર્મની સ્ત્રીઓ શાંતાને પ્રણામ કરી ગઈ. છોકરા–છોકરીઓએ પણ પ્રણામ કર્યા.

સ્મશાનયાત્રા નીકળી. પોતાની ખાંધ નનામીને આપવાની સૌની ઇચ્છા હતી. કામદાર સ્ત્રીઓએ કહ્યું કે શાન્તાનો દેહ અમે ઉપાડીશું. "આવો રિવાજ નથી" એમ કોઈકે કહ્યું. "આ ક્રાન્તિ છે." ગીતા નાનકડી ક્રાન્તિને પેટ સાથે દાબીને બોલી. છેવટે શાન્તાનું શબ બહેનોએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાડયું. મોહનનું પુરુષોએ ઉપાડયું. શાન્તાની પાછળ ચારચારની હારમાં હજારો સ્ત્રીઓ ઊભી હતી. મોહનની પાછળ ચારચારની હારમાં હજારો પુરુષો ઊભા હતા. બંને હારોની વચ્ચે લાલવાવટાવાળા સ્વયંસેવકો અને સ્વયંસેવિકાઓ હાથમાં ઝંડા લઈને વ્યવસ્થા રાખવા માટે ઠેર ઠેર ઊભાં હતાં.

"ઇન્કિલાબ ઝિન્દાબાદ"નું ગીત શરૂ થયું. વિદ્યાર્થીસંઘનું બૅન્ડ મોખરે હતું. એક મોટો ત્રિરંગી ઝંડો અને એક મોટો લાલ ઝંડો એમ બે ઝંડા ફરકતા હતા. ક્રાન્તિનો અવાજ દશે દિશામાં ઘૂમવા લાગ્યો. બંને ચિતાઓ ખડકવામાં આવી. શાન્તા અને મોહનના પવિત્ર આત્માઓ પહેલેથી જ ભગવાનની પાસે પહોંચી ગયા હતા. તેમનાં દેહોને અગ્નિદેવે પોતાનામાં સમાવી દીધા. અગ્નિદાહ કરતાં પહેલાં મુકુંદરાવે બે જ બોલ કહ્યા. "મોહન-શાન્તા બધાને શાંત રહો અને લડો એમ કહે છે. મોહન અને શાંતા આપણા જીવનમાં અમર છે. તેમના દેહ ગયા. તેમનો આત્મા સદાએ આપણી સમીપ છે.

બધા પાછા ફર્યા. સરઘસ ફરીથી કામદારમેદાન ઉપર જવાનું હતું અને ત્યાંથી વિખરાવાનું હતું. એટલામાં મજૂરોની લૉરીઓ આવી, લૉરીઓ આવી એવો એક જ ઘુમાટો ઊઠયો, આખું વાતાવરણ ખળભળી ઊઠયું. મુકુંદરાવે ધ્વનિવર્ધકમાંથી "શાન્ત રહો, ગઈકાલે રાત્રે કહેલું ભૂલશો નહિ" એમ ગંભીરતાપૂર્વક કહ્યું. બૅન્ડ પાછું ગયું. સૌની મોખરે મુકુંદરાવ અને આનંદમૂર્તિ ધ્વજ લઈને ખડા થયા. તેમની પાછળ દયારામ અને અહમદ. તેમની પાછળ પાર્થ. અને પછી પાછળ હજારો સ્ત્રીપુરુષોની વ્યવસ્થિત ચારચારની હારોનો સમૂહ. જથો લૉરીઓને રોકવા ચાલ્યો. બંદૂકધારી પોલીસો ભીડ કરવા લાગ્યા. જથાને રોકવા લાગ્યા. ભીડ થવાની, તોફાન થવાનું એવાં લક્ષણો દેખાવા લાગ્યાં. એક કામદાર બહેન વકરાઈને આગળ આવી. મૅનેજરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીર ઉપર થૂંકનારી એ રમા જ હતી. આ જાય છે એ વાઘણ— નાગણ? કોની ઉપર મોરચો માંડયો છે એણે? જુઓ, તેણે પોલીસના હાથમાંથી બંદૂક ખૂંચવી લીધી. પેલો સિપાઈ બાઘાની જેમ જોઈ રહ્યો. રમાએ બંદૂક ઊંચે ધરી. "જુઓ, સામ્રાજ્ય સરકારની બંદૂક આપણા હાથમાં આવી; જુઓ, ખરી સત્તા આપણા હાથમાં આવી" એમ તેણે બૂમ પાડી, કાન બહેરા થઈ જાય એવી ઇન્કિલાબની ગર્જના થઈ. તે બંદૂક એકના હાથમાથી બીજાના હાથમાં એમ નાચવા લાગી. પણ રામદાસ એકદમ દોડી આવ્યો.

"આ શી રમત માંડી છે? પરિસ્થિતિ ગંભીર છે એ સમજતા નથી?" તેણે પેલી બંદૂક પાછી આપી. "ગોળીબાર કરશો નહિ, અમે શાંત રહીએ છીએ" એમ મુકુંદરાવ કહેતા હતા.

એવામાં મોટરલૉરીઓ બીજે રસ્તે જાય છે એમ દેખાયું. મુકુંદરાવ દોડયા. પવનવેગે દોડયા. 'ક્રાન્તિ' એવો એક જ ઘોષ તેમણે કર્યો. પહેલી લૉરી ધસી આવતી હતી. મુકુંદરાવ લાલ ઝંડો લઈને ઊભા રહ્યા. પણ લૉરીવાળો ક્યાં માનવાનો હતો? તેમાં બેઠેલા કામદારો અરે, અરે, કહેતા હતા ત્યાં તો તે લૉરી મુકુંદરાવને પાડીને તેમના ઉપર થઈને પસાર થઈ. ત્યાં તો આનંદમૂર્તિ ત્યાં આવીને સૂઈ ગયા. તેમના ઉપર થઈને પણ લૉરી ગઈ! અંદરના કામદારોએ ડ્રાઈવરને ખેંચી ઝાલ્યો. તેણે ગાડી થોભાવી. હજારો કામદારો દોડી આવ્યા. બે જીવ લોહીલુહાણ થઈને ત્યાં પડયા હતા. કામદારોમાં ખળભળાટ થયો. રામદાસ મોટરલૉરી ઉપર ઊભો થયો. તેણે ધ્વનિ-વર્ધકમાંથી પોતાની બધી શક્તિ વાપરીને નિશ્ચયી અવાજે કહ્યું: "શાંત રહો." મુકુંદરાવ છેલ્લા શ્વાસથી શાંત રહેવાનું કહે છે. અને આ બહારના કામદારો, તમે અમારા ભાઈ છો. તમારી માબહેનો, તમારા ભાઈ અહીં ભૂખે મરે છે, તેજસ્વી લડત ચલાવે છે, ત્યાં તમે આવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો કેવી રીતે? કામદારો જ કામદારને ગળે છરી મૂકશે? અમે તમને એ પાપ નહિ કરવા દઈએ. તમારી લૉરીઓની સામે અમારા લોહીનો છંટકાવ કરીશું, તમને પાપમાંથી વાળવા માટે અમે અમારા પ્રાણ ભૂમિ ઉપર પાથરીશું. તમારામાં માણસાઈ રહી હોય તો ઊતરી પડો અને આ બહાદુર હડતાળિયાઓ સાથે ભળી જાઓ. જુઓ, મહાન મુકુંદરાવ અહીં લોહીમાં નહાય છે. આસુરી મૂડીવાદને, લોહીતરસ્યા મૂડીવાદને તમે સાથ આપશો કે લાત મારશો? કૂદી પડો નીચે! આ યજ્ઞમૂર્તિનું બલિદાન નિહાળો. ઊતરો નીચે.”

મોટરલૉરીઓમાંના કામદારો નીચે ઊતર્યા. તેઓ નીચી મૂંડી કરીને ઊભા રહ્યા. એક ‘ઇન્કિલાબ’ની રણગર્જના થઈ. પણ મુકુંદરાવ અને આનંદમૂર્તિની શી સ્થિતિ હતી? તેમનામાં હજી જીવ હતો. તેમને દવાખાનામાં લઈ જવાનું નક્કી થયું. બીજી બાજુ કામદાર-મેદાન ઉપર પ્રચંડ સભા ભરાઈ. દયારામ, અહમદ, નથુ તેમાં ગયા. રામદાસ અને પાર્થ શહિદોને લઈને ઇસ્પિતાલમાં આવ્યા. “હિંસા–અહિંસાની લડત” મુકુંદરાવે કહ્યું. “દિવ્ય લડત” આનંદમૂર્તિ બોલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮ ચિર-મિલન

હૉસ્પિતાલમાંના એક પ્રશાંત ખંડમાં બે ખાટલા હતા. એક ઉપર મુકુંદરાવ પોઢયા હતા અને બીજા ઉપર કોણ હશે? તે આનંદમૂર્તિ તો નથી. તો કોણ હશે?

"આપણે મૃત્યુને બારણે છીએ. હવે પણ આ ગરીબ મીના તરફ નહિ જુઓ? મરતી વખતે તો આપણું લગ્ન થવા દો. જીવનમાં જે ન થયું તે મરણમાં થવા દો. મંગળ મરણ. રામદાસ, તેમને મારા તરફ મોઢું ફેરવવા કહો. તેમનાથી પડખું ન બદલાતું હોય તો મારો ખાટલો પેલી બાજુએ લઈ જાઓ. હું તેમના તરફ વળીને જોઈશ." મીના આંખમાં આંસુ લાવીને બોલી.

રામદાસ ત્યાં રડતો હતો. શું કરે બિચારો?

"તમે પેલી બાજુ ફરો છો કે? નિષ્ઠુર ન થશો. મરતી વખતે બધાએ મૃદુ થવું જોઈએ. મુકુંદરાવ, મારે તમને કહેવાનું ન હોય. મીનુબહેનની ઇચ્છા પૂર્ણ કરો. મરતી વખતે તો તેમની તરફ મીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહીને જુઓ. તેમનો હાથ હાથમાં લો. પડખું ફેરવાવું?" રામદાસે પૂછ્યું.

"નહિ, રામદાસ. હવે બધું ધ્યાન ભગવાનમાં પરોવું. બાકીના બધા વિચાર, બધા વિકાર ગળી પડો." મુકુંદરાવે કહ્યું.

રામદાસ, દયારામ, અહમદ ત્યાં બેઠા હતા. એટલામાં રામદાસને મળવા કોઈક આવ્યું તેથી તે બહાર ગયો.

"રામદાસ" મુકુંદરાવે હાક મારી.

"તે બહાર ગયો છે. કોઈક મહત્ત્વના કામે આવ્યું છે. હમણાં આવશે." દયારામે કહ્યું.

રામદાસ અંદર આવ્યો.

"કેમ બોલાવ્યો?" તેણે પૂછ્યું.

"કામદારો શાંત છે ને? તેઓ શાંત રહે તેથી હું પ્રાર્થના કરું છું." મુકુંદરાવે મીંચેલી આંખે જ કહ્યું.

"માલિકોએ સમાધાન માટે બોલાવ્યા છે. હમણાં જ એક ડાયરેક્ટર મળવા આવ્યા હતા. હું અને અહમદ જઈએ છીએ. જઈએ ને?" રામદાસે પૂછ્યું.

"જાઓ. કામદારોના ભૂખમરાનો અંત આવો. કેટલા બધા દિવસ શાંત રહ્યા." તે બોલ્યા.

"હું યે કેટલા દિવસ શાંત રહી? મરતાં સુધી શાંત. મારા તરફ જરા વળીને જુઓને. મારા તરફ જોવું એ પણ પાપ છે? તે દિવસથી તમને સમજાયું હતું કે હું મીના છું. હું પુરુષના વેશમાં હોઉં ત્યારે મારા તરફ જોવાય છે ખરું ને? અરે, મને કોઈ પુરુષનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોશાક આપોને? આ માથા પરના વાળને કાપો, અથવા ઢાંકો. હું શું કરું? આખી દુનિયાને સુખ આપવા માગો છો અને એક પ્રેમળ સતિને જ રડાવો છો." મીના બોલવા લાગી.

"દયારામ, મારી ઓરડીએ જા અને ત્યાં એક કબાટમાં એક સુંદર રૂમાલમાં એક શાલ બાંધી છે તે લઈ આવ." મુકુંદરાવે ધીમેથી કહ્યું.

દયારામ ગયો. ત્યાં હવે કોઈ નહોતું. મીના પલંગ ઉપરથી ઊઠવાનું કરતી હતી. તેનાથી ઉઠાતું નહોતું. શકિત નહોતી. પણ બધી શકિતને તે ભેગી કરવા માગતી હતી. ખાટલાનો કરકર અવાજ થતો હતો. મુકુંદરાવ એકદમ ચમકયા. તે એકદમ પડખું ફર્યા. અને "મીના, ઊઠીશ નહિ. પડીશ. અહીં કોઈ નથી" એમ બોલ્યા. "કોઈ નથી, તમે છોને? કોઈ નથી તેથી જ ઊઠું અને તમને વળગી પડીને મરું, તમારા ચરણ આગળ આ ખોળિયું ભલે પડે. હું ભેટવા આવું છું. તમારી મીની તરીકે તમને મળવા ઊઠું છું. જુઓ ઊઠી. આવી," આમ કહીને બાવરી બનેલી મીના ખરેખર ઊઠવા લાગી.

"મીના, મારું નહિ માનવાની?" મુકુંદરાવે પૂછ્યું.

"તમારું નહિ માનવાનું, તો કોનું માનવાનું?" તે બોલી.

"તો પડી રહે. ઊઠીશ નહિ. તું મારા જીવનમાં કયાં નથી? તેં આપેલી શાલ, આપેલી નહિ પણ તારી સ્મૃતિ તરીકે મેં ચોરેલી શાલ મારી પાસે આટલાં બધાં વર્ષ થયાં તો પણ છે. સૂઈ રહે. થોડી વેદના સહન કર. આ દેહના પડદા ઊડી જશે અને આત્માઓ હમેશાને માટે મળશે. દેહનો અંતરપટ પકડીને મૃત્યુ મંગલાષ્ટક ગાશે અને તાલી વગાડી અંતરપટ એકાએક ખસેડી લઈ તારા ને મારા આત્માનું ચિર લગ્ન કરાવશે. મીના, પડી રહે." મુકુંદરાવે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ મારા તરફનું મોં ફરીથી પેલી તરફ ફેરવશો નહિ. તમારે મારા તરફ ન જોવું હોય તો આંખો મીંચીને પડયા રહો. હું તમને જોતાં જોતાં, જીવનમાં સંઘરતાં સંઘરતાં મીના આંખો મીંચશે. મીનાનું મીનત્વ મરશે અને મીના એટલે તમે જ થશો." તે બોલી.

બંને શાંત હતાં. દયારામ શાલ લઈને આવ્યો.

દયારામ, આ શાલ મારા શરીર ઉપર ઓઢાડ. આ શાલ જ મારું કફન થશે." મુકુંદરાવે કહ્યું.

દયારામે તે શાલ તેમને ઓઢાડી.

"તમે કેટલા સુંદર દેખાઓ છો." મીનાએ કહ્યું.

"પેલો પરમેશ્વર કેટલો સુંદર હશે?" મુકુંદરાવે કહ્યું.

મારા પરમેશ્વર તમે. મીના નાની છે તેને નાના જ ઈશ્વર હોય. સાડાત્રણ હાથના દેહવાળો ઈશ્વર બસ છે. તમે મોટા છો. તમારે વિશ્વંભર જોઈએ છે. તમને તે ખુલ્લી આંખે દેખાશે નહિ. તેને આંખો મીંચીને જોવો પડશે. પણ મારો ઈશ્વર મને ખુલ્લી આંખોએ દેખાય છે. મીઠો મધુર ઈશ્વર." મીના બોલી.

"મુકુંદરાવ, મીનાબહેન, તમે બોલશો નહિ. થાક ચડશે." દયારામે કહ્યું.

"વખત તો થોડો છે. બોલી લેવા દો. આખી જિંદગીની છેલ્લી ક્ષણોમાં બોલવા દો. હવે થાક નહિ લાગે. ઊલટો અપાર ઉત્સાહ ચડે છે."

"મીના, હું અહીં છું એની તને કેવી રીતે ખબર પડી?" મુકુંદરાવે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું આખું હિંદુસ્તાન ફરી, કેટલાં યે સંકટોમાંથી પસાર થઈ. વિશ્વભારતીમાં તમારો પત્તો લાગ્યો. ત્યાં તમારો મોટો ફોટો જોયો. ત્યારે કેટલો આનંદ થયો હતો. મળ્યા મળ્યા કહીને હું નાચી ઊઠેલી. ત્યાંના માણસોએ મને ગાંડી ગણી કાઢી, હું ગાંડી જ હતી, પ્રેમઘેલી મુકુંદઘેલી." મીનાએ કહ્યું.

"પેલા દસ હજાર રૂપિયા લાવી ત્યારે બાપુજીએ શું કહેલું? તેમની પાસેથી જ તું લાવેલી એમ મેં માનેલું." મુકુંદરાવે કહ્યું.

"હું તમારે માટે ઘેલી અને બાપુજી મારે માટે ઘેલા. તે રોજ ગામબહાર ટેકરી ઉપર જતા અને મારી વાટ જોતા, એક દિવસ મીના આવશે એમ કહેતા, અને મને સામે જોતાં જ રડવા લાગ્યા. આવી, પિતાની દયા આવી, એમ બોલવા લાગ્યા. મારે તરત જ જવાનું છે એમ જ્યારે મેં કહ્યું ત્યારે તે બોલ્યા જા, આ બધું તારું છે. લઈ જા. મેં કહ્યું, મને દસ હજાર રૂપિયા હમણાં આપો. તેમણે પડીકાં આણી આપ્યાં. હું ઊપડી ત્યારે તે બોલ્યા, મીનુ, હું હવે જીવવાનો નથી, તું જઈશ એટલે તારે માટે રોકાયેલા પ્રાણ ઊડી જશે, આ બધી એસ્ટેટ કોને આપું કહે. મેં કહ્યું કે સોનખેડીના દયારામના આશ્રમને નામે કરી દો. તેમણે કહ્યું, વારુ, તેમ કરીને કાગળ મોકલી આપીશ. પણ તે દિવસે તમને વરસાદમાં લઈ આવી હતી. "મને ઓળખી હતી કે?" તેણે પૂછ્યું.

"મને માત્ર કેટલાંક વર્ષ પૂર્વેની પેલી વાત યાદ આવી હતી. મને લઈને તેં આવો જ રીતે ઘોડાને મારી મૂકેલો. મેં ઓળખી નહિ, પણ બારણા પછવાડે સંતાઈને ઊભી રહી ત્યારે તને ઓળખી અને હું નાઠો. બીકથી કે આનંદથી, તે ભગવાન જાણે. હું હવે આંખો મીંચું છું. તું પણ મીંચી લે." તે બોલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મૃત્યુ આવીને ભલે મીંચે, આપણે ઉઘાડી જ રાખીએ. ઓઠ ભલે ખોલે, આંખો ભલે નિહાળે, કાન ભલે સાંભળે. મારા ખાટલાને જરા નજીક મૂકવાનું કહો એટલે હાથમાં હાથ ઝાલી રખાશે. હાથમાં હાથ રાખીને સ્વર્ગ ચડીશું એટલે પડીશું નહિ, ખરું ને? હસ્યા? હા, જરા હસો, મીના તરફ જોઈને મીઠું હાસ્ય હસો." તેણે કહ્યું.

એટલામાં રામદાસ આવ્યો.

"શી ખબર?" દયારામે પ્રશ્ન પૂછ્યો.

"પગારવધારો ૨૦ ટકા નહિ પણ ૧૭½ ટકા મળ્યો. સમાધાન કર્યું. છેલ્લો પગાર પહેલાંના જેટલો જ. આવતી કાલથી નવો કરાર. આ સાંભળો, કામદારોના વિજયધ્વનિ, 'ક્રાન્તિ વિજયી થાઓ' એ ગર્જના" રામદાસે કહ્યું.

"હું હવે સુખેથી મરું છું. સુખેથી ઊંઘું છું." મુકુંદરાવે કહ્યું.

મીના અને મુકુંદરાવ બંનેને ઘેન ચડયું હતું.

"પેલા જુઓ, મારા બાપુજી ઉપર ચાલ્યા. આપણી આગળ, પેલાં શાન્તાબહેન, પેલો મોહન. ચાલો, ચાલો." મીના જાણે કે એકદમ વલોપાત કરવા લાગી.

બહાર હજારો કામદારોનો સાગર હેલે ચડયો હતો.

"મારો ખાટલો જરા તે તરફ ખસેડો ને." મીનાએ કહ્યું.

રામદાસે મીનાનો ખાટલો મુકુંદરાવની પાસે આણ્યો. મીનાએ મુકુંદરાવનો હાથ પોતાના હાથમાં લીધો. બંનેની આંખો મીંચેલી હતી. એટલામાં ગીતા આવી. નાનકડી ક્રાન્તિ તેના હાથમાં હતી. તે એ બચુડી ક્રાન્તિને મુકુંદરાવ અને મીનાની પાસે લઈ ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ક્રાન્તિ અમર થાઓ" હજારો કિસાનો અને કામદારો બહાર ગાજી ઊઠ્યા. મુકુંદરાવે અને મીનાએ આંખો ઉઘાડી. તેમની પાસે કોણ હતું? પેલી નાનકડી બચુડી છકુડી ક્રાન્તિ. બંનેએ પોતાના હાથ ક્રાન્તિના શરીર ઉપર ફેરવ્યા.

"ક્રાન્તિ અમર થાઓ" બંનેએ ક્ષીણ સ્વરે કહ્યું.

ગીતા ક્રાન્તિને લઈને ઊભી રહી. રામદાસ, દયારામ, અહમદ ઊભા રહ્યા. મીનાએ મુકુંદરાવનો હાથ એકાએક વધારે મજબૂત પકડયો. બંનેએ એકમેક તરફ જોયું અને કાયમની આંખો મીંચી દીધી. ચિરમિલન થયું. ચિરજીવન થયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯ ભવિષ્ય–વાણી

માયા પિયેરથી મનોહર બાળક લઈને આવી. પ્રદ્યોતને પરણાવી આવી હતી. ગીતા અને દયારામનું લગ્ન થયું હતું. આશ્રમને મીનાના પિતા તરફથી મદદ આવી હતી. ક્રાન્તિ બધાંની હતી. એક જ પારણામાં કોઈ કોઈ વાર ક્રાન્તિને અને ક્રાન્તિકુમારને ભેગાં જ સુવાડતા. મોહને મરતાં મરતાં રચેલું હાલરડું ગીતા ગાતી. અને માયા પણ એક હાલરડું ગાતી. મુકુંદરાવે માયાને તે હાલરડું પહેલાં જ રચી આપ્યું હતું. તે હાલરડું બંગાળમાં બાળકને પારણામાં પહેલવહેલાં સુવાડયો ત્યારે ગવાયું હતું. માયા મીઠા સ્વરે તે ગાતી. ગીતાએ એક દિવસ કહ્યું: "તમારું હાલરડું હું ઉતારી લઉં. ગાઓ." માયા ગાવા લાગી અને ગીતા ઉતારી લેવા લાગી.

बाळा जो जो रे । बाळा जो जो रे
सुख–कंदा, अभिनवपरमानन्दा, बाळा जो जो रे ॥ बाळा० ॥

तूं भगवंताचें, सानूलें रूप परम चांगलें,
आलासी भुवनीं, सुन्दरा, मनोहरा सुकुमारा ॥ बाळा० ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तूं शुभ मंगल, उज्ज्वल महाराष्ट्र-बंगाल-
ऐक्यत्त्वची मूर्ती, निर्मळ, तेजाळ स्नेहाळ ॥ बाळा० ॥

भेदाभेद किती, भारतीं, नष्ट कराया साठीं
आली तव मूर्ति, मोहना, अतुल-मधुर-लावण्या ॥ बाळा० ॥

रोमीं रोमीं तुझया, सुख-वरुदा, भागिरथीनी गोदा
मातांचें प्रेम, अनुपम, विपुल, विमल उत्तम ॥ बाळा० ॥

बाळा मोहना, भूषणा, निजकुल नवमंडना
भूषण संसारा, तूं होई, होई, भारत विभवीं नेइ ॥ बाळा० ॥

तूं आमुची, आस, उल्हास, सुखव बंधु वृंदास
झिजुन अहोरात्र, हो पात्र, होई पवित्र-चरित्र ॥ बाळा० ॥

सद्गुण लेणीं तूं लेवोनी, शीलांबर पांघरुनी
प्रेमाची वंशी, वाजवी, भारतभू हर्षवी ॥ बाळा० ॥

होई वीर गडया, मार उडया, करिं क्रान्तिचा झंडा
वळकट दृढ धरुनी, क्रान्ति करी, भारतभू उद्धरी ॥ बाळा० ॥

हो दीर्घायुषी, होई ऋषी वरि सत्कीर्ति वधूसी
हेचि मागतसों, प्रभुपाशीं, देवो करुणा-राशी ॥ बाळा० ॥

હે મારા બાળક પોઢો. સુખકંદ, અભિનવ પરમાનન્દ પોઢો.

તું ભગવાનનું નાનકડું પરમ સુંદર રૂપ છે. તું સુંદર, મનોહર સુકુમાર આ ભુવનમાં પધાર્યો છે.

તું મહારાષ્ટ્ર અને બંગાળની શુભ, મંગળ, ઉજ્જ્વલ, નિર્મળ, તેજસ્વી અને સ્નેહાળ ઐક્યમૂર્તિ છે.

ભારતમાં કેટકેટલા ભેદો છે, તેમનો નાશ કરવા માટે હે મોહન, તારી મૂર્તિ આવી છે. તારું લાવણ્ય અતુલ અને મધુર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારે રોમે રોમે સુખ-વર-દા ભાગીરથી અને ગોદાવરી માતાઓનો અનુપમ, વિપુલ, વિમલ અને ઉત્તમ પ્રેમ છે.

હે બાળ મોહન, ભૂષણ, નિજકુલમંડન, તું આખા સંસારને ભૂષણરૂપ થજે અને ભારતને વૈભવે લઈ જજે.

તું અમારી આશા છે, ઉલ્લાસ છે. અહોરાત ઘસાઈને લાયક થઈને તું બંધુઓનાં વૃંદોને સુખી કર અને પવિત્ર ચરિત્રવાળો થા.

સદ્‌ગુણના અલંકાર પહેરીને, શીલાંબર ઓઢીને તું પ્રેમની વાંસળી વગાડજે અને ભારતભૂમિને આનંદિત કરજે.

તું વીર પુરુષ થજે, છલંગો મારજે અને હાથમાં ક્રાન્તિનો ઝંડો મજબૂત પકડી રાખીને ક્રાન્તિ કરજે અને ભરતભૂમિનો ઉદ્ધાર કરજે.

દીર્ઘાયુષી થજે, ઋષિ થજે, સત્કીર્તિરૂપી વધૂ સાથે લગ્ન કરજે. એ જ પ્રભુ પાસે હું માગું છું કરુણારાશી ભગવાન તે આપો !

"હાલરડું મીઠું છે નહિ ?" માયાએ પૂછ્યું.

"પણ મોહનનું વધારે અસરકારક છે." ગીતાએ કહ્યું.

"તે તો અનન્તનું દર્શન થતું હતું ત્યારે રચાયેલું છે." માયા બોલી.

એક દિવસ રાત્રે પ્રાર્થના પછી ત્યાં ચોગાનમાં જ બધાં બેઠાં હતાં. દયારામ, રામદાસ, ગીતા, માયા ત્યાં હતાં માયાના ખોળામાં છોકરો ઊંઘી ગયો હતો, પણ ક્રાન્તિ રમતી હતી. તે હવે ખસવા લાગી હતી. સ્વૈરસંચાર કરવા લાગી હતી. રામદાસ ત્યાંથી એકાએક ઊઠી ગયો અને અગાસીમાં જઈને ઊભો રહ્યો. દૂર જોવા લાગ્યો.

"દૂર શું જુઓ છો ?." માયાએ નીચેથી પૂછ્યું.

"ત્યાં જુઓ પેલા ડુંગર સળગ્યા છે. ઉપર આવો, જુઓ. લાલલાલ ભડકા થયા છે." રામદાસે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધું મંડળ ઉપર આવ્યું. પેલો ભવ્ય અને ભીષણ દેખાવ જોવા લાગ્યું.

"એક દિવસ આવો જ દાવાનળ સળગી ઊઠશે. મુકુંદરાવ, મોહન, શાંતા, મીના એ બધાંએ બી વાવ્યું. ક્રાન્તિનું બી વાવ્યું, તેનું મહાવૃક્ષ થશે તેમણે તણખો નાખ્યો. તેમાંથી આગ સળગશે. બધે અશાંતિ છે. દુનિયામાં યુદ્ધોના ગડગડાટ ગાજે છે. પ્રચંડ ઊથલપાથલો થશે. નાનકડી ક્રાન્તિ વિશ્વવ્યાપી થશે." રામદાસ જાણે ભવિષ્ય-વાણી ભાખતો હતો.

"બધા દેશોમાં ક્રાન્તિ થશે. દુનિયામાંની શોષિત પ્રજાઓ બધી એક થશે. દુનિયાની શ્રમજીવી જનતા એક થશે. આખી દુનિયાનો એક ધ્વજ થશે. મહાન સ્વપ્ન સત્યસૃષ્ટિમાં અવતરશે. આખો સંસાર સુખી થશે. વિશ્વવ્યાપી ક્રાન્તિ સાચી શાન્તિ લાવશે." દયારામ બોલ્યો.

"ક્રાન્તિ, તું થઈશને મોટી ? આખી દુનિયામાં વ્યાપી જઈશને ?" ગીતાએ પૂછ્યું.

નાનકડી ક્રાન્તિએ નાનકડા હાથ પહોળા કર્યા.

। इन्क़िलाब ज़िन्दाबाद ।

卐

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધિપત્ર

આ પુસ્તકની જોડણી વિદ્યાપીઠની જોડણી પ્રમાણે શુદ્ધ રાખવાનો સંકલ્પ હતો. પણ લખાણનાં પ્રુફ નિયમિત રીતે ન મળવાથી તે સંકલ્પ પૂરેપૂરો પાર પડી શકયો નથી. ઘણા મુદ્રણદોષ રહી ગયા છે. મુખ્ય મુખ્ય અશુદ્ધિઓ નીચે આપી છે. વાચકે તે માટે ક્ષમા કરવી.

અનુવાદક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪	૧૩	ધૂમાડિયું	ધુમાડિયું
૬	નીચેથી ૪	ત્રીભુવન	ત્રિભુવન
૨૬	૧	ઉઢતી	ઉઠતો
,,	૧૯	ભગિનિયો	ભગિનીઓ
,,	૨૦	ચીંધરડી	ચીંદરડી
૩૭	નીચેથી ૩	ભરાએલા	ભરાયેલા
૪૨	છેલ્લી	થએલો	થયેલો
૫૧	૭	દીવાળી	દિવાળી
,,	છેલ્લી	સીવાંડાવીશ.	સિવાડાવીશ.
૬૩	૧૧	ગોદાવરી	ગોદાવરિ
૭૩	૧૫	ગમેં	ગમે
૭૫	મથાળું	યિશ્વભારતી	વિશ્વભારતી
૭૬	૧	વિજળી	વીજળી
૮૦	નીચેથી ૫	મીંચાઈ જવી.	મિચાઈ જવી.
૮૫	છેલ્લી	દુબળો	દૂબળો
૯૩	છેલ્લી	ગુમડાં	ગૂમડાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૫	૯	લૂછાય ?	લુછાય ?
૧૧૦	૯	ઢીંગલાં ઢીંગલીના	ઢીંગલાઢીંગલીનાં
,,	૧૩	હું વર	હું વર એટલે
૧૪૮	૧૧	હરિફાઈ	હરીફાઈ
૧૪૯	નીચેથી ૩	લીલા–	લિલા–
૧૫૨	૩	ખૂમાટો	ખુમાટો
૧૫૩	નીચેથી ૨	ઠક–	ઠેક–
૧૫૪	૪	મહેસુલ	મહેસૂલ
૧૫૫	૧૫	ખાઉ	આઉ
૧૫૬	૩	ઉજવવામાં	ઊજવવામાં
૧૫૭	૬	जाग्रति	जागृति
૧૫૮	છેલ્લી	जाग्रति	जागृति
૧૬૦	૯	જ્યાંને ત્યાં	જ્યાં ને ત્યાં
૧૬૧	૫	देगार	देणार
,,	૧૩	કેવી રીતે	કેવી રીતે ?
૧૬૨	નીચેથી ૩	સ્ફુર્તિ	સ્ફૂર્તિ
૧૬૯	૧૭	सोन्य चा	सोन्याचा
૧૭૦	૧૫	ધૂમાડો	ધુમાડો
,,	નીચેથી ૩	ઉજ્વલ	ઉજ્જવલ
૧૭૩	છેલ્લી	ઉજવાયો	ઊજવાયો
૧૭૪	નીચેથી ૪	રેલ્વે	રેલવે
,,	છેલ્લી	રેલ્વે	રેલવે
૧૭૫	૧૩	ચાબૂક	ચાબુક
,,	૨૦	દુબળા	દૂબળા
૧૭૯	૧૨	ગુંથાતા	ગૂંથાતા
૧૮૧	નીચેથી ૬	મીલ	મિલ
૧૮૭	નીચેથી ૭	પૃથ્વીને	પૃથ્વીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮૮	૯	મીલમજૂર	મિલમજૂર
૧૯૫	૬	ગુંગળાતું	ગૂંગળાતું
૧૯૬	નીચેથી ૬	બોલજે હં,	બોલજે હં",
૧૯૭	૯	તેને	તેનાથી
૨૦૨	નીચેથી ૬	કર્યાં	આપ્યાં
૨૦૭	નીચેથી ૭	જરાએ	જરાયે
૨૧૧	નીચેથી ૨	ભરોંસો	ભરોસો
૨૪૨	૧	રજાઓ	રજાઓ
૨૫૭	,,	કામદાર–સંઘટન	કામદાર–સંગઠન
,,	,,	કિસાન–સંઘટન	કિસાન–સંગઠન
૨૬૨	૪	દરીઆમાં	દરિયામાં
૨૬૩	૮	બ્રાહ્મણોતર	બ્રાહ્મણેતર
,,	૧૧	જાતિયો	જાતીઓ
,,	૧૮	દષ્ટી	દષ્ટિ
૨૬૬	૧૨	એકમેકને	એકમેક સાથે
૨૭૩	૧૩	તમારું	તમારું
,,	છેલ્લી	ખાદીનું	ખાદીને
૨૭૪	૫	બંધાએલા	બંધાયેલા
,,	,,	નીચોવી	નિચોવી
,,	,,	બંધાએલા	બંધાયેલા
૨૭૯	૧૨	તિસર	નિસર
,,	છેલ્લી	તાજીઆ	તાજિયા
૨૮૦	૧	ભારતી ય	ભારતીય
,,	,,	ટિપૂ	ટીપુ
૨૮૧	૮	નિજામ	નિઝામ
,,	૯	તામીલ	તામિલ
૨૮૬	૩	તિકમ	તીકમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮૮	૧૪	મો'ર	મોર
૨૯૧	૬	ગુંગળાવી	ગૂંગળાવી
,,	૮	ગુંગ–	ગૂંગ–
૨૯૬	૧૪	જાઓ. "	જાઓ. "
,,	નીચેથી ૪	ગુંચવાયો	ગૂંચવાયો
૨૯૮	૧૧	મહેસુલ	મહેસૂલ
,,	૧૩	મહેસુલ	મહેસૂલ
૩૦૦	૬	ઉપરની	ઉપરના
૩૦૧	૭	દિવા	દીવા
૩૦૪	નીચેથી ૩	દિવા	દીવા
૩૦૫	૫	પાયજમા	પાયજામા
૩૦૬	૧૧	પાયજમા	પાયજામા
૩૧૫	નીચેથી ૮	પિસ્તુલ	પિસ્તોલ
૩૨૧	૬	માકડ (ત્રણે જગાએ)	માંકડું
,,	૧૬	વિભૂતિયો	વિભૂતિઓ
,,	૧૯	રૂઢિયો	રૂઢિઓ
,,	,,	ધૈર્યમૂર્તિ	ધૈર્યમૂર્તિ
૩૨૧	૨૧	વિભૂતિયો	વિભૂતિઓ
૩૨૩	૧૧	ભગિનીને વિટંબના	ભગિનીની વિટંબણા
૩૨૪	નીચેથી ૪	ને	તે
૩૩૩	૧૩	ખુમાખૂમ	ખૂમાખૂમ
૩૪૦	નીચેથી ૨	માકડ	માંકડું
૩૪૧	૭	આપવો	રોકવો
૩૪૪	૮	કારાગ્રહ	કારાગૃહ
,,	૧૬	મસ્ત	ત્રસ્ત
,,	૧૭	જોઈએ,	જોઈએ.
૩૪૫	નીચેથી ૫	તમારા ખભે ખભો	તમારી સાથે ખભેખભા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૪૭	નીચેથી ૨	બોલાવવાનો છું,	બોલાવવાનો છું.
૩૪૮	૨	માયાનો	માયાનું
૩૫૦	૪	થયા.	પડ્યો.
૩૫૦	૫	બધા	બધો
,,	,,	થયા	થયો
૩૫૧	નીચેથી ૮	હિંચાવી	હીંચાવી
૩૫૩	૨	पूजीपतिच्या	पूंजीपतींच्या
,,	૩	परी	परि
,,	૫	खेल तुझे साचे	खेळ तुझे हे साचें
,,	૬	खेलत	खेळत
,,	૭	खेल	खेळ
,,	૧૫	साम्रज्ये	साम्राज्ये
,,	નીચેથી ૫	देहाता	दे हाता
,,	,, ૪	मोढी	मोठी
,,	,, ૨	सरवे	सखे
૩૫૫	૧૩	હલાવવ	હલાવવા
૩૭૦	૩	साढी	साठीं
,,	૫	तुझया	तुझ्या
,,	,,	वरुदा	वरदा
,,	,,	भागिरथीनी	भागिरथी नी
,,	૭	निजकुल नवमंडना	निज कुलनवमंडना
,,	૮	नेइ	नेई
,,	૯	बंधु वृंदास	बंधुवृंदास
,,	૧૩	झंडा	झेंडा

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનચરિત્રમાળા

૧	મેં પાંખો ફફડાવી : તનસુખ ભટ્ટ	૨-૦
૨	બાપુની છાયામાં : પુરાતન બુચ	૨-૦
૩	ગાંધીજીની સાંનિધ્યમાં : ,,	૧-૮
૪	સુભાષના સેનાનીઓ : નિ૦ વર્મા: જ૦ પરમાર	૩-૦
૫	શાહનવાઝની સંગાથે : ,,	૨-૦
૬	જીવનશિલ્પીઓ : ,,	૨-૮
૭	બુદ્ધ અને મહાવીર : કિશોરલાલ ઘ૦ મશરુવાળા	૧-૦
૮	રામ અને કૃષ્ણ : ,,	૧-૪
૯	મહાદેવભાઈ : વજુભાઈ શાહ	૩-૦
૧૦	રવીન્દ્રનાથ ઠાકુર : કાન્તિલાલ શાહ	૨-૮
૧૧	મુસ્તફા કમાલ : ,,	૨-૮
૧૨	સંત દેવીદાસ : ઝવેરચંદ મેઘાણી	૧-૮
૧૩	મહાન મુસાફરો : મૂળશંકર મો૦ ભટ્ટ	૨-૦
૧૪	વૈજ્ઞાનિક જગત : ચંદ્રભાઈ કા૦ ભટ્ટ	૧-૮
૧૫	પુરુષાર્થની પ્રતિમાઓ : ,,	૨-૪
૧૬	રવિવંદના : ટાગોરસ્મારક ગ્રંથ	૨-૮

—પ્રાપ્તિસ્થાન—

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

મીમરાજ બીલ્ડિંગ, કાલબાદેવી, મુંબઈ-૨
ફરનાન્ડીઝ પુલ નીચે, ગાંધીમાર્ગ, અમદાવાદ

પુસ્તકાલય ગુરુકુલ કાંગડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંધ્યા

સાને ગુરુજી કૃત

નવી રાષ્ટ્રીય નવલકથા

છપાય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહેતાં પાણી પ્રકાશનમાળા

: સંપાદક :

ઝવેરચંદ મેઘાણી

[૧] લાલ કિલ્લાનો મુકદ્દમો — મહેન્દ્ર મેઘાણી — દોઢ રૂપિયો

આઝાદ ફોજના ત્રણ અફસરો ઉપર ચાલેલા પ્રથમ મુકદ્દમાની રોજબરોજની સળંગ કાર્યવાહી. નેતાજી અને આઝાદ ફોજ વિષે ફૂટી નીકળેલી અનેક કલ્પિત કથાઓ વચ્ચે પોતાની સાચી અને સત્તાવાર હકીકતોને કારણે આ પુસ્તિકાએ વિશિષ્ટ સ્થાન મેળવ્યું છે. ત્રણ આવૃત્તિઓ થઈ ચૂકી છે.

[૨] જય ઈન્ડોનેશિયા — મહેન્દ્ર મેઘાણી — દોઢ રૂપિયો

ભૂખ્યા હિંદને સાત લાખ ટન ચોખા મોકલવાની જેણે આજે ઓફર કરી છે તે ઈન્ડોનેશિયામાં આજથી બે હજાર વર્ષ પૂર્વે આપણા પૂર્વજો ગયેલા—એ ભૂમિનાં સંતાનો બનીને ત્યાં વસેલા. ઈન્ડોનેશિયાની ફળદ્રુપ ધરતીમાં રોપાયેલાં એ હિંદના સંસ્કૃતિબીજમાંથી વીસ-વીસ સદીઓ દરમિયાન જે ફૂલવેલ ઊભી થઈ છે તેની નાજુક તસ્વીર આ પુસ્તકમાં છે. નવ સુંદર ચિત્રો સામિલ છે.

[૩] આપણો સાગર-સૈનિક — મહેન્દ્ર મેઘાણી — ત્રણ રૂપિયા

ગયા ફેબ્રુઆરીમાં જેની શાંત હડતાલે એકાએક વિફરી બેસીને ખુલ્લા બળવાનું સ્વરૂપ ધારણ કરેલું તે હિંદી નાવિકની પિછાન આપતું પડેલવડેલું પુસ્તક ૨૬૦ પાનાં : સોળેક ચિત્રો, પાકું બાઈન્ડીંગ

દરેકનું ટપાલખર્ચ જુદું : ત્રણેયના ટપાલખર્ચ સહિત ૬-૮-૦

: પ્રાપ્તિસ્થાન :

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

મીમરાજ બીલ્ડિંગ, કાલબાદેવી રોડ, ... મુંબઈ ૨

ફરનાન્ડીઝ પુલ નીચે, ગાંધી રસ્તો, ... અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar